મુર્શીદ આગાખાન

જાંહાંગીર મરઝબાન
વારતા સીરીઝ.
સુંદર પાલીસવાળા અને
પ્લેટેડ સ્ટાંડ સાથ કંપ્લીટ
સટ
૨૭ વાલ્યુમ.

સતાવીસમું વાલ્યુમ.

મુશકીલ આસાન.







મુશકીલ આશાન.

—:o:—

લખનાર

જાંહાંગીર બે. મરઝબાન.

જામે-જમશેદ ઓફીસ કોટ મુંબઈ

—o—

દીનશા એદલજી કરકરીયા, મુંબઈ. માણેક પ્રિંટીંગ પ્રેસ. ચાંટશેઠ રણછોડદાસ બીલ્ડીંગ મધે છાપ્યું અને એજ ઠેકાણે પોતાને માટે પ્રગટ કર્યું છે.



તારાબાઈ



☞ ખુશવકતી તુને બક્ષી ખુદાએ
છતમાં રહી નાડી છાની.
છે તુ ઉપર મેહર ખુદાની.
શું જાણે દુન્યાં દીવાની! (**દલપતરામ.**)

અર્પણ પત્રીકા.



મેહેરબાન [illegible]ત્યા
મીત્ર, દીનશા દાવર !
સુદ્ધા જરથોરતી.
તારી જગા ખાલી છે.

હું દુખી દોસ્ત, આ નાડાની
પણ ખરાં જીગરની લાગણી વાલી
આટલી ટુંકી નોધ લેવા શીવાય,
વધુ શું કરી શકું !

સર દીનશા દાવર નાં હયાતી ખત[illegible] થવા સાથ આખી પારસી કોમે પોતાનો જમણો હાથ ખોયો છે. બસ, એટલાંથી સમજી લેજો. વધુ કેહેવામાં સાર નથી.

જાં૦ બે૦ મ૦

દિબાચો.

લખનાર—સમશુ ઓલમા ડા. જીવણજી જમશેદજી મોદી.

આ પુસ્તક પ્રગટ કરનાર ભાઇ દીનશા એદલજી કરકરીઆ, જેવણની "આપણાં સફેદ પાગડીવાલા મેકમીલન" એવી રીતે મારી સાથે ઓલખાંણ કરાવવામાં આવી હતી, તેવણ એક દિવસે મારી મુલાકાતે આવ્યા અને આ પુસ્તક મારા હાથમાં મેલી અરજ કીધી કે તેવણે આ પુસ્તક પ્રગટ કર્યું હતું અને તેનો મારે દિબાચો લખવો.

આ પુસ્તક એક વાર્તાનું છે અને વાર્તાનો મને શોખ નહિ હતો માટે મેં ઓજર ખાડીથી ના પાડયું. ના પાડયું તો ખરૂં, પણ પછી ઘેર જતાં વિચાર આવ્યો કે, સાહિત્ય સંબંધી કોઇ કામ બનતાં સુધી ના પાડયું નથી તો આ પુસ્તક, જેનાં પ્રગટ કરનાર એક અથોરનાન ભાઇ હતા ઓ કર્તા એક ઘડાયલા (veteran) લખનાર હતા, તે માટે દિબાચો લખવાનું કામ શા કાજે ના પાડું? વિચાર કર્યો કે "અલબતે એવી વાર્તાઓ યા નવલકથાઓ મારા અભ્યાસની ખાસ બાબત નથી યા તે મને વાંચવાનો શોખ નથી, એ તો ખરૂં, પણ, પેલી કેહવત યાદ આવી કે 'પરણ્યા નહિ તો પણ જાને તો ગયા હોઇશું કેની?' નવલ કથાઓ લખી નથી યા તેઓનો ખાસ અભ્યાસ કીધો નથી, પણ તે સ્કુલ અને કાલેજનાં અભ્યાસી દિવસોમાં વાંચી છે તો ખરી." સર વોલટર સકોટની તેલીસમાન આઇવેનો અને કેનીલવર્થ જેવી નવલકથાઓ સાથની પુરાંણી પીછાંણની યાદ આવી, અને તે ઉપરથી થોડીક હિમ્મત આવી કે "ફીકર નહિ, જ્યારે આ ભલા ભાઇએ ચાહીને, ચાલીચલાવી આવીને અરજ કીધી છે અને વળી કર્તાની પણ મરજી છે તો એ પુસ્તકનો દિબાચો લખવો." આ સર્વ મારા

દિબાચાનો પોતે જાણે એક નાનો જેવો દિબાચો છે. પણ તે એટલા માટે લખ્યો છે કે વાંચનાર મારી કાંઈ ખાંમી હોયતો દરગુજર કરે કે આ કોઇ વાર્તા લખનાર અભ્યાસીની કલમનો દિબાચો નથી, પણ સાહીત્યના એક સામાન્ય અભ્યાસીનો દિબાચો છે.

આ વાર્તા લખનાર ભાઇ જાંગીરજી બેરાંમજી મરજબાંન: ત્રણ પેહેડીથી, બાપે દાદે એક કસાયલા અનુભવી, લખનાર છે. એવણના બપાવા ફરદુનજી મરજબાનજી જેવણ છાપાનાં પિતા ગણાયા છે તેવણ પોતે પણ આપણાં આસરે દોહડસો વર્ષપર જાણીતા થઇ ગયલા એક જાણીતા નવીસન્દાની ચહડતી પેહેડીથી ઉતરેલા હતા. મારા એક મરહુમ ખેશી એરવદ કાવશ્જી મનચેરજી મોદી, જેવણે એવણ સાથે, મુંબઇ સમાચાર પત્ર અને છાપાખાનાનાં પેહેલા વર્ષોમાનાં ઘણાંક વર્ષો ગુજાર્યાં હતાં, તેવણથી આ ભલા અને ભણેલા મરજબાનજી માટે મેં ઘણુંક ભલું સાંભળ્યું હતું. તેવણના બેટા બેરાંમજી, જેવણ એક અચ્છા ફારસી અને ઉરદુનાં ખાં હતા, તેવણનાં એક સમકાળીક પુરૂષ (contemporary) તરીકેનાં કોઇક કાબેલ લખાંણો અને તરજુમાઓની આપણને જાતી માહીતી છે. એવા અનુભવી લેખક બાપ બપાવાના બેટા તરીકે, આપણે આ પુસ્તકના કર્તા તરફ વાજબી રીતે એક સારા લેખક તરીકે આશાવંતી નજરે જોઇએ છિએ. આ બાપ બપાવા કરતાં આ [illegible]માં જે આપણે ખાશ કરી વધુ જોઇએ છિએ તે તેવણની લખાણની રમુજી ધપ છે. કોઇ વખતે રમુજ ભારી પડે છે અને પેલી કેહવત પ્રમાણે " રંગમાં ભંગ " આણે છે. લખનારની નેમ ગમે તેવી સ્વચ્છ હોવા છતાં, રમુજની રંગીલી લેહર, અને તે મુજબની તે લખનારની ઇબારત યા ધપ, કોઇક બારીક

બીન નુકતેચીનીઓ પ્રમાણે, તેવણના લખાણના ગંભીરપણાંનો બોજ કમી કરે છે. પણ એ તો જેમ "કોથે કોથેની બુધ." તેમ લખનાર લખનારની વલાંણ. ખુશ મજાક અને રમુજ, જાણે આ પુસ્તકના કર્તાની રગેરગોમાં લોહીએ લોહીમાં, મલી ગયાં છે. તેથી ગમે તેવી ગંભીર બાબદમાં પણ એવણથી, શું જાણ કે શું અજાણ, રમુજી થેયા વગર રેહવાતું નથી.

મી૦ જાંગીર મરજબાનનું કોઇ પુસ્તક મેં બરાબર આખું વાંચ્યું હોય તો તે કાશમીરની મુસાફરીનું હતું, કે જેમાં મુસાફરી જેવી સાદી વર્ણનની બાબદમાં પણ વાંચનાર રમુજ જોએ છે. આ પુસ્તકે મારા મનમાં કાશમીરની સફરે જવાનો અને આ સુંદર ખીનને જોવાનો પેહલો વિચાર બરપા કર્યો હતો. જયારે મુસાફરીનાં વર્ણનની બાબદમાં એમ છે, ત્યારે આ પુસ્તક, જે એક નવલ કથા સમાંન વાર્તાનું પુસ્તક છે, અને જે એવા પુસ્તકોની માફક મનને રાહત અને રમુજ આપવા માટેજ વંચાય છે તેમાં રમુજનો ઘણો ભાગ આપણે જોઇએ એ કુદરતી છે.

આ પુસ્તકની વાર્તા એક ભુતાલવાં (haunted) ઘરથી શરૂ થાય છે. એક નવલકથા પોતાની વાર્તાનાં સ્થળ અને કાળમાં જણાયલાં કોઇક આકીનો, માનતાઓ, વેહેમો, રાહ રીતીઓ, સંસારી રેવાજો વિગેરેની નોંધ લે છે, એવી વાર્તાના નાયકો, સંસારમાં જે વર્ગના હોય છે, તે વર્ગમાં મનાતાં આવાં આકીનો અને વિચાર આચારોની તેમાં કુદરતી રીતે નોંધો આવે છે, સર ઉવોલટર સકોટ પોતાની વાર્તાઓમાં જે જમાના અને કાળો માટે બોલે છે તે જમાનાઓ અને કાળો વહી ગયા છે, પણ તે જમાનાઓ અને કાળોમાં યુરોપમાં મનાતાં આકીનો વેહેમો, રાહ રીતીઓની નોંધો રહી ગઇ છે, આ મુજબ આ

ચાલુ જમાનાનાં આપણમાં જાએજ રહેલાં કોઇ આફીનો વૈહમો યા ખ્યાલોની નોંધ આપણે આ વાર્તામાં જોઈએ છિએ. તેમાં આ ભુતાલવાં વરનો ખ્યાલ એક અગતલી જગ્યા લઇ વાર્તા શરૂ કરે છે. આ ખ્યાલ આજે પણ સુધરેલા યુરોપમાં આપણે કેટલી હદે પ્રસાર પામેલો જોઇએ છિએ.

આ વાર્તાની સાંકલમાં વીંટલાયલી એક આફલી-છોકરી તેહમીની બાબત, આપણને, મોટે ભાગે, હિંદી વાર્તામાં જણાયલા પેલા હરીશચંદ્રની, અને નાને ભાગે, ઇરાનની વાર્તામાં જણાયલા શાહજાદા સ્યાવક્ષની યાદ આપે છે કે સત્યતા ખાતર તેઓને શું શું ખમવું પડયું હતું.

મુળ વાર્તા જો કાંઇ ધડો શિખાડે તો તે આ કે કોઇક વાર કેહવામાં આવે છે તેમ લગન એક સોદો થઇ પડે છે. માતાપિતાઓએ તેમ પરણનાર કન્યાઓએ લગનમાં દાખલ થવાની દોડાદોડમાં પોતાના જમાઇ યા પતી માટે પુરતી પુછપરછથી દુર રહેવું નહિ જોઇએ. મધ ઉપર ભમતી માખ માફક પૈસા ઉપર અને સુંદરતા ઉપર કોઈ એવા ફોરગાઓ ભમતા ફરે છે, કે જેઓ પૈસા યા સુંદરતાનું મધ ગયું, કે તે ધરાવનાર બાનુને કાનેલ અંદર સમજે છે. કહે છે કે પથ્થરો પણ વાએજ આપે છે (Stones preach sermons), તેમ આ રમુજ આપનારી વાર્તામાં પણ, ચતુર, મગજ કે રમુજ આપનારા તત્વોમાંથી ચહડતું શિક્ષણ પોતા માટે જાણી શકશે.

લી૦ સેવક,

જીવનજી જમસેદજી મોદી.

'મોડી લોજ કોલાબા, તા૦ ૨૨-૨-૧૭.

એમ કાંય?

વાંચક વર્ગ વાજબીની રાહે પુછવાનો હક ધરાવે છે કે "તમારૂં પોતાનું આવડું બોહોળુ પ્રેસ છે તે છતાં તમે આ પુસ્તક મી૦ દીનશા કરકરીઆને છાપવા આપ્યુ—એમ કાંય?" હું પેચવણ સવાલનો કંઇક ખોલાસો આપવાની જરૂર જોઉં છું. મારા પોતાના પ્રેસમા પરચુરણ કામની અવારનવાર એટલી ગીરદી રેહે છે કે "આજે કાલે" કરતાં બીજાં બે વરસે બી આ પુસ્તકની વારણ આવતે નહીં. કહેવત છે કે બે ગમનો પરોણો બેવરો ભુખે મરે. તેવોજ આબાદ અમારો હાલ છે. મી૦ દીનશા કરકરીઆએ જે થોડાંક પુસ્તક છાપી બાહાર પાડયાં તેની સફાઇ, સુઘડાઇ, ઝડપ અને ટેસ્ટ જોઇ મેં નકી વીચાર બાંધ્યો કે એવા ઉમંગી પબલીશરોની આપણાં ગુજરાતી સાહીત્યમાં ખુટ છે. આવો તુરંગ મનમાં વ્યાપી રહયો હતો એવામાં સફેદ પાઘડીવાલા "માકમીલન" આવી ચઢયા અને તેઓએ આ મારી અઠ્ઠાવીસમી અદના કોશેશ પસંદ કરીને પ્રગટ કરવાની ખુશી દેખાડી. અને તેના પરીણામમાં આ "મુશકીલ આશાન" તમે જુઓ છો. મી૦ કરકરીઆની મોટી ખુબી એ છે કે તેઓ જે કામ માથે લે છે તે ખરાં દીલથી પાર ઉતારે છે. ખરચની તેઓ બખીલાઇ કરતા નથી અને જાતી મેહનતની. મારે કબુલ કરવું જોઇયે કે એટલી મેહનત લેવા જેટલી હવે સેવકમા તાકાત નથી. મી૦ કરકરીઆએ જે બોજો મારે માથેથી ઉપાડી લઇને આ પુસ્તક વાંચક વર્ગની આગળ ધર્યું છે તેથી હું બહુ સંતોશ પામ્યો છુ.

લા૦ સેવક,

જાંહાંગીર બેહરામજી મરજબાન.

પંચગની,

તા૦ ૧ માર્ચ ૧૯૧૭

એક બીજું નવું પુસ્તક.

જરનાલીઝમની લાઇનમાં ઘણા જરથોસ્તીઓએ પોતાનાં પુસ્તકો પ્રગટ કર્યાં છે, પણ હમારો સાહસ તેથી જુદાજ પ્રકારનો હોવાથી હમારાં કામની કદર લખનાર તેમજ વાંચનાર બન્ને કરેતો હમોને બેવડો ઉમંગ મળે એ બાર મુશ્કેલ મનાવવા જેવી વાત નથી.


કોમના નામીચા લેખક, શેઠ જાંહગીર બે. મરઝબાન જેવા ઠરેલ અને જરનાલીઝમની લાઇનનાં એક બાહોશ એક્ષપર્ટ હમારા જેવા એક પબલીશરને પોતાની નોવેલ છાપવા અને પ્રગટ કરવા આપે એ કામને હમો હમારા મોટાં ભાગ્યની વાત સમજ્યે છીએ. વાર્તાઓ પ્રગટ કરવાનું કામ ઘણું જ કાળુ તેમજ જોખમભરેલું છે, એ ખરૂ છે. પણ જ્યાં પોતાનાં પ્રેસની પુરતી સગવડો હોય તેઓ માટે એટલું જોખમભર્યું નથી.

આ વાર્તા શેઠ જાંહગીર મરઝબાને ઘણાં હેતથી હમોને ભેટ આપી છે, તેટલાજ જોશનાં ઉમંગથી હમોએ પ્રગટ કરી છે અને હમો આશા રાખ્યે છીએ કે વાંચનાર જોહનને પોતાની પસંદગી જાહેર કરશે એવો હમને પુરતો ભરૂસો છે. વાર્તાનાં ચીત્રો નામીચા આર્ટીસ્ટ મી૦ ધુરંધરે બનાવ્યાં છે, અને ચીત્રોનાં બ્લોકસ, વીદવાન આર્ટીસ્ટ, મી૦ જીજીભાઇ ખરેઘાટે ખાસ તૈયાર કર્યાં છે.

વાર્તાની પ્રસ્તાવના સમશુ ઓલમાં પ્રો૦ જી. ૧૭ જમશેદજી મોદી સાહેબે લખીને હમારાં કામને એઓ સાહેબે પુરતી મજબુતી આપી છે અને આ વાર્તાનુ પુસ્તક નેક નામવર મરહુમ સર જસટીસ દીનશા દાવર સાહેબને અર્પણ કરવામાં આવ્યું છે તેથી હમો અતી ઘણાં ખુશી થયા છઇએ.

માણેક પ્રિન્ટીંગ પરેસ,
ફોર્ટ, સેંડ.
મુંબઇ, તા૦ ૧-૩-૧૭.

લા૦ સેવક,
દીનશાહ એ. કરકરયા.





મુશકીલ આસાન.

પ્રકરણ ૧ લું.

સમજ ભુંડા સમજીને લાગ સુધરવા,
ફંડા ફપટા કરે છે શું કરવા. સમજ—ઇત્યાદી.

આહ! શું કરવા ભુંડાં કામ કરયે છીએ તે જો આપણે જાણતા હોત તો રીરેસ્તામાંજ કેમ ન ખપત. આગળ ચાલો. મેહેમના બજારની જરા આગળ સ્વર્ગવાસી શેઠ દાદાભાઇ દુબાસનો મોટો બંગલો તો તમે જોયો હશે. તેનાથી થોડેક દુર એક બીજો બંગલો મારી કથાનું મંડાણ થાય છે તે વાર આવેલો હતો. નામ નીશાનની જરૂર નથી. કેમજે નહીં તો વળી વકીલની નોટીસ આવે કે "અમારાં કુળની મીલકતની ડામીજી થઇ માટે ૨૪ કલાકમાં પાંચ દશ એરંડીઆના જુલાબ લઇ લ્યો, નહીં તો અદાલતફ્રડી કરી નાખીશું." ના ભાઇ, હમણા લડવાંનો વખત નથી. મનમાં સમજી લ્યો કે નાહનો બંગલો છે. બારીએથી મેહેમનો સમુદ્ર નાકના દાંડા આગળ પડેલો છે. કમપાઉંડ લગાર પડત પડેલો છે પણ જમીન ઝાઝી છે.

આ બંગલાની અસલ જમીન એરવદ શાપુરજી બેપ. આસ્તરની હતી. તેમનો પોતાનો મોટો બંગલો પાસેજ આવેલો છતાં પઇસાની લાલચે સાપુરજીએ આ જગા એક મારવાડીને

રૂા. ૬૦૦૦ માં વેચી. વખત જતે મારવાડી ખુટયો અને હરરાજીમાંથી પોતાની આગલી માલકત શાપુરજીએ પાછી, રૂ. ૧૪૦૦ માં લીધી. જોયું—નસીબ કેમ પ્રસન થાયછે તે? બે હજાર નફાના મળ્યા અને બાંધેલો બંગલો મુફતમાં ગડાવી ગયો તે જુદો. આ હરરાજી પછી ચોથે દીવસે મારવાડીની સ્ત્રીની ચીસ સાંભળીને સઘળા દોડી ગયા તો જોય છે શું કે મારવાડી નંદલાલજી ગળાંમાં દોરડું પોઇને ભારવટીઆ સાથે લટકી ગયલા. બચારાએ કાંઇ આફાંની સુંઠ કરી હશે એટલે વધુ જીવવું પ્રમાણુ નહી એમ ધારી દ્વારકાંદાસજી બની ઠંડા થઇ રહયા.

પણ જે બંગલાના ધણીએ ફાંસો ખાઇ આપઘાત કરેલો તે ફરીને ભાડે લીએ કોણ? જે ભાડુત ઘડી ચોઘડીએ જોવા આવે કે તે આ વાત સાંભળીને જાય તે પાછો ફરે શું કામ! તેમાં વળી બીજીબી એક ભેદ સમાયલો હતો. બંગલો ખાલી એટલે મુંબઇથી કસબી ટોપીવાળા હાથીદાંતના વેપારીઓ અવારનવાર ત્યાં ટોળી થઇને આવે અને બાર બે ચોક છકાવી ને માળીને રૂપીઓ ડાહામ દઇને જાય. માળી દાદા ગોવીંદાનું આ પ્રમાણે કલ્યાણ થતું રહે એટલે મુર્ખ શેનો હોય કે ભાડુતને આવવા દે. કોઇબી ભાડુત પુછતો આવે કે માળી દાદા ચાર ચાશણી ચહડાવીને ગુજર પામેલા નંદલાલજીના ભુતના રાત્રીએ ટખડવાની વાત કરે. કોઇ મકકમ ઇરાદનો ધણી તપાસ અર્થે એકાદ રાત ત્યાં સુવે તો છાપરાં ઉપર મોટા ગરાસીઆ પડેલાજ છે. આ પ્રમાણે "મોતીબાગ" નો સાંબો પડી ગયો એટલે લગભગ એક વર્ષ ખાલી પડી રહયો. શાપુરજી શેઠ ખભરયા, ફફડયા—પણ તેથી કાંઇ ભાડુત આવવાનું હતું? છતાં એમની ધીરજને ધન્ય છે. આખરે દહાડો ફરયો. કોઇ બાહારગામનો હાફ કીઆસટ ઇજનેર પોતાની નવી પરણેલી બાયડીને લઇને હનીમુન

ગુજારવા ઇગતપુરીથી આવી લાગ્યો અને "મોતી બાગ" ત્રણ મહીનાની મુદતે ભાડે રાખ્યો.

અલબતું તાજાં પરણેલાં એટલે બંને એકેકની ડોકપર હાડ નાંખી દીએ અને સારો દીવસ કમપાઉન્ડમાં એકબીજાની બગલમાં હાથ ઘાલીને ફરી હરીને મોજ મેળવે. ઘણીક રોજ સોહવારે હાથપર દીલનુંજાનુ નાખીને દરીયે નાહવા જાય અને તે ધણીઆણીઉ કપડાં તપાસતાં પાણીની કોરે ઉભા રહે, પણ કોણ જાણે શા કારણથી આજે નવી બાયડીના પેટમાં ફાળ પડી. દરીઓ લગાર આનંદીમાં હતો પણ તેમ પતી અચ્છો તરનાર હતો. દશ મીનીટ થઇ, પા કલાક થયો પણ રામેતા મુજબ ધણી પાછો કીનારે આવ્યો નહી. અડધો કલાક, કલાક, બે કલાક-પણ કશું નામ નીશાન ન મળે, બાપડી મડમે રડારોળ કરી મુકી. માછીઓ અને બીજાઓ ધાઇ આવ્યા, મછવાઓ શોધમાં નીકળ્યા પણ ગયો તે ગયો. સારી રાત મડમની ચીશે અને કલપાંતે આખાં પડોસને જાગરૂત રાખ્યું. પણ રડવાથી કાંઇ જમદેવ સમજી જવાનો છે ? નાપાક અંગ્રેજ મેન્યોસનું કહેવત તે દીવસ ઝાઝું હશે. ત્રીજે દીને બપોરના બચારા તરનારની લાશ દાંડા આગળથી મળી અને તેની પરણેતરનું નખ્ખોદ વળી ગયું. ચોથે દીને તો આ છોડી ગાંસડા પોતલા બાંધીને માથું કુટતી પાછી પોતાને ઘેરે બારે ગઇ અને મોતીબાગ નવેસરથી ખાલી પડયો.

હવે એને લે કોણ? આખાં બજારમાં એનો સાખો પડી ગયો કે એ તો અવર જગા છે, મફત મળે તોબી ન જોઇએ. શાપુરજી શેઠે તે વેચવા કહાડયો પણ કોઇ આફર કરવા આવ્યુંજ નહી, તેવણે તરેહવાર ઢોંગ કીધા. એકાદ ઓરડો પડાવી નાખ્યો એકાદ નવો બંધાવ્યો, નવો રંગ કરાવ્યો, દરવાજો ફેરવાવ્યો. નવું ફરનીચર મુકયું પણ સઘળું વ્યર્થ.

પણ કોઇ પુછશે કે એમાં તો ભુત હતો અને માળી દાદાના કહેવા પ્રમાણે રાતના કમપાઉંડમાં નંદલાલનું કાલબુદ ફરતું હતું ત્યારે પેલો નવો પરણી આવેલો ઇજનેર અને તેની મડમ એકલાં કેમ રહયાં હશે? ખુલાસો સેહેલ છે. બે ચાર પેહલા દહાડા ગયા પછી છાપરાંપર તોપના ગોળા છુટવા માંડયા અને બારીઓ ખખડવા લાગી. પણ એ તો જે ભુતથી બીયે તેનેજ ભુત વળગે. ઇંગ્રેજ બચ્ચાને પેહલાંથી ભ્રાંતી ગઇ કે શું તે તેણે એક રાત પીસતોલનો બાર જે કીધો કેની તે ભુત મામા કુમમાં પુછડી દાબીને માળીની કોટડીમાં અલોપ થઇ ગયા, કે ના બા આ તો જીવ જવાનો સોદો, એમાં આપણું કામ નહી.

ભોળા શાપુરજીએ હજાર પંદરસોનો ખરચ કીધો પણ કોઇ ભાડુત ફડકે નહી એટલે તેઓ મન સાથ બહુ બડબડવા મંડયા. જામે જમશેદમાં જીવ ચલાવી ચલાવીને રૂ ૩)= ખરચીને ટુંકી જાહેર ખબરો આપી પણ ન મળે જર કે, ન મળે જવાબ. આસપાસના કચરા જેવા એખરો બંગલા લેવાઇ જાય પણ "મોતીબાગ"ને કોઇ સુંઘે નહી. પણ એમ નાખી મુકેલો કાંઇ પરવડે? શાપુરજીએ ભાડું એકદમ ઘટાડીને દર માસે રૂ ૫૦ કીધું અને મુંબઇના 'સરવે હાઉસ એજંટોને પુગી વળ્યા. એકજ જવાબ મળે કે "શેઠ તમારા બંગલાનું નામ વાયડું છે. એટલે ભાડુત મળવું મુશકેલ છે."

"વાયડું છે! એ બકોઇ શું? એ કંઇ કલ્યાણીનો માવો છે કે વાયરો પડે? નાક આગળ દરીઓ છે, હવા સારી છે, ગોદડાં તળાઇ બધું નવું છે એટલે પછી વાયરો શું ને જરપત શું." શાપુરજી આ પ્રમાણે ચીડી પડયા.

"પણ જુઓની, એના પેહલા ધણીએ ફાંસો ખાધો.!"

"હોસે, તેમાં શું. એક બેવકુફ માણુસ કાળાં ધોળાં કરીને પોતાના જીવપર કરે તેમાં બંગલાને શું કુત્રાએ કરડયો? મારા સાહેબ, તે વાતને તો જમાના થઇ ગીયા ને ત્યાર પછીથી તો બંગલો ભાડે ગીઓ તો."

"હા–તેની મને યાદ છે—પણ તેબી બચારો ડુબી મુઓની. આખાં મુંબઇમાં એ વાતની હો–હો થઈ હતી અને લોક બોલતાં હતાં કે એ બંગલો નેહસ્ત છે."

"લોક? લોક કોણ? એવા ઇડીઅટો સાથે ભાડુતોને શું કામ છે? મારા સાહેબ, તમેબી તર નવાલા શોધતા ફરોછ. હમણા કોટેકોટ તરફ મોટી હવેલી હોય તો કેવા પેંગા ચેંગા થઇને દોડી આવો ને મારા બંગલાને વાસતે સઉ કોઇના પેટમાં કુરકુરી થાયછ."

'શાપુરજી શેઠ, અમારી ઉપર તમારી ખફગી ખાલી કીધામાં ફાયદો શું? શું અમુને કમીશન ભાવતું નથી? લોક નહી લે તેમાં અમે શું કરીયે? હું તો જે પુછતો આવેછ તેને તમારો બંગલો બતાઉંછ. જરા ધીરજ ધરો. કોઇ બહારગામનો ભુલો ચુકો હાથમાં આવી જશે. બંગલો સારો છે, હવા પાણી સારૂં છે. પણ—પણ——"

"હોસે—હોસે—તમે બડા પેસુ સમજુ છેઓ—સાહેબજી."

શાપુરજી શેઠ ગમે એમ ચીથરાં ફાડે પણ તેથી કાંઇ બંગલો ભાડે જવાનો નહી. બચારા સહત્તારના પોહોરમાં દોર બાંધીઆ બંગલાપર જાય ને વાડીનો કચરો કહડાવે ને કાચ લુછાવે પણ જયાંનું ત્યાં. આમ કરતાં કરતાં મેએ મહીનોબી ખલાસ થયો. ચોમાસું ધમ ધમ કરતું માથે ચહડી આવ્યું એટલે હવે બીજા છ મહીના બંગલો ચોખ્ખો માથે પડવાનો એમાં ફેર નહી. પાસે પૈસા તો પુર હતા. પણ શાપુરજી શેઠ

જીવે લગાર કન્જુસ હતા અને દર માસે રૂ. ૫૦ ફોકટમાં જતા તેના હાય અફસોસમાં શેર લોહી સુકવી નાખતા.

પણ ત્યારે શાપુરજીને માથે કાંઈ મોટો ખરચ હશે અથવા એમનું મોટું કુટુંબ અને સાડીનો ધાણ કહાડનારી ગોધા જેવી છોકરીઓ માથે પડેલી હશે, કોઇ ચીજ નહી. ધણી-આણી તો કંઇ વર્ષના ગુરથમાન થયલાં હતાં. ચહડ ઉતરની બે દીકરીઓને તો કંઇ મુદત થઈ પોતે પહોંચાડી આવ્યા હતા. અને એક પુરો દીકરો **દાદીઆ વીલાયતથી** સીવીલ સર્વીસમાં પાસ થઇ આવ્યો હતો, તે નોર્થ વેસ્ટ **પ્રોવીનસીસમાં** આશીસટંટ જડજની પડવી ઉપર હતો, તે છતાં દાધાબળ્યા શાપુરજી પોતાના આ પચાસ રૂપરડીના કમનસીબ માટે દરરોજ નંદલાલ મારવાડીને અને પેલા ડુબી જનાર ઇંગ્રેજ ભાડુતને સેસ ભણતા હતા. "એનું સત્યાનાશ જાય! એ લોકે ખાલી-પીલી મને નુકસાનીમાં નાખ્યો!"

પણ સબર! એ સબર જીવ! નસીબ દેવી કાંઇ પ્રસંન થયલી જણાય છે. એક સાંજના શાપુરજી શેઠ હાથમાં મોટી ડાંગ લઇ 'મોતીબાગ'નાં કમપાઉંડમાં આમ તેમ ફરતા હતા એવામાં ધમધમ કરતી એક બે ઘોડાની લાનડો આવીને બંગલા આગળ ઉભી. માંહે એક મોગલ ટોપી પેહેરેલો ગ્રહસ્થ અને તેની પાસે એક બાઇ બેઠેલાં હતાં. બાઈએ સફેદ રેશમી સાડી પહેરેલી હતી. શેઠની જાત કઇ તે કેમ કહેવાય? પારસીબી હોય કે ક્રીસતાંઉ હોય કે દેડોબી હોય. બાઇ તો નરી નરી દહીત્રાં જેવી સફેદ ને કાળી ભમર સરખી આંખવાળી હતી. પણ નીચું ડોકું રાખી બેસી રહી હતી એટલે બરાબર અવ-લોકન થઇ શકયું નહી. શાપુરજી તો ઘેલા ગાંડા બની ગયા પણ હુશીઆરી રાખી છેક ગાડીની આગળ ગયા નહી. થોડે

વારે કોચ્ચ બાકસ ઉપરથી એક નોકર ઉતરી પડયો અને શાપુરજી આગળ આવી પુછ્યું.

"શેઠ સાહેબ, યેહ મકાનકા નામ મોતીબાગ?"

"હા, એજ મોતીબાગ, ઓ ભાડે સે આપનેકા હય—બોત અચ્છા દરીઆ દીસતા—જરા તુમારા સાબકુ બોલો કે જરા દેખો તો સહી, તુમેરા જીવ ખુશ હો જાયગા—કેહેસે કેહછ ને બરાબ કરતા."

"અંહ—યેહ મકાનકા માલીક આપ હો?"

"હા—હા—બોત અચ્છી વારી હય—જરા દેખો—અમ કુછ જુઠા બોલતા?"

પેલો નોકર ગાડી આગળ ગયો અને પોતાના શેઠ શેઠાણી સાથ વાત કરી ને શાપુરજીને આગળ આવવાની ઇશારત કરી. વળી વાર કોણની? તેવણુનો જીવ તો તપુતપુ થઇ રહયો હતો અને પોહોળા ચોળા થઇને ગાડી આગળ ગયા.

"સાહેબ, તુમ દેખો તો ખુશ હો જાયગા."

પેલાએ ગાડીમાંથી ઝપકામાંજ ઉતર દીધો. "શેઠ સાહેબ, તમે ગુજરાતીમાંજ વાત કરો. હું ગુજરાતી સારી તરેહ બોલું છું."

શાપુરજીની સુધીઆની હીંદુસ્તાની તો હવામાં ઉડી ગઈ અને જરા ખશીયાણા પડી ગયા. પણ આ કાકો છે કોણ? દેખાયછ તો હેદરાબાદી જેવો, સુમારે પાંત્રીસેકની ઉમર છે. ખુબસુરત તો નહી પણ ઘાટઘટમ મજેનો છે. પેલી બાનુ તો ડોકું નીચું રાખીને બેસી રહી હતી પણ શાપુરજીબા પાંચ મીનીટમાં સરવાઇ કરી રહયા હતા કે ચીચોડાનો ગલબો ઝાકો છે. આંગળાંમાં દશેક બીલીઆનની વીટીઓ અને ગળાંમાં મોતીની માળા ઝળઝળી રહયાં હતાં.

"શેઠ સાહેબ, આએ બંગલો ભાડે આપવાનો છે?"

"હાજી હમણાંજ મેં આએ ગ્રહસ્થને કહયું તેમ હવા પાણી સઉ——"

"બસ-શેઠ—હું તે બધું જોઉં છ, એ મારો પંજાબી કુક છે - એવી વાત એની સાથ કીધામાં ફાયદો શો?—મારી ધણીઆણીને પસંદ આવવો જોઇયે."

"હાજી લાખ રૂપીઆની વાત કહી—બાઇ સાહેબ કું બાત—મકુંજે તમુને ઘણોજ પસંદ પડશે. જરા તસ્દી લઇ ઉતરીને જુઓ તો ખરા."

ખરી વાત કહેવામાં કાંઇ લાજ નથી. એક તો બંગલો ભારે જવાની ઉલટ અને બીજું તો શાપુરજીબાનેબી જંરા સુંદર ચેહેરાનો શોખ હતો એટલે આવાં પડોશી—આવી પડોશણ આવે તો વળી સોહોવાઇ જાય. કેમ બોલીઆ નહીં?

ગાડી માહેનો ગ્રહસ્થ વળી પાછો પુછે છે. "અમે બહારગામના છઇયે. આએ બાઇની તબીયત જરા નબળી છે તેથી એવણુને ઘણીજ શાંતીની જરૂર છે. અહીં કંઇ ગડબડ ઘોંઘાટ તો નથી?"

"અરે તોબાહ તોબાહ કરો સાહેબ. ગડબડ સાંની? આખો દહાડો એક ચલીઉંબી ફડકતું નથી—જરા ઉતરો—જરા તસ્દી લેઓ."

પેલાઓ ઉતરયાં. સાબ લોકની નકલ કરીને શાપુરજી બાઇ સાહેબનો હાથ પકડીને ઉતારવા ગયા પણ તેણીનો ધણી આડો પડયો અને શાપુરજીબાની પહેલી ઉમેદ ધુળમાં મળી—પણ ચીંતા નહીં, દહાડા ભરેલા છે, ઓરડે ઓરડે તેવણ પુઠેપુઠ ગયા.

"બાઇ સાહેબ, આએ ઓરડામાંથી દરીયો ત્રણોજ ફાઇન દેખાયછે. બધું ફરનીચર નવું છે. એની લાઇનીંગ બદલવા મેં કાકરી જેવા ૪૦ રૂપીઆ આપ્યા-મારા સમ"

પણ પેલાંઓએ 'નો કોહાં'

બાઇ સાહેબનો શું ઠસ્સો! હેદરાબાદી ઝનાના લેડીના જેવો ઝીણો લેબાસ સજેલો, ઉંચું સરોવર સરખું કદ, ચળકતા તારા જેવી મોટી આંખ, અને લેડી કરઝન સ્ટાઇલના કાળા બાળનો ભાથરો બેઉ બાજુએ. પણ સઉ સારૂં ને પાણી ખારૂં. શાપુરજી મથી મથીને મરી ગયા પણ બાનુનાં મોહોમાંથી એક શબ્દ નીકળ્યો નહી. મુંગી તો ન હોય?

ગાડીમાં આવેલો શેઠ અને તેમનો પંજાબી કુક બંગલાના ખુણે ખુણા જોઇ વળ્યા અને પછી નવા આવનારે કહ્યું. "મને આ બંગલો ચાલશે. ભાડું શું લેશો?"

"મારૂં ભાડું તો પોણોસો રૂપીઆ છે પણ તમે સારા માણસ છેઓ તેથી રૂપીઆ સાઠાઠ ને બોઝામાં ઓછી છ મહીનાની મુદત."

"ઠીક છે, મારે કબુલ છે."

"પણ—પણ—સાહેબ એગ્રીમેંટ—"

"કાંઇ જરૂર નથી. છ મહીનાના ભાડાંનો ચેક હું હમણાંજ તમુને આંગપર આપું છ એટલે એગ્રીમેંટની માથાફોડની જરૂરજ નથી. નેશનલ બેંકનો ચેક છે ને તેના રૂપીઆ તો તમને કાલે મળી જશે. અમે આવતે ભરેસપતવારે રહેવા આવશું."

શાપુરજીનો હરખ તો માયો સમાયો જાય નહીં. રૂપીઆ ૩૬૦ નો ચેક! આહ! આખરે બુલ્બુલ હાથમાં આવ્યો ખરો. ગેકની નીચે સાડી હતી.

જે. મેહેરબાન.

નામ વાંચી વળી પાછું શાપુરજીથી હલકા હજામડા થવા વગર રહેવાયું નહી. "અંહ! મેહેરબાનવાળાઓને હું અસલ ઓળખતો હતો. હેદરાબાદવાળા નવાબ સરફરાઝ મેહેરબાનના કાંઇ સગા થાઓ કે?"

"નહીં—પણ હું જોઉં છ કે હું કોણ છું તે જાણવા તમારો જીવ ઠર પડવાનો નથી. હું અહમદનગરનો રહેવાસી છું. મારા બાપ બારીસ્ટર હતા અને મારી મા એક હીરાના વેપારીની બેટી હતાં--ચાલો સાહેબજી."

પ્રકરણ ૨ જું.

હી, હી, હી! જરા ઉભા તો રહો. શાપુરજીઆ ધરયા ધરાતા નથી. હાથમાં કોરો કકડતો ૩૬૦ રૂપીઆનો ચેક આવ્યો છે એટલે એવણના નાકના નાકાં ઉંચકાઇ જાય છે. આપણને હજી એઓ સાથ લાંબુ ખાતું પાડવું છે એટલે એવણ કેવા છે તે જરા નોંધી લઇએ તો ઠીક પડશે.

મારા એ મીત્ર ખાસ્સા પ્રીમ જેવા હતા. ઠીંગણા તો ખરા એટલે પોતાને લાંબા દેખાડવાની હોંશ ઘણી હતી. પણ માણસ જાત કાંઇ રબરનું છે કે ખેંચાઇને લાંબુ થાય? ત્યારે હવે ઠીંગણા ઠળીયામાં નામ નોંધાવવાની સુગ એટલે કરવું કેમ! શાપુરજી જેમ બને તેમ ઉંચી એડીનાં બુટ પહેરતા, ઠીંગાઇ ટીંગાઇને ચાલતા અને ખાસ્શી સવા ફુટ ઉંચી પાઘડી માથે ઘાલતા. વળી મને લખતાં ઘણી ઓશક લાગે છે કે શાપુરજીને બચારાને એક ઘબારો બેસી ગયો હતો અને તે એ

કે તેવણ પોતાને મનથી એમ સમજતા કે હું ઘણો હેંડસમ છું. અરે યારો, આપણામાંથી કેટલા જણ એવી ખામીથી ખાલી હશે? ઘણા જણ પોતાને અકકલમંદ સોક્રેટીસ સમજે છે, પણ બચારા કેવા મકાઇ બુઠ્ઠા છે! કેટલા ઇચ્ચમજીઓ આરસીમાં જોઇ સેંટા-પાટલી પાડીને પોતાના ઓળાને કહે છે કે 'આહ!' શું ખોદાયજીએબી મારી સુરત ઘડી છે-મને જોઇને નાજુક ફુટડીઓ હસી હસી પડે તેમાં નવાઇ શી છે?' ત્યારે શું શાહપુરજી ખુબસુરત ન હતા? જરાબી નહી. 'ઠીંગણો કરીઓ ને બગાડે ફરયો' જેવો એવણનો અવતાર હતો. વળી મુવા તો જુવાન દેખાવા બાલને કલપ કરતા. નરો જાણે ઇભરામ રંગારો. કોઇ ઠેકાણે મુછ લાલ તો કોઈ ઠેકાણે કાળી અને નવાં ઉગેલાં દડ સફેદ એવો પંચરંગ જમેલો સાપુરજીની આંખે દીસતો ન હતો. તેવણ તો બસ એમજ સમજતા કે લોક મને ચોત્રીસેક વરસનો ધારતા હશે. વધું લખું કે? જરા આંચકી તો લાગે છે, પણ ઇતીહાસ કરતાને કાંઇબી છુપાવવાનો હક નથી તેથી લખવું પડે છે કે સ્ત્રી જાતની ખુબસુરતીની પરીક્ષા શાપુરજીને ઝાઝી હતી. બાનુ મંડળમાં તેઓ સદા મગન રહેતા. બહારાંઓ ભેગાં મળ્યાં હોય ત્યાં શાહપુરજી એમજ સમજતા કે ત્યાં આગળ ને આગળ કારભાર કરવાનું તેમનું બાપદાદાથી દાપુ છે. હસતો સુંદર ચેહેરો તેમને ઘણો ગમતો. તો ગમે નહીં? પોતે જાતે અપોલો બેલવીડીઅર પડયા ખરા કેની! તેમના ધણીઆણી તો ઘણા વરસ થયાં ગુજરી ગયાં હતાં. મેહેમના લોક કહે છે કે તેવણ ખાસ્સાં દાયાં ઠોયાં ને ગોરાં ગોરાં હતાં. તેમને પેટે ૩ ફરજંદો માહેનું એકજ રહયું હતું-તે આપણો મીત્ર દાદીબા સીવીલ સરવંટ હતો. દાદીબા કાંઇ બાપના જેવો ઓગંગ ગુટાંગ ન હતો, પણ બેહેસ્તન મીંના જેવો સીધો સોજર જેવો હતો.

મીસીસ શાપુરજીના હક થવા પછી ઘર તો ખાલી પડ્યું– એટલે ચોક ચાદન ને બજ્જર હાથની ગોઠવણ કરે, કોણ? બધાં જણા કુદરતી રીતે ધારતા હતા કે એવણ બંદા૰રવાનની આગળ ઘણા ફ્સડાઇ પડયા ને ઘણા માથાં કુટયાં તે જલદીથી બીજી ચલ્લી ઉચકી લાવવાના. શાપુરજી શેઠને આવો વીચાર અનેક વાર આવેલોબી ખરો, પણ ઠાવકા એટલે મનમાં ગાંઠ વાળી દમ મારી ગયલા કે 'હમણા નહી—દાદીબા ઠેકાણે પડી જાય ને વહુ માયને લઇને પોતાને ગામ સીધારે કે પછી જોઇ લઇશું.' ખરી વાત એ હતી કે તેવણ જરા પોતાના વીદવાન બેટાથી બીહતા. એકવાર તેવણે બીહતાં બીહતાં દાદીબાનું માથું ધોઇ નાખવાની—અથવા બીજા શબ્દોમાં કહીયે તો માથું છોલી નાખવાની–વાત કહાડી કે દાદી તો પીતાને ખાઇજ ગયો અને એવા ઝંઝેરી કહાડયા કે તે દહાડેથી શાપુરજીએ ફરીથી માથું ઘસી નાખવાની વાત કહાડીજ નહી. પણ તેથી કાંઇ સુઝમાં રોજા ખુલતા રખે. શાપુરજી ચોગરદમ ડોળા તો ફુડકાવ્યાજ કરતા હતા કે વખતે પઇસાદાર ડારબીની મટુકલી પોતાના બાબમાં લાગેબી. હવે દાદીબા તો વીલાયતથી સીવીલ સરવીસ પસાર કરીને આવ્યો અને અલાહબાદમાં તેવું મથક મુકરર થયું કે શાપુરજી તો તદન એકલા પડી ગયા. શું કાંદા લસનબી તેવણ કહાડી આપે, કે રાંધણીમાં મસાલો પોતે છુંદવા બેશે? ઘણીવાર વીચાર કરી તેવણે પોતાની મરનાર ધણીઆણીની માસીની દીકરી ગુલબાઇ કરી હતી તેણીને મદદ કરવા બોલાવી કે દાદીબાને જરા બાંધરૂપ કરી આપે. પણ ગુલબાઇ મરેરે પેહલી રાતના! મુંવાં તો આવીને ડરયાં તે જાય શા સારૂ? તેવણે આગલા બે ધણીઓ ઉપર તો વેરલાં

ભાંજ્યાં હતાં અને જે દહાડેથી મેહેલમાં પગ મુક્યો તે દહા ડેથી ગાંઠ વાળ્યો હતો કે શાપુરજીનાં ધણીઆણી થવું. તેવણ જણોની કાની જે ચીટકયાં તે એવાં કે ગામના લોક તરેહવાર અણુકા કરવા લાગ્યા—પણ તેવણ જાણે ભાણતાં નહીં.

પણ ત્યારે શાપુરજીનું કેમ? તેવણુની ખાટી મીઠી મરજી ખરી કે? તે તો આ તેવણનું પાપ તેવણ જાણે. એવણની નાડને જોતો મંરે. મુવા ચવડે કે વવડે નહી. ગુલબાઇ ઘણુંબી મરૂં ઘરૂં કરે ને ઓધાઈ પંથરાઇ જાય પણ શાપુરજીની આંખનું પાપણબી હીલે નહી. કાંદા પટેટા ખરીદતાં વેચવાવાળા સાથ અડધો કલાક ગુલબાઇ માંથાઝીક કરે. તેવણ શાપુરજીને દેખાડવા માંગે કે 'જુઓ હું કેવી કસરવાળી છું ને કેવું હું તમારૂં ઘેર સાચવુંછ.' પણ એવી વખતે શાપુરજી મીનીગો થઇને ન્યુસપેપર વાંચ્યા કરે. મેહેરબાન વાંચકો, દશ શેર કે અધમણ પટેટા ખરીદવામાં તે શું મોટી વાત આવી કે એમાં વળી ગુલબાઇ દેખરીએ પોતાની ચતુરાઇ બતાવી હશે. ના ના—તમે હજુ અજાણ્યા છો—પહેલાં તો મણ ૧) ના રૂ રા ઠરયા કે પછી પાંચ પાંચ શેરની ધારણ તોલાવે. તેમાંમી ભેદ છે. પાંચ શેર પાચ વખત તોલાય તો દર વખતે ત્રાજવું જરા જરા નમતું આવે તો ચાર વખત મળીને શેર પટેટા ઉપર તોલાયા. હવે શેર પટેટા ત્રણ દોઢીઆંના થયા. આ અધમણ પટેટા ઓછામાં ઓછા ત્રણ મહીના ચાલે તો મહીને દહાડે એક દોઢીઆંનો ઉગાળો થયો કેની? હસોછો શું મારા સાહેબ! અરધો કલાક રકઝક કરી તેનો એટલો તો ફાયદો થયો કે શાપુરજીએ જોઇ લીધું કે "આએ રાંડ ગધેડી ગતમાં લોટેછ તે હું બધું સમજુંછ!!" ગરીબ બચારી ખાંધી ગણની બાજ ગુલબાઇ—તારાં નખરાંના નાદ ઉપર નામ હજી ખડો થયો નથી તે માટે આ લખનાર અફસોસ ખાય છે, પણ:—

એ ચશ્મે નુર, ધીરજ ધરો બાનુ!

ગમે એમ હોય પણ જ્યારથી પેલો ગ્રહસ્થ અને તેની બાનુ આવીને મેહેમનો મોતીબાગ લખાવી ગયાં ત્યારથી શાપુરજીનાં મસ્તકનું ઠેકાણું ન હતું. તેવણ ઘડી ઘડી આરસીમાં જોઇને મુછના તાવ ચહડાવતા ને કયે દહાડે તે લોક ડરીઠામ થાય કે પોતે જઇને પેલી મહાબુબની સાથ હસી હસીને વાત કરે તેની ગણત્રી કરયા કરતા હતા.

પ્રકરણ ૩ જું.

જેવો ચેક લઇને શાપુરજી પોતાના બંગલામાં પેઠા કે તેવણ હલકા હજામડા બની ગયા. પોતે મુવેલો વાઘ મારયો તેની વધાઈ આપવા સારૂં તેમનો જીવ વખ વખ થતો હતો. ભીખાજી તીતી બનતાં તેવણ પોતાની હંમેશની સાવચેતી ભુલી ગયા અને ઘરમાં પગ મુકતાંજ બોલી ઉઠયા "ગુલ–ગુલ–મકુંજે ગુલબાઇ—શું ધારયું—આખરે સેવકે મોતીબાગ ભાડે આપ્યો—અંહ——"

"ઓ, હું મરૂં રે —હું તો જાણે કેતીતીજ રે કે તમારા જેવા કરવૈયા આગળ મુવા જુઠ્ઠી બુમ ઉરાડનારા મોહોને માથે ધુર ભરેછ. જી આપું—કોઇ સારાં માણસ તો હોસેજ. નહી તો અખ્ખઇ રેહયા તમે કાંઇ ભુલો તેવા નથી તો—મરૂં રે તમારી ઉપરથી."

આમ બોલી ઢેખરીએં કરર કરતા ઓવરણા લીધા.

"મકુંજે ગુલબાઈ—શું બોલી? સારાં માણસ? એટલે

હું શું કંઇ ઝોરીમાં હીંચકા ખાતો બુચો છેઉં કે? અરે સારાં માણુસ સારાં માણુસ શું કરેછ—એવાં આબરૂદાર ભારૂત કંઈ સઉનાજ નસીબમાં મળતાં નથી.”

“એ ઓવરાઇ જાઉં રે—ઘણું વરસ જીવો મરૂઉંઉં, પણ બચ્ચાં છોકરાંવારાં છે કે?”

“નહી—બારી છે,—પણ આહહ! શું કેહું—નરી-નરી જાણે પરી. આંપરે તો જોતાંજ દઘાઇ ગીઆ.”

પણ આ પારકી બાનુની વાખવાખી ગુલબાઇની ભાફુતી ગળે ઉતરી નહી. તેવણ કાંસી કરાંઝીને બોલ્યાં.——

“પણ કોઇ સારાં માણુસ હોય તો સારૂં—જરા એણીગમ પેલીગમ ખબર કાહારીએ કેની કે ભારાંના અવકરા—”

“બેસ-બેસ—બધી અકકલ તારાંમાંજ આવી ગેઇ—તું મને શીખવવા આવીછ કે?—તું શું કંઇ મને છેકજ ઉજબખ સમજતી હોસે?—લે આએ ભારાંની અવકરા—આએ કારો કકરતો ચેક જોયો—છ મહીનાનું ભારૂં આંગપર મારી છાતીપર ફેંકી દીધું. વરી મોટાં ખાનદાની છે. હું એના ખાનદાનને સારી કાની ઓળખુછ.”

ગુલબાઇને તો આએ બધી વાત ગમીજ નહી. તેવણ તો પેલી ખુબસુરત બાનુની વાત સાંભળીને સમમ બંકમ થઇ ગીઆં. ‘હું ઓળખું છ’ કરી શાપુરજીએ તોપ મારી પણ તેથી ગુલબાઇ સંતોશ પામ્યાં નહી. અંહીં પાછો વીષ્ણું શરમાં પંડીત મને યાદ આવે છે. કહું જાય છે કે એક પુરૂષ તરફ કોઇ સ્ત્રીને આકરશણ હોય અને તે પુરૂષ બીજી પરસ્ત્રીના વખાણ કરે તો તે ધીરજથી હસ્તે ચેહેરે સાંભળતી સ્ત્રી મને બતાવો. ના—ગોરીને જોઇને કાળી અણુકા કરશે અને જુવાનની પીઠ પાછળ ઘરડી ડોળા કાઢશે-એ સ્ત્રી જાતીના બંધનનો ધ્રમજ છે.

ગુલબાઇએ બધી વાત સાંભળી લીધી પણ જ્યારે શાપુરજીએ પેલા પંજાબી બાવરચીની વાત કહી ત્યારે ગુલબાઇનો સ્ટીમ સમાઇ શકયો નહીં "બલ્લા જાણેરે—મુવાં ફુવડ લોકએ શું બંગલા વારી વાપરી જાણતાતાં. !"

"નહી—બધું આપરા પારસીઓજ વાપરી જાણેછ ! મુગાં બેસો—આપરા પારસી ચાકરીઆઓના અસલ મેલા અંગોઠા ને હોંગ જેવાં ગંધાતાં લચલચ કપરાં વીસરી ગીઆં કે ?'

અત્રે હવે ગુલબાઇ અને શાપુરજી સાથનું આપણું વૃત્તાંત તમામ કરીને આગળ ચાલીએ. નવાં ભાડુત રહેવા આવ્યાં ખરાં પણ તેમના ઢંગધડાની શાપુરજીને કાંઇ સમજ પડે નહી. રોજ મુંબઇથી ખટારા ભરી ભરીને મોટી પેટીઓ આવે પણ જ્યારે આવે ત્યારે દીવા બતી થવા પછીજ આવે. શાપુરજીનો જીવ ઘણો ચટપટીઓ હતો. એટલે જે બીજા શબ્દોમાં કહું તો તેમને કાનાસોરી કરવાની ઘણી ટેવ હતી: એક દહાડે રાતના નહીજ ખમાયું એટલે જમીને દશ વાગે પોતે બદી આનપરજ બહાર નીકળી પડયા અને આસતે આસતે મોતીબાગ તરફ હેરીઉં લીધું. સારૂં થયું કે તેવણ ગયા કારણ કે જોય છે તો બહાર દરવાજા આગળ ચાર પાંચ મોટા મોટા દેવદારના લોહોડાંના પાટાથી જકડેલા બાકસો આવીને પડેલાં હતાં અને તે અંદર લઇ જવાં નહી બેગારી કે બીજો નોકર, પણ એકલા મેહેરબાન શેઠ અને તેનો પંજાબી નોકર સઘળું હાથે જાતે ઉપાડતા હતા.

શાપુરજીને આ નવાઇ જેવું તો લાગ્યું પણ વળી પાછો પેલો નાશનલ બેંકનો ચેક યાદ આવ્યો ત્યારે શેહતાન ડાબો દીધો કે "હોશે-કોઇને વરી એમજ શોખ હોય કે બધું હાથે જાતેજ કરવું. એમ તો ગ્લાડસટન હાથની બાંહે ચહડાવીને

ઝાડો નહી કાપતો હતો? સારાં સારાં માણુસો શોખને ખાતર સુથારનું કામ કરે છે કેની, વેલાતની રાજ્યવંશી બાઇઓ રાંધવાનું શીખેછ કેની? તેમ આએબી એક જાતનું વેજું" આ પ્રમાણે શાપુરજીએ પોતાનો જીવ વારયો ખરો પણ ગુલબાઇ આંગળ આ વાતના સસેકા તીન પાંઉ કરી ગયા કેમ જે નહીં તો ગુલબાઇની ચહડતી થાય અને મીહીણા મારે કે 'મેં તો અગાઉથીજ કહયું કે કોઇ મુવાં કાછીઆં માછીઆ હોશે!'

પણ આ સઘળો વખત આપણે મીસ્તર પંજાબી કુકને તો વખાતોજ રાખ્યો છે. તેની સાથ તો આપણુને ઘણું કામ છે. તેનું નામ બીરામ કરી હતું. મોટો ગરાર જેવો, ખાઉ ફરકું દેખાવનો, મોટા ડેભીઆવાળો આ બાવરચી કાંઇ વીચીત્ર પ્રાણી હતો. મોતીબાગનો સઘળો ઘસડબોરો એ કરે પણ કોઇને માહે પેસવા દે નહી. બે ચાર દહાડા શોધખોળ કરીને તેણે એક માછણુની દખરડીંગ જેવી પોરી નામે પીલસુમને વાંસણ માજવા અને કચરો કહાડવા રાખી. આ પીલસુમમાં મોટામાં મોટો ગુણ એ હતો કે તેનામાં બુધવારના તમામ વાંધા હતા! પણ ખોદાએજીને ઘણીજ ફરસુદ હશે એટલે ટીપી ટાપીને એવી તો મજબુત ઘડી હતી કે ચાર માણસનું કામ કરીને ઉભી રહે. અલબુતાં મેહેમ જેવી નાહની જગામાં પજાની કાનાસોરીનો તો પાર ન હોવ. શાપુરજી અને ગુલબાઇ તથા આસપાસના પીલસુમને જતી ને આવતી ધરે અને તેનાથી ખબર મેળવવાની યુકતી કરે કે 'એ લોક શું ખાયછ, શું રાંધયુંછ, બજાર કોણુ લાવેછ, કયારે સુવેછ, કયારે ઉઠેછ?' ઇત્યાદી. ભોળી પીલસુમની જાણે બલા. તે છતાં એટલું તો જણાયું કે સઘળો કારભાર બીરામના હાથમાં હતો. તે બજાર લાવતો, રાંધતો, મેજપર હાજર રહેતો, ઘોડાની ચાકરી પણ પોતેજ

કરતો, બીજાના પાંથરતો, પણ કચરો કહાડતો નહી. હેતવંતા પડોસીઓએ બીજી એ ખબર કહાડી કે બાઇ સાહેબનું નામ દીલશાદ હતું. તેવણ બહુજ મુંગે મોહોડેનાં હતાં અને આખો દીવસ પોતાના ઓરડામાં બારીએ બેસીને દરીયો જોયા કરતાં હતાં. તેવણ અવારનવાર બગીચામાં ઉતરતાં પણ કોઇ સાથે વાત કરતાં ન હતાં.

સારી જેહાનને ખબર છે કે સ્ત્રી જાતી ચટપટી તો છે. પણ તેથી ઉતરતી ખણુ ખોદવાળો કોણ હશે? મારા મત પ્રમાણે ગામનો પરવારતો પછવાડેના મોહોલ્લાનો ડાકટર બાપ-ટીસ્ટા ઘણા ભલા માણુસ હતા, ઘણા હુશીયાર હતા અને એવા તો નમાના હતા કે વહીસ્કી મળે તો વીહીસ્કી, ચમપીન મળે તો ઓરબી સારૂં, ને નહી મળે તો બે દોઢીઆંના બેવ-ડાનીબી બચારાને છીટ નહી. જયારે હોય ત્યારે ભીંજેલા ને ભીંજેલા. નવા આવનાર જોડાંની બાતમી કહાડવાને ડાકટર બાપટીસ્ટા એક દીવસ પોતાના પુરાણા મીત્ર શાપુરજીને ત્યાં આવ્યા. પેલાંઓને આવી રહેવાને ત્રણેક અઠવાડયાં વહી ગયાં હશે.

"કેમ શાપુરશાહા—નવાં ભાડુત કેમ ચાલેછ?"

"અરે ડાકટર, ઘણાજ સરસ, મેં મારા જનમમાં આવાં સારાં માણુસ જોયાં નથી."

"અંહ? કાંઇ વાતચીત ઓળખાણ પારખાણ થઇ કે?"

"નહી—હું કાલે એ લોકની વીજીટે જવાનો છેઉં. એ લોકના મનમાં ઓછુંબી આવશે કે આયો નહી પણ મેં જોયું કે જરા દર પડવા દેઉં ને પછી જાઉં."

"પણ શાપુરજી, પેલી બાઇ કેવી છે? એ તો જણુ-તીજ નથી?"

"બસ બોલ ના ડાકટર જાણે આસમાનપરની પરી.

કોણુ જાણે કેઈ જાત છે. મને તો લાગે છે કે સરકાશીયન હોય કે ગ્રીક હોય; કંઈ રૂપ છે—કંઇ રૂપ છે—મારા બાપ."

"તમે એ લોકને ઓળખોછ કે?"

"અરે હારે, સારી તરેહ, બાપ બારીસ્ટર ઉતો ને મોટાં ખાનદાની લોક છે."

"એમ છે? ત્યારે તો હું ને મારી મેમસાબ્બી 'કોલ' કરવા જઇ આવશું."

પ્રકરણુ ૪ થું.

ગુલબાઇ ગળેપડુને હાલ તરત તો સુજમાં રોજા ખોલતાં રાખીને હવે આપણે સુંદર મુંબઇ નગરી ગમ નજર ફેરવ્યે. શાપુરજીનાં સગાં બેહન ભીખાઇજી કોઇ મીલના વીવીંગ માસ્તર પીરોજશાહ ફોજદાર સાથ મુંબઇમા પરણેલાં હતાં. પરવરદેગારની કૃપાથી તેવણુને ત્યાં ફરઝંદોની એવી તો અલગાર લાગી હતી કે વાંઝયાંની પણ ભુખ ભાંગી જાય. ખોદા રાખે ચહડ ઉતરની ચાર દીકરીઓ—નાજાં, તેહમી, આલાં અને સુનાં—અને ચાર દીકરાઓ અદી, ફલી, દોલી, અને સોહેલી સરગરદાન માથે પડયાં હતાં. બીજી પેરી તેહમી, જબરી જબાંદરાઝ બા. રાંડને મોહોડે એવી તો કાતર હતી કે ભલા ભાબણ કર્તાને એક કોરે બેસાડે. તેહેમીની વડી બેહન નાજાં પુને પરણેલી હતી ત્યાં વરસમાં પંદર દહાડા તેહમા હમેશ રહેવા જતી. તે પ્રમાણે હમણા તેણીને આપણે પેહલવેહલી પુને જોઇએ છીએ. કોઇ દહાડો નહી ને આજે તે મોટા અંદેશામાં છે. કંઇજ નહી

પણ રાતના કોઇ લગનમાં જોભરી આવી તેથી અજીરણ થવાથી આજે તેહેમીનાના ભીંગ ફરી ગયાં છે.

તે મોહોડેથી બોલતી નથી પણ ભવાંનો ચીલ્લો ચહડાવીને વીચાર કરે છે કે:—"સુ કામ? કોઇનું મોહોડું રાખવા જુઠ્ઠું શું કરવા બોલવું જોઇએ? લોક ગમે એમ બબડે ભટભટે, પણ શું સાચ્ચાં ઉપર નહી જીવાય? બસ, હવે મેં ગાંઠ વાળીયોછ, બાપ હોય કે સગી માય હોય—ગમે—ગંમ્મે—ગમ્મમમે તે થાઓ પણ હું જે હોશે તે મોહોનાપર કહી આપશ—બસ, આજથી મેં એજ ઠરાવ કીધોછ. હું છેઉં તો એકવીસ વરસની પણ દુનીઆને દેખાડી આપશ કે જરા લોક લાજને ખાતરની જુઠ્ઠું બોલવું એ મોટો ગુનાહ છે."

આવો પવીત્ર ઠરાવ કરીને તેહેમીનાબાઇ રાતો રાત તો શ્રોંટાઇ ગયાં. સહવારના સાત વાગતે જમવાની ટેબલપર જઇ જોય છે તો નાજાંનો ધણી દારાશા ટેબલપર બેસીને જામે વાંચતો હતો. તેહેમીને દાખલ થતાં જોઇ દારાશા ન્યુસમાંથી ડોકું બાહાર કહાડયા વગર બોલ્યા "આવો તેહમીના, ગુડ મોર્નીંગ."

તેહેમીનાએ પોતાના નવા ઠરાવની શરૂઆત કીધી. "તમે કહશો તારેજ આવશું કે? રોજ સહવારના ચાહે પીવા આવવાનું એટલે વરી "આવો!" કરીને નકામો દેખાવ કરવામાં ફાયદો શું? વળી "ગુડ મોર્નીંગ એટલે" શું? શું બેડ મોર્નીંગ બી કોઇ બોલતું હોશે કે?"

બચારો દારાશા તો ચાટ પડી ગયો. તે વીહીલે મોહોડે તેહમી ગમ જોઇ બોલ્યો "ઓ તારી, એ આજે એમ કેમ? કાંઇ જીવને ઠીક નથી, શું?"

"શાપરથી ધારયું કે જીવને ઠીક નથી?—તમુને એવો સવાલ પુછવાનો હક શો છે?"

"ઓ મારા બાપ! એમ કાંય તેહમીના? મારે હાથે કાંઇ તુંને અજાણતા અપમાન થયું હોય તો—"

"કંઇબી નહી–જે મને લાગું તે હું બોલી. શું જારેબી નાસ્તાની ટેબલપર આવ્યે તારે નહી ગમે તોબી હસ્તું મોહોનું રાખવુંજ જોઇએ? એક બચ્ચુંબી જોઇ શકશે કે આએ તમે સરેસતાની રીતે મને જોઇને હસીને ડોકું હીલવોછ તે બધું હુંબગ છે. તમારાં મનમાં ખરેખરૂ તો એમ છે કે વળી આએ કાંહાં પીડા આવી! જેમ તમારા મનમાં છે તેમજ મારા મનમાં બા છે કે એવણ નહી હોતે તો કેવું મજાનું. તમારી આવક થોડી છે અને તમે બ્રેકફાસ્ટ ટેબલનો ભપકો રાખવા જાઓછ તેથી આએ બધી અવકરા પડેછ સમજીઆ? એક તો પૈસાદાર દેખાવાના ફાંફાં તેમાં વળી એક બીજાના દેખતાં હસતાં મોડોના રાખવાનાં કોટક. હા બા, આપરે તો જે સાચ્ચું હોય તે કહેવા ના. માખણ અહીં મુકો."

"પણ–એ–"

"બસ-બસ–બસ બોલવાની કશી જરૂર નથી. હું જાણુંછ કે તમારાં મનમાંથી શું પસાર થઇ જાયછ. તમે ધારોછ કે મારે બોલવું હતું કે "જરા મેહેરબાની કરીને માખણ આપશો." ખરી વાત એ છે કે મને માખણ તો જોઇયેછ પછી તમે મહેરબાની કરો કે ના કરો. તમે મહેરબાની કરો ત્યાં સુધી દરેક ચીજ માટે ખોટી રહું તો ભુખે મરૂ."

આ નાટક ચાલી રહયો છે એટલામાં નાજાં હસ્તાં હસ્તાં દાખલ થયાં. તેવણે છેલ્લા થોડા શબ્દો અછડતા સાંભળ્યા હતા,

"શું છે? શું છે? તેહેમી, કોણના ભુખે મરવાની વાત ચાલેછ?"

તેહમીએ વળી નવેસરથી અભાડો આલ્યો. "બધી વાત જાણુવાની જો તુને ખનખોડ હોય તો નાસ્તા ઉપર વખતસર આવ્યે. બોલ ચાહે જોઇયેછ કે કાંઈ? મારી, સલાહ માને તો ચાહે ના લેતી કાંય જે જાંહાં છે તાંહાં ત્રણ આને રતલવાળો લીલાંઉમાંથી ઉંચકી લાવેલો તદન એખરો કચરો છે."

નાજાં અને દારાશાહ અકળાઇને એક બીજાં ગમ જોવા લાગ્યાં. આખરે નાજાં બોલી 'તેહેમી' એ આજે એમ કેમ! તુંને કોઇએ સતાવીછ કે?"

"જરાબી નહી મેં સાચ્ચું બોલવાનો ઠરાવ કીધોછ. હું દેખાડવા માગુંછ કે તું ને તારો વર, માયજી બાવાજી ને મારો અદરાયલો દેશાઇ બધાં જો એ નીયમ ઉપર ચાલે તો આ ધર્થીમાં જીવવામાં મીઠાસ રેહ."

હવે નાજાંનો સ્ટીમ ચહડવા માંડયો. "એ તું બકેછ શું? આજે જાંહ છે તાંહ તારા જીવને ઠીક નથી. એમજ ઉતું તો નાસ્તો તારા ઓરડામાંજ કાંય નહી મંગાવ્યો?"

"શું કરવા? હું તદન સારી કાની છેઉં પણ મારા જીવને ઠીક નહી હોતે તોબી હું ટેબલપર આવતેજ, કેમ જે તારી એકપુરી બચારી આયા છે તેની પાસે તું શરમભરયું વહીતરૂં કરાવેછ. આપણી પાસે પુરતી જોગવાઇ નહી હોય તો તે દુનીયાથી છુપાવવાની જરૂર શી છે? ટેબલપર મેલો ટેબલ-કલાથ નાખીને આયા પાસ કચરા જેવી ચાહે મંગાવીને દોહોરીઆનું પાંઉં છરીવરે ખાધું' એટલે મોટે ઘેરમાં ભેળાઇ જશો કે? આવા પછાડાથી કોઇ અંજાવાનું નથી."

• દારાશાએ જોયું કે હવે મીઠો ગાળો મુકવાનો વખત આવ્યો છે, નહી તો આઇનો ખાર બાઇપર પડશે—તેથી 'ચાલો બા, મારી ટરેનનો ટાઇમ થાયછ' કરી ઉઠીને ચાલતી પકડી.

દારાશાના જવા પછી નાજાં ઉખડી. "તુંને શરમ નહી આવતી? હું તો ધારૂંછ કે તારૂં ભેજું ખીસી ગીયુંછ. આજના જેવી દાધાબળી ને સકાર વગરની મેં કોઇ દહાડે તુને જોઇ નથી. હું તુંને જારે તારે મારે તાંહ બોલાવીને રાખુંછ ને તારી આવી ખાતરદારી કરૂંછ તેનો તેં આએ બદલો આપો. કંઇ ફીકર નહી—હું——"

આ બધી વાર તેહેમી જે ઘણા ચીતથી પોતાની બેન ગમ જોયા કરતી હુતી તે બોલી ઉઠી. "નાજાં, તારા પેટમાં શું થાયછ તે કેહું? તુને એવો કાર લાગોછ કે જાણે મોહોલાના બઇરાંઓની કાની લાંબાં હાને કરીને મારી સાથ મરાય ને મારા દીલપર છુટી રકાબી ફેંકે. પણ તમે લોક સાબ લોકમાં ઠસી જવાના વેહજાં મારોછ તેથી તું 'લેડી લાઇક' થઇ જાયછ તો ખરી પણ "ઓલ નાનસનસ."

'તદન જુદી વાત છે.'

"તદન સાચી વાત છે. તારા જેવી છાલકી ઓરત બધી એમજ કરે, પણ તુને નોકરોના દેખતાં ફજેતી કરાવવાની શરમ લાગેછ તે હું બધું સમજુંછ."

"સમજેછ તારૂં તોડકું. ચાકર નફરો મને સારીકાની ઓરખેછ કે તારા જેવી એક નાદાન પોરીને ખાતર હું ઢેડ ફજેતો મારાં ઘેરમાં કરવા દેઉં તેવી નથી."

"આહાહાહા—આહાહાહા—જો હવે કેવું સાચું બોલવા શીખા! હંમેશા મનમાં જે હોય તે ખોલ્લે ખોલ્લું કહીએ. પછી—પછી બીજું કંઇ?"

"બીજું એ કે અમે જારે એવાં કાંઇ ઇત્તરનાં હાલ્લાં છઇયે ને લીલાંઉમાંની કચરો ચા પીજીએછ, ને અમારી આયાઓ તો બધી પછરાઇ જાયછ ને હું જારે છાલકી છેઉં તારે શું હું કેહું તે કરવા દોરી દોરીને મારે ઘેર આવીને રેહેછ."

"બા સાચ્ચાનું દુઃખ સઉને લાગે પણ હું મરી જાઉં તોબી તુંને ને કોઇને રાજી રાખવા જુઠ્ઠું તો બોલવાની નથી. જો સાંભળ. પહેલાં તો હું દોરી દોરીને આવતી નથી. ખરી વાત એ છે કે તારો ધણી જરા કંજુસ માણસ છે તેથી અમારાં કુટુંબની એક બેહન તારે તાંહાં રેહવા આવે તો તેને લઇને ઓળખાણ પારખાણમાં રોથ કરવા તુને ઘણું ગમેછ. વળી તારૂં મકાન એવું સુંદર છે કે ચાર દાહારામાંજ હું નાહાસ નાહાસમાં પરૂંછ. તમે લોકને કાંઇ સારી દુનીઆદારીની વાત-ચીતની આદત નથી. ટેબલપર બેસીને ઇંગ્રેજોની નકલના તડાકા મારવા ને ખાય તારે તો કુંટાનો પાટીઓ ને પાઉં, પણ છરી કાંટા અફાળીને સસતાં ગલાસ સાથ કાગળના ફુલોથી ટેબલ અગલી હેલ જેવી કરી મુકવી, એટલે તમારે મનથી એમ સમ-જોછ કે લોક બધાં ઠગાઇને તમુને સાસુનવાળા જેવાં સમજેછ."

"પણ ત્યારે આવેછ શું—ખાવા?"

"હું આઉંછ કાંયજે મારે ઘેરનો ઘાટબી એવો બેતાળો છે કે છ મહીને પાંચ છ દાહાડા તાંહાંથી ખીસતાં જવા ગમેછ. મને અહીં પેહલાં બે તન દાહરા ઠીક લાગેછ. પેહલા આઠ દાહારા તું બધી ગમની કાનાસોરી મને પટાવી પટાવીને કરી લેછ ને પછી તુંબી વીચારમાં પડેછ કે કાહરે પંદર દાહારા પુરા થાય. તારો વર તો દરરોજના ખરચની ગણત્રી કરેછ તે તો એના કપાળ ઉપર જાણે સાફ લખેલું હોય તેમ હું જોઇ શકુંછ"

નાજાંનું મોહોડું તો લોહી ધાઇ આવવાથી લાલચોળ થઇ આવ્યું હતું. તોબી દમ ઉંચો રાખી બોલી "એમ છે? તારે તમે તરત ઘેરથી કંટાળીને મારે તાંહાં આવોછની?"

"હા-બોલે બોલ ખરૂં ને હું ઘેર જઇને તુને ઘણી ઘણી

ઠેંકસના કાગળ લખતી'તી તે માટે હું હવે સરમાઉં છ કાંય જે તે બધા ઢોંગ ઉતા. પણ તે હવે બધું સ-મા-પ-ત થઇ ગીયું. હવે બસ જે હોય તે સાચ્ચું સાચ્ચું-સાચ્ચું."

"હંબગ, બધું હંબગ! હું અગાઉથીજ જાણુતીતી કે તું નગુણી ને તરકટી છે."

તેહમી તાલી પાડી બોલી ઉઠી "વેલડન-વેલડન-બ્રેવો-જો હવે કેવો સીપલ્લાસ છોડી દીધો-પોતાના પેટમાં જે હોય તે કહી દઇએ. જોની નાઝાં તું દેખાવમાં તો ઘણી વેહવારૂ છે તોબી જો સાચું બોલવાની ટેવ પારે તો તું કંઇ છેકજ નાખી દેવા જેવી નથી-આસતે આસતે સુધરે."

હવે નાઝાંથી થોભાયું નહીં તે ધસાધસ રડી પડી અને બોલી "નાપાક, ગુનેહગાર, તું મને આટલું આટલું બોલનારી કોણ? રાન નગુણી એ બદામની પોરી છેકજ ફાસ ચાલી."

"વેલડન-સાબાસ-હુરરે આએ તારી સચ્ચાઇનું બોલવું મને ઘણુંજ ગમે છ પીત પીત હુરીઓ."

"નીકર અતર ઘડી મારાં ઘેરમાંથી જન. મને હવે તારૂં મોહોનું જોવાની ખુશી નથી."

"સાબાસ-જીવતી રેહ-નાઝાં, જો સાચ્ચા બોલુની મારી ક્લબમાં તુંબી સામેલ થાય તો આપરે દુનીઆને સુધારી નાંખ્યે"

તુચ્છકારથી નાઝાં ઉઠી અને છણુકો કરીને ઓરડામાંથી ચાલી ગઇ. તેહમી વીચારમાં પડી કે "જે ખરી વાત છે તે કહુંછ તેનું લોકને દુઃખ કાંબ લાગતું હોશે?"

અડધોક કલાક થયો કે આયા આવી ને સીપલ્લાસ કરીને બોલી "બાઈ, વીકટોરીઆ ગારી બાહાર તઇયાર છે. તમારો સામાન સુમન બધો મેં ગોઠવીને મુકયોછ."

વળી પાછો તેહેમીનો કીડો ચવરી આવ્યો. "તેં ગાડીપર

ચહડાવ્યો આયા? જુઠું કાંય બોલેછ? મારી પેટી કાંઇ તારે એકલીથી ગાડીમાં ચહડાવાય નહીં?"

"નહીરેજી, મેં મેહેસ્તા પાસે નીચે ઉતરાવીને વીકટોરી-આવાળાએ કોચ બાકસપર મુકી."

"અંહ! તારે તેં શું કીધું? કંઇજ નહી. ફકત મારી પાસે વધારે બક્ષીશ મેળવવાને ડાહીલી થવા આવીને ગપ મારી કે મારો બધો સામાન તેં ગોઠવીને મુકયોછ! તું જાણેછ આયા કે એમ ફોકટનું જુઠું બોલવું મોટું પાપ છે. જુઠુ બોલવાના જમાના હવે વહી ગીયાછ લે આએ એક રૂપીયો તુને બક્ષીશ."

"સલામ બાઇ. શું કરવા? મેં શું તમારી ચાકરી કીધી?"

"બસ–બસ–બસ, વરી જુઠું બોલી? હું જાણુંછ કે તુંને તો બે રૂપીઆની આશા ઉતી પણ મેં તુંને બે આપ્યા નહી તેનાં ઘણાં કારણ છે. એકતો ફકત દેખાદેખી સારૂં મોટી બક્ષીશ આપવા જેટલી હું પૈસાદાર નથી. બીજું તો તું આજે પોહોરી ચોરી થઇ ને મારી મેનીજ કરવા આવીછ પણ આટલા પંદર દહાડામાં તુંને ચાર વખત બોલાવીએ તો એક વખત આવે એમ મેં નોંધ રાખેલી છે અને છેલ્લું તું આખ્ખો દહાડો મીસતરી સાથ ખીખી ખાખા કરેછ તે મને પસંદ નથી."

"બાઇ—હું—"

"બસ. ત્રીજું જુઠ્ઠું બોલવાની કશી જરૂર નથી. મારી આંખ ઉઘાડી છે. મારો જતી વખતની તુને શીખામણ છે કે તારી જબાં તું પાધરી રાખજે કેમ જે હું થોડી થોડી ગોઆનીસ ભાશા જાણુંછ ને તમે લોકં રાંધણીમાં તમારી બોલીમાં અમોને કેવા ચુંથી પીખી નાખોછ તે બધું મને ખબર છે. ચાલો સાહેબજી."

તેહેમી ઉતરી અને ગાડીમાં બેઠી "ચાઆઆલો, હવે જરા ઘેરે બારે જઇને તાંહાંની ખબર લઇએ જોઇએ તાંહ કેવાં રણ પડેછ."

કહેવાની જરૂર નથી કે તેહેમીના ગાડીમાં બેઠા ત્યારે બારીના વીનીજનમાંથી નાજાં છુપાઇને જોતી હતી.

પ્રકરણ ૫ મું.

આઠેક દહાડા જેમ તેમ જીવ. મારીને—આખરે શાપુરજી શેઠ મી૦ મેરવાન અને તેની મનમોહોવન બાનુને વીઝીટ આપવા જઇ ચઢ્યા. તેમનાં મનમાં એમ ખરૂં કે હસાવી બોલાવીને દોસ્તી પાડશું, જમવા તેડશું, જમવા જઇશું, ગોવીંદજી વસનજીને તાંહાંનો રૂપીઆ એકનો હલવો ભેટ મોકલશું અને એમ કરી ઘરવટ માડી દઇશું. જો કે મારે કહેવું તો ન જોઇએ પણ ઇતીહાસ કરતાને કાંઇબી છુપાવવું લાજમ નથી. તેથી નોધ લઉં છું કે શાપુરજીએ તે દીવસે બારણું બંધ કરીને બે કલાક સુધી આરસી સાથ ફાંફાં મારીયાં, મુછ કાળી કીધી અને માંથાં પર પડેલાં તાળક ઉપર જરા કાળી શાહી લગાડી. મુછને હંગેરીઅન પોમાડ લગાડીને આંકડા જરમન એમપરરની પેઠે કાન ગમ ચઢાવ્યા અને મોહ મલકાવતા મલકાવતા બહાર નીકળ્યા. સામેથી ગુલબાઇ મળ્યાં.

"કેમ બાપાંઇ સાહેબ, આજે સેવકનો ઠેકેરો શું ધાર્યો? અંહંહં! ખોરૂં ઘી કાંઇ દીવેલમાંબી જાય કે?"

"એ હું બધ્ધી મરી જાઉંરે! જી ભરૂં, તમુને ઠેકેરા

શાના જોઇયે? દાદાર હોરમજ્દે તમને એવું રંગ રૂપ આપી ઉંછ કે——"

"એ બસ—સમાપત—હું પાસેના ભાફતને તાંહાં જાઉંછ તો ખરો પણ જો જમવા એસવાની ઘણી ઓંહોસ કરશે તો મારાથી શરમ છંડાશે નહી તેથી અબ્વારૂ થાય તો વાર જોતાં ના."

પાસેનાને મળવા જાય છે ને તે સારૂં આંટલા કોલસાના લપેટા કીધા તે વીચારથી ગુલબાઇના પેટમાં ડફ્ફલ તો જબરાં આવ્યાં પણ કાંઇ બોલ્યાં નહી.

શાપુરજી ધલક મરઘીની પેઠે લેહકા કરતા કરતા ચાલ્યા અને મોતીબાગ આગળ આવી પુગ્યા. જોય છે તો બારણું બહારથી બંધ અને એક જબર દસ્ત વાછરડા જેવો મોટો ખવીસ કુત્રો સાંકળે બાંધેલો ઓટલા ઉપર બેઠેલો. તે શાપુરજીને જોઇને દાંત કચકચાવીને હુઉઉઉ કરી ઘુરવા લાગ્યો કે તેવણના તો ગાત્ર ઢીલાં ઢચ પડી ગયાં. શાપુરજીએ બારણું ઠોકયું અને જરા વારે માંહેથી પેલો ખંધારી બીરામ નીકળી આવ્યો.

"સલામ સાબ, કીસીકુ મીલને ચાહતે?"

"આપરે, છે તે કરીને તુમારા સાબ ઘરમેં હયકે?"

"નહી જનાબ, બાહેર હવા ખુરી કુ ગયે."

"અં! તારે બાઇ સાહેબ હોસે?"

"નહી—ખુદાવંત—બાઇ સાહેબબી નહી હય."

"મેં બોહોત દલગીર હું. મેરી સલામ દીજીએ ને બોલના કે અમારે ઘરકું આવજો."

બીરામે નમીને ડોકું ધુણાવ્યું અને શાપુરજી ચાટ જેવા પાછા ઘર આવ્યા. બચારા ડા૦ બાપટીસ્ટાનાબી એજ હાલ.

તેવણુએ મળવા ગયા અને લીલું નાળીઅર મળ્યું. "સાબ, હવા ખુરીકુ ગુયે અને બાઇ સાહેબભી નહી હય." બીજો કશો જવાબ મળે નહી. આટલાથીજ બસ થયું હતે તો સો ખોબલા ભરી ધુળ વાળી—પણ આ બીજાજી જોડાંએ પાછી રીટરન વીઝીટની પણ પરવા કરી નહી. શાપુરજીએ ત્યાર પછી ત્રણ વખત પોતાનો અગલી હેલ જેવો કાર્ડ મોકલ્યો પણ સઘળું વ્યર્થ. "નો કેહીં"નો કાયદો મોતીબાગમાં ચાલતો જણાયો.

ડા૦ બાપટીસ્ટા અને શાપુરજી એક દહાડે પોતપોતા વચ્ચે વાતો કરે છે. ડાકટર બોલ્યા "એ તે કેઇ જાતના લોક? શાપુરજી, તું મારૂ માન, આએ પંજાબી બાવરચી મને તો કોઇ લુંટારૂ લાગેછ. જ્યારેબી આપરે જઇએછ તારે દરવાજામાં પાડાની કાની આડો પડીને ઉભો રહેછ."

"અરે હારે ડાકટર, હવે આપરે જવું નહી જોઇયે. હજાર વખત ગરજ પરશે તો ચાલ્યો આવશે. એ મોટો હશે તો એને ઘેરનો."

ડાકટરેબી આ વાત સ્વીકારી પણ તેવણનો જીવ રહયો નહી. શાપુરજીના હરૂસે તેવણે એકવાર ફરીથી ત્રાઇ કરી જોઇ. તેવણુના પેટમાં જીવ ન હતો કે રખે વળી પેલો પંજાબી દરવાજામાં ઉભેલો હોય. અને તેમજ બન્યું. જવાબ મળ્યો કે, "સાબ, હવા ખુરીકુ ગંયે." ડાકટર આ વાર પોતાની હુશીઆરીમાં હતા. તેવણુ એક ચીઠી તૈયાર લખી લાવ્યા હતા તે ચપ દેતી ખીસામાંથી કહાડીને બીરામના હાથમાં મુકી.

"એ તુમારા સાબકુ દેઓ."

"બોહત અચ્છુ જનાબ."

આ ચીઠીમાં લખ્યું હતું કે "હું ઘણીવાર તમારી મુલાકાતે આવ્યો પણ ભેટ થઈ નહી તેથી દલગીર છું. મેહેમના

માછીનાં પોરીઆંઓની સ્કુલમાં ઇનામ આપવા માટે હું કાંઇ ગોઠવણ કરૂં છું અને તે માટે તમારી સાથ કાંઇક વાત કરવાની મારી ઇચ્છા હતી." ઇત્યાદી ઇત્યાદી.

પણ બધું ફોકટ. તેજ રાતના બીરામ ચીઠીનો જવાબ લઇ આવ્યો કે "હું દલગીર છું કે હું તથા મારી ધણીઆણી નાજુક તબીયતને લીધે કોઇની મુલાકાત લઇ શકતો નથી. આ મધે તમારી નીશાળના ફંડ માટે રૂ. ૨૫ બીડું છું તે તપાસી લેજોજી."

શાપુરજીએ અને એપટીસટાએ દુન્યા ઉથલપાથલ કરી પણ મી૦ અને મીસીસ મેહેરબાનીની એક તસુભી આગળ પહોંચી શકયા નહી. શાપુરજીએ જમવાનું ઇજન કરયું. ડાકટરે ઇનામના મેળાવડામાં તેમને ખેંચવા ઇચ્છયું પણ પથર ઉપર પાણી. 'જી, અમારેથી નહી બનશે'—બસ, બીજો જવાબજ નહી મળે. બજારમાં બધું રોકડું આપી બીરામ ખરીદી કરે. પીલસુમ હજી મોતીબાગની નોકરીમાંજ હતી અને બાઇએ નવી સાડી અપાવી હતી તેથી બજારની બીજી માછીમાર પોરીઓ તેણીની અદેખાઇ કરતી હતી.

આ પ્રમાણે દહાડાના દહાડા પસાર થઇ ગયાં અને મોતીબાગના કઢંગા ભાડુતો વીસરાવા લાગ્યાં. ચોમાસું માથે ચહડી આવ્યું અને દરીયો મસ્તીમાં આવી ગયો. વરસાદ અને ગરજના ભારે હતી પણ તે સઘળાની દરકાર કરયા વગર મોતીબાગની શેઠાણી બતી થવા પછી હંમેશ હાથમાં છત્રી લઇને સામે વાંદરા હીલના સ્લોપ ઉપર એકલી ફેરા ખાતી. તે કોઇ સાથ વાત કરતી નહી અને જો અચણુચં કોઇ સામેથી આવી જતું તો છત્રી આડી કરતી હતી.

પ્રકરણ ૬ ઠું.

ડીસેમબર મહીનો આવી ચઢયો અને સરેસતા કરતાં શાપુરજીના બંગલામાં હીલચાલ અને ધામધુમ વધારે છે. શાપુરજીનો એક પુરો બેટો દાદીબા નોર્થવેસ્ટ પ્રાવીનસીઝમાં એકાએક બીમાર પડી જવાથી ૭ મહીનાની રજા ઉપર બાપને ઘર આવ્યો છે. શાપુરજી ગમે એવા દાધાબળ્યા હતા, કંજાસ હતા પણ પોતાના આ બેટા ઉપર તેમનો જીવજાન હતો. સાંજે દાદીબા આવી પુગશે તેમ તેવણ ગુલબાઇ સાથ મસલત ચલાવે છે—

"એને સોહોવાશે કેમ? અભાગ્યાં આએ મોતીબાગના ભારૂતબી કમનસીએ એવાં મળ્યાંછ કે આપરી ગમ ઝાંખીને જોતાંબી નહી. એ લોકની મને કંઈ સમજ પડતી નથી."

"અરે હારે"—ગુલબાઇએ પોતાના પેટનો બળાપો બહાર કહાડયો. "હું તો પહેલે દહાડેથીજ પામી ગેઇ કે આએ તો કંઇ બદામ દરાખના આશીરવાદ છે. વરી બાઇ માણુસ હોય તે એમ ભરાતી છુપાતી શું કામ ફરે? જોજો, શાપુરજી, જાંહાં છે તાંહાં કાંઇ રૂપીઓ ખોટો છે."

"તે તો બા તે લોકનું પાપ તે લોક જાણે. પણ પરી જેવી ખુબસુરત તો છે. જોઇયે દાદીબા આવશે. તારે તેવણની સાથ કેમ બાંધથાં છુટસે."

સાંજના દાદીબા આવી લાગ્યા અને જમવાની ટેબલ ઉપર પહેલી વાતજ મી૦ મેહેરબાન અતે તેમની બાનુની નીકળી. દાદીબા ઘણો સોહામણો હતો. સીધા સોટા જેવો, હસમુખા ચેહેરાનો અને માંજરી આંખનો એ જવાંન આબાદ પોતાની બેહેસ્તન માતાને મળતો હતો. પોતાના આ સોલજર જેવા

બેટા આગળ શાપુરજી તો ચીની મકાઉ જેવા લાગતા હતા—તે એટલાં સુધી કે આવા બાપનો આવો બેટો હશે એમ કોઇ માનેબી નહી.

"તારે શું પપા તમે મને એમ કહેવા માંગોછ કે આએ આસમાનપરથી હુરીને મોતીબાગમાં કેદ રાખીછ? ને તમે બધા ખશીયાણા જેવા બહાર ભમતા ફરોછ?"

"નહીરે બેટા—કેદ શાની રાખે?—રોજ દીવા વખત થાયછ ને આડી છત્રી પકડીને સાંમેના સ્લોપ ઉપર એકલી ફર હર કરેછ, કોઇ દહાડે પગ સરશે કેની તો માથું મોહોડું રંગાઇ જશે. આપરા બાપનું શું જાયછ? અજબ છે કે એનો મરદ કંઇ કહેતો નથી. એકુ વખત માથું ચીરાયું કેની તારે જોવાનું છે."

"પણ પપા, વખતે આએ ધણી તે બચારીનું માથું ફાટવાનીજ વાર જોતો હશે?"

"અં-અં-અં—એમ નહી બોલીએ-આપરેથી કોઇના પાપમાં કેમ જવાય? ગમે તે હોય પણ કંઇ ચેહેરો છે, કંઈ ચેહેરો છે—વાહ—ખુદાનીબી એક કરામતજ કેની? મારી ઘણી મરજી છે કે એ લોકને ઇજન કરીને આપરે તાંહાં બોલાવીએ, પણ કાંઇ વળે તેવું નથી."

આ સઘળાં વૃતાંતથી દાદીબા બહુજ રમુજ પામ્યો. "પપાજી મને લાગેછ કે એ મી૦ મેહેરબાન ઘણો શકીલો હોશે"

"હા, એમબી હોય."

"તારે મારી સાથ સોસો રૂપીઆની શરત મારોછ?—હું આજથી એક મહીનાની મુદતમાં એ બાઇ સાથ ઓળખ પાડુંછ, વાત કરૂંછ અને સાથે ફરૂંછ."

"નાદાન—જરા માથું ઠેકાણે રાખીને કામ કરજે. તારા સો રૂપીઆ બરી ગીઆ—નકામું કંઈ જીવ કુહુરાવવાનું નહી થાય."

"નહી થાય. એ તો તમારા સો રૂપીઆ મારા ખીસામાં આયા જાણો."

"અંહંહંહં ? નરો આબાદ બીજો બાપ. હું તારી ઉમરનો ઉતો તારે તારા કરતાં ચાર ચાસની સરસ ઉતો. પણ સમાલજે હં બેટા."

બીજે દીને બતી થતાં દાદીબા હાથમાં મોટી લાકડી પકડીને ફરતો ફરતો સામેપારના ઢળાવ ઉપર જઇ લાગ્યો, જોઇએ તો ખરા કે આ નવું પતંગીઉં એવું તે કેવુંક છે? પવન તો એવો ફુંકતો હતો કે સ્લોપ ઉપર પગ ઠરે નહી. પણ દાદીબાનું અંગ કસાયલું હતું, એટલે તે બીધો નહી. જરાવારે સામેથી એક બાનુ હળવે હળવે આવતી દેખાઇ. પગથી એટલી સાંકડી હતી કે બે જણાથી પસાર થવાય નહી. દાદીબા તુરત સ્લોપના બે ચાર ફીટ નીચે ઉતરયા અને પેલી બાનુને ચાલી જવાની જગા આપી. આહ! શું ચેહેરો! વાહ પરવરદેગારની બધી બક્ષેશ અહીંજ ઉતરી ગયલી છે.

દાદી ઘર ગયો કે બસ એની એજ વાત. "એ લોક કોણ હશે? એનો ધણી કોઇ હેવાન હશે કે આવી નાજુક કલીને આમ છુપાવી રાખેછ ને કોઇ સાથ મળવા ભેટવા દેતો નથી? હું એમ મુગો બેસવાનો નથી. આઠ દહાડામાં ત્રણ વખત મને સ્લોપપર મળી પણ હજુ નીચેથી ઉંચુ જોતી નથી."

પણ દાદી નસીબ પુંજીને આવેલો હતો. બીજે રવી-

વારે તે સ્લોપ ઉપર ફરતો હતો. સરેસ્તા પ્રમાણે પેલી બાનુ આઘેથી નજરે પડી પણ સામે આવવાને બદલે તે આસ્તે આસ્તે નીચે ઉતરવા લાગી કે સામે આવતા દાદીબાનો મેળાપ ન થાય. એવામાં અચબુચ વરસાદ તુટી પડયો અને પેલી બાનુથી પગ હેરવી શકાયા નહી. તેણીની છત્રી ઉડી ગઇ અને તેના પગ તળેના કાંકરા ખરી પડવા લાગ્યા અને તે પોતાના નાજુક હાથથી ખડકને વળગવાની તજવીજ કરવા ગઇ પણ કાંઇ વળ્યું નહી; આ સંકટ જોઇ દાદીબા વીજળીની પેઠે દોડયો અને પોતાના પગ એક ખાડામાં ભરાવીને તેણીને પકડી લીધી. એક પળની વાર લાગતે તો જરૂર તે નીચે પાણીમાં પડી જતે.

દીલશાદ જેવી સલામત જગાએ બેઠી કે પહેલાં પોતાની છાતી ઉપર હાથ મુકીને હાંફો નરમ પાડયો અને પછી ડોકું નમાવી સાફ ગુજરાતીમાં બોલી "શેઠ સાહેબ, હું તમારી હેશાનમંદ છું. હું એટલી ગભરાઇ ગઇ છું કે મારાથી વધારે બોલાતું નથી."

"ને બોલવાની જરૂરબી નથી. પણ મારી સલાહ માનો તો આએ સડકણા સ્લોપ ઉપર ચાલવાની ટેપ માંડીવાળો કેમજે અહીં પગ સરી જાય તો મોટો જોખમ છે. ચાલો હું તમને બરાબર નીચે સુધી સલામત ઉતારી આવું."

દીલશાદ પહેલાં તો જરા અચકી પણ સાથે ચાલવા સીવાય બીજો ઉપાય ન હતો.

આખરે દાદીબાએજ વાત છેડી. "બાઇ સાહેબ, હું કોણ છું તે કદાચ આપ મને ઓળખતાં નહી હશો?"

"તમે અમારા ધરવાળાના બેટા છો, નહી? મારા નોકરે મને ખબર કીધી કે તમે જડજ છો અને રજા ઉપર આવ્યા છો. તમને પહેલાં જોયા ત્યારેજ મેં ધારયું કે તમે દાદીબા હશો."

"હાજી, હુંજ દાદી. જ્યારે મેં આપને જોયાં ત્યારે તુરતજ મેં ધારયું કે તમે મોતીબાગનાં નવાં ભાડુત હશો. તમારો મેળાપ થવાથી હું ઘણો ખુશી છું અને આશા રાખું કે તમે અમો ગરીબ લોકને અવારનવાર પુછતાં રહેશો."

"હું કહેવાને શરમીંદી છું કે અમે કોઇને તાંહાં જતાં આવતાં નથી."

"મારા બાવાજી એમ કેહતા હતા ખરા. પણ એબી એક જાતનો ગેરઇનસાફ છે. મેહમમાં બહાર તો કુત્રાં આ-ળોટાયછે ને એમ મળ્યે ભેટયે નહીં તો જીંદગી શું કામની?"

"ખરેખર, શું કામની?"

"તારે તમે એ કાયદો હવે તોડી નાંખવો જોઇએ. તમારી રજા હોય તો મોતીબાગમાં કોઇવાર હું તમારી મુલા-કાતે આવું?"

દીલશાદના મોંહ ઉપર એકાએક રતાશ ફરી વળી ને અચકાઇને બોલી. "જી—હું—હું—હાજી આવજોની."

આમ વાત કરતાં કરતાં તેઓ છેક મેહમની બાજુએ આવી લાગ્યાં. અહીં દીલશાદ ઉભી રહી અને બોલી "જી! હવે રજા લઉંછ."

મતલબ કે "હવે મારૂં ઘર છેક નજીક આવ્યું. સાથે ફરતાં દીઠામાં સાર નહી."

પ્રકરણુ ૭ મું.

પણ હવે મોતીબાગને તુરત વેળા અભડાઇ ઉપર ઉંચો મેલીને આપણી સાચાંબોલુ તેહેમીનાબાઇની પુઠે પાછા જઇએ. નહી કાગળ કે નહી પોસ્ટ કાર્ડ. મુંબઇમાં પીરોજશા વીવીંગ માસતર અને મીસીસ બીખાઇજી પોતાનાં બેશ કુટુંબ સાથ રાતના જમવા બેઠેલાં છે તેટલાં સરબોગ તેહેમીના દાખલ થઇ અને સરેસ્તાની જગાએ જમવાની મેજ ઉપર બેઠી અને ભપકામાંજ ટુવાલ ઉખેડી પગપર પાંથર્યો.

બીખાઇજી જબરદસ્ત ચમકયાં, "એ તેહેમી? તું કાંહાંથી નીકરી આવી? તું તો આઠ દાહાડા પછી આવવાની ઉંતી ને એમ કેમ?"

બાવાજી પીરોશાએબી તાપસી પુરી, "હા—હા—બેરી છોકરી, આવવાના હોઇએ તારે બે આંકડા અગાઉથી લખી જણાવીએ કેની?"

વડો ભાઇ અદી જે હસમુખામાં ખપવાના ફાંફાં મારતો હતો તે બોલ્યો "નાજાં બેહન સાથ જાંહાં છે. તાંહાં વઢેરીને આવીછ! કેમ તેહેમી ખરૂં કેની?"

બીખાઇજી અકળાઇને આ વાર પોતાની દીકરી ગમ ટીકી ટીકીને જોતાં હતાં. 'એ પાછી કાંય આવી? બોલની તેહેમી? મારી નાજાં તો એવી ગરીબ ગાય દીકરી છે કે કાઇને તું કરીને નહી કુહે ને જરા જરામાં રરી પરે. મરેરે, હુવે શું કરૂં! રખેને મેને રંજીદાર કરીને આએ દુકતી ચાલી આવી હોય."

આખરે તેહેમી બોલી, "હું નાજાં સાથ કજીઓ કરીને આવી નથી પણ તે મારી ઉપર ખુબ છેડાઇછ. તે ખરી વાત છે."

"પણ કાંય કાંય, શું થયું?" સર્વે સાથે બોલી પડયાં.

"ઘણું થયું મેં એને કહયું કે તારી ચાહે લીલાંઉનો કચરો છે ને તારી આયા પાસ તું ઘણું વહીતરૂં કરાવે છ. મેં બીજું કહયું કે એનો વર બચારો અફરાઇ ઝીકાઇને વાજ વરેછ ને નાજાં મોટાં લોકમાં ખપવા માંગેછ, જેમ થવું નહી જોઇએ. મેં બીજું કહયું કે ટેબલ કલાથ નાખો ને ઉપર કાગળના ફુલ મુકવાથી સાબ લોક થવાતું નથી. મેં બીજું શું કહયું? જે ખરૂં હતું તે હું બોલી કે એ બચારી દેખાવમાં ઘણી વહેવારૂ છે ને એના વરમાં ઝાઝી અકકલ નથી. મેં કહયું કે હું એને તાંહાં આઠ દશ દાહાડા આઉંછ તે આએ ઘેરથી કંટારીને; કાય જે તાંહાંના કરતાં અહીં ચાર ચાશની નપેતર છે. બસ હું એટલુંજ બોલી. આલાં, મારાં મોહોના ઉપર શું હીરા જસ્યાછ કે ડોરા ફારીને જોયછ? પેલી કંચુબર આપ."

હવે માયજી ઉખરયાં, "બસ, એટલુંજ બોલી? ઘણું નરમ ઘી જેવું બોલી. તેને તાંહાં જઇને ખાધું પીધું ને ભસતે ગેઇ શરમ નહીં આવી? તુંને ઉખરા શું ઉકરડાપર નાખવાની છે? નાજાં ઉપરથી તો તારા જેવી સાતને ઓવારી નાખું. વેહેવારૂં છે! તો હૈયાં ફુટી, તું કેઇ ફૂલકસુર છે કે અહીં તારા ભંઇ બેહનોના દેખતાં આવા ફારસ કરવા બેઠીછ? પીરોજશાહ, આએ બધો વાંક તમારો છે. દુકતીને તમે છકાવીને છેક કોરીની કરી નાખીછ ને એ આટલું આટલું

બોલેછ ને તમે ઠંડે પેટે ખાયા કરોછ."

બચારા પીરોજશા કાંસી કરાંજીને બોલ્યા, "તેહેમી, તેં ઠીક નહી કીધું. પારકા ઘેરમાં એમ કોઇ બોલે ?"

ભીખાઇજી બહુજ ઉશકેરાઇને ખીચપાડીને બોલ્યાં, "લે, બાવાજીએ ધમ દઇને ધમકાવી ! "એમ નહી બોલ્યે.!!" ખાસરૂં કાહાડીને મોહોડાંપર મારવું જોઇએ તેને બદલે આસને રહીને કેહેછ કે, 'એમ નહી બોલીએ.' મારે શું. આઇનાં સીકોરાં બાઇને ભારી. એજ છોકરી કોઇ દાહારે તમુને રૂહુમ રૂહુમ નહી બોલાવે તો જોજો."

બાવાજી તો ગેંગેં ટેંટેં થઇ ગયા અને જવાબ દીધો, "પણ હું શું કરૂં ? શું આવા બાવીસ વરસના ગોધાને મારૂં ફારૂં ? હોસે, ભીખાઇ, તુંબી ખાતી વખને ખાલીપીલી લોહી ના ઉકરાવ. બેહન બેહનો વચ્ચે કંઇ બોલા ચાલી થઇ હોશે, તેની રાત પરી આટલી ચાવાચીવી શું કરવાની ?"

ટેબલ ઉપર સઘળું સમસાન થઈ ગયું. કોઈ સું કે ચાં બોલે નહી. જમી રહેવા પછી હાથ નુછતાં નુછતાં તેહેમી સર્વે ગમ જોઇ મનમાં હસવા લાગી જે ઉપરૂથી ફૂલુભાઇ પોતાની માનીતી બેહન સુનાના કાન ઉપર પડીને કેહેછ, "સુના, સમાલજે હં, તેહેમી કંઇ આપરે સારૂં ધડાકો તઇયાર કરેછ."

જો કે આ શબ્દો ફૂલી ઘણા ધીમેથી બોલ્યો હતો તોબી તેહેમીના કાન કસ્સારી જેવા હતા. તે ઠંડે પેટે બોલી પડી 'ફૂલી, તું માટીડાની જાત છે પણ ખોદાએ તુંને બઇરી બનાવવો ઉતો. એમ બાયલાની કાની કાન શાના

કરેછે? જે મનમાં હોય તે હીંમતથી બોલ્યે. જો બધા જણને હું ખુલ્લે ખુલ્લું કેહું છું કે મને બોલાવતા ના, જો હું બોલશ તો ખરેખરૂં બોલશ; પછી તમુને દુઃખ લાગે તો હું નહીં જાણું."

અત્રે પપા ડાહયા થવા ગયા "તેહેમી સાચાંનો ગુસ્સો કોઇને હોયજ નહી."

"પપાજી જોજો—તમે હમણા શું બોલોછો તે યાદ રાખજો મેં ગઇ કાલથી પકો ઠરાવ કરયોછે કે બસ, ગમે તે થાઓ પણ જુઠું બોલવું નહી. દાખલા તરીકે તમો બધાએ જોયું હોશે કે હું ઘેર આવી તેથી જાણે કેવીક ખુશી થઇ હોઉં તેવું મેં જુઠું ડોળ ઘાલયું નથી, કારણ કે હું તમો લોકને જોઇને ખરેખર ખુશી નથી. આએ ટેબલપર અકકલની એક વાત થતી નથી. ભાઇઓ પોતાને ઘણા હુશીયાર સમજેછે પણ તદન માથે પડેલા છે તે જોઇ મને શરમ લાગે છે. જારે હોય તારે મમા ને પપા પૈસાની ને પૈસાની ખેંચતાણ કરયા કરેછે, તે સાંભળી હવે તો ચીક આવેછે. માયજી માણસો સાથ આખો દાહાડો કલ્લા પારેછ તેથી તો મને ઘેર કડવા આવેછે ને પપાજી બચારા મરઘાજીની કાની મમાથી નાહસતા ફરેછે તે જોઇ મને હસવું આવેછે. બોલો આગળ ચલાઉં કે?"

"નહી—ખબરદાર!" બાવાજી આ ઠેકાણે બાવાજી-પણું બતાવવા બીહી બીહીને બહાર પડયા. પણ અદી જે માયજીનો લાડકો હતો તે ડાહેલો થવા બોલી પડયો. "શું કરવા—બોલવા દેવો—જોઇયે એ કોહાં સુધી ફાસ જાયછે."

મમાજીનો દમ બંધાઇને શીશાંનો થઇ ગયો હતો, પણ

તેવણુના ફાટા ફાટા ડોળા ઉપરથી જણાતું કે જાણે એ તેવણુ તેહેમીનાને કરડી પાડશે.

આલાં જે તેહેમીની પુઠની હતી તેણે જોયું કે જે ઘડી જાય છે તેમાં તેહેમી તેનાં છાલ છોળાં કહાડશે તેથી સેહેતાન ડાહ્યો કરવા વચ્ચે પુરાઇ. "હું ધારૂંછ કે આજે તો બધા સઉ-સઉના ઓરડામાં વગેસગે થઇ જઇએ તો સારૂં. જે હોય તે કાલે વાત."

પણ સર્વેની અજાયબી વચ્ચે મમાજી હવે બોલ્યાં, "નહી. બધાં મુગાં રહો-એને કેહો કે તારે બીજું શું કેહવુંછ તે બોલ, જોઇએ તારી શું તાકાત છે?"

પણ આથી તેહેમી કાંઇ ડરી નહી. તે હસતું મોંહ રાખી બોલી: "મને કાપીને કટકા કરો પણ હું તો જે મારાં મનમાં છે તે બોલવાની. મને કહેવાનું તો ઘણું છે પણ બધું આજનું આજ પુરૂં થાય તેમ નથી. તેથી હમણાં તો જરા ઉપર ટપકેથી બોલી દેઉંછ. મમા તમે એમ ડોરા કાહારશો તો નકામું તમારૂં માથું દુખશે. હું ધારૂંછ કે હું પેહલાં પપાજીથીજ શરૂ કરૂં."

"પણ મને તો સાહરા આઠ વાગે બાહાર જવાનું છે. એમ બોલી પપાએ સડકી જવાની તજવીજ કીધી પણ ધણીઆણીએ તેમને રોકયા, "હમણા નહી જવાય-બેસો."

પપા તો ધબ દેતા બેસી ગયા. તેહેમી બોલી:—

"બાવાજી બચારા ઘણાં ભોળા છે પણ એવણુમાં કાંઇ રૌમ નથી. મમાથી એવા બીહેછ કે અમેબી હટયાં. એવણુ એવા બાયલા જેવા છે તેમાં તો મમાને હાથ આમા ને તેના પરીણામમાં આએ બધાં જુઓ. ખોદા માલમ આલાંને પેદા

કરીને ખોદાયજીએ દુનીયાને શું લાભ કરી આપવાની ગણત્રી કીધી હશે, હોશે પણ આલાંની વાત પછી."

અહીં આલી છણી ઉઠી, "હેં પપાજી, એ શું તરેહ તરેહનું બોલે ને હું સાંભળયા કરૂં કે?"

"ચુપ, મુગી બેસી રેહે." મમાએ હુકમ કહાડયો.

તેહેમીએ આગળ ચલાવ્યું. "પપાજી બાયલાજ હોતે તો ઠુર નાખો પણ સાથે લાગા જરા હલકા છે, એમ તો મુંબઇમાં ઘણાં હલકાં લોક વસેછ પણ બાવાજીનું ઘેરમાં કંઇ ચાલતું નહીં તારે બહાર નકામો રોબ કસવા જાયછ. ગવરનર સાહેબની ભલામણથી કે સરકાર દરબારના કાનપર જાય એવું કાંઇ ફંડ હોય તો તેમાં એવણ ઇચમજી થઇને પોતાના ગજા કરતાં વધારે રૂપીઆ ભરશે. એટલે પાદસે એવણ ઓટલા ઉપર જઇને બેસવાનો અભખરો રાખેછ તેની સારાં ગામમાં મશખેરી છે. એ, "ઓટલા ઉપર ચાલો સાહેબ" નો હક મોબેદોએ પોતાના હાથમાં રાખયોછ ને તેવા એકાદ મોબેદને પપાજી દર પતેતીપર લાંચ આપેછ તે વાત જો કે જગને જાણાતી નથી તોબી હવે તે હું છુપી રાખવાની નથી. એવણ દર હમકારે આતશબેહેરામ જાયછ તે બધું લોકને દેખાંરવાનું છે, કાંય જે એવણ ઘેરમાં તો બીરી પીએછ ને રાતના દીલમાંથી સદરો કસતી કાહરી નાખીને સુએછ. તમે છભ બાહાર કાહારો કે બીભ બાહાર કાહારો, હું તો જે હોય તે સાચું કેહવાની. એવણ પગાર કમાઇ લાવીને આપુને ખાચડો ખવારેછ તે સીવાય ઘેરમાં એવણ એક પઇને કામના નથી, કારણ કે એવણનું મમા આગળ કાંઇ ચાલતું નથી."

આ ઠેકાણે તેહેમીએ જરા દમ ખાધો—જે જોઇ-ફલી પોતાની બેહનના કાનપર પડી હળવેથી બોલ્યો, "હાકી હું-હવે ગભરાઇ, જો એ એવીજ અલાપ મમાપર લે તો સાંભળવાની મઝા પરે."

આ પ્રમાણે ફલી ઘણુંજ આસતેથી બોલ્યો હતો પણ તેહેમીનાના ચકોર કાને તે બરાબર સાંભળ્યું.

"શું કરવા ગભરાશે? મમાનીબી વારી આવેછ. હું જાણુંછ કે એવણને ગમશે નહી પણ મને તો મારી ફરજ બજાવવી જોઇયે પછી ગમો કે ના ગમો. મમા હમણા જેમ તેમ તાણી તોરીને મારી ઉપર ડોરા કકરાવતાં બેહાંછ ને મને દબાવી નાખવાની ફોકટની તજવીજ કરેછ. તેવણના મનમાંથી શું પસાર થઇ જાયછ તે હું સારી કાની સમજુંછ. એવણને હમણા એમ થાયછ કે જાણે મારો ટોટો પીસી નાખે પણ પોતાનોજ ફેસતો થાય કરીને એવણ અટકયાંછ. હવે સુવાના ઓરડામાં જશે તારે બાવાજી સાથ ચીથરાં ફાડશે. મને દલગીરી સાથ કહેવું પડેછ કે આખાં ઘેરમાં એવણ સઉથી નપેત છે:—

બધાંજ ચમકી ઉઠયાં "હેં-હેં-હે,"

"સબર કરો હું કાંઇ હેં બેં સમજતી નથી. તમુને નહી સાંભળવું હોય તો ઉઠી જાઓ. હું કેહુંછ કે મમા મહા જુઠાં છે."

બાવાજી હવે ગભરાયા કે ખરેખાત ઓરડામાં ગયા પછીની હાથની ધરતી આ બધાનો ટોપલો એવણ ઉપર નાખશે, તેથી જરા હીમત પકડી વચ્ચે પડયા. "તેહેમી, તુને શરમાવું જોઇયેછ. પોતાની માતાને સાંરૂં એવા સખુન કાહારવાની

તું હીમત કરેછ—બસ હવે એકદમ ચુપ!"

"ચુપ શું—એને તો નેતરે ફટકાવી કહાડવી જોઇએ" અદીએ મત આપ્યું.

આલાં બોળી "એને ટેબલપર આવવાજ નહી દેવી જોઇયે."

બીજાંઓ બોલ્યાં "ખરેખર, આએ તો હવે હદ થઇ." બધાનું સાંભર્યા પછી તેહમી ઠંડે પેટે બોલી, "તમે બધાં મત આપી રહયાં હોય તો હું હવે આગળ ચલાઉં. મુંબઇમાં ઘણા જન એવા છે કે જેઓને નામે મમાને તાહારક છે? અને તેઓની ગેરહાજરીમાં તેઓની ઢીંગ એવણુ કેવી કાહરેછ તે તો આપરે હજારો વખત સાંભલ્યુંછ પણ તે લોક જારે આવેછ તારે સાથે હસી હસીને જાણે કેટલાં વરસની દોસ્તી હોય તેમ વાત કરેછ ને પપાનાં વરસને દાહારે જલેબી તે લોકને સારૂં મોકલેછ! એ જુઠહું નહી તો બીજું શું? જો આંપણને કોઇ ઠેકાણેના લગનનાં તેરાં આવે ને એવણને તાંહાં બાઝતું નહી હોય તો આપરા પાસે કેહવાં બાના બીલ્લાંના જવાબ લખાવેછ. તે જુઠું નહી તો સાચું કે? એબલગામના નફકરા ચાકરોને ગાર બેર દઇને કાહારી મુકે ને પછી આઠ દાંહારા રૂહીને તે જરા નરમ થઇને આવે તો પપા તેને સારી ચાલની સરટીફીકેટ લખી આપે એ શરીયામ ઠગાઇ કે કંઇ બીજું?"

તેહેમીનાના આ ધડાકા તદન ખરા હતા એટલે કોઇ ચું કે ચાં ચંવડયુ કે વવડયું નહી. જરાવારે તે વળી પાછું બોલીઃ—"હું અજબ છેઉં કે એવણને ઘેરના વરાં નરાં દોણે ફીધાં. ઘેરના કમાનડર ઇન ચીફ એવણ થઇ બેઠાંછ તે બચારા પપા તો મરઘાજી—"

"કેમ છોકરી છેક ફાસ ચાલી કે? કોણે કહ્યું કે મમા ઘરમાં સઉથી વરાં છે?" બાવાજી લલકારયા.

"તમે પીરોજશા મુગા રેહોછ કે નહી!" અહી કમાનડર ઇન ચીફે વળી પાછો હુકમ કહાડયો કે પપા તો અસલ મુજબ મરઘાજી થઇ બેઠા.

"બધાઓએ જોયું હવે? ખરો હાકેમ આએ ઘેરમાં કોણ છે તે? મમાએ કહયું કે મુગા બેશો એટલે પપાજી મુગા બેઠા. પણ રમુજ તો એ છે કે મમા બધી હાકમી ચલાવેછ ને જારે કાંઇ ખટપટ કે ભુંડાસની વાત આવી કે પપાને દુશમનને ગરદન—

"ચુપ!"

"હું ભુલી, પપાને આગળ પારેછ. દાખલા તરીકે કોઈ માણસને કંઇ આપવું લેવું હોય તો મમા, ને તેને કહારી મુકવો હોય તો પપા. આઇતો મેહેલ્લો, ખાવામાં પહેલ્લો, ને કામ કરવે છેલ્લો, એવો મામલો આપરે તાંહાં છે. મમામાં એકજ ખુબી મોટી છે ને તે એ કે ઘેરમાં કોઇને સીક પડયું તો પોતાની કબાટમાં જેટલી દવાઓ ને ગોળીઓ હોશે તે બધી પીશે અથવા ગળાવશે ને પછી પોતે ઓઢીને સુઇ જશે. ચાલો હવે આંપરે આલાંની ખબર લઇએ"

"નહી બા, મને કોઇની કંઇ ખબર બબર જોઇતી નથી." આલાં ગભરાઇને બોલી ઉઠી.

"તુને નહી સાંભરવું હોય તો ઉઠી જા બાકી આસમાન બરથી આભ તુટી પડે તોબી હું તો બોલવાની. ગરીબ બીચારી આલાં. મમાએ એના મનમાં એવો ખ્યાલ બેસાડી દીધોછ કે બધાં બાઇ બેહનોમા એ સઉથી દેખાવલી છે. પણ જયારે

પાર પડોશી ને દોસત આસનાઓ ખરી ખંખારીને કહેવા લાગાં કે હું સઉથી ચઢતી છેઉં તારે આલાં ને મારા વચ્ચે વેર પડયું. જારે જોયું કે ખુબસુરતી તો નથી તારે સઉમાં ઘણી હુશીઆર છે એમ ડોળ ઘાલવા લાગી તેમાંબી જારે હસી થવા લાગી તારે મ્યુઝીક શીખવા માંડયું અને લોક પાસ કેહેવારવા માંગયું કે મ્યુઝીકમાં એ ઘણી ચબરાક છે—ને કાનસરટોમાં ને બીજી પાર્ટીઓમાં ઘણાબી માથાં મારતાં કોઇએ ભાવ નહી પુછયો તારે હવે નીંદા કરવાનો સોદો લઇ બેઠીછ. તાંહાંજ હવે અટકે તો ઠીક ”

આ વાર આલાં રૂમાલથી પોતાની આંખો લુછતી હતી તે જોઇ પપાજી બોલ્યા “ આલાં, તું કાંઇ સમજતી ના—એ તો આજે ઘેલી થઇ ગેઇછ.”

“ હું મારે સારૂં જરાબી દરકાર કરતી નથી પપાજી. હું તો તમારે વાસતે જે બોલી તેનો બરાપો કરૂંછ ”

આ વાર મમા રોહોસાભેર ઉઠયાં અને તેહેમીની આગળ આવતાં જણાયાં. જે ઘડી જાયછ તેમાં એક લપડાક પડશે એવો મામલો હતો. મમાએ જેવો હાથ ઉંચકયો કે તેજ ઘડીએ તેહેમીનો અદરાયલો મી૰ જાંહગીર દેશાઈ હસતો હસંતો માંહે દાખલ થયો અને મમાના હાથ હાલ તુરત તો અચકી ગયા.

પ્રકરણ ૧૦ મું.

અજાયબ જેવું છે કે દાદીબા ઘેર ગયો ત્યારે દીલશાદ સાથ થયલી મુલાકાતની વાત પોતાના પેટમાંજ રાખી. કોણ

જાણે તેની આમ કરવામાં શું મતલબ હશે. તે મોતીબાગમાં મળવા જવાનો છે એ વાતબી તેણે પોતાના મનમાંજ રાખી કેમજે તેનું મન એમ ધાસ્તી રાખતું હતું કે રખે શાપુરજીબાબી સાથે લાગ્યા ધાઇ પડવા માંગે અને તાગડો બગાડે.

ચાર પાંચ દીવસ ગાળી કાઢીને એક દહાડે સાંજના ચાર વાગે દાદી ગુપચુપ મોતીબાગ ભણી ગયો, અને બારણું ઠોકયું. સરેસતા મુજબ બીરામ બહાર નીકળી આવ્યો અને સલામ કરી દરવાજામાં આડો ઉભો.

"બાઇ સાહેબ ઘેરમાં છે?" દાદીએ પુછ્યું.

"નહી સાહેબ, હવા ખુરીકુ ગયે."

પણ આ ઉતર મળવાની સાથજ દીલશાદ પોતે બહાર નીકળી આવ્યાં. દાદી મુછમાં હસ્યો. બીરામનો ચેહરો આ વાર જોવાજોગ હતો.

દાદી ખુશ ચેહેરે બોલ્યો "બાઇ સાહેબ તમોએ મને આવવાની રજા આપી તેનો લાભ લેવાની મેં આજે છુટ લીધીછ."

દીલશાદનું મોંહ વળી પાછું લાલ થઇ ગયું અને તે જાણે બીતી અથવા અચકાતી હોય તેમ જણાયું. તે અવારનવાર બારે ડોળે બીરામગમ જોયા કરતી હતી. પણ હવે દાદીબાને ના કેમ કહેવાય?

"હાજી, પધારો," આટલા શબ્દો બોલી તેઓ બેઉ દીવાનખાનામાં દાખલ થયાં. બીરામના ચેહેરા ઉપર ખુનીના જેવાં ચીન્હો વ્યાપી રહયાં હતાં.

"બેગમ સાહેબ, તમને અહીં દરીયાનો દેખાવ ઘણો સારો મળતો હશે?" દાદીએ વાત ચલાવી.

"હાજી, આએજ મારો માનીતો ઓરડો છે. મેં બંગલાના બીજા ભાગ હજીભી બરાબર જોયા નથી."

"નથી જોયા તેભી ફાયદોજ છે, કારણ કે આએ બંગલાના સંબંધમાં એકાદ બે આગલા બનાવ ઘણા પસંદ કરવાજોગ નથી. બચારી એક જવાન બાનુ પરણીને પોતાના પતી સાથ અહીં રહેવા આવી હતી તેણીનો ધણી તેની આંખ આગળ ડુબી મુંવો. ગરીબ બચારી."

"ખરી વાત છે દાદીશેઠ. પણ હું ધારૂંછ કે જીંદગીમાં તુટેલાં દીલે કંગાળ વખત કહાડવા કરતાં આમ એક ઝટકે છેડો આવી જાય એ હું બેહેતર સમજું છું."

આ શબ્દો દીલશાદ એવા કરગરીને બોલી કે દાદીબા તુરત પામી ગયો કે તે પોતાના દીલનો ઉભરો કહાડતી હતી. પાએક કલાક સુધી આમ વાતચીત કરીને દાદીએ રજા લીધી પણ ઇસારો કરતો ગયો કે હું ફરીથી આવીશ. દીલશાદે ફકત ડોકું નમાવ્યું, પછી તેનો અર્થ ગમે તે ઉઠાડો.

દાદીના જવા પછી બીરામ ધસારાબંધ ઓરડામાં આવ્યો. તરકડાની પેઠે તેણે દીલશાદને પુછ્યું. "કેમ બાઇ સાહેબ, એ શું ધણુક? સાહેબ આવે તેને ખોલાસો કરવાને તમે તઇયાર છો કે?"

"તે મારૂં કામ છે. તું અહીંથી ચાલી જા, મારે તારી સાથે કાંઇબી વાત કરવી નથી."

"ઠીક છે, જોઇશું." આમ બોલી ઠડાક દેતું બારણું બંધ કરીને બીરામ ગુસ્સાભેર ત્યાંથી ચાલી ગયો.

આઠેક દહાડા પછી દાદીબા પાછો મોતીબાગમાં વીઝીટે આવ્યો, પણ બીરામે બારણું ઉઘાડયું નહી અને બારીએથી

જવાબ દીધો કે આઇ સાહેબથી મળાશે નહી. દાદી સરેસ્તાની જમાએ હીલ સલોપ ઉપર શોધમાં નીકળ્યો, પણ ત્યાંબી દીલશાદની હાજરી જણાઇ નહી. બીજા પંદર દહાડા સુધી દાદી આમ તેમ ફરયો પણ માહબુબની ઘનનસલ જણાઇ નહી. રખે તે બચારી ઉપર કોઇ રીતનો જાપતો હોય એવા ડરને મારે તે ફરીથી મોતીબાગ આગળ ગયોજ નહી.

હવે પારસી પતેતીની રાતે શું અજબ બનાવ બન્યો તેની નોંધ અત્રે લેવાની જરૂર છે. દાદીબા કોઇ મીત્રને ત્યાં જમવા ગયો હતો. રાતના અગીયાર વાગે તે પાઉં પ્યાદો પાછો ઘર જવા નીકળયો. રાત અંધારી હતી તોબી કોણ જાણે શા કારણથી તે બહારને રસતે પણ દરીયાની બાજુએથી ચાલતો હતો તેટલાં ખ્રીસ્તી એરફ્નેજ આગળ આવતાં તેણે એક—ફ્કત એકજ ચીસ સાંભળી.

એ શું હશે? કોઇ જાનવરને ફટકો પડે અને ચીસ પાડે તેવો આ સાદ હતો. દરીયાનો ઘુંઘવાટો અને વાદળની ગરજના એવી હતી કે આ ચીસ કઇ તરફથી આવી તે બરાબર જણાય નહી. તે પોતાને ઘેર પહોંચ્યો અને ઉંઘાવાની ઘણીબી તજવીજ કીધી પણ કેમે કરીને ઉંઘ આવે નહી. પેલી ચીસ તેના કાનમાં રમયા કરે. પાચ વાગામું તે ઉઠયો અને કાંઇ ચેન પડયું નહી એટલે હાથમાં લાકડી લઇને મોતીબાગના દરીયાગમના દરવાજા આગળ આસતે આસતે ગયો. જોય છે તો મોતીબાગની દાસી પીલસુમ બહાર ઉભી રહીને બારણું ઠોક ઠોક કરતી હતી. તેણી ગભરાયલી હતી અને આંખ આંસુથી ભીણાયલી હતી.

"ઓ શેઠ, હવે શું કરૂં! મેં આગલું બારણું ને પાછલું બારણું બેઉ ઠોકી જોયાં પણ કોઇ સાદ આપતું નથી.



કમ્પાઉંડની દીવાલ નીચી હતી ને ઉપર હાદી બેધડક ચઢયો અને
"ઓ" કરીને ઘણીજ આતુરતાથી પોકાર કર્યો.

(પાનું ૪૯ મું.)

ઓ મારી બાઇને શું થયું હશે ? શેઠ તમો હાંક મારોની—મારો જીવ ઘણો ગભરાયછ."

"શું છે શું ? જરા ધીરજ ધર. તું કોણ છે ? આએ બંગલામાં તું શું ચાકરી છે ?" પેલી રાતની ચીસ દાદીના ખ્યાલમાં તુરત પાછી ઉભરી આવી.

"હાજી, હું અહીંની ચાકરડી છેઉં. કાલે રાતના મને મારી માને મળવા જવાની રજા મળી અને બીરામે કહયું કે રાતના સઉને–ઉંઘમાંથી ઉઠાડવાની જરૂર નથી. તું સહવા-રનાજ પાછી આવજે. હું અડધો કલાક થયો આવીછ ને બારણાં ઠોકાઠોક કીધાં પણ કોઈ જણાતું નથી. બાઇ સા-હેબનો માનીતો કુતરો એક જરા સંસારો થાય તો ઘેર ધુજાવે તેબી જાણે મુંગો મંતર થઇ ગયોછ."

દરીયાની બાજુએ દરવાજો બંધ હતો પણ કમપાઉંડની દેવાલ નીચી હતી તે ઉપર દાદી બેધડક ચહડયો અને "ઓ" કરીને ઘણીજ અજાયબીથી પોકાર કરયો.

"શું છે, શું છે"? પીલસુમે પુછ્યું.

"કુતરાનું ગળું કાપી નાખીને તે તો મુવેલો પડેલો છે. જાહીં છે તાંહાં અહીં કોઇ અસાધારણ બનાવ બન્યોછ. આપણે બંગલો બરાબર તપાસવો જોઇયે."

"ઓ ખોદાય, ઓ મારી બાઇ—આએ કુતરા ઉપર એવણનો કેવો જીવ હતો—ઓ હવે શું કરૂં !"

"જો પીલસુમ, આવી રીતે રડવા કુટવાનો હમણા વખત નથી. મારી કાની તુંબી દેવાલપર ચહડીને અંદર આવને પછી બંગલો કંઇબી કરીને ઉંઘાડીએ."

એક પળમાં પીલશુમ કમપાઉંડમાં દાખલ થઇ. બચારો કુતેરો તો કંઇ કલાકનો મરી ગયો હશે કારણકે તેનાં ગળાં આગળનું લોહી સઘળું કાળું થઇને બંધાઇ ગયલું હતું. દાદીબાના મનમાં તુરંગ ઉભા થયા હતા. આ કુતરાને કોણે મારી નાખ્યો હશે? શા સારૂં મારી નાખ્યો હશે, પેલી બાઇ કયાં હશે? રખે તેના પણ એવાજ હાલ થયા હોય! દાદીના ડોળા લાલચોળ થઈ આવ્યા હતા અને તેના કપાળ ઉપરથી પરસેવાના રેલા ઉતરતા હતા. તેઓએ સાથે મળીને બધાં બારી બારણાં તપાસી જોયાં પણ સઘળું બંધબસ્ત હતું. આસપાસ નજર કરતાં એક ભાગેલી નીસરણી પડેલી હતી તે દાદી ઉપાડી લાવ્યો અને જેમતેમ પીલસુમ પાસ પકડાવીને ઉપર ચહડયો અને બારીનો કાંચ ભાંગીને બારી ઉંઘાડીને ઓરડામાં કુદી પરયો અને પીલસુમને પણ હાથ પકડીને નીસરણી મારફતે ઉપર લીધી. જોય છે તો તે ઓરડામાં દોરડાં, ડામલાં વીખેરાઇને પડેલાં હતાં, જાણે જલદીથી બાંધરૂંધ કરવાની ગોઠવણ થઇ હોય.

"ચાલો આપરે બધા ઓરડા તપાસ્યે. તારી બાઇનો સુવાનો ઓરડો કયો?"

પીલસુમે ઓરડો બતાવ્યો. તેનું બારણું બંધ હતું પણ દાદીએ પાછા હઠીને જોરમાં એક લાત મારી કે બારણું ઉંઘડી ગયું. તેઓ બેઉ દાખલ થયાં અને બેઉ જણે સાથે જબરી ચીસ પાડી.

ઓરડાની વચોવચ ભોંય ઉપર દીલશાદ પડેલાં હતી. તેણીનાં કપડાં લોહીથી ખરડાયલાં હતાં અને જીવતી હોય કે મુએલી પણ તે કાંઇ કલાકોની ત્યાં બેભાન હશે.

પ્રકરણુ ૯ મું.

દાદી પોતાની છાતી ઉપર હાથ દાબીને હરણફાર થઇને ઉભો અને પીલસુમ પોતાની શેઠાણી આગળ ફસડાઇ પડીને તેનો હાથ આંખમાં ચાંપીને ધસાધસ રડવા પડી.

દાદી ડઘાયલા સાદે બોલ્યો. "ખોદા માલમ, એ મરી ગઇછ કે જીવતી છે!" તે તરત ગુઠણપર પડયો અને તેણીનો ગોરો ધટમારો હાથ પોતાના હાથમાં લઇને સંભાળથી નાડી તપાસવા લાગ્યો.

"યા ખોદા, આએ શો જુલમ! પીલસુમ મને લાગે છે કે એની નાડ જરા હજી ચાલેછ—અહીં ઘેરમાં કાંઇ બ્રાંડી છે કે?"

"હાજી. કબાટમાં ઘણી બાટલી હતી, જરા થોભો હું જોઉ."

પીલસુમ દોડી અને જરા વારમાં એક અધુરી બાટલી લઇ આવી. પેલાઓ બધું તો પેક કરીને લઇ ગયા હતા, પણ આ અધુરી બાટલી નાખી ગયા હશે. દાદીએ દીલશાદનાં મોંહમાં આંગળી ઘાલીને જેમ તેમ ચાવણીયાં ઉઘાડયાં અને ચમચા જેટલો કાચો બ્રાંડી તેમાં રેડયો—પછી પોતાનો રૂમાલ કહાડીને પાણીથી ભીંજવીને તેણીનું મોંહ સાફ કરયું. બાલ વીખેર.ઇને પડેલા હતા અને લોહીથી સઘળા ગંદાઈ ગયલા હતા. કપાળ ઉપર એક મજબુત જખમ પડેલો હતો પણ તેમાંથી હવે લોહી જતું ન હતું. જરા વારે આ કમબખતને રાત્રાસો શવાસ ચાલવા લાગ્યો. દાદીએ તેનું માથું પોતાના ખોળામાં મુકયું અને તેને સજાગરૂં કરવા સારૂં હાથ તથા હૃદય

જોરથી મસલવા માંડયાં. જરા વારે દીલશાદે આંખ્યો ઉંઘાડી પણ તે કાંઇ ઓળખી અથવા બોલી શકી નહી. આ પ્રમાણે જોઇ દાદીએ પીલસુમને દોડાવી.

"પીલસુમ, તું મારે બંગલે દોડ. હું પોતે જતે પણ આએ કમનસીબ બાનુને એકલી મુકી જવાનો મારો જીવ ચાલતો નથી. જે તેં જોયુંછ તે મારા બાવાજીને કહેજે ને મારી તરફથી કહે જે ડા૦ બાપટીસતાને લઇને જલદી આવી લાગજો. મોત જીવતની વાત છે. જા તો જલદી."

પીલસુમને બે વાર કહેવું પડે તેમ ન હતું. તે વાને વેગે દોડી. શાપુરજી હાયા ઠોયા થઇને નીચે નાસતો કરવા ઉતરયા હતા. પણ દાદીમા આવેલો નહી હોવાથી ફફડ ચટક કરી રહયા હતા.

"ગુલબાઇ એ દુકતાને થયુંછ શું? કેવું મજેનું સવારના પોહોરમાં ઉંઘાવાનું મુકી દઇને પાંચ વાગામાંથી રખરવા જાયછ. કોણ જાણે કાલે વાંદરે ખાવા ગીઓતો તાંહાં રાતના ચમપીન પીચીને ઘોંટાયલો તો નહી હોય?"

"ઓ નહીરે, જી ભરૂં તમારોજ દીકરો કેની? તમે અરધી બાટલી મોવરૂં પીઓ તોબી નરા જાણે સોલ્જર જેવા ઉભા રેહો તો એ જુવાન બચ્ચું એકુ બે ગલાસ ચમપીનમાં શું લથરી જાય કે-ઓ મરૂં રે એની ને એના બાપની ઉપરથી."

"પણ એ ગીઓ કાંહાં?"

"અરે હોશેરે બા. એ તો જુવાન જીવ તે ગમે તાંહાં ફરે હરે. જરા આપરાં જેવા પાકટ ઉમરના થાય તારે એ. ખલાં ચેખલાં રહેવાય નહી. કોઇ માંદુ છે કોઇ સાજું છે તેની હંમેશ ફીકર રાખવી જોઇએ."

ચગરા શાપુરજીએ જોયું કે ગુલબાઇ ખડીઆ પગે ગલીચા સુધી લાવતાં હતાં એટલે શયતાન ડાભો કરવામાંજ ડાહાપણ વીચારયું.

"સબર, સબર, ગુલબાઇ. એ દોડતું કોણ આવેછ. જરા જુંઓ તો? મને તો લાગેછ કે મોતીબાગની ચાકરડી છે-શું છે શું છે?"

પીલસુમ હાંફતી કાંસતી આવી પુગી. તેણીનો સાદબી બરાબર નીકળતો ન હતો.

"ઓ સાહેબ, મારી બાઇનું ખુન થયું. મરી ગઇ. વહેલા ચાલો. તમારો દીકરો તમુને તાંહાં જલદી બોલાવેછ ને કેહવારીઉંછ કે ડાકટર સાહેબને લેતા આવજો-ઓ ચાલો-ચાલો-બાઇ સાહેબ, હું ઘણી ગભરાઇ ગઇછ; તમેબી આવો તો ઘણું સારૂં."

"બેટી બાપ, આએ તો ગજબ થયો! શું રાતના ચોર આયા' તા?"

"નહી શેઠ, એ બધું પેલા ચંડાળ બીરામનું કામ છે ને તેમાં એનો શેઠ સામેલ હોશે, કેમજે બેઉ જણ નાસી ગયલા છે."

"ચુપ ચુપ છોકરી એ તું શું બોલેછ! મી૦ મેહેરબાન જેવો ગ્રહસ્થ આસામી તે કાંઇ એવાં કામ કરે? બેવકુફ, મને ૬ મહીનાનું ભાડું આંગપર આપ્યું તે તું જાણતી નથી શું? છટ છટ, જાંહા છે તાંહાં ચોર લોક, એનું સત્યાનાશ થાય એનુ, વરી પાછો બંગલો ખોરંબે પડશે."

"ઓ વાય, હવે શુ કરૂં? શાપુરજી જરા મને પકડો તો, મારાં રૂવે રૂવાં ધ્રુજેછ."

"એ હમણા ધુજવા ધરકવાનો વખત નથી. કાંઇ ફાટેલું કપરૂં ચપરૂં હોય તે લઇ ચાલો. ગોવીંદા, મારો મોટો ડગલો લાવ ને મારી રીવાલવર પેલી કબાટમાં છેની તેબી સાથ લેઇ લે. માળીને ડાકટરને ઘેર મોકલો ને પાસેના માળીનેબી સાથે લઇ લઇએ. એને કહેજો કે સાથે જારી ડાંગ રાખે, એ નાપાક પોરીયાઓ વખતે અહીંના અહીં ભમતાજ હોશે"

શાપુરજી ડગલો પેહરે છે તેટલાં ગોવીંદો રીવાલવર લઇ આવ્યો જે પાંત્રીસેક વરસની વાત ઉપર શાપુરજીએ શાડાચાર રૂપીએ લીલાંઉમાંથી વેચાતી લીધી હતી અને તે દહાડેથી તો બાકસ ઉંઘાડયોજ ન હતો !

ગુલબાઈ દોડધામમાં પડયાં અને શાપુરજીને ગળે વીંટાળવા મોટો ઉનનો ગળપટો લઇ આવ્યાં.

' નહી, હું તમુને એમ જવા નહી દેઉ. મદઇને ચીલ બીલ લાગી જાય તો ઓજન. નહીં બા, આએ ગળપટો વીંટાળો."

"ઠીક છે—ઠીક છે—પણ આએ પીસતોલ કેમ ભરવાની, ગોવીંદા, તું જાણેછ કે ?"

'નહી સાહેબ, પણ પહેલાં તો પેટીની કુંચીજ પાતી નથી ને અંદર ગોળી બોળી કંઇ નથી." .

"એમ કે : ચીંતા નહી." અમથી પીસતોલ એ નાપાકોને દેખાડીશું તોબી બીહી જશે. ચાલો હવે બધાં સાથે. જો બીતાં ના. હું છેઉં કેની."

આ પ્રમાણે શાપુરજી કમાનડર-ઇન ચીફની સરદારી તળે સઘળું હાઉસન જાઉસન મોતીબાગ તરફ ચાલ્યું.

શાપુરજીના હાથમાં કીટાયલી રીવાલવર, ગુલબાઈના હાથમાં બ્રાંડીની બાટલી અને કપડાં, ગોવીંદાના હાથમાં ડાંગ, પાસેના માળીના હાથમાં સોટો! એ પ્રમાણે સઘળાં ધાડ મારવા નીકલ્યાં.

પ્રકરણ ૧૦ મું

હવે પાછી પીરોજશાનાં ઘરની ખબર લઇએ. બાપડો જાંહાંગીર દેશાઈ અચબુચ આવી ચઢયો ખરો પણ તેને થોડીજ ખબર હતી કે તેના આવવાથી કેવો નાટક ભજાતો અટકી ગયો હતો. એક વરસની વાત ઉપર તે પીરોજશા ફોજદારના ઘરમાં આવતો જતો થયો હતો અને બધી છોકરીઓએ તેના સંબંધમાં પોતાના લાભ માટે જાળ પાંથરવાની યોજના રચી હતી. માત્ર દાધાબળી તેહમીજ અલ્લગ રહીને તમાશો જોતી હતી. પણ બન્યું એમ કે જ્યારે જાંહાંગીરબા લાધ્યા ત્યારે તો તેહેમીનેજ પસંદ કીધી. જ્યારે તે વાત નકકી થઇ ત્યારે આલાંએ મત આપ્યું કે, "જાંહાંગીરમાં અકકલ શું છે? મને પગે પડે તોબી હું તો ના કેહું." સુના કેહેજે. "એતો મોટો ભઇઆજી જેવો છે," ઇત્યાદી. જાંહાંગીર દેશાઈ જોકે સાકરેટીસ જેવો ફીલસુફ કે સોરાબજી ચીકનદોર જેવો કવી તો ન હતો પણ સઘળું જોતાં ઠીક કહેવાય. એક સોલીસીટરની આફીસમાં મેનેજીંગ કલાર્ક દાખલ દર માસે પોણીબસો રૂપીઆ મળતા તેબી ગનીમત. તેને તેહેમી ખરેખર ગમતી હતી તેમજ

તેહેમી આ જવાન પુરૂષ સાથ અદરાયા બદલ કોઈબી રીતે દલગીર ન હતી.

જાંહાગીર દાખલ થતાંજ બધાંને મુગા મંતર જોઇ પામી ગયો કે કાંઇ કુવામાં બીલાડી પડી છે ખરી, તોબી હસતો ચેહરો રાખી બોલ્યો, "કેમ, બધું સમાધાન તો છે? તેહેમી તું કાહારે આવી? નાજાં સઉ કેમ છે?"

ભીખાઈજીએ જોયું કે દુકતી કંઇ આડાઅવળો આટો બાફશે તેથી કાંસી કરાંજી ને હસ્તુ મોંહ કરી બોલી પડયાં કે, "સઉ સારૂં રૂડું. તેહેમીના જીવને જરા સારૂં નહી લાગું તે આવતી રહી."

પણ માયજીની કાંહાં કમબખ્તી લાગી કે આ વચ્ચે પુરાયાં! તેહેમી એ જેવો કેહેછ તેવો અભાડો બાજ્યો. "અંહંહંહંહં! માયજી વળી તમે જુઠ્ઠું બોલ્યાં? મેં તમુને હજાર વખત—"

માયજીએ ટેબલ નીચેથી છુપી લાત તેહમીને મારી કે અખાડા કરી જવું પણ તેની પરવા કરવા વગર તેહેમીએ બોલવું ચાલુ રાખ્યું. "તમે ટેબલ તળેથી મને ઠેસ મારો કે બેસ મારો પણ હું તો જે છે તે કહેવાની! જાંહાંગીર, હું તો પુને ઘણી સારી તરેહ ઉતી પણ મને નાજાં બેહેને કાહારી મુકી."

જાંહાંગીર હવે ગભરાયો.

"જોની જાંહાંગીર, તું આયો તેની અગાઉ અમે એજ વાતની ટેબલ ઉપર તકરાર કરતાંતાં ને માય મને તમાચો મારવા ધસી આયાંતાં પણ તેટલાં તું આવી લાગો એટલે અટકી પરયાં."

હવે માયજી શું કરે? મરે કે માંદાં પડે? તેવણે વાત ઉડાવવાની તજવીજ કીધી. "જાંહાંગીર દીકરા, આજે તેહેમીના જીવને કાંઇ ઠીક નથી. બેહેન સાથે પુને કંઈ બોલાચાલી થઇ હોશે તેથી આવીછ તારની એમજ કરેછ. તું આજે તો વધતો આવ કાલે એ પોતાની મેળે ઠેકાણે આવી જશે"

પણ નાપાક તેહમી કંઇ એમ ફારસ પુરો થવા દે? તે ઉઠી અને જહાંગીર દેશાઇને જતો અટકાવી બોલી "કંઇ માનતો ના. મને કંઇ નથી. હું તો ખાઉં કડકું તેવી છેઉં, પણ માયજી તુને કાહાર કાહારમાં એમ પરયાંછ કે રખે હું તારે પોતાને વાસ્તે કંઇ બોલું તો તું ખભરી પરે ને આપરી સગાઇમાં કંઇ કાંટાનું કતેસર થાય, સમજ્યો? ને વરી સાચું કહેવામાં શરમાવાનું શાનુ? મનેબી એમજ લાગેછ કે ધરી જાયછ તેમાં આપરા વચ્ચે વધેરાઇ જશે. તે તો હવે પછી આપરે જોઇશું. પણ એટલું તો કેહુંછ કે જો હમણા તું એમનો એમ ચાલી ગીઓ ને મારૂં સાંભરયું નહી. તો તું શું કાજ તોરી નાખતોતો, હું પોતેજ તોરી નાખશ."

બધાં જન આ ધડાકો સાંભળી સન બધ થઇ ગયાં. છોકરીઓ તો ઉઠીને નાહાઠી અને તેઓના બાહાર ખીખી ખાખાના અવાજ સાફ સંભળાયા. ભીખાઇજી અકરવકર કરવા લાગ્યાં. તેવણનો જીવ સીકે ઓળવાઇ રહયો હતો કે રખે આ દુકતી કાંઇ નવું જુનું કરે. પણ મુવાં દાવકાં હતાં એટલે વાત ફેરવી તોલી.

"મકુંજે, ખરી વાત. મારી પોતાનીજ ચુક છે. તેહમી ઘણે દાહારે આવી એટલે તમે લોકને વાત કરવાનો જીવ ભરાઇ

રહયો હોશે. તારે, પેટ ભરીને વાત કરો હું જરા ઉંચું નીચું કરીને આઉંછ."

તેહમી મરેરે એમની એમ! માયજી ઉઠયાં એટલે તે "બોલી માયજી, ગુસ્સો તો કરશો–પણ મને કેહેવા વગર ચાલતું નહી કે, તમુને બારણાં પછવારે ભરાઇને સાંભરવાની ટેપ છે, પણ આજે તેમ કરશો તો કંઇ વળવાનું નથી કેમજે હું જાંહાગીર સાથ કંઇ ખાનગી વાત કરવા માંગુંછ ને તેથી હું બારણા પોર પરાક ઉંઘારા રાખશ."

બીખાઇજી ખભરીને ઉઠયાં. તેવણને તો પેટમાં એવો કાર લાગો હતો કે તેહેમીને આખીને આખી ખાઈ જાય, પણ શું કરે? ઘંટી તળે હાથ આવેલો એટલે કંઇબી કરીને કહાડવો તો જોઇએ.

માયજીના જવા પછી તેહેમી બોલી "કેમ, તમારો શું વીચાર છે? બીજાંઓની કાની તમારેબી સાચ્ચું સાંભળવુંછ કે ખોટી ભટાઇ પસંદ છે?"

"દીકરા તેહેમી, એ બધું છે શું? હું તો કંઇ સમજ્યો નથી. માયજી આજે એમ વાઘણની કાની છેરાયલાં કેમ? રખે તેં તેવણને છેડયાં હોય."

"માયજીની વાત હમણા હું કરવા માંગતી નથી. તારામાં કાંઇ ઘણી અકકલના દાણા વીખરાએ પડેલા નથી ને આજે બએ વરસ થયાં દોહરસો બસોમાં ધકેલા ખાયા કરેછ તેના સવા બસો થવાના નથી. તે છતાં હું તારી સાથ અદરાવા સારૂં શું કામ કબુલ થઇ તે તારે ખરેખર જાણવુંછ કે બાયલાની કાની નાહાસી જવુંછ?"

"પણ હું બધું જાણુંછ. એમાં નવું શું છે?"

"નવું ઘણું છે. આપરે અદરાયા પછીથી એકબીજા ગમ મોહોબતની દીંગ મારી તે કાંઇ નહી પણ શરીયામ જુઠ્ઠું ઉતું પણ તેં હવે કંઇ ચાલશે નહી. હું તુને કહેવા માગુંછ કે જો તું મારી સાથ પરણુશે તો સાચ્ચું ફકત સાચુંજ સાંભળવાનું તુને કબુલ કરવું પડશે. પછી તુને ગમે કે નહી ગમે"

"વાહ! તે તો મને ઘણું ગમે–'સાચને ન આવે આંચ.' જાંહાંગીરે ઉતર દીધો.

"બાવાજીબી એમજ પહેલાં ડાહેલા થયા પણ મેં જારે બોલ્લે બોલ્લું કહયું કે તમે તો ઇચ્ચમજી છેઓ ને માયજીથી બીયોછ તારે ખભરી પરયા. નાજાંને કહયું કે તું બદસુરત છે ને ભીખારી જેવા છતાં ફાશનેબલ થવા જાયછ, તો તેબી ફફરી પેરી ને મને ઘેરમાંથી કાહારી મુકી. માયજીને મેં અમથું એમ કહયું કે તમે હરરતાં જુઠ્ઠાં છેઓ ને બાહાર ચીબાટ કરોછ તો તેવણ મને મારવા ઉઠયાં."

"અરે પણ નાદાન છોકરી, પોતીકી માયને વાસતે એમ કંઇ બોલાય?"

"કાંય નહી? સાચ્ચું હોય તો સઉ બોલાય. હું તો બોલશ તો બોલશ પણ આપરે જો પરણ્યાં તો તારેબી માયજીની એમજ ભુલ ભાંજવી પરશે."

"ઓ બાપરે."

"અહીં કંઇ બાપરે બપાવારે કરવા હું નથી આવી. જો સાંભર. માયજીની વાત પછી થઇ રહેશે. હમણા તો આપરે આપરીજ વાત કરીએ. અલબત તું જાણેછ તો ખરો કે તું

એક સાધારણ કલારક છે અને તારાંમાં કંઇ ઘણી લાંબી પોંહોચ નથી.'

"બેશક, આપરે બા એવા તો ખરા."

"ને તું તારા મીત્રોમાં ડફાંસ મારીને જાણે કેટલાક હઝાર કમાતો હોય તેવું ડોળ ઘાલેછ તેબી વાત ખરી છે કેની? જુઠ્ઠું ના બોલતો. હું બધું જાણુંછ. તુ અમારાં ઘેરમાં ડાહાયો ડોહોરો થઇને આવેછ, પણ તારા સોબતીઓ ઘણાં હલકાં માણસ છે તેબી હું જાણુંછ. તે લીલાંઉમાંથી સસતી ચોપડીઓ લાવીને એકુબે કબાટ ભરીછ ને લોકને દેખારવા માંગેછ કે તું મોટો અભીયાસી છે પણ હું ધારૂંછ કે આએ ચોપરીઓની ધુર પખોરવા સીવાય તેં કાંઇ વધારે તેનું એક પાતુબી ઉઘાડયું નથી."

"પણ–પણ–હું–હું–"

"ચુપ, અખાડાજ કર. જુઠ્ઠું બોલવામાં કાંઇ સાર નથી. તુને દારૂનો ઘણો લખ છે. તું એમ સમજેછ કે તું હારમોનીયમ વજાડીને ગાઇ જાણેછ તે ખોદા મને મારો ધુનાહ માફ કરે. મેં તુંને અગાઉ "જરા ગા જરા વજાર" કરી જુઠો તારંપર ચહરાવ્યો. પણ હવે સાચું કહુંછ કે તું જારે વજાડતો'તો તારે મારા બાલે બાલ ઉભા થતા'તા."

આ વાર જાંહાંગીર દેશાઇ પસીને ગરક્કાન થઇ ગયો હનો. તે ફગલાઇને બોલ્યો "પણ તારે તું આજ સુધી કેવી ઠગારી હોશે!"

"હા–હું મારો ગુનાહ કબુલ કરંછ. પણ હવે તે દહાડા વહી ગીઆ. હવે તો તું ખરેખરો કેવો છે તે આઇનાની કાની તારી સામે ધરવું પડશે."

"પણ તારે એટલું બધું છે તો તેં મને કબુલ શું કામ રાખ્યો?

"એટલું બધું છે—નહી, એટલું બધું ઉતું. જરા મેહેરબાની કરી ભાશા સંભાળીને બોલ. મેં હા કહી કારણ કે નહી મામા કરતા કાણા મામા ભલા."

"તારે તું મને ખરેખરી ચાહતી નહી હતી એમ પુરવાર થાયછ."

"ખરી વાત છે. ચાહવું બાહવું બધું હુંબગ છે."

"તારે મારી સાથ પરણવા શું કામ માંગેછ?"

એટલી વાત ચાલેછ એવામાં નાહની સુના આવી અને બોલી "માયજી કહેછ કે ચાલોની, કેટલો વાર થયો!"

ખરી વાત એ હતી કે માયજી ગભરાટમાં પડયાં હતાં ને તેથી સુંઘારા લેવા સુનાને મોકલી આપી હતી, તેણીના જવા પછી તેહેમીએ પોતાનું બંધ કીધેલું લેકચર પાછું ચાલું કીધું.

"નહીં જાંહાંગીર હું પરણવા માંગુછ એમ બોલવું ખોટું છે, આપરા વચ્ચે ફકત સગવડની ગોઠવણ છે તે પ્રમાણે ચાલવા હું તઇયાર છું. પણ તે ગોઠવણ જો તુટી જાય તો હું છાતી ફોરીને રડું એવા ભરૂસામાં કંઇ રહેતો ના. તારે ઘેર આવીને રહેવાથી માંરૂં સર આસમાનસે લાગશે એવું કંઈ નથી. પણ મારી ગણત્રી એવી છે કે આએ મારા મુરખ જેવા ભાઇઓ અને છાલકીનાં અધરણ જેવી બેહેનોથી છુટી પડશ તો વારૂં સમજીઆ. કેમ ધ્યાનમાં ઉતરેછ કે?"

"હા—"

વળી પાછી આલાં દાખલ થઇ. "તેહેમી માયજી બોલા વેચ."

"હા જા—હું જરાવાર રહીને આઉંછ. મારી વાત હજી પુરી થઇ નથી."

"કેમ જહાંગીર, શું ધારયું ?"

"મેં એમ ધારયું કે મારા વિશે તારા વીચાર એવા છે-તો હું ધારૂંછ કે આપણી ગોઠવણ તોરી નાંખીએ તોજ ઠીક પરશે."

"શાબાશ, હવે કેવું સાચ્ચું બોલ્યો ! હું પહેલાંથીજ ધાર તીતી કે સાચાં સામે ટકી શકે એટલું તમારામાં મીઠુંજ નથી પણ હું ધારતીતી તે કરતાં તું વધારે ગરધપ નીકળ્યો."

કાંઇબી જવાબ આપવા વગર જાંહાંગીર ધરધર નીચે ઉતરી ગયો અને કોઇને મળવા ભેટવા વગર બહાર પડયો. માયજી તેના જવાની વાતજ જોતાં હતાં. તેવણ ઓરડામાં ધસી આવ્યાં અને પગમાંની સપાટ કહાડીને તેહેમીના બરડા ઉપર સપાસપ ૧૨-૧૫ ફટકા ઝુરી કહાડયા.

પ્રકરણ ૧૧ મું.

ઘરમાં તો આ મુજબ બધું ધમસાન થઇ ગયું હતું પણ બચારા પીરોજશાના ગભરાટનું વર્ણન કરવું મુશકેલ છે. રાતના ભીખઇજી જમવાની ટેબલ ઉપર તેવણને ખાઇ જાય કે છોકરીને બગારીને ફોરીની કરી નાખીછ તે બધો વાંક તેવન નો છે. બીજી ગમથી પોતાની માનીતી તેહેમી આ પ્રમાણે

હાડમાર થતી તે જોઇને તેવણનો જીવ જળી જતો હતો, પણ કરે શું ? બચારા એ ગમથી કેસરી જમીને નાચાર થઇ ગયા હતા. જાંહાંગીર દેશાઇ સાથ ઉપલું રમખાન થયા પછી ચોથે પાંચમે દહાડે ભીખાઇજી સરેસતાના પોતાના કામ માટે જવાને બદલે સુવાના ઓરડામાં હમકયા કરે તે જોઇને પીરોજશા ચીંગામીંગા થઇને પડી રહયા. તેવણ જાણતા હતા કે આજે વળી કાંઇ નવું વીજોરૂં લાગવાનું છે.

ભીખાઇજી કાંશીયાં હાંસયાં પણ પીરોજશાના પેટમાંનું પાણી હીલે નહીં. આખરે ધરીઆણીથી રહેવાયું નહીં.

"ઓ વાય, શું થયું. ઓંજીઆની આંખબી કોહી જશે. કંઇ આએ પારસીમાં ઉંઘ ભરેલી છે. ઉજડડાં ગોહોર પરી ગીઆં ને હજુર ઉંઘજ ઉડતી નહીં, ચાલો ઉઠો મારા ભાઇ શાપુરજીનું કાગજ આયુંછ."

શાપુરજીનું નામ સાંભળતાંજ પીરોશા છલાંગ મારીને "હે કે ? એવણ શું કેહેછ."

— શાપુરજીને રાજી રાખવામાં પીરોજશાની મોટી ગણત્રી હતી. તેવણ હંમેશ શાપુરજી વીશે વાત કરે ત્યારે તેવણને "મારા ભાઇ, મારા ભાઇ" કરીને ગળે પડે. તેનું કારણ એ હતું કે અવારનવાર જસ તીજોરીમાં બરખત હોય ત્યારે શાપુરજી પાસેથી ~~તેવણ~~ બસો ચારસોની રૂમડી મુકાવી આવતા હતા. નાજાં પરણી ત્યારે શાપુરજીએ ૨૫૧ રૂપીઆની શેશ કરી હતી અને બીજી ચોખયારો પરણે ત્યારે વળી કાંઇ લાંબા ટુંકા કરવાનો ભીખાઇજીને ચાન્સ હતો. વળી છોકરીઓ મનમાં એમજ ખરબુજાં ખાતી હતી કે મામાનો એકજપુરો દીકરો છે તે વખતે તેમાંથી એકાદને નસીબે લાગી જાય. એ

લીધે બધી પોરીઓ મામા ઉપરથી ઓવરાઇ પોવરાઇ જતી હતીઓ. ત્યારે હવે સમજી શકાશે કે "મામાજી" ઉપર અધાંધર શા માટે હતાં.

"સાંભરોછ કે પીરોજશા, હમણા ભઇનું કાગજ આયુંછ તેમાં લખેછ કે એવણ કાલે બેલગામ જવા સારૂં મુંબઇ આવવાના છે તેથી બપોરના આપરે તાંહાં જમીને સ્ટેશનપર સધાવશે."

"જમીને આપરે તાંહાં?"

"ઓ વાય હારે. એમ છેકજ અકચ શા વરે થઇ ગીઆ? જરા મોહોનુ છાંટીને સુધલો ઠેકાણે રાખો."

"પણ શું કરૂં તે કેહેની? આવશે તો ભલે. એવણનાં પગલાં કાંહાં છે?"

"લે રાજા બોલ્યા ને દાહારી હાલી. મને ફ્રાર પરીને ધરકે જીવ જાયછ ને કેહેજે ભલે. ખાવાનું તો કરશું પણ પેલી રાન ધુનેગાર તેહમીનું કેમ કરશું? આપરીં સાથ જેમ ખરવાયાં તોરીઆં તેમ કંઇ એવણ બેવણ સાથ કીધું તો? એકતો ભઇનો મીજાજ દાધાબરીઓ છે ને આએ દુકતી તો કંઇ સમજતીજ નહી. બોલોની, સાધ્ર કાહાં રૂધાઇ ગીઓ?"

"પણ હું શું બોલું? એવણ આવે તેટલાં તેહમીને એક ઓરડામાં બંધ કરીએ તો કેમ?"

"ચાલ, અકકલ ઉતી તેટલી વેરી દીધી. એ કારમખી એવી છે કે ઠોકાઠોક કરી બારણાં ભાંજી નાખે."

"તારે તેમ નહી તો શાપુરજીભાઇને કંઇ ઉડાવનારો જવાબ મોકલીએ? લખીએ કે ઘેરમાં છોકરાંઓને ગોવરૂં આયુંછ."

"નહી-તેમબી નહી ચાલે, કેમજે જો ખરી વાત જાણે તો ફરીથી આપરૂં મોહડું નહી જોય. કંઇ બીજો ઉપાય શોધી કાહાડોની."

પણ બાવાજીનાં વીચાર શકતીનાં ઝાડ સુકાઇ ગયાં હતાં. આખરે માયજીનીજ શોધક બુધી જય પામી. તેવણે તોર શોધી કહાડયો કે છોકરાંઓને કહેવું કે મામાજી કાંઇ ઘણીજ ખાંનગી મસહલતને માટે આવે છે, માટે તેવણ આવે તારે બધાંઓએ દાંએ બાએ થઇ જવું. જો મામાજી પુછે કે છોકરાંઓ કાંહ છે તો કહીશું કે ફુઇને ઘેર વરસગાંઠ ખાવા ગીઆંછ.

તેહમી આ સઘળી ગોઠવણ મુગી મુગી સાંભળતી બેઠી. પણ તેણીએ ઠરાવ કીધો હતો કે આ સરગરદાન જુઠાણું ને ડગ વીદયા ચાલવા દેવી નહી.

પ્રકરણ ૧૨ મું.

'બધું. સંગ્રહસ્થાન મોતીબાગ તરફ ચાલતું આવતું હતું તે વારે દાદીબા પેલી કમબખ્ત સ્ત્રી આગળ ભોંય ઉપર ફસડાઇને બેશી ગયલો હતો. તેણીના ડાબા હાથમાંથી હજી જરા જરા લોહી જતું હતું. તે પોતાના રૂમાલથી જેમ તેમ બાંધીને જમણો હાથ તેણે પોતાની છાતી આગળ ધરયો હતો. દાદીબા બહુ ઉશ્કેરાયલો દીસતો કારણ કે તેના મનમાં એવોજ વખારો બેસી ગયો હતો કે આ ખુન માટે ઘણે ભાગે તે પોતે જોખમદાર હતો. તાણી તોડીને તેણે આ બચારી સ્ત્રીના

ઓળખ શોધી કહાડી હતી. પોતાના બાપ સાથ સરત લગાડીને નાહકની આ મુશ્કેલી તેણે એક પરાઇ સ્ત્રીને માથે આણી હતી અને નકકી તેણીના મરદનો ગુસ્સો અને અદેખાઇ ઉશકેરીને તેણીનું ખુન કરાવ્યું હતું. તોબાહ! તોબાહ! રાતે જમીને આવતાં તેણે જે ચીસ સાંભળી હતી તે આ લાઇલાજ સ્ત્રીનીજ હશે. આહ! પોતાના ખુનીઓના હાથમાં તે કેવી તરફડી હશે અને તેણીની મદદ માટેની ચીસ સાંભળવા છતાં હઈયાં ફુટો દાદીબા ઘર જઇને સુતો. અરે, જરા ચીત ઠેકાણે રાખ્યું હતે તો આ બાઇનો જવાન જીવ બચાવી શકતે. તે જો પાછી સજીવન થઇ શકતી હોય તો તે માટે દાદી અબ ઘડી પોતાનો જીવ આપે. એ મુવેલી હશે કે જીવતી? ઓહ, શું ચેહરો, શું સુંવાડી ચામડીનો રંગ, શું હોઠ ઉપરનો પરવાળાં જેવો રંગ.

આ સઘળા તુરંગ દાદીબાના મગજમાંથી પસાર થઇ જતા હતા. તેવામાં ધામધુમ કરતા શાપુરજી પોતાનું હાઉસન ઝાઉસન લઈ આવી પહોંચ્યા. ગોવીંદાને ધાંટો પાડીને માળપર જવાને હુકમ ફરમાવે પણ પોતે બંદા આગળ ફડકે નહીં કે પેલા પોરીયાઓ છુપાઇ બેઠા હોય ને એવણને સોલ્ટીન જમાડે.

ગોવીંદા, માળી તમે બધા ઉપર જાઓ. બાઇ માણુસોની તમે ફીકરના કરતા—હું કેવો છેઉં? હું કેવો છેઉં? હું એ લોકને બચાવશ. પેહેલાં બધા ઓરડામાં ફરીને જોજો કે કોઈ ભરાઇ બેઠેલું તો નહીં હોય.”

સર્વે ઉપર ગયા અને ગોવીંદાએ ખાત્રી આપી કે બધું સલામત છે ત્યારે શાપુરજી ને ગુલબાઇ ઉપર ગયા. ઓરડામાં

લોહી લુવાન પડેલી દીલશાદની આગળ દાદો ગુંટણુ ઉપર પડેલો જોઇ શાપુરજીની ગદગદી ગયા.

"બાવા, એ શું? અરે ખોદા! આએ કેઇ જાતનો ગજબ!"

"બાવાજી, મારૂં માથું હમણાં ઠેકાણે નથી. તમે ડાકટરને લાયાછ કે? આ બાહેને તુરત મદદ નહીં પહોંચશે તો એ નકકી પ્રાણ મેલી દેશે."

"અબ ઘડી આવશે. મેં ત્યારનો ગોવીંદાને મોકલ્યો તો પણ બેટા-એમાં આપરો શું ચારો?-તું નકામો તારા જીવને—"

"બાવાજી બસ કરો-હમણા નહીં-હમણા તો કામ કરવાનો વખત છે-જરા કોઇ બારીઓ ઉઘાડો ને એના દીલ પર પવન આવવા દેઓ-ઓ, ડાકટર કાહરે આવશે-ગુલબાઇ તમેબી આયાંછ કે? કાંઇ સુઘારવાનું સાથે લાયાં હો તો તે—"

"બા, જરા ધીરો થા. એમ બધાં અકરાઇ જશો તો નહીં ઉલતા હાથ ધ્રુજે. હું બધું લાવીછ."

આ વખતે ગુલબાઇએ એક સ્ત્રી જાતની સમય સુચકતાની સારી પરીક્ષા આપી. તેવણ દીલશાદ આગળ બેસી ગયાં અને તેના ગળાંનાં બટન કાહડી નાખીને સ્મેલીંગ સાલ્ટ સુંઘાડયું અને દાદીના હાથમાં પંખો આપી હળવે હળવે દીલશાદનાં માથાં ઉપર ચલાવવા ફરમાવ્યું.

ઠીક થયું કે ડાકટર બાપટીસ્ટા ઘરમાંથી તુરત બહાર જતા હતા તે પકડાઇ ગયા. આટલું વહેલું હતું તોબી અત્યારથીજ તેવણ સેહેજસાજ 'રોશન' હતા, પણ એકવાર

તેવણ એક પબ્લીક આસપીટલમાં હાઉસ સરજ્યન હોવાથી પોતાના કામમાં ખરેખર ઉસ્તાદ હતા. બાપટીસ્ટા ચાહતે તો આજે તો મુંબઈ જેવાં શેહેરમાંબી પાનસોથી છસોની પેદાયશ કરી શકતે, પણ બબ્બાની મોહકાણને લીધે તેવણ હાલને કાજ તો માહીમના માછીઓમાં માખ મારતા હતા. બચારાં કાછીઆં માછીઆં તે વળી બીમાર શાનાં પડે અને જરાતરા પેટમાં દુખે તો ડાકટરનો ધીચારો પીએ તેના કરતાં પેટમાં ચીરો પડે તેવો એ આંગળ એવડોજ ટપકાવેની. એણીમેર શાપુરજી તેનાં જીવેજાનના દોસ્ત. સાંજના ૭ વાગેથી જરા છાંટોપાણી શરૂ કરવાનું નાક ફાટ ફાટ થાય—એટલે તેવણ તો ખોદાબખશ ઘરાક !

પણ બાપટીસ્ટા ખરેખર પોતાના કામમાં હુશયાર તો હતો. આવતાને વાર તેણે બધાને આઘાપાછા કીધાં અને ગું-ટણ ઉપર પડી લોહીથી ખરડેલા ગાલ ખસેડીને જખમ કયાં અને કેટલો છે તે તપાસવા માંડયું. જરાવારે જખમ પકડાયો. બરાબર માથાંના તાળક ઉપર મજબુત ધીમકું અથવા બતો મારયો હોય તેવો જખમ હતો.

ડાકટર ગમ સર્વે ચકીત થઇ જોવા લાગ્યાં તે જોઇ બા-પટીસ્ટા બોલ્યો. "આએ રહયો જખમ, સુમારે પાંચ ઇંચ લાંબો છે. ભેજાંની ખોપરી દબાઇ છે. દેખાઇતું કાંઈ લોહડાંનું ભારી હથીઆર હોવું જોઇએ."

દીલશાદના હાથ ઉપર દાદીએ પોતાનો રૂમાલ વિટાળ્યો હતો. તે છોડીને હાથ તપાસીને બાપટીસ્ટા બોલ્યા "ગરીબ બચારી, જાંહાં છે તાંહાં પોતાના જીવ સારૂં બાથોબાથ લડી હોશે. જુઓને છરીથી એનાં આંગળાં કેટલાં જખમી થયાંછ.

અહીં વીંટીના ડાઘ છે પણ વીંટીઓ દીસતી નથી–એવણુ વીંટીઓ પહેરતાં હતાં કે?"

પીલસુમ નીકળી આવી "હાજી. હું પીલસુમ, મને ઓળખતા નહીં! ડાસતાંસ માછીની હું પોરી? મારી બાઇ તો સારો દીવસ પાંચ છ વીંટી ઘાલતાંતાં પણ રાતના સુતી વખતની એ વીંટી જનશુંકની પહેરી રાખતાંતાં–ઓ મારી બાઇ – ઓઓઓ."

"સબર–જો ગરબર કરવી હોય તો ઓરડાની બહાર જા. તુંને કંઇ આએ વાતની ખબર છે! તું શું ધારેચ, આએ તારી બાઇને કોણે મારી?"

"ડાકટર સાહેબ, હું શું જાણું. એ કામ પેલા ચંડાલ બીરામ અને તેના શેઠનું. બીજા કોઇનું નહીં હોય. એ લોકજ એનાં આંગળાંમાંની વીંટી ચોરીછ ને એ લોકજ મારીને નાસી ગીયાછ."

"ઠીક છે, આપરે જોઇશું. દાદીબા, તું પગ આગલથી ઉંચેક. હું માથું ઝીલુંછ. એને સોફા કોચ ઉપર સુવારીએ. પછી મારેથી બનતુ હું કરીશ. ચાલો હવે, ગુલબાઇ ને પીલસુમને મારી આગલ રાખો ને બધાં બહાર જાઓ."

ડાકટરનાં ફરમાનને તાબે થઇ સઘળાં બહાર પડયાં. દાદીએ પોતાનો રૂમાલ આંખે ધર્યો હતો. શાપુરજી તેને પસવારતા હતા.

"બેટા એમ નહી કરીએ. ઘણું નરસ થયું. પણ હવે બંગલાની તો માય મરી ગઇ જો. હવે તો પાણીને મુલે વેચી નાખવો પરશે."

પ્રકરણ ૧૩ મું.

ડાકટર બાપટીસ્તાએ દીલસાદના લોહીથી બંધાઇ ગયલાં પણ મરોડદાર ઝુલફાં કાપી નાખ્યાં અને ગરમ પાણીથી જખમો સાફ કરીને પાટા બાંધવામાં રોકાયલા હતી તેવારે શાપુરજી દાદીબા અને બીજાઓ બંગલામાં ખુણે ખુણાં શોધી વળ્યા. બંગલામાં મી૦ મેહેરબાન અને તેના બાનુ તથા બીરામ નોકર સીવાય બીજું કોઇ વસતું ન હતું. આ માહેથી મેહેરબાન અને બીરામ તો ગુમ થઇ ગયા હતા. શાપુરજીનું બંગલાનું ફરનીચર જેમનું તેમ હતું પણ મેહેરબાનના પેટી પેટારાની ધન નસલ ન હતી. ખાણાની મેજ ઉપર જમણના ખરડાયલાં વાસણ, એક અધુરી બ્રાંડીની બાટલી અને બે ચાર સોડાની ખાલી બાટલીઓ પડેલી હતી જે ઉપરથી જણાતું હતું કે આ પાપીઓ તળીઆંનું ટાઢું કરીને ગયા હશે. વધારે ખોળ કરતાં જણાયું કે તે લોકે દોડાદોડીમાં સઘળું પેકીંગ કરયું હશે કારણકે કાથાની દોરી ડામલાં આમતેમ પડેલાં હતાં. તબેલામાં ઘોડોગાડી પણ નહી હતાં અને દીલશાદનો માનીતો કુતરો તો આપણે જોઇ ગયા તેમ મુવેલો પડેલો હતો. ડા૦ બાપટીસ્ટા અને દાદીબા બંનેનું મત એવું હતું કે આ ચંડાલો નાહસી ગયા તે વારે તેઓના મનમાં નકી ખ્યાલ હશે કે દીલશાદ તો મરી ગઈ છે.

"પણ આ બધાંનો કાંઇ ભારી ભેદ હોવો જોઇએ. આવી એકાંત જગાએ એ લોક રહેવા આવ્યાં શા સારૂં? રાતોરાત આ પ્રમાંણે ગુપચુપ નાહસી જવાનું કારણ શું? પણ ધીર ધરો." શાપુરજીને સારો ખ્યાલ આવ્યો. "જી મહી

નાનાં ભાડાંનો ચેક બેંક ઉપર મેહેરબાને આપ્યો હતો તે બેંકમાં એનું ખાતું હશે તે ત્યાંથી કાંઈ બરાબર બાતમી મળશે. પોલીસને બોલાવ્યે ને વાત ચુંથાઇ જાય તે અગાઉ આ બેંકથી ખબર મેળવવાની જરૂર હતી." ખરી વાત એ હતી કે શાપુરજી બને તેમ ઢાંક પીછોડો કરવા માંગતા હતા કે રખેને ચાવાચીવી થાય તો મોતીબાગ માંથે પડે!

પણ આ વાત સાંભળતાંજ દાદીબાતો છીઝી પડયો. "બાવાજી, હવે તમુને શું કહુ ! બંગલાને કાંહાં દાળ દોંધીમાં નાખોછ? જારે તારે બંગલો બંગલો કરી હાય સોસારા કર્યા કરોછ તો શું આપરે એઉ જન છાતીએ બાંધીને લઇ જવાના છૈએ? શું તમારી પાસ રૂપરડી નથી? તમારે ગમે તો મારી પાસેથી દર માસે પચાસ રૂપીઆ લેજો પણ ખોદાને ખાતર આવી હલકી વાત ફરીથી મારી આગળ બોલતા ના."

બાવાજી તો આ ધડાકો સાંભળીને ખશીઆણા પડી ગયા. "અરે દીકરા, હું તો સેજ બોલ્યો—હું કાંહાં બંગલાને આગ લગારૂંછ?"

"પણ તમે કહેવા શું માંગોછ? આએ બાટને આવી રીતે મારી નાખવાની કોશેશ કરનારાઓની ભાલ કહારવાની વધારે અગત છે કે બંગલો ભારે આપવાની? એ વાત કંઇ છુપી રહેવાની છે? કાંલે મુંબઇના પેપરોમાં તો જરૂર આવશે ને ઉલટી આપરી ઉપર તવાઇ આવશે કે આપરે પોલીસને ખબર કેમ નહીં આપી. વાસ્તે મારૂં માનો તો હમણા ને હમણાં વાંદરાના પોલીસ ઇનસ્પેકટરને કેહવડાવો કે આપરે માંથેથી જોખમ ઓછો થાય."

"તું કહેછ તે વાતબી મારા ધ્યાનમાં ઉતરેછ બેટા. હું

તો એમ ધારતો તો કે બાઇ જરા હુશીયારીમાં આવે તો એનાથી કંઇ બાતમી મેળવીને પછી જે કરવા ઘટે તે કરીએ. અરે ખોદાય. બચારાં આએ મકાનપર શું પણોતી બેઠીછ."

"હા બાવાજી તેમજ છે. મારૂં માનો તો ધાસ ભરીને ફુકી મુકો."

આ વાર ડાકટર બાપટીસ્ટા દાખલ થયા.

"કેમ ડાકટર, બચારી કેમ છે? બચશે કે?" બેઉએ પુછયું.

"હા હું ધારૂંછ કે જો બરાબર માવજત થાય ને તાવ નહી ચહરે તો વખતે બચેબી. પેલા નાપાકોએ એનાં તાળકુ ઉપર મજબુત જરબ લગાવી એનું ખુન કરવાની તજવીજ કીધેલી જણાયછ પણ ખોપરી તદન ભાગી નથી. એનો બાંધો સારો છે તેથી મને આશા રહેછ કે વખતે સારી ટરન લેબી. પણ હું જે પુછવા આયોછ શાપુરજી, તે એ કે એને શું અહીંજ રાખવા માંગોછ કે?"

હજી તો શાપુરજી જવાબ દે તે અગાઉ દાદીબા અકળા ઇને બોલી પડયો "નહી—અલબતાં નહી—"

હવે શાપુરજી વમાસણમાં પડયા "પણ—તારે કાંહાં? એ કંઇ રમતની વાત છે. આપરે કેમ જોખમ લઇએ?"

પણ બાવાજી, જરા વીચાર તો કરો. આએ બંગલામાં એકલી આવી હાલતમાં નાંખી તો જવાય નહી. સમજો કે આગળ કોઇને રાખ્યેબી, તોબી એ સજ્નગરૂ થાય તારે પોતાના ખુનની જગા જોઇને એ તો દેવાની થઈ જાય તેનો તો જરા દરીઆફ્ત કરો. એની જગાએ આપરે હોઇએ તો કેમ કરીએ?"

આ ઠેકાણે ડાકટરેઓ તાપસી પુરી. "હા, શાપુરજી, તમારો બેટો કહેછ તે મારા ધ્યાનમાંઓ ઉતરેછ. આ નાચાર ઓરતને બચવાના ચાંન્સ થોડા છે પણ જે થોડા ઘણાઓ ચાન્સ છે તે એને અહીં આએ કંગાળ જગામાં રાખી જવા થી જતા રહે. એને જો કંઇબી "શોક" લાગો તો તેમાંથી એ બચે નહી. એક ડાકટર તરીકે હું મારા પેશન્ટને અહીં રાખવા સાફ ના પાડુંછ."

"બાવાજી આપરે એને હાલ તુરત આપરે બંગલે લઇ જઇએ. એ બચારી આવી હાલતમાં કાહાં જાય? એનું કોણ છે? આપરે એનાં ઘરવાળાં છઇએ એટલુંજ નહી પણ એના સર્વેથી નજીકના પરોશી છઇએ અને જો આપરે એવા વખતે મદદ નહી કરીએ તો લોક થુથુ કરે."

ડાકટરની નજર આ વાર પેલી અધુરી બ્રાંડીની બાટલી ઉપર હતી. તેવણે તે ઉંચકી જોઇ, હીલવી જોઇ ને પાછી ટેબલ ઉપર મુકી.

"ખરી વાત છે શાપુરજી. દાદીબા લાખ રૂપીઆની વાત કહેછ." આમ બોલી ડાકટરના હાથ વળી પાછા પેલી બાટલી ગમ વળ્યા આખરે જીવ નહી રહયો એટલે એક ટાંસ મારીને ગલાસ બે.એક જેટલો કાચો બ્રાંડી અંધારી કોટડીમા હેરવી દીધો.

શાપુરજી ફફડી ચટકી રહેલા હતા તેવણ બોલ્યા 'તમે બધાંને શું છે? દીકરાજી આજે ધર્મી દાતાર થઇ નીકળ્યાછ ને કાલ ઉડીને ચાલી જશે. બધી બલા મારે માથે આવીને પરશે. પાછો કંઇ ખરચનો વીચાર કીધો? એક બે દાહારા હોય તો શમજ્આ; પણ આએ તો લંબાણ થવાનો સોદો છે."

"ખરી વાત છે" વળી પાછું ડાકટર બાપટીસ્ટા મોહ નુછતાં બોલ્યા. જાણવું કે એક બીજી ટાંસે તેવણે પેલી બાટલી પુરી કીધી હતી.

"ખરી વાત છે–તમે કેહોછ તેબી ખરૂં."

શાપુરજી જરાવાર વિચાર કરી હવે બોલ્યા 'જુઓની ડાકટર. કોઇ નાચાર બેચારને મદદ કરવી એતો ધરમનું કામ છે. ને તેમાં હું કાંઇ ખાંડીઓ જાઉં તેમ નથી. પણ એક પારકી જ્ઞાતની જુવાન જમાન –ઓરત, ને તેબી વરી પરી જેવી ખુબસુરત ઓરતને ઘેરમાં લઇ જઇને રાખયે તો લોક શું બોલે? એ કોણ છે કાંહાંથી આવી, આએ બધા એની સાથ વારા કોણ, ને નાહસી કાંય ગીઆ એ બધું જાણીઆ જોયા વગર આપરે કેમ એને ઘેરમાં રાખીએ?"

"બાવાજી, તેનો હું જવાબ આપું" દાદી કરગરીને બોલ્યો. "એ બાઇના ઉપર એક કમકમાટ ઉપજાવનારો ગજબ પડયોછ. એતો તમો જાણોછ કેની? એ બચારી છોકરવન જેવી એકલી ચેખલી ઓરતનું કોઇ મદદગાર નથી. એબી તમો જુઓછ કેની? લગભગ મુવેલી હાલતમાં પડેલી આપરે એને પેહલવેહલી જોઇને માણસ તરીકે આપણી ફરજ નથી કે એક માણસને મોહોતમાંથી બચાવવું?"

આ પ્રમાણે બોલી દાદીબાએ પોતાના પીતાની દાઢીમાં કાકલુદીથી હાથ ઘાલ્યો. હવે શાપુરજી બધી વાતે તો ખંધા હતા અને રૂપીઆને બે વાર સુઘીને ઉંચો મેલે એવા હતા પણ પોતાના સોહામણા એકપુરા દીકરા ઉપર તેવણ જાનફેશાન હતા. દાદીને માટે તેવણ મગરૂર હતા. દાદીના બાપ તરીકે પોતાને ઓળખાવવા તેવણ સદા મગન હતા. ત્યારે જ્યારે

દાદીઆએ ભીણી આંખોએ દાઢીમાં હાથ ઘાલ્યો ત્યારે શાપુરજીથી ટકાયું નહીં.

" હઇઓ રાસકલ! તું તારા ગરીબ બાપને ઓળખેછ. દાદી દાદી, નરી આબાદ જાણે મારી કાપી હુંબી નાહાલો ઉતો તારે તારા જેવોજ પટામણો ઉતો. બચ્ચાજી તું કોણુને શીખવેછ? આએ ખુબસુરત પરી જેવું પતંગીઉં હોવાને બદલે કોઇ પેંગી ડોંગી ઘરડી ખખ ઓરત પડેલી હોતે તો પડોશીનો ધરમ ને દયા સઉ યાદ આવતે કે? હેં! ડાકટર, ડાકટર, જો મારૂં માને તો કોઇ દહારે પણુતો ના. નહી તો આવા દુકતાઓ ઘેરમાં ફરી વળ્યા કેની તો તે લોક આપરા બાપ—સમજીઆ કે?"

પ્રકરણ ૧૪ મું.

શાપુરજી મામા વાજતે ગાજતે મુંબઇ આવ્યા અને બેહનને ત્યાં બપોરનાં ડીંગરવાનું કબુલ કીધું એટલે જાણે તેવણે તો બેહનના કુટુંબપર દુધના ઘડા રેડી દીધા. હું કહેવા માગું છું કે શાપુરજી પોતે તો મનથી એમજ સમજતા હતા. હવે ભાઇજી આવવાંના એટલે બેહનજીએ શેઆની આલાને ચેતવી મુકી હતી કે "અમે હોલમાં બેશીને વાત કરીએ ત્યારે કોઇએ આવવું નહીં ને કોઇને આવા દેવુંબી નહીં. જો કોઇ સું કે ચાં કરશે તો જીવથી મારી નાખીશ.

શાપુરજી મામા રૂશીઆના ઝારના દમામથી હોલમાં બેશીને બેહન બનેવી સાથ સટાકા હાંકે છે, આયા તેવણુને

પવન નાંખે છે, બીખાઇ બેહન ઈઝીચેર પર તકીઓ ગોઠવી ને ભાઇને ફુલનજી કરવામાં રોકાયલાં છે તેટલાં ભુંડી તેહેમીના પોતાની બેહનો સાથે સુવાના ઓરડામાં ગોંધાયલી હતી તે ઉઠી. આલાંએ તુરત હાથમાંનું સીવવાનું મુકી દીધું અને આડી પડી.

"કાંહાં ચાલી તેહમી ?"

"જમવાના ઓરડામાં."

"તું જાણતી નહી કે માયે તાંહાં કોઇને જવા ના કહયુંજ? મામાજી ને બાવાજી ને માયજી તાંહાં કાંઇ ઘણી ખાનગી વાતમાં રોકાયલાં છે તેથી હમણાં તાંહાં નહી જવાય."

"હું એમાંનો એક બોલ માનતી નથી. મનેબી મામાજી સાથ કંઇ ઘણી અગતની વાત કરવાની છે."

આ પ્રમાણે બોલીને તેહેમી જવા કરતી હતી પણ આલાં બારણાંને અઢેલીને આડી ઉભી અને તેહમીને કહયું "તારેથી નહી જવાય."

એણીમેર તેહમીના દીલમાં શું શેહેતાનં ભરાયો હતો ને આપણે હવે પછી જોઇશું. તેણીએ પાસેજ એક પીતળનો બતો પડેલો હતો તે પકડયો અને તે વડે બંધ બારણા ઉપર એવા તો ફટકા લગાવવા માંડયા કે આખો મોહોલો જાગી ઉઠે. પહેલાં તો આલાં ગભરાઇ પણ તેહેમીએ જબરી ઠોકાઠોક ચાલુજ રાખી. બાહારથી કોઇના દોડી આવવાનાં પગલાં સંભળાયાં એટલે લાઇલાજ થઇને આખરે આલાંએ બારણું ઉઘાડયું.

"તું મરી જાય એમની એમ! મારે શું? ફેરં તારૂં

માથું. આજે મામાજી ગીઆ પછી રાતના તારી શું વલે થાયછ તે જોજે."

તેહમીએ પોતાનો અંગુઠો નાકે લગાડીને આંગળાં હલાવ્યાં અને સરભોગ જમવાના ઓરડા ગમ ચાલી મામાજીએ અરધીક બાટલી શેરી વાઈન ઉપર અત્યારથીજ પાદસ તો ફેરવી હતી અને ખુશમીજાજમાં હતા.

'આપરે, છેતે—પીરોજશા ભઇને કેહું જે, મેહમવેરથી મોટોરમાં આયા પછી એક ગલાસ જરા વાઈન ઠીક લાગેછ હું કે?"

એવામાં તેહમી દાખલ થઇ તેને જોઇ મામાજી વીચારમાં પડયા કે આએ બેહનની છોકરી કે બેહનની વહુ તેવણ પોતાના સગાં વાહલાંઓને બરાબર ઓળખતા ન હતા. બાવાજી તો ફગલાઇ ગયા ને માયજી કાંઇ ધાંધલ ધુંધલ કરીને પાટલો ફેડવી નાખવા ઉઠયાં. તેવણ તેહમીને મોટે સાદે કેહેવા લાગ્યાં "દીકરા, હમણા નહી–જરા પછી બોલાવશ, હમણા અમુને ઘણું કામ છે-(પછી હળવેથી દાંત પીસીને તેહમીના કાનમાં) અત્તર ઘડી કારૂં કર નહી તો પછી પીખી નાખશ."

મામાજી આ ટાંકણે બેવકુફીથી વચ્ચે પુરાયા, તેવણ જરા ડાહેલા થવા ગીઆ. "બેહન, રેહવા દેની, એ બચારી શું આપુને નરેછ? આપરે છે તે, તારૂં નામશું માય? વરી છોકરી નાજાં તુંજ કેની"? મને તો ચેહેરોજ યાદ નહીં રેહેતો. અહીં આવ ને મામાજીને ઘણે દહારે જરા મળતો ખરી."

કમબખત બીખાઇજી! હવે શું કરૈં! ગળે ગાંઠ મારીને શું ધંડાકો થાયછે તેની રાહ જોતાં થોભવા વગર છુટક નહી.

તેહેમીએ ધીમેથી પણ ઘણી સંભાળથી મંડાણ કીધું. મામાજી આગળ જઇ પહેલાં તો શેંકહેન્ડ કીધી અને બોલી "મામાજી, તમે કેમ છેઓ. મારૂં નામ તેહમી, મારી ઉમર એકવીસ વરસની છે અને વડી બેહન નાજાં પછીની હું છેઉં તમારાં બેહન મારાં માય થાય ને આએ એવણ બેઠાછ તે મારા બાવાજી ને તમારાં બેહનના વર થાયજી."

"તેહમી-તેહમી" માયજીએ ડોળા કકડાવ્યા.

મામાજી જરા ખળભળાટમાં તો પડયા પણ હજી હસતું મોંહો રાખી બોલ્યા "અરે કંઇ નહી રે, એમાં શું. કોઇ બચાંનો જીવ હરયો કેરયો હોય. મને તો બોલકણું છોકરૂં ઘણું ગમે એણે ટનકા કરયા તે ખરા છે. વાંક મારો છે. હું મામા જેવો મામો થયો ને નામ વીસરી જાઉં તો પછી એમજ તો. પણ હુંબી શું કરૂં? ૫૦ ભત્રીજા અને ભાણેજ પરયાં તે બધાંને કહાં યાદ રાખવા જાઉં?"

'હાજી, લાખ રૂપીઆની વાત કેહી' અત્રે પીરોજશા બનેવીએ તાપસી પુરી.

માયજીએ જોયું કે આએ વખત જરા ઠંડુ પાણી રેડવા નો છે એટલે તેવણે પોતા તરફથી વધારયું :—

"ઓ વાય, એવણુતો જીભરૂ એટલુંબી યાદ રાખેછ ને અમસાં પોતીકાને પુછેછ—બાકી હું તો એવણ થાને ચાર ચા સની વધારે વીસરભો છેઉં. ઓ મરૂંરે ભઇના થનાપરથી! ખોદાયજી તમુને હજારો વરસ અમારાં ને બચ્ચાંઓના માથાં ઉપર જીવતા રાખે ને અમારા સરના ઉવા લેઇને જીવો-મરૂં". આ વાર તેહેમી મામાજીની પાસે ખુરસી લાવીને બેઠી અને તેવણુ ગમ તગર તગર જોઇને બોલી "મામાજી, તમારી યાદ-

દોસ્ત શકિત સારી હોય કે માઠી તેની સાથ અમુને શું કામ છે? પણ હું તમારી હીમત ઉપર એક રીતે આફ્રીન કરૂંછ-એ તમુને કીઆ માસ્તરે શીખવ્યું?"

"કાંય દીકરી શું?"

"નમારાજ કેહેવા પ્રમાણે હું જારે દાખલ થઈ તારે હું કોણ છેઉં તે તમે ઓળખતા નહી હતા. તારે તમારા મનમાં એમ તો ખરૂં કેની કે હું કોઈ બાઇ માણુસ છેઉં? ને તે છતાં તમે પગ ઉંચા કરીને એ મલાહજે બેશી રહયા, એ કેઈ માસ્છીમારની ઇસકોલમાં શીખી આયા?"

શાપુરજી મામાએ એકતો અરધી બાટલી શેરી પીધેલો અને વળી 'મરૂં-ધરૂં'ના વરસાદથી છલકાઇ ગયલા તેમાં બીજું તો અસલથીજ જરા બુધવારના વાંધા એટલે તેહેમીનો આ રોહોંસો બરાબર સમજ્યા નહીં અને ઘુવડની પેઠે બેહન બનેવી ગમ ડોકાં ફેરવ્યા કીધાં. તે બન્નેને ડધાયલાં જોઈ મામાજીએ વિચારયું કે છોકરીને જરા લેકચર આપવાનો આજેજ વખત છે, જરા આપરો દરેરો એનેબી તો બતાવ્યે.

"કેમ બુચીમાય, કંઇ આજે ઘણાજ રંગમાં છેઓ વડડા મામાજી ડેકરી કરવાતો બેઠાંછ કે-હે?"

"જી-તમારી ભુલ છે. કુદરતે જે તમુને કીધાછ તે ઉપર હું કંઇબી ટીકા કરૂં તે ફોકટ છે. સારૂં થયું જે તમે મને જોઇને ખુરશી ઉપરથી નહીં ઉઠયા. કાંય જે તમે ઘણા બતકા છેઓ તે ઉભેલા કરતાં બેઠેલા જરાબી જણાઇ જાઓછ, ને તમારી ઉમરબી હવે ભરાઇ ગેઇછ તેમાં તમે હમણાં શેરીનું નખોદ વાળ્યુંછ તે બધું જોતાં માથે લોહી ચહરી જાય-તેનો બી વીચાર રાખવો જોઇએ."

અવાખશે પશેમાન ! માયજીએ ખોદા પાસે મન સાથ ઘણીબી દોઆ માંગી કે તેહેમીનો આ ભાંગરો મામાજી હસવામાં કહાડી નાખે–પણ દાદારજીએ આં માગણી સ્વીકારી નહીં. મામાજીએ ઘણાબી ડાવકા ને ચતુર દીસવાની તજવીજ કીધી પણ પસીનો પસીનો થઈ ગયા અને મીજાજ ખોઇ દઇને બોલ્યાઃ—**બેહન, છોકરાઓને આવી તાલીમ આપો છો કે !**

માયજી બોલ્યાં "તેહેમી તું ઉઠી જા. મામાજીને ખાધા પીધા પછી એવું હસવાનું ગમતું નથી. તું બધાં સાથેજ હરી ફરી થવા માંગેછ પણ જરા મોટાં નાહાલાંનો અંદાજો રાખીએ-ઉઠ અહીંથી."

પણ તેહેમી બંદી એમ ઉઠ કહેતાં ઉઠે તેવી કાચી ન હતી. તે ડાવકા સાદે બોલી. "હું આએ બધું બોલી તે કંઇ હસવાનું કરવા નહી. મામાજી દારૂ ઘણો પીએછ ને એવણની ગરદન ટુંકી છે તેથી એવણ મોટો જોખમ ખેંચેછ. બધા જણ એવણનું મોહનું રાખવા સારૂં કંઇ કહે નહી તે સારૂ મારેબી ચુપ રહેવું જોઇયે એવી કંઇ ખાસ જરૂર નથી. જુઓ હમણા એવણ કેવા લાલ મધરડા જેવા થઇ ગીઆછ. સાહઠ વરસ પછી એતે કંઇ સારૂં છે? મામાજી, જરા ધીરજથી સાંભળો. હું મારેથી બનશે તેમ તમને નરમાસથી સમજાવશ. સાચું બોલજો–તમારી દોલત કેટલી કહેવાય?"

માયજી તો અકરાટને મારે કાંસવા લાગ્યાં અને બાવાજીને ગભરાટને મારે અતરસ આવી ગઇ. મામાજીએ બહુજ ગંભીર ચેહેરો કરવાની તજવીજ કરી જે જોઇ તેહેમી જરા હસીને બોલી.

"મામાજી, એમ નાટક ના કરો પેટમાં જે હોય તે બોલી દેઓ."

"હું કેવા માગુંછ કે છોકરી તું હદ બહાર ફાસ જાયછ; પણ તું એમ કરીને તારા પોતાના ભવીશને કેટલું નુકસાન કરેછ તેની તુને ખબર નથી. મારી દોલત હજારોની હોય કે લાખોની હોય પણ—"

"જરા થોભો તોપ નહી મારીએ—અં પછી ?"

"પણ તેમાંની એક પઇ મારી એક સગી ભાણેજ જે મને મારાં મોહોના પર ઇનસલ્ટ કરે તેને મળવાની નથી. તેમજ એ ભાણેજના માય બાપ કે ભાઇ બેહનોએબી કશી વકી રાખવી નહીં."

અત્રે માયજી ઉઠયાં.

"બેશી રહે, ભીખાઇ. આએ નાદાન બદામ જેટલી છોકરી ને એકલે હાથે હું પુરો પરવાની તાકાત ધરાઉંછ. એ પીસ્તું મારી આગળ શું બીસાદમાં ?" મામાજી ખભરી પડયા.

તેહમીએ હવે આગળ ચલાવ્યું "તારે મામાજી તમારી દોલત કેટલી તે કેહવા તમે ના પાડોછ ? પણ તમારી દોલતની ગણતરી કીધાં સીવાય તમારી બીજી દરકાર અમુ લોકને શું છે ? માયજી ધારેછ કે તમારી પાસ બે લાખ છે ને બાવાજી તે દાહાડે કેહતાતા કે એ બધી ગપ છે. તેવણના વીચાર પ્રમાણે—"

"ચુપ—બેવકુફ છોકરી" બાવાજીએ ધાંટો કાહાડી ડોળા કકડાવ્યા.

પણ તેહમીની જાણે બલા.

"તેવણના વીચાર પ્રમાણે તમારી પાસે ઘણા ઘણા તો—તીસ હજાર હોસે ને બાકી બધું પોકળ છે."

"તારૂં સત્યાનાસ થાય તારૂં–હું કે દાહારે એમ બોલ્યો? જુઓ રે આએ જુઠડી છોકરી" બાવાજીએ ગભરાઇને બચાવ કીધો.

પણ હવે મામાજીનો સ્ટીમ છેક બાઇલીંગ પાઇન્ટ ઉપર ચહડયો હતો. તેવણુ કડવું મોહ કરીને બોલ્યા "આગ વગર ધુમાડો હોય નહીં. તમે લોકે મારી દોલતની નકફી ચકચાર કીધી હોશે તારેજ આએ દુકતી આટલું આટલું બોલેછ કેની?"

"અરે નહીરે શાપુરજી ભઇ–એ તો નાપાક જુઠી લુતરી છે." પીરોજશાએ બચાવ ચાલુ રાખ્યો.

માયજી બોલ્યાં. "વાય, ભઇજી, તમે અમારી ઉપર આટલી મેહેરબાની રાખો ને એવણુ તમારે સારૂં એમ બોલેબી?"

"હોશે." શાપુરજી મામા કાંસી બોલ્યા.

અહી નાટક શમાપત થતે પણ તેહમીએ હજી પુરૂં કીધું ન હતું. તે વળી બોલી.

"ને તે દાહારે માય બાવા તકરાર કરંતાંતાં કે તમેં વરસ દાહારે છોકરાંઓ સારૂં દોહોરસો રૂપડી મોકલોછ તેમાં નવાઇ શું થઇ? એટલાં ઉપરનો તો તમે અહીં આવીને અવાર નવાર વીહીસ્કી પી જાઓછ."

"હું? અરે–"

પણ બાવાજીને બોલતાં મામાજીએ અટકાવ્યા 'જરા મુગા રેહો–મને તમારો ખુલાસો જોઇતો નથી. દાંત કચકચાવીને "બોલ તેહમી–પછી શું વાત થઇ? માયજીએ શું જવાબ આપ્યો? આજે બધો ભરમ સાચેસાચો બહાર આવેછ."

"માયજી બોલ્યાં કે બે ચાર બાટલી વીહીશ્કીને શું શેકો તાણીએ? કોઇ દાહારે વરી દુખે સુખે હાથ ઓરવાતો કામ આવશે."

"ઓ માય આવો—જો ગુનેહગાર જુઠડી! હું કાહારે એમ બોલી?"

"હું લાખ રૂપીઆની ઢગલી મુકે તો જુઠઠું નહી બોલું. વરી તમે એમબી બોલ્યાં કે જારે હોસે તારે શું બધું દુકતા નેજ આપી જશે કે? એવણ અહીં પરીઆ પાંથરીઆ આવેછ ને આપરે ઘસાઇ જઇએછ તેની તો જરા શરમ કરશે? પણ ચાલો હવે બસ. મામાજી તમારો હવે મરવાનો વખત આ યો એટલે જરા સુધરો તો સારૂં."

"ઓ—ઓ—મરેરે તું બોલતી—

"ચુપ રેહો બધાં જન—પછી તેહમી?"

"તમે એક તો છેઓ કાગરાની પાંખ જેવાને બાલને કલપ કરીને કોણને દેખારવા જશો? શું કંઇ બીજુ ઘેર બેર કરવાની મરજી છે કે? તમો ઘેરમાં કોઇ તમારી સગીને કારભારણ રાખોછ ને તે સારૂ ગામનું લોક ઠીઠી કરેછ તો હવે એમબીને એમબી તેની સાથે કાંય નહીં ગોઠવાઇ જતા? બાકી આ પ્રમાણે ઘેરનો કારભાર ચલાવવો ઘણું શરમભરયું છે. હવે સાહેબજી. હાલ તો એટલું બસ થશે—પણ મારી સલાહ માનો. જુઠું કોઇ દાહારે બોલવું નહીં—સાહેબજી—મામાજી."

મામાજી તો જાણે જાણુતા નહી હોય તેમ ઇજીચેર ઉપર આંખ વીંચીને પડી રહયા હતા. પીરોજશાહ સમજ્યા કે એવણનો જીવ બગડી આવ્યો છે તેથી લાગલા ઉઠીને ટંબલર ભરીને પાણી તેવણુનાં મોહ ઉપર છાંટયું. ઝપકી ઉઠીએ

મામાજી બોલ્યા "મારા સાહેબ, બેવકુફ છેઓ ?"

તેહેમી હસીને બોલી "શાબાશ—જુઓ સાચ્ચું બોલવાની હવે કેવી શરૂઆત થઇ—હુરરે."

પ્રકરણ ૧૫ મું.

ડાકટર બાપટીસ્ટા ભારોભાર હતા એટલે હવે જવા ઉઠયા અને નકકી કરતા ગયા કે કમબખ્ત દીલશાદને ઉપાડીને શાપુરજીના બંગલામાં લઇ જવામાં આવશે. અલબતાં શાપુરજીને આ વાત કાંઇ ઘણી ગમી તો નહી પણ બેટાના આગ્રહ આગળ નાચાર.

"એનું ખાનું ખરાબ થાય એનું ! કોણ કહેશે કે આજે બેસતું સાલ."

દાદી બોલ્યો, "બાવાજી તમે એમ બળાપો ના કરો. આજના જેવા મુબારક રોજે એક પુનનું કામ કરવું એના જેવું સવાબ બીજું શું હોય ? ખાવા પીવાનું તો રોજનું મળેછ પણ તે પરવરદેગારે આપરા ઉપર આવું સવાબનું કામ કરવાની નવાજેશ કીધી તે સારૂં આપરે તો તેનો બાર બાર શોકરાના કરવા જોઇએ."

"તે હું બધું સમજુંછ—પણ આએ ઓરતને લઇ જશું કેમ ?"

"બાવાજી તે મારૂં કામ છે. તમે ખસતા રેહો. હું બધું આસાનીથી પાર પાડશ."

આટલું બોલી દાદી કામે વળગ્યો. પોતાના બંગલામાંથી એક ધોલકી મંગાવી અને તે ઉપર સુજનીઓ પાંથરીને બે-ભાન દીલશાદને સંભાળથી ઉંચકીને ઉપર મુંકી. નોકરો ધોલકી ઉઠાવવા જતા હતા તેટલાં પીલસુમ શાપુરજી આગળ જઇ પુગે લાગી અને રડતી આંખોથી બે હાથ જોડી અરજ ગુજારી કે તેણીનેબી તેણીની શેઠાણી સાથ જવા દેવી.

"જુઓ શેઠ સાહેબ, હું એક પૈસો પગાર માંગતી નથી. કાંઇ વધ્યું સધ્યું ખાવાનું હોય તો આપજો ને હું તમારૂં સારાં ઘેરનું કામ કરશ. મને મારી બાઇ સાથ આવવા દેઓ."

શાપુરજીએ જવાબ દીધો "છોકરી, એમાં મારૂં કામ નથી. બાઇ ગુલબાઇને પુછી જો. તેવણ હા કહે તો મને પોતાને કાંઇ અડચણ નથી."

ગુલબાઇબી ગણત્રીવાળાં હતાં. તેવણે જોયું કે આ નવી પીડા ઘરમાં આવી છે તે કાંઇ જલદીથી પતે તેવું નથી ને ઉઠવેઠ કરતાં બરડાની બેવડ વળી જશે; માટે આવું એક મફતનું કીઠણ હોય તો સારૂં. સારાંશ કે દીલશાદને ઉપાડીને ચાલ્યા તેની સાથ પીલસુમબી ગઇ.

શાપુરજીના બંગલામાં ઉપલે મજલે ફકત એકજ નાની બંગલી હતી તેમાં દીલશાદને લઇ ગયા અને તેણીને ઠરીઠામ કરવા પછી સર્વે જણ નીચે જમવા ઉતરયાં. વાંદરેના પંથકી અને તેમની ધણીઆણી તથા બે ખુબસુરત બેટીઓ, ડાકટર બાપટીસ્ટા વગેરેની પાર્ટી ઠીક હતી. સર્વે જમવામાં રોકાયાં હતાં એટલામાં પીલસુમ આવીને ડાકટરને એશારત કરી બોલાવી લઇ ગઇ. તેની પાછળ દાદીબી ભડકીને ઉઠયો. તેઓ બીમારનાં ઓરડામાં દાખલ થયાં અને જોય છે તો દીલશાદ

આંખ્યો બંધ રાખીને બકવા લવવાનું કરતી હતી. તેણીનો ચેહરો લાલ થઇ આવ્યો હતો અને ડોકું ડાબી જમણી ગમ હલાવીને તાસવીસ કરતી હતી. દાદી હળવેથી આગળ ગયો. તેનાં પગલાં સાંભળીને દીલશાદ ચીસ પાડી બોલી ઉઠી.

"મને ના મારો, જીમી! હું તારી વાત કોઇને નહી કેહુ. મને જવા દેઓ—બીરામ—દુર રહે—મારી આગળ"ના આવતો—

બીરામનું નામ બોલતાં દીલશાદ થર થર ધ્રુજતી જણાતી હતી.

દાદીએ ડાકટરનાં કાનપર પડી કહયું "ડાકટર, જો એમને એમ ચાલશે તો એ મરી જશે. કાંઇબી ઉપાય કરોની!"

ડાકટરનો દારૂ હવે બધો ઉડી ગયો હતો. તેના કપાળ ઉપર ચીંતાની કરચલી ફરી વળી હતી.

"પીલસુમ, તું જરા એને પુછી જોની. વખતે તારો સાદ ઓળખે તો એનાં દીલની બીક દુર થાય."

પીલસુમ જે પહેલાંથી આગળની આગળ હતી તે બીછાના આગળ ફસડાઇને બેઠી અને પોતાની બાઇનો પાટા બાંધેલો હાથ પકડીને આંખમાં દાબ્યો. "ઓ બાઇ, હું તો પીલસુમ છેઉં. મને ઓળખતી નહી? તું બીહીના, હું તારી આગળ છેઉં."

પીલસુમનો સાદ તેણીને કાને પડતાંજ ધ્રુજરાં બંધ થયાં અને દીલશાદે પોતાની આંખો ઉઘાડી. પોતાની માનીતી દાસીને જોતાંજ તે તેણીને વળગી પડી અને બુમ મારી ઉઠી."

"ઓ પીલસુમ! ચાલ, ચાલ, આપરે કેથે નાહાસી જઇએ. જો, વખતે પેલાઓ પાછા આવશે. એ લોક તો એમ

સમજીઆછ કે હું મરી ગેઇ. પણ જો મને જીવતી જાણે તો તે, જરૂર પાછા આવે. ચાલ ચાલ, આપરે કેથે છુપાઇ જઇએ."

આ પ્રમાણે બોલીને દીલશાદ પોતાની દાસીને ગળે એવા ચીવટાઇથી વળગી રહી કે દાસીથી હીલાયબી નહી. પણ આ દેખાવ દાદીથી વધારે વાર તામોશ થઇ શકયો નહી. તે આગળ આવ્યો અને નરમાસથી બોલ્યો.

"બાઇ, તું શું કામ બીહેછ? અમો સઘળા તારી આગળ છઇએ ને હવે તુને કોઇ ઇજા કરનાર નથી."

પણ દાદીને જોઇને તો તે વધુ ઉશકેરાઇ "તું? તું અહી? અરે નાહાસી જા, નાહાસી જા! તુંને અહીં જોશે તો જરૂર પેલાઓ તારો જીવ લેશે."

"નહી—નહી—દીલશાદ—જરા ધ્યાન ઠેકાણે રાખ. તું કંઇ ફકર ના રાખ."

હવે દીલશાદ જરા સુધીમાં આવી. "મેં સપનું જોયું કે શું? અરે અરે? કેવું જાલેમ સપનુ. જાણે એ લોક મને મારી નાખવા આવ્યા હતા. ઓ જાણે મેં કેવી ચીસ પાડી ને પીલસુમને હાંક મારી પણ કોઇ આયું નહીં. પીલસુમ, મને ઘણી બીક લાગેછ. તું આગળની આગળજ રહેજે. એ લોક પાછા આવે તો બારણું ના ઉઘાડતી. પેલો બીરામ બોલ્યો તે મેં કાને કાન સાંભળયું કે એને હવે જીવતી રખાય નહી."

"પણ કોણની મગદુર છે કે અહીં આવે. તું હીમત રાખ, અમે અહીંના અહીંજ છીયે."

દાદીએ ધીરજ આપી, પણ ફોકટ. દીલશાદ પીલસુમને

વળગી તે છોડે નહી ને જરા જરામાં ચીસ પાડે કે "બારણું બંધ કર, મારી નાખશે—એ આયા."

ડાકટર બાપટીસટા ઘણા અકળાયલા દીસયા. "જો આ હેબત એને જલદીથી છોડશે નહી તો એ નકી મરી જશે" તેવણે ખાનગી મત આપ્યું.

પ્રકરણ ૧૬ મું.

વાંદરેના દસતુરજી પોતાના ખટલા સાથ વીદાય થયા પછી શાપુરજી હળવે બંગલીપર ગયા અને બીમાર સ્ત્રીની ચીસ અને ફરીઆદ સાંભળી લાકડાં જેવા થઇને ઉભા રહયા. દાદી બીછાનાં આગળ ગુપચુપ ઉભેલો હતો અને દીલશાદ પીલસુમને ગળે વળગીને બડબડયા કરતી હતી.

"મારી આગળથી ખીસતી ના—એ પેલો બીરામ કબટની પછવાડેથી ભરાઇને જોયછ. એ જીમી, જો તારે પગે લાગું. એ મને મારી નાખેછ. હું કોઇ આગળ નહીં બોલું. મને બસ અહીંથી જવા દે."

શાપુરજીબા તો આ શબ્દો શાંભળી જુદીજ રીતે ધબકયા. તેવણુ ખરેખર વીચારમાં પડયા કે પેલા ચંડાળો છરી કટારી લઇને ખરેખર અહીં પાછા આવે તો?

"એનું ખાનુ ખરાબ થાય એનું! કાંહાંની કાંહાં આએ બલાગત મેં માથે હોરરી? ગુલબાઇ, ગુલબાઈ—"

"જી–જી–આવી મરૂં." આમ બોલી ગુલબાઇ સાડીનો

છેડો માથે ચહડાવતાં ચહડાવતાં આવી ચઢયાં.

"ગુલબાઇ, તારીબી અકલ કીઆ ચનાવાળાને તાંહાં વેચી આવી! મોટી ઉરસા જેવી થઇને એટલીબી સમજણ નહીં રાખી? મારી ભુલ ભાંજીએ કેની? હવે આએ પીરા આપરાં ઘેરમાં મરી જશે તો શું કરશ?"

"જી તમે તો કહેતાતા કે એ લોકને તો તમે ઓરખોછ ને ઘણાં સારાં મનીખ છે."

"હા પણ હું શું જાણું? મને તો પેલા મેહેરબાને કહયું તે મેં તમુને કહયું. છ મહીનાનો ચેક ધમ દઇને છાતીપર ફેંકી દીધો તારે આબરૂદાર માણસ નહીં તો બીજું શું? પોતાની ઘેરની ગારીમાં ધમ ધમ કરતાં આયાં ને સાથે ચાકર નફર ઉતા એટલે આપરે શું જાણયે કે અંદર ખાને શું પંચાતી હોશે?"

બાવાજીનો આ દહવારો સાંભળીને દાદી બહાર નીકળી આંવ્યો—અને નાક ઉપર આંગળી મુકીને આશને બોલવાની ઇશારત કીધી.

"બાવાજી, જરા ધીરજ ધરો. મેં આજે બેંકને લખીને આ ધણી વીશે વીગત મંગાવીછ ને પોલીસ સુપ્રીનટેનડંટને ખબર આપીછ. તે લોક હમણા આવી પુગશે. આએ બચારી અભાગણી સ્ત્રી હમણા તો આએ ને પેલી ધરથીની વચમાં છે–પણ જો જીવવા પામશે તો વધુ વીગત આપી શકશે."

આટલું બોલી દાદાબા પાછો સીક ઓરડામાં ભરાયો અને શાપુરજી નીચે ગયા પણ તેવણના પેટમાં જીવ ન હતો કે રખેને સોફા કાચ નીચે કોઈ ભરાઇ બેઠેલું હોય. જરાવાર અકરવકર કરીને તેવણે ગુલબાઇને કંઈ કામને મસે હાંક મારી.

"ગુલબાઇ—મકુંજે, બરીઓરે આજનો દાહારો."

"ઓ હારે વાય. તમુને મદઇને કોઈ મારતે તો હું શું કરતે? એ તો તમે આજે ઉતા તો અમુને બધાંને કેવી હીમત આવી. મરૂં રે તમારી ઉપરથી, આખર કરે ને માટીડાની વાતજ જુદી.'

"અંહંહં—અંહંહં—હવે આએ બાઇને લાયો તે ઠીક કીધું કેની, હેં?"

"ઓ હારે, જી આપું. આજે તો જે કરે તે વધતું. આજે તો કોણુને ગરજ પડીછ કે પારકી બાઇને એમ ઘેરમાં ઘાલીને સારવાર કરે."

"અં હં હં—હેં હેં—છે તે કરીને લઇને, ગુલબાઇ, આ પરે પાર પરોશી ને માય બાપ, ગરજની વખતે મદદ કરવાની આપરી ફરજ છે. પણ ઘણાં દાધાબરયાં લોક—"

"પણ શાપુરજી—જી નરાઈ તમુને—પણ તે એ કામ પેલા મુંવા પંજાબીનુંજ હોશે. પીલસુમ કહેતીતી કે આએ બીચારીના દીલપર ઘણી જણુસ ઉતી તેને થકીજ મુવાંએ એને ઠાર મારેલી."

"તે ખરૂં—પણ એનો વર, પેલો મેહરબાન ઉતો કેની?"

"કોણુ જાણે, તે બહાર કહરાયો હોય તેટલાં મુવાએ પોતાનું કારૂં ઘોરૂં કીધું હોય—મેં સાંભળ્યું કે પોતાની બઇરીને બંગલામાં એખલી રાખીને મુવો ઘણી થતો ઘરી ઘરી બબે ચાર ચાર દાહરા બાહાર જતોતો."

"ગુલબાઇ—તેં બરાબર નેમ બાંધી. જાંહાં છે તાંહાં મેહેરબાનની ગેરહાજરીમાં આએ કામ થયલું છે. ખરેખર

હવે મને યાદ આવી. એ રાસકલ બીરામે પીલસુમનેબી રાતનાં ઘેર કાહારી મુકી. વખતે પીલસુમને પુછ્યે તો કેહશે કે મેહેરબાન ઘેરમાં ઉતો કે બહાર ગીએલો ઉતો. જરૂર તે આવી પહોંચશે ને આએ બધી વાતનો ખોલાસો થશે. ગમે તે થાઓ પણ આપણે આપરી તો ફરજ બજાવવી."

"ઓ, ખોદાયજી—આએ પારસી માણુસ છે કે કોઇ ફરેસ્તો ! મારા જી લઇને સો વરસના થજો મરૂં. તમારા જેવા તો એક હજાર એક પરાધમાંથી એકબી નહીં મળે. તમારી છાતી કે છાતો ?"

"પણ ગુલબાઈ, એમાં જરા દાદીનીબી હીમ્મત ઉતી ખરી. હું તો જરા પહેલાં ગંગેટાયો પણ દાદીબાએ ઘણી જીદ કીધી."

"ઓ દાદીબાપરથીબી ઓવરાઇ જાઉં રે—દીકરો તમારોજ કની." આમ બોલી ગુલબાઇ સાડીનાં છેડાથી આંખ નુછવા લાગ્યાં.

શાપુરજી ઉઠયા અને ગુલબાઇનો બરડો પસવારીને તેવણુને દીલાસો આપવા લાગ્યા "લે ચાલો હવે બસ. આપરે બધાંએ આપુરી ફરજ બજાવવી જોઇએ. તું એમ કરશે તો કેમ ચાલશે. ઘેર કોણ તપાસશે ?"

"હું મુંઈ—શાપુરજી તમારા વરેતો મારૂં જીવતર છે. હું શું ઘેર ચલાવતીતી ? દાદીબાનું નામ લેઓછ તારે મારો દીબો ભરાઇ આવેછ એ તો મારાં પેટના ફરજન કરતાં આલે છે. એનું દીલ તો બચાંના જેવું છે. જેવા બાપ તેવા બેટા. જાણે જાણે જાણે નરો બીજો બાપ !"

"અહંહં ! હા—જરા તેમ છે ખરૂં—એ જરા ઉંચો છે,

બાકી નરી જાણે મારી કાપી !"

"ખરેખાત. તે દાહરે મંચેરદારૂ સીપલાસનાં ડોસીબાઇ મળવા આયાં તેવણ તો કહે જે ઘણો ગરવો ને મજાહનો છોકરો છે. મેં કહયું જે એના બાપ એના કરતાં સરસ છે."

દાવકા શાપુરજી હવે સમજ્યા કે હવે નાટક આટલાથીજ અટકવો જોઇએ. એટલે બે ચાર બવાચી બાઇને પોહેરવા સીધારયા. પણ તેમ કીધા અગાઉ સઘલાં બારી બારણાં પોતાને હાથે બંધબસ્ત કીધાં.

પ્રકરણ ૧૭ મું.

શાપુરજીબાની સાકી બાકી કહાડીને તેવણને તેહેમીનાએ મેહેમ વીદાય કીધા તે બાદ ભીખાઇજી અને તેમના ધણી પીરોજશાહ નો સ્ટીમ કેવો ચઢી ગયો હશે તે વર્ણવાનું મારૂં કામ નથી. સારૂં ઘેર અભાગણી સાચાં બોલું તેહેમીના પર ખફા હતું. સરવે આમ ધારતાં હતાં કે એ નાપાકે અમારા ઘરમાં આવતો લાખ રૂપીઆનો ઠગ ખરાબ કીધો. બચારી બીજી બેહેનોના દાદી સાથ પરણવાના સ્વપના સઘળાં હવામાં ઉડી ગયા. પણ એ ઉપરાંત મમાને બીજી વાતનો ધસકો પડ્યો હતો. તેહમી આ પ્રમાણે ચસકી ગઇ છે ને ફાટું ફાટું બકે છે એવી વાત જો ગામમાં ફેલાઇ તો વાત કરતાં માણેકબાઇ નીંદાખોરી અને રતનબાઇ રરકંડાઓ લઇ ઉઠશે કે "ભીખાઇજીની છોકરીઓ તો ચરેલી છે ને તેમાંની એકને તો મેડ-હાઉસમાં લઇ ગીઆ !"

એ પ્રમાણે જો ગપાતો ઉડે તો પછી છોકરીઓ કાચી કુમારી માથે પડે. વાસતે ભીખાઇજીએ પોતાના ઘણી છોકરાઓને સખ્ત તાકીદ કરી કે આ વાતનો જરાબી સંસારો ઓળખીતાં પાળખીતાં ઓમાં કરવો નહીં તેવણ બોલ્યાં "જુઓ છોકરાંઓ. એ દુકતી હમણા જરા એમ કરેછ, પણ એ બધું ઇસટીરીઆ છે. થોડા દાહરામાં પાછી ઠેકાણે આવી જશે. પછી સાજી થશે ને જાણશે કે શું કીધું તો ૨રી બરીને અરધી થશે. વાસતે તમારે પોતાને થકી કેહુંછ કે કોઇ આગળ વાત કરતાં ના."

નાનો ભાઇ ફૂલી બોલ્યો "પણ એ એમ અમારાં મોહોનાં પર અમારીજ ઢીંગ કાહરે તે અમે શું સાંભરીઆ કરીએ કે, વાહ!"

"હા દીકરા. જાણે એમજ સમજશું કે એ નાદાન છોકરીનું જરા ઘક ખીસી ગીયુંછ. એ જેમ કરે તેમ કરવા દેજો ને જે બોલે ચાલે તે પર ખુબ ધ્યાન રાખજો. હવે તો મને એની ઘણી દયા લાગેછ."

માયજીનો આએ કાયદો ઠીક રીતે ચાલતે પણ નાની બેન સુનાએ બધો ઘાણ બગાડયો. જાણી જોઇને કે કોણ જાણે શા કારણથી તેણીએ તેહમી સાથ એક જુદીજ વલણ અખત્યાર કરી. તે હવે જયાં તેહેમી જાય ત્યાં પુઠે જાય, જયાં તેહેમી બેસે ત્યાં બેસે અને તેનાં ખભાં ઉપર હાથ મુકીને જાણે બચચાંને પુસલાવતી હોય તેમ પુસલાવે. નાના ભાઇઓ ઠીઠી ઠાઠા કરે તેઓને ગાંગરીને મુગા રાખે અને બોલે કે "જોતા નહી, બેહનના જીવને સારૂં નથી તે?—જરા ગરબર ઓછી કરો, નહી તો તેહેમીના માય ગુસો કરશે—ઇત્યાદી."

તેહમીના સુવા જાય ત્યારે સુના આગળ બેસીને પંખો નાખે ને બારીઓ વાંકી કરીને પંરદા તાણે અને આબાદ એક દીવાના માણસને પટાવી સટાવીને કામ લેવાનું હોય તેમ સુનાએ અતેરૂં કરવા માંડયું. પણ એણીમેર આપણી બાહાદુર તેહેમી હતી. આ બધા ઢોંગને તુરત પામી ગઇ અને વીચાર કીધો કે મફતનો પવન ખાવાનો મજે છે તો જરા ફારસ ચાલવાજ દીધામાં કાંઇ ખોવાનું નથી. તેણીએ હવે સુનાના ઉધરા લેવા માંડયા, એક દાહડે બપોરના તેહમી લેટેલી છે અને સુના આગળ બેસીને પંખો નાખે છે તેનો લાભ લઇ તેહેમી બોલી.

"બસ—પંખો નથી જોઇતો—પગ ચાંપ—ઉઠ બેસ કર."

બચારી સુનાએ આ બંને હુકમ બજાવ્યા અને તેહેમીને આગ્રહ કરવા લાગી કે "મારી માય કરૂં—ચાલ હવે પોહોરી જા, બે દાહરામાં સારી થઇ ઉઠશે."

તેહેમા હસીને બોલી "રાંન ગધેરી, કાંય તારાં અમથાં વરસ વેચેછ? જરા આરશીમાં તારૂં મોહોનું જો. જાણે ચીનાઇ વાંદરો. હું ધારૂંછ કે પારસણોમાં સઉથી હીનાયલી છોકરીનું એકઝીબીશન કરવામાં આવે તો તુને પહેલો ચાંન મળે"

પણ બધું ફોકટ. સુના તો બસ. એમજ સમજવા લાગી કે તેહમી મેડ થઈ ગઇ છે એટલે "મારી માય કરૂં, પોહોરી જા" કરીને પટાવ્યા સીવાય બીજો મારગ જોયો નહી.

એણીમેર જાંહાંગીર દેશાઇએ આવવાનું મુકી દીધું તે માટે તેહેમી પોતાના બીછાણામાં છુપી રીતે કેવાં ખરે મનનાં આંસુ પાડતી હતી તેની કોઇને ખબર ન હતી. એક સાચી બઇરી સાથ પરણવાને તે દેખાતી રીતે બીતો હતો અને તેણે હળવેથી સગાઇ તોડી નાખી હતી તેથી તેહેમીનો



તેડમા હસીને બોલી ગન ગયી [illegible] તારા [illegible] નરમ [illegible]
જરા આરસીમા તારું માનુ [illegible] નાના [illegible]

(પાનુ [illegible]૪ મુ

જીવ બળીને ખાક થતો હતો. તેમાં વળી સુના અને બીજાં-ઓએ આગમાં તેલ રેડયું એટલે ભીખાઇજીએ જે વકી રાખ્યા હતી તેથી ઉલટોજ મામલો બન્યો. તેહેમી ઉલટી ઉશકેરાઇ અને રંગપર ચહડી. "આજે જે હું બધું કરૂંછ તે કાંઇ ખાલી ધખારો નથી પણ સવાબનું ખોદાપસંદ કામ છે એમ બધાંને દેખારૂં તોજ હું ખરી" એવા તેણીએ સોગંદ લીધા. "બસ મુંબઇ શેહેરમાં જાંહ જવાય તાંહ માથું મારૂં ને ગવરનરથી તે કામન ભીખારીનેબી સાચ્ચું બોલવા શીખવું નહીં તો મારો જીવ આપું."

કયાં જાઉં કયાં જાઉં, એમ ઘણો અંદેશો કરીને આખરે તેહેમીએ ઠરાવ કીધો કે "એક દહારો લેડીઝ કલબ માં તો ડાકું ઘાલીએ—જોઇયે તાંહ શું રચના થાયછ."

આ કલબમાં જાત જાતનાં લોક આવતાં હતાં. બીચારી કોઇ આખો દહારો ઘરમાં પાપા થાપે અને સાંજ પડેને તીલીના સાડી પેહેરીને જાણે કેવાક ઘરનાં બગીચામાંથી નરતાં ફુલ તોડીને નીકળ્યાં હોય તેમ લેહકા કરે. જેણે બાપ જનમમાં રમત ગમત જોયલી નહીં તે હાથમાં બેટ લઇને "કેમછેઓ—કેમ.છેઓ" કરી માંથું ઝીંકે. આખી મંડળીમાં વીસ પચીસ બાનુઓ આવે તેમાં ચાર તડાં!

તેહેમીએ ઠરાવ કીધો કે સાચું બોલવાનો અખતરો તપાસવાની જો કોઇ ખરી જગા હોય તો તે આ કલબ છે. તેથી એક દહાડો લાગ જોઇને ભાઇ બેહેનોની નજર ચુકાવીને ત્રામ ગાડીમાં સરકી ગઇ. કલબ ચાંટરોડના એક કુશાદે મકાનનાં ત્રીજા મજલા ઉપર હતી. આ બાનુઓ દર સોમ અને ભરે-સપતવારે મળતી અને તેઓ જાહેર કરતી કે ગરીબ ગુરબા-

ઓને કામ અપાવવાનું પુનનું કામ કરવાની તેઓની મુખ્ય નેમ હતી. કલબનાં કરતાં કારવતાં પ્રેસીડંટ બાઇ કુંવરબાઇ દાવર હતાં. બીજાં મેમબરોમાં પાસેના દારૂવાળાનાં દીનબાઇ, ધનજીભાઇ પલીડરનાં ધનબાઇ અને તેમનાં નણંદ ગુલબાઇ, લીમજી લીલાંઉવાળાનાં સાકરબાઇ, ડાકટર સોરાબજી સનેપાતનાં પુતળીબાઈ, અને બીજી અફલાતુન માણેકબાઇઓ અને ખરશેદબાઇઓ ચાર પાંચ હતી—જેમની ઝેરી જબાં કાતરની માફક ચાલતી હતી. દાખલ થતાંને વાર તેહેમાએ જોયું કે "આહ! અહીં મજાહ પડશે ખરી."

પ્રેસીડંટ કુંવરબાઇ દાવર તેહેમીને ઓળખતાં હતાં એટલે લાંબા હાથ કરી આવકાર દીધો અને માએજી, ભાઇ, બેહેનોની ખબર અંતર પુછી. પછી ટીકા કીધા કે ખાલા હાથે આવવા કરતાં કાંઇ સીવવા ભરવાનું લઇને આવવું હતું, કાંયજે આએ કલબની નેમ ગરીબોને સહાય થવાની હતી. તેહેમીએ જવાબ દીધો—

"કુંવરબાઇ, હું ધારૂંછ કે હવે તમારી ઉમર જોતાં તમે આએ હંબગ માંડી વાળો તો સારૂં."

આ ન ધારેલો ધડાકો સાંભળીને કુંવરબાઇ તો લાકડાં જેવાં થઇ ગયાં અને બીજાં બધાં ડઘાઇને એક બીજાનું મ્હોં જેવા લાગ્યાં.

"જુઓની કુંવરબાઇ માય, હું કંઇ અહીં ખાલી સીફારસ કરવા આવી નથી. હું તો જે હોશે તે ખરેખરૂં બોલશ. તમે પારકાઓ પાસેથી ફંડો ઉઘરાવીને અહીં અડવાડયાંમાં બે વખત મળોછ ને ચાહે બીસ્કીટનો ધાન કહાડોછ તે મને જણાવશો કે કેટલા હજાર સદરા તમે લોકે સીવ્યા ને કેટલા લાખ વહેંચ્યા?

ફંડમાંથી તમે આઠ જન મળીને ઘણા તો ૮ દહાડે ૧૬ સદરા સીવ્યા હોશે. ગામમાં તમે સીવારો તો એક રૂપીઓ સીલાઇ થાય ને એણી ગમ સમે તો આઠ દાહરામાં બે વખત આવીને બે દજન કેક ચાંપી ગીઆં તો તેમાં ગરીબ લોકનું શું દલદર ફીટયું ? વરી આએ મારનું ભાડૂં તમે જાહેર લોકના પૈસામાંથી આપોછૂ ને લોકને સમજાવોછ કે તમે ધરમનું કામ કરોછ. હંબગ-બધું હંબગ."

મીજલસમાં ગભરાટ ! આ મંડળમાં હમાબાઇ નામે એક અતી નીંદાખોર સ્ત્રી હતી તે આ વાર ઉઠી આવી અને તેહેમીને દાબી નાખવાની મતલબથી બોલી "બધાં ચપો-એટલું બધું શું છે ? આટલી છોકરી આટલું આટલું શું જોઇને બોલેછ ? શું અમે બધાં સદરા શિવવા આવીએછ કે ? કોઇ ગલપટા ભરેછ; કોઇ મોજાં ગુંથેછ તે તારી આંખે દેખાતું નહીં કે ?"

તેહેમી ઠંડે પેટ બોલી "આહ ! મારી આંખે જેવું દેખાયછ તેનું અરધુંજ તમુને દેખાતું હોય તો હું ધરૂંછ કે તમારાં માંહેનાં અરધાં જણ કુવો પુરે. હમાબાઇ તમે તો મુંગાંજ રહેજો. તમારૂં કામ આએ ખુણાના બાજઠપર બેસીને લોકની નીંદા કરવાનું છે ને તેને લીધે ગામ તમારેથી ગાઉ દુર નાહસેછ તે તો તમે પોતે સમજોછ. એ તમારી મોહકાનને લીધે તો તમે ૪૫ વરસનાં થયાં તોબી એમનાં એમ કુવારાં બજારમાં ગોતાં ખાયા કરોછ. ઓ માય આવો ગલેબંધ ગુંથોછ ? વરી ભુખે મરતાં લોક હોય તેને ગલેબંધ ને હાથનાં ગુંથેલાં મોજાં શાનાં જોઇએ ? બચારાંને આએ દાહરે એક વખત પગ ધોવાના સાંસા તાંહ તમારાં મોજાં કોણ

પેહેરવા જવાનું ઉતું ? જાઓ હમાબાઇ જાઓ, તમારા નેતરના કોચપર તમારી નીંદ્રાખોરી પારલ્યામેંટ વાર જુવેછ."

હમાબાઇએ જોયું કે આએ આતશખાઉ છોકરી સાથ લંબાણ કીધામાં કાંઇ વળે નહીં એટલે "મરવા દેઓની, રાન મેટ છે." આમ છણકો કરીને વળી બીજા લોકોનાં ઘરભાજું મંડળમાં જઇ બેઠાં. તેહેમી હવે ઉઠી અને એક ટેબલ ઉપર ચાર સઇઓ પાંઉ; માખણ, ચાહે અને કેક બીસકોટપર પાદસ ફેરવતાં હતાં ત્યાં જઇને બેઠી. આએ લોકે ચાર વાગેથી સાડા પાંચ વાગા સુધીમાં એક સદરાની બોંહે શીવીને ગરીબ લોકોને સરગરદાન ઉપકારમાં દાબી દીધાં હતાં, અને તેના બદલામાં રેક જણે ફકત ચચ્ચાર લેમોનેડ અને અરધી ડજન મકરૂમ ખાધાં હતાં બચારાંથી ભુખે પેટે એટલું કામ કેમ થયું હશે? તેમાંની એક માણેકબાઇ સટાકની ઝીણી મુછ ઉપર માખણની લુગદી વળગી હતી તે ઉપર તેહેમીનું દીલ ચોંટયું હતું. આ ચાર નિર્દોસ સહીઓ કલબની એક આગેવાન મેમબર લેડી સપલજીની ઘોર ખોદવામાં રોકાયલી હતી.

મોહોડાંમાં પાંઉનો ડુચો દાબેલો હતો તે સાથેજ દીનબાઇ દારૂવાલા બોલી. રાન લેડી થઇછ તે અમથી ગચકાયછ? નાક તો જાણે આસમાન સાથ વાત કરેછ. માએ તો કોણ જાણે કેઇ અંધારી કોથરીમાં ચાતરી વણી વણીને મરી ગેઇ હોશે ને દીકરી આજે 'લાદી' થઇ નીકરીછ."

ધનબાઇ પલીડરે ટાહુકો પુરયો. "અરે ખરેખાત, પોતે તો જેવી જોઇએ તેવી ફુલકસુર છે ને દીકરીને જાણે શાહજાદી હોય તેમ કોઇ સાથ બાત કરવા દેતી નહીં. મરેરે, કોતકજ તો. પઇસા નહીં હોતે તો કોણ જાણે કાંહાં અનવઇ મરતે.

ગમે તેમ પણ હલકાં લોકજ કેની ? આજે પઇસા થયા તો શું થયું ?"

આ બોલનાર ધંનબાઇ પ્લીડર પોતે એક બબરચીનાં દીકરી હતાં—અને મરહુમ બાવાજી તો છેકના છેડા સુધી બાઇને ધાન બાઇને દાળ કરી કડછા મારવામાં રોકાયલા રહેતા પણ દીકરી સારે નસીએ કોઇ પ્લીડર સાથ ગોઠવાઇ એટલે તે વળી ખાનદાનની વાત કરવા બેઠી હતી જે સાંભળી તેહેમીનું તો ઘણુંજ કોહી ગયું.

સાકરબાઇ લીલાંઉવાળા હવે પાંઉ માખણ ચાવી રહયાં હતાં. તેવણે આગળ ચલાવ્યું "લોકો તો કહેછ કે બચારી બહાર તો લેડી સપલજી—લેડી સપલજી થાયછ પણ ઘરમાં તો એનો વર રાતના દારૂ પીને ધમોલા ઝીલાવેછ."

પુતલીબાઇ સનેપાત કાંઇ ખાંડયાં જાય ? તેવણે પોતા તરફથી વધારયું. "અરે માય, એ બધું બહારનું જોવાનું. કેહજે એ લેડી સપલજી એવી તો વહેમી છે કે દર બેસપત-વારે રંગારી મોહોલામાં કોઇ પીર છે તેને ફુલ ચહરાવવા ને મામાદેવી આગળ એક જોશી છે તેને પગે લાગવા જાયછ. કેહકે એક મહીનાંની વાતપર આએ પીરને મોતીની માલાબી આપી આવી ને તેપરથી એનો વર છેરાયો તે મારીને કકરા ભુકલા કીધા."

અત્રે ખરશેદબાઇએ નવું પ્રકરણ શરૂ કીધું. "તમે બોલી રહયાં, પણ હું નક્કી જાણુંછ કે આએ દુકતીને જો સાચવશે નહીં તો કોઇ દાહરે પારસીઓના નામને બટ્ટ લગ-રાવશે. કેહજે એ છોકરીના ઢંગ સારા નથી--પણ કોઇ આગળ બોલતાં ના જો—"

બધાં સાથે બોલી ઉઠયાં "અરે નહીંરે માય, શું અમે કંઇ નાદાન બચ્ચાં છઇયે?"

આ પ્રમાણે નાકે જીભ લગાડનાર માહેના એકેએક જણે ઘર જઇને તે વાત બીજા પચ્ચીસ જણ આગળ તેજ રાતે કીધી એમ હું સોગંદ ઉપર કહુ છું.

હવે તેહેમીએ જોયું કે થોડાં ઘણાને સંગ્રાહ મુકવાનો આ આબાદ વખત છે એટલે બોલવા જતી હતી એવામાં ધમધમ કરતી એ ઘોડાની ગાડી ઘર આગળ આવીને ઉભી. સઘળી ગરીબની દયા બેહનો ઢગલા થઇને બારીએ ટીંગાઇ જોવા લાગી. લેડી સપલજી આવી પોંચ્યાં હતાં. સઉએ સાડી ની સોડ ઝડપમાં ચહડાવી અને હાથમાં શીવવાનું લઇ લીધું. દાખલ થતાંજ મીસીસ કુંવરબાઇ દાવર દાદર આગળ દોડી ગયાં અને લેડી સપલજીને આબરૂથી લઈ આવ્યાં. લેડી સપલજી છાનના પોદરા જેવાં કાળાં મેસ હતાં પણ બચારાં ભોળાં હતાં. પુતલીબાઇ, ધનબાઇ, ખરશેદબાઇની સઘળી કંપની ડાહી ડોહરી થઇને લેડીની આગળની આગળ વીટળાયા કરે.

મીસીસ સનેપાતે સીપલાસ શરૂ કીધોઃ—"જી આઇસનાં ઘણાં લાંબાં છેઓ. અમે હમણા તમારીજ વાત કરતાંતાં."

"એમ કે? મરેરે. મારી તે શું વાત કીધી?" લેડી સપલજી સહરૂક સહરૂક ચાહ પીતાં બોલ્યાં.

હવે તેહેમી બહાર પડી "તે હું કેહુ. તમુને સાંભળવાની ઘણી મઝા પડશે."

લેડી સપલજીએ ફુક મારી મારીને ચાહ પીવાનું ચાલુ રાખ્યું પણ ખરશેદબાઇ ને માણેકબાઇએ તો જેમ તેમ દમ ઉંચો રાખી મેલ્યો.

"લેડી સપલજી"—તેહેમીએ શરૂ કીધું "તમે આયાં તે અગાઉ આએ બાઇ દીનબાઇ દારૂવાળા કેહતાંતાં કે તમારાં માય તો અંધારી ઓરડીમાં ચાત્રી વણતાંતાં—ખરી વાત?"

લેડી સપલજી તો કાંઇ બોલ્યાં નહીં પણ ડોળા ફાડીને જોવા લાગ્યાં કે—"હું કંઇ એમ બોલી નથી. બોલતી મરે, ચાલતી મરે," ઇતયાદી. જરા ગભરાટ નરમ પડયો કે તેહેમી બોલી.

"બધાં ચુપ રેહો—ને લેડી સપલજી, બીજું તો બધું રહયું પણ આએ બાઇ સાકરબાઇ લીલાંઉવાલા બોલ્યાં કે તમારો વર તો છાકટો છે. ને રોજ તમુને રાતના કુંડીપાખ જમારેછ—ખરી વાત? ને તમે સેવરા બાહમણને તાંહ જાઓછ ને ફુલ ચહરાવોછ—ખરી વાત? ને તમારી છોકરીની ચાલ સારી નથી ને કોઇ દાહરે પારસીઓને નામોશી લગારશે એમ આએ ખરશેદબાઈ બોલી—ખરી વાત?"

"તદન જુઠી." હવે લેડી સપલજી ઉઠયાં. હોલમાં કલાબકાર થઇ ગઇ. સરવે કહેવા લાગ્યાં કે "તેહમી તો ઘેલી થઇ ગઇ છે ને લરાવી મારેછ." સરવે મરાઇ છુંદાઇને છુટાં પડયાં અને બીજે દીને ગામમાં ઘરેઘેર વાત ઉડી રહી કે પીરોજશા વીવીંગ માસ્તરની છોકરી બચારી એકાએક મેટ થઇ ગેઇછ. કેંહજે પરમ દાહરે સાંજના એકાએક ગ્રાંટરોડની કલબમાં ધુસી ગેઇ ને તાંહ લેડી સપલજીને ધબ્બો મારયો ને એક બાઇને કડડી ને કેહજે બારીએથી ભુસકો મારવા ગેઇ તેટલાં બધાંઓએ પકરી લીધી !!!

પ્રકરણ ૧૮ મું.

માળપર સુતેલી કમબખ્ત દીલશાદની ચાસો આખરે મોટી રાતે ત્રણેકને સુમારે જરા ડપટ પડી. તેણી પીલ્લુસુમને વળગી રહી હતી તે હાથ હવે આસ્તે આસ્તે ઢીલા પડવા માંડયા અને છુંદાયલાં છરાયલાં અને લોહીમાં ગગરતાં આંગળાં હવે બીછાના ઉપર શાંત પડી રહયાં. કોચની પછવાડે ખુરશી મુકીને ડાકટર તથા દાદી તદન ચુપાચુપ બેસી રહયા હતા. આખરે ડાકટરે વાંકું વળી હળવેથી કહયું--

"જો એ જરા રતી ઉંધમાં પડે તો કદાચ એને બચવાનો ચાન્સ રહે. પણ જો પેહલી રાતના થયું તેમ પાછું થશે તો કલાક બે કલાક ખેંચતાણ કરીને બચારી ચાલી જશે."

ડાકટરનાં આ મત પછી બીમારના ઓરડા માહેનાં ત્રણ જણ કેવાં મુગામંતર દમ ઉંચો રાખીને બેઠાં હશે તે વિચારવું સહેલ છે. તેઓ એમ સારી રવેશે જાણતાં હતાં કે બીછાનાપર પડેલી સ્ત્રીનો જાન ફકત એક ઝીણી દોરીથી લટકી રહેલો છે. થાક અને ચીંતાને મારે પીલ્લસુમની આંખ વીંચાઈ જતી હતી–પણ ગરીબડી નીમક હલાલ કોલણ પોતાને જાગૃત રાખવા થકી અવારનવાર પોતાના હાથને ચમટાં દેતી હતી. અને દર પાંચ દશ મીનીટે મોંહ ઉપર પાણીના ફટકા મારતી હતી.

પણ રફતે રફતે દીલશાદનો ઉંઘમાં ઘોરવાનો મુબારક સાદ તેઓને કાને પડયો. તેણીનો ચેહરો જે ધાસ્તીને મારે ખેંચાઇ તણાઇ ગયલો હતો તે હવે પાછો શાંત થઇ અસલ

રંગ રૂપ ઉપર આવવા માંડયો. તેણીના ડોળા જે ફાટ ફાટ થતા હતા તે ઉપર ધીમે ધીમે પાપણના ટોપચાં બંધ થવા લાગ્યાં અને હોઠ જે સુકાઇને છોડાં જેવા થઇ ગયા હતા તે ઉપર પાછી ભીનાસ સાથે રતાશ આવવા લાગી. ડાકટર હવે ખુશી થતા જણાયા અને તે ખુશાલીને મારે નીચે ઓરડામાં જઇને આખું ટંબલર કાચો બ્રાંડી સેહેજ સુંધી આવ્યા.

દીલશાદ પાંચેક વાગતા સુધી ખુબ નીંદરામાં પડી; પણ હવે સહવારૂં પડવા માંડયું હતું એટલે તે ઉંઘમાંજ હળવે હળવે કાંઇ બડબડતી હોય એમ જણાયું. સઘળાં જણ ચુપચાપ થઇને કાન ધરીને સાંભળવા લાગ્યાં. દીલશાદની આંખો હજુ બંધ હતી પણ તેના મોહમાંથી ભાંગાતુટા શબ્દો નીચે મુજબ નીકળતા સંભળાયા :—

"આહા-દરીઆની છોળ–ડોળા કેવા બલુ છે–કેવો આ-ફીસર જેવો ને કેવો માયાળુ!"

દાદી—દાદી—તારા–મોંહ ઉપર એકાએક આમ રતાશ શા કાજે ફરી વળ્યો? બચ્ચા નાડ ઠેકાણે રાખ. તું સારી રવેશે સમજી ગયો છે કે દીલશાદ આવી રીતે બેઅખત્યાર સ્થીતીમાં તારે માટે બોલે છે.

થોડીવારે વળી પાછી દીલશાદ શાંત પડી અને ઉંડી ઉંઘમાં પડી હોય તેમ દીસવા લાગ્યું પણ આ વાર દાદી જોય શું કે પીલસુમ ભોંય ઉપર ફસડાઇને બેસી ગઇ હતી અને જાણે બેભાન થઇ ગઇ હોય તેમ દીસતું હતું. દાદી તુરત ઉઠયો અને પોતાનો અને આ રાંક ગરીબડી ચાકરડી વચ્ચેનો ફરક ભુલીજઇને તેણીને કમરમાંથી પકડીને ઉઠાડી અને પોતાની બેહન હોય તેમ તેણીને બહાર લઇ જઇને ખુરસી

ઉપર બેસાડી અને એમ થવાનું કારણ ઘણી માયાથી પુછ્યું. હવે તેને ખબર પડી કે પીલસુમે ગઈ કાલનું સહવારથી મોહ ઉપર અન્ન પાણી મુક્યું ન હતું અને તેને લીધે તેનો જીવ બગડી આવ્યો હતો. દાદી નીચે દોડયો અને ઝપાટામાં પોરટ વાઇનનું એક ગલાસ અને આઠ દસ બીસકીટ ઉપાડી લાવ્યો અને આગળ ઉભો રહીને પીલસુમને ખાવાની ફરજ પાડી. ગરીબતો ખરી પણ સાચ્ચી અને નીમકહલાલ કોલણ દાદીની મમતા અને માયાળુ લાગણી સમજી ન શકે એવી બોટ ન હતી. બીસકીટ ચાવતાં તેણીની આંખમાંથી ઉપકારનાં આંસુ ગળી પડતાં હતાં. પીલસુમ હુશીઆર થવા પછી દાદાએ જીદાજીદ કરીને ભોંય ઉપર બીછાનું કરી આપીને સુવાડી. તે એટલી થાકી ગઇ હતી કે જેવું માથું જમીનસે લાગું કે ઘરાઘર ઉંઘવા પડી. એણીમેર ઈઝીચેર ઉપર ડાકટરજી અરધાં ટંબલરની ખુમારી ઉતારતા હતા. દાદી એકલો સારી રાત જાગતો બેઠો. તેના ડોળા બીછાનાપર પડેલી સ્ત્રીના ગોરા ચેહેરા ઉપર ગોયા ચીટકી બેઠા હતા.

સહવારૂં પડયું અને ઓરડામાં તડકો આવવા લાગયો તોબી દાદી ત્યાંથી ઉઠે નહી. વાર જોઇ જોઇને ગુલબાઇ બારણા આગળ આવ્યાં અને દાદીને બહાર બોલાવીને ગાંગરવા માંડયો.

"બા, એ શું તમાશા? મદઇને કંઇ વીચી આવશે તો તારા બાપ મારી ઉપર ઝારનાં ઝાર તોરી પારશે. ચાલ ઉઠ મારો દીકરો કરૂં. જરા મોહોનું છાંટીને ચાહેનો ગોટ પી ને પોહોરી ઉઠ. હું અહીં બેસુંછ."

દાદીએ પહેલાં તો અડ કાધી પણ કુદરતની આગળ

માણુસ જાતની શક્તિ લાઇલાજ છે. તે તદન થાકીને લુસ થઇ ગયલો હતો અને દીલશાદ ખરેખર ઉંઘતી હતી તે જોઇ ને તે પોતાના ઓરડામાં ગયો અને કપડાં બુટ સુધાંજ બીછાનાપર પડયો કે તુરત ઉંઘી ગયો.

બપોરના એ એકને સુમારે તે ઝબકીને ઉઠયો--અને જોય છે તો બાવાજી બીછાના આગળ ઉભેલા હતા.

"દાદી-એ શું ઢોંગ માંડયાછ? તારૂં કહયું માનીને આએ બલાને આપરા ઘેરમાં લાવવા દીધી તારે કની? એ વાગા બે. હું કયારનો અકરાયા કરૂં ને તું--"

"બાવાજી, અબ ઘડી ઉઠયો, તે કેમ છે?"

"ઠીક છે. બાપટીસ હમણાજ કહી ગયા કે તેના વિચાર પ્રમાણે એ બચી જશે. પણ એમાંથી સારૂં નથી. જો જો બધો મામલો પસતાવાનો છે. દાદી, પોલીસ આવી પુગીછ ને ઇનસ્પેકટર જાકસન તો કહેછ કે આએ શરીયામ ખુનની કોશેશ છે માટે તેની સખત તલાસ થવી જોઇએ. તારી સાથ વાત કરવાને નીચે બેઠોછ ને બોલતો'તો કે બાઇ જેવી સુધ્ધીમાં આવે કે તુરત તેની મરતી વખતની જબાની લખી લેવાનીછે."

"પણુ બાવાજી એ જબાની કશી આપે એવું નથી; ને હાલ તુરત આપી શકે તેવી હાલતમાંબી નથી."

"તે ખરૂં પણુ જાકસન તો પેલા બે જન ગેબ થઇ ગીયાછ તેઓની વિગત એની પાસેથી જાણવા માંગેછ. મુંબઇની છુપી પોલીસનો સુપ્રીનટેનડંટ ટેલીફોનથી જણાવે છે કે બે જન એક ઇંગ્રેજી ડરેસમાં ને બીજો પંજાબી કાલે બપોરનાં જી. આઇ. પી રેલ્વેના પંજાબ મેલમાં બોરીબંદરથી બેઠા'તા એવી બાતમી મલીછ. તે લોક સાથ ચાર પાંચ પેટી

લગેજ ઉતો પણ કાંહાંની ટીકીટ લીધીછ તે હજુર જણાયું નથી."

"ચીંતા નહીં–પોલીસને–આટલી વીગત ઘણી છે. તે લોક આય એ ચંડાલોને પાતાલમાંથી શોધી કહાડશે."

"હા પણ તેટલાં આપરે તો પંચાતીમાં પડયા. વારૂં ચાલ, એવું વણસાયલી દારના જેતું મોહોનું ના કર. પેલાઓ નીચે બેઠાછ તે લોક સાથ જરા વાત કરીને કાહારની. મને કંઇ કામ કાજ સુઝ પરતું નથી."

આ મુજબ દાદી નીચે ઉતરયો. ઇનસપેકટર જાકસન અને તેની સાથ કાન્સટેબલ સ્વીની ઉઠીને ઉભા થયા. તેઓ દાદીને સારી પેઠે ઓળખતા હતા. આ અમલદારોએ દાદી-બાને ચીપી ચીપીને સવાલ કીધા.

"મી૦ દાદી. આ બાઇને તમે પોતે અગાઊ ઓળ-ખતા હતા?"

"હા, સેહેજસાજ ઓળખતો હતો". પણ આ પ્રમાણે ઉતર દેતાં દાદી લગાર ગુચવાયો કારણ કે, બાવાજી જેવણ આગળજ બેઠેલા હતા તેવણના સ્વપનામાંબી નહી કે દાદી આ બાનુને ઓળખતો હશે. દાદીનો જવાબ સાંભળીને તેવણે "હું" કરીને ભવાં ચહડાવ્યાં.

વળી પાછું ઇનસ્પેકટરે પુછયું "બેઅદબી માફ છે, પણ પતેતીની મોડી રાતે મોતીબાગ આગળથી તમુને પસાર થવાનું શું કારણ હતુ?"

"કંઇ ખાસ કારણ તો હું કહી શકતો નથી, પણ હું. બાંદરે એક દોસ્તને તાંહાં જમવા ગયો હતો અને તાંહાંથી રાતે છેલ્લી ટરેનમાં આવ્યો તારે મોહું થયલું જાણીને મેં દરીયા કીનારાનો રસ્તો પસંદ કરયો કે જલદી ઘેર જાઉં."

"પછી—તમે મોતીબાગ આગળ આવ્યા ત્યારે શું બન્યું ?"

"રાત જરા અંધારી હતી ને હું હળવે હળવે આવી પુગો તાહરે બંગલામાંથી મેં એક ચીસ જેવું સાંભળયું. હું વધું સાંભળવા ઉભો રહયો પણ ફરીથી કંઇ સાદ આવ્યો નહી. બંગલામાં બતીબી દીસતી નહી હતી હું સમજ્યો કે કાંઈ જન જનાવરનો સાદ હોશે. ઘેર આવ્યા પછી મને ઉંઘ આવી નહી ને વહેમ આવ્યા કીધો. તેથી સહવારના પોહોરમાં ઉઠીને હું ફરતો ફરતો પાછો બંગલા આગળ ગયો. તાંહા જોઉંછ તો પીલસુમ કલાબકોર કરીને બારણા ઠોકાઠોક કરતી હતી."

ત્યાર બાદ તે લોક કેમ સીડી મુકી ને બારણાં ભાંજ્યાં; કેમ દાખલ થયા; કુત્રાને કેમ મુએલો જોયો અને દીલશાદને કેવી હાલતમાં લોહી લુવાણ પડેલી જોઇ તે સઘળું દાદીએ વીસતારીને પોલીસ અમલદારોને સમજાવ્યું.

"આએ પીલસુમ કોણ છે? અમારી આગળ તેને રજુ કરવી પડશે."

શાપુરજી હવે વળી પાછા ડાહેલા થયા અને વચ્ચે મુકું ખોસવા લાગ્યા "અરે હારે, અમારેથી બનતી મદદ આપવાને અમે ખુશી છઇએ. પીલસુમ હમણા મારા બંગલામાંજ છે. દયાને ખાતર અમે આએ જખમી બાઇને અહીં ઉંચકી લાયા. મને—એટલે જે મને ને મારા બેટાને લાગું કે આવી નાચાર હાલતમાં એ અભાગણી ઓરતને તાંહાં નાખી મેલવી નહીં જોઇએ. મારો બેટો નાર્થ વેસ્ટ પ્રાવીનસીસમાં જડજ છે તે તો તમે જાણુતા હોશો; એનો સોલસો રૂપીઆનો પગાર છે ને આવતે વરસ—"

"બાવાજી, હાલ એ વાત કરવાને વખત નથી."

ઇનસ્પેકટર જાકસન મુછમાં હસીને બોલ્યા "શાબાશ છે મી. શાપુરજી, તમે ઘણું દયાનું કામ કીધું."

"અરે એમાં શું—એ તો આપરી ફરજ છે—પતેતી જેવે—"

"હવે પીલસુમને બોલાવો" ઇનસ્પેકટરે શાપુરજીને ટુંકેથી ડાહમ્યા.

જરા વારે કોલણુ દાસી દાખલ થઇ અને પોલીસના ગોરા અમલદારોને જોઇને ગભરાયલી દીસવા લાગી.

"તારૂં નામ શું-તું કઇ જાતની છે ને બંગલામાં શું કામ પર હતી?" પોલીસે પહેલો સવાલ નાખ્યો.

"મારૂં નામ પીલસુમ. હું ક્રીસતાંઉ છેઉં ને બાઇના બંગલામાં ઘેરનો કચરો પુંજો કહારવાનું કામ કરતી હતી."

"હં-તારે પેલો બીરામ શું કરતો હતો?"
"તે બાકીનું બધું કરતો હતો. રાંધતો સીધતો, મેજપર આવતો અને ઘેરનો ખરચ રાખતો."

"તારે તારો શેઠ શું કરતો હતો?"

"તે હું નહી જાણુતી. નીચે પાછલા ઓરડામાં આખો દહાડો બેસતો અને બારણા બંધ રાખતો હતો. બીરામ સીવાય બીજું કોઇ ત્યાં દાખલ થઇ શકતું ન હતું. બીરામ કહેતો કે સાહેબ આખો દાહાડો લખવામાં કાહરેછ."

"એ ઓરડામાં તેં કોઇ દાહડેબી ડોકું ઘાલ્યું'તું?"

"કબ્બુ નહી."

"કચરો વારવાબી નહી?"

"નહી. કચરોબી તાંહાંનો બીરામજ કાહરતો હતો."

"વારૂં–તારી બાઇ તે ઓરડામાં કોઇ વારબી જતી હતી ?"

"નહીં–મેં કાંઇ દાહરે જોયાં નથી."

"બાઇ રાંધણીમાં જતી હતી અથવા બજારમાંથી કાંઇ મંગાવતી હતી ?"

"નહીં–બધું બીરામને હાથ હતું. બાઇ પોતાનાં ઓરડામાં બેસતાં કે વારીમાં ફરતાં."

"બંગલામાં શેઠ શેઠાણીને મળવા કોઈ આવતું કે ?"

પીલસુમ હવે જરા અચકાઇ. પણ તે સાચા બોલું હતી.

"જી, હા. કોઇ કોઈ વખત કદાચ કોઇ આવતું."

"હું–તે કોણ ?"

"એકુ બે ચારવાર વાંદરેના દસતુરજી આયાતા–બે તનવાર ડાકટર બાપટીસ આવી ગીઆ, બેં વખત શાપુરજી શેઠ આયાતા'ને—"

"ને કોણ બીજું ?"

"ને—ને—કપડીઆ ને તરકારીવાળા ને એવા લોક અવારંનવાર આવતાં હતાં."

દાદી તુરત પામી ગીયો કે આ નીમક હલાલ દાસી દાદીના પોતાના આવ્યાની વાત છુપાવવા માંગતી હતી.

"તારા શેઠ અને બાઇ વચ્ચે કોઇ વખત મારામારી થયલાં તેં સાંભળી હતી કે ?"

પીલસુમ વળી પાછી ફ્રગલાઇ પણ ઠાવકેપણે જવાબ દીધો "નહીં–સાહેબ."

"કોઇ વખત તારા શેઠને બીરામ મરાયલા કે ?"

"મેં કોઇ દાહરે સાંભલ્યું નથી."

"તારી બાઇના ઓરડામાં કચરો પુંજો તુંજ કાહરતી હતી કે ?"

"હાજી હુંજ બીછાનાબી કરતી અને રાતે ઓરડાની બહાર હું સુતી હતી."

"તારો શેઠ ને બાઇ એકજ ઓરડામાં રેહતાં હતાં ?"

"નહીંજી."

"ને બાઇ તારી ઉપર ઘણી મહેરબાની રાખતાં હતાં ?"

આ સવાલ સાંભળીને પીલસુમ ધસાધસ રડી પડી. તેને ઠંડી પડવા દઇને જાકસને પુછ્યું. "હવે પીલસુમ, હાલ તુરત તુને એકજ બીજો સવાલ પુછુંછ. તારી બાઇને આએ પ્રમાણે મરણતોલ જખમી કરવામાં આવી તે રાતે ઘેરમાંથી બહાર સુવા કેમ ગઇ ?"

"પેલા ગુનેહગાર બીરામે મને મોકલી દીધી. હવે મને બધું સમજ પડેછ. એ નાપાક રાતનાં બબરચીખાનામાં આવ્યો ને મને પટાવી સટાવીને ઘેર મોકલી. મારા હાથમાં બેવડાની બાટલી મુકી ને કહે જે આજે સારો દાહરો છે તેથી તું એ લઇ જઇને તારી માયને આપજે ને સહવારના પાછી કામપર આવજે. મેં કહ્યું કે બાઇની રજા છેં કે ? તારે બોલ્યો જે હા, બાઇબી હમણાં એક રાત મુંબઇ જવાનાં છે. હું ભોળવાઇને ઘેર ગેઇ ને સહવારના જોઉંછ તો બધું બંધ-બસત—પછી મેં દાદી શેઠને બોલાવ્યા."

"પીલસુમ, તું ભલી છોકરી છે. રડ ના. સઉ સારૂં થશે. આએ બીરામને તું ફરીથી જોય તો ઓળખે કેની ?",

"પારખું! એક હુજારમાંથી પારખું. એ મુવાનો ટોટો પીસી નાખું."

પીલસુમના જવા પછી પોલીસવાળાઓએ દાદી અને શાપુરજી સાથ લાંબી મસલત ચલાવી અને ઠરાવ્યું કે વધારે ચોકાસી કરવા કાનસટેબલ સ્ટીનીને મુંબઇ મોકલવો.

જતાં જતાં જાકસન બોલ્યો "અલબત હાલતરત તો હું કઇ કરી શકતો નથી પણ જેવી આએ બાઇ હુશીયાર થાય કે મારે એનાથી ઘણી વીગત જાણવી છે. મને તો લાગેછ કે આએ બંને જણ ગુનેહગાર છે ને બીરામ ખરેખરો બાવરચી હોય તે વીશે મને મોટો શક છે.

દાદી બોલ્યો. "મને નકરી ગુમાન છે કે તે લોક જ્યારે નાહસી ગયા તારે એ લોકના મનમાં તો એમ નકકી ખરૂં કે એ મરી ગેઇછ."

"મને પણ એમ લાગેછ—પણ ધીરજ ધરો—આગળ ચાલતાં બધું જણાશે."

પ્રકરણ ૧૯ મું.

જો તમે એમ ધારતાં હો કે જીમખાના અને પાળવા બંદર, બેંડસટાંડ કે પાળ ઉપર પરવારતી નીંદાખોર જીભલી-ઓએ કીમતવાન તેહમીનાને દીવાની ઠરાવી તેથી તે હટી ગઇ હશે તો તમારી મોટી ભુલ છે. ખરી વાત છે કે જયારે પગે ચાલતી પાળ ઉપર ફરવા નીકળે ત્યારે સેંટો પાડેલા બાયલાઓ તેણીને ચકરમ સમજીને તરેહવાર ઠીઠી ઠાઠા કરે.

ઘણી વાર એમ પણ બનતું કે ઓળખાણ પારખાણવાળી સ્ત્રીઓ તેણીને જોઇને અખાડા કરીને ચાલી જાય. તેઓ બીહતાં હતાં કે આ કાતરીઆંની ઘસેલી બખતે મારી પાડશે. વળી કેટલાંક હેતીલાંતો તેહમીના માતા ભીખાઇજીને સલાહ આપે કે "જુઓ કાલકાદેવીપર પેલો પેમજી જોશી છે તેને હાથ દેખરાવો, નહી તો મોંતમાવરીપર સુનાનાં ફુલ ચહરાવો તો કાંઇબી ઉતાર થશે." ઘેરના ચાકર મીસતરી વગેરે બાહાર તોપ મારે કે "બાઇની નાહલી છોકરી તો એવી હાથથી ગેઇછ કે રાતના પોતાના બાલ પીખી નાખેછ ને પાછલી રાતના ચીચારીઓ પાડેછ" તમે જાણો કે આવી તાનાજાની અને નીંદાથી કરીને આપણી બાહાધુર તેહેમી પોતાના ઠરાવથી પાછી ફરે તો હું એટલુંજ કહીશ કે તમે હજી એ મારી સઇને ઓળખતાં નથી.

પણ વાત અહીંજ અટકી હોત તો આ કથાનો આ તેહેમાવાળો સફો આગળ ચાલત નહી. એક રાત્રીએ તે એકલી સુતી સુતી વીચાર કરે છે કે "સાચ્ચું બોલવાના ગુણની સમજણ હું મારા ઘેરમાં આપી આપીને હાકી; હવે વધું હું શું કરી શકનાર છું ? જાંહાંગીર દેસાઇના કાન ખોલ્યા, શાપુરજી મામાને ખરૂં નરૂં કહી દીધું, જીમખાના "અને લેડીઝ કલબના વાવટા ફિરાડયા એટલે હવે ઘેરમાં પડીને ખીચડો ખાવામાં કાંઇ વળ્યું નહી. મારી નવી રીતીને બાહાર વધારે ખીલવવી જોઇએ." ખરૂં લખું તો જાંહાંગીર દેશાઈ ઉપર તેણીનો ખરેખરો પયાર હતો અને તેને છોડીને બહાર જતાં તેહેમીને કંઠે પ્રાણ આવતો હતો. તે વીચારથી તે રાતનાં એકલી એકલી રડીને તકીઆ ભીજવતી પણ તે હઠીલી હતી "હું હારી" એમ મરી જાય તો કહે નહીં એવી તેની પ્રકૃતી

હતી ચીતા નહીં હમણા નહીં તો કોઇ દહાડે જહાંગીર પોતાની ભુલ જોશે ને મારા કામમાં મદદગાર થઈ રહેશે એવો તેણીને સખીઆરો હતો; પણ તેટલાં તેણીએ પોતાનું એકલે હાથે હાણવું જોઇએ.

આખરે આ નાદાન છોકરીએ શું કીધું તે જુઓ. તેણીની સેવીંગ બેંકની ચોપડીમાં સુમારે બસો રૂપીઆ એકઠા થએલા હતા તે ગુપચુપ તેણીએ કહડાવી લીધા. તેહમીનાને ખબર હતી કે કાગળો લખ્યાથી કાંઇ ચાકરી મળતી નથી. પણ જાહેર ખબર આપવી જોઇએ અને તે માટે મુંબઇથી બહારગામ નીકળી જઇને ત્યાં ખબર આપવી જોઇએ કાંહાં જાઉં—કીયું ગામ પસંદ કરૂં—એમ વીચાર કરતાં કરતાં નીચલી જાહેર ખબર "જામે જમશેદ"ની હુંકી કાલમમાં તેણીના વાંચવામાં આવી.

"અમદાવાદ મધે એક ઘણી સુંદર જગામાં આવેલા બંગલામાં વીઝીટરોને રાખવાને ખાનદાની માલેકણ ખુશી છે. સુવાના ઓરડા, આરસી, પડદા વાગેરેથી સણુગારેલા છે. ડરાઇંગ રૂમમાં પીયાનો છે. ગરમ પાણીનો બાથ વગેરે—ખાણું ઉતમ-ફી દરરોજનો રૂ. ૧) એકલાં આવતાં બાઇ માણુસોની પણ સંભાળ ઘેરની માફકજ લેવામાં આવે છે. લખો ગુલેસ્તાન ક. ધરાની—તાંબા કાંટા પોળ—અમદાવાદ.

તેહમી વીચારવા લાગી કે "એ લોકને એક રૂપીઆમાં કેમ પરવડતું હશે? જોઇએ તો ખરાં. કહેજે અમદાવાદમાં વસ્તી મોટી છે ને જુદાણું ઝાઝું છે તો ત્યાં ટ્રાઇ કીધામાં કંઇ ગયું. જો આ જાહેર ખબરમાં છપાવ્યુંછ તેમ બંગલો ખુશનુમાં નહીં હોય ને ખાધાનું રેચક હોશે તો ગુલેસ્તાન

બાઇને કહીએ સમાલજો. એણીમેર તેહમીના બાનુ છે."

આ બધા ઠરાવ કરીને એક દહાડે લાગ જોઇને તેહમીના કોઇને કહયા કાવ્યા વગર મેલ ટરેનમાં સટકી ગઇ. રખે ઘરમાં દોડાદોડી ને શોધાશોધ થાય તે લીધે નીચલી ચીઠી તે પોતાના પીતાના સુવાના કોચ ઉપર ટાંચણીથી વળગાડતી ગઇ.

"બાવાજી—ઘેરમાં સઉને કહેજો કે હું સારી કાની છેઉ ને મારો નવો નીયમ અજમાવવા અને મારી પોતાની મહેનતથી રોટી પેદા કરવાની તજવીજ કરવા બાહારગામ થોડી મુદત સુધી ગેઇ છું. હું હમણાં કાંહાં છેઉં તે કોઇને જણાવવાની હું જરૂર જોતી નથી. આ કાગળ હું ખાસ તમુનેજ લખું છું કારણકે મારાં આએ પગલાંથી જો કોઇનોબી જીવ જરાતરા બળશે તો તે તમારોજ છે. બાકી બીજાં તો બધાં હંબગ છે."

લા૦ **તેહમી.**

તેહમી અમદાવાદ આવી તો ખરી. સ્ટેશન ઉપરથી એક એકકો ભાડે કરીને તાંબા કાંટાની પોળ આગળ. આવી પહોંચી તો બંગલા તો કંઇ નજર આવ્યા નહીં પણ ભાગાં તુટાં ઘરો હતાં. તે માંહેના એક ઘરની બહાર ચાર ફીટ પોહોળો કંપાઉન્ડ હતો જેના કટેરા દેવદારની પટીઓને લીલો રંગ લગાડીને કરેલા હતા. અને બહાર મરઘાંનું પીંજરૂં ચરકાનથી નાકના પડદા ફાડી નાખતું હતું. વળી ધુળમાં ધમાસો, એક દેવદારના પાટીઆં ઉપર કાળી શાહીથી લખ્યું હતું કે "ગુલેસ્તાન ઇરાનીનું હોટલ" બારીના કાચ ઉપર એટલાં જાળાં વળગ્યાં હતાં કે ઘસેલા કાચની ગરજ સારે અને ચાર બારીનાં ફક્ત છ કાચ આખા હતા, બાકી બીજા ગાળાઓમાં જાત

જાતનાં ન્યુસપેપર વળગાડીને હવા બંધ કરેલી હતી.

તેહમી મન સાથ વીચારવા લાગી કે અંદરથી કદાચ સફાઇ હશે પણ બહારના દેખાવ બાબે હોટલવાળાને કહેવું પડશે. અંદર દાખલ થઈ તો કોઇ દીસે નહીં, ઠોક ઠોક કીધી ત્યારે એક ઘરડો ખખ અને મેલો અંખંતર બોચીઓ બહાર નીકળીને મીજાજમાંજ પુછયું.

"હું કેહ-? જરા આંઉ આંઉ તેટલાં બધાં બાયણા અફારી ઝીઝી મુયકાં તો ઘોરે ચહરીને આવી હું ? કોણને પુછે?"

તેહમીનાએ ખીસામાંથી બે આની કહાડીને પેલાના હાથમાં મુકીને હસીને બોલી "ભાઈ—તું મને જોઇને રાજી નથી તો ફીકર નહીં—પણ તું સાચ્ચું બોલ્યો ને ખોટી ભટાઇ નહીં કીધી તેથી આએ તુને બે આનાની બક્ષીસ આપુંછ. આએ હોટલની બાઇ કાંહાં છે ? કીંઓ ઓરડો ખાલી છે તે જરા બતાવ."

બે આનીએ પેલા ડોસાને જેર કરી નાખ્યો હતો. તે હવે ચાલો ચાલો કરીને તેહમીને માંહે લઇ ગયો દીસાદીસ અંધારૂં તો એટલું હતું કે તે ભાગેલી ખુરસીઓ સાથ બે વખત અથડી બડી. પાછવાડે ચોક આગળ જઈ જોયેછ તો ભાગા તુટા ચાર કોચ નાખેલા હતા અને તે ઉપર તળાઇ—ઇસતફ્ર અલ્લા ! ઃ નો રંગ સફેદને બદલે મટોડીઓ હતો અને ચઉદ ઠેકાણેથી ખોલમાંથી ડોકીઆં બાહાર કાહાડીને જોતો હતો. આ ચાર માંહેના બે કોચ ઉપર બે મુબેદો માથે સફેદ ટોપી અને સદરા ઉપરજ પેટ ઉઘાડું રાખીને ચતા સુતા હતા અને અવારનવાર પેટ પસવારીને ધચાધચ ઓડકાર ખાતા હતા. પાસેજ દેવદારની મેલી ટેબલ ઉપર એક આઇલ

કલાથનો કકડો નાખેલો હતો અને તે ઉપર એક લાખ માખો ભણભણ કરતી હતી. ઉંપરજ ખાણાની કલઇની મરડાઇ મચડાઇ ગયલી રકાબીઓ ખરડેલી પડેલી હંતી જે ઉપર પડેલા મુગાના પાત્રાં અને કચુંબરની, નાક ફાડી નાખે એવી વાસ પેલા ઓડકારની જનમ ભુમીનો હેવાલ કહી આપતાં હતાં. તોબી તેહમીના હીમતથી દાખલ થઇ. મુંબેદ સાહેબો જરાબી હીલ્યા કે ચાલ્યા નહીં. ઉલટું તેહમીનાની નજર ખસી એટલે એક બીજામાં આંખ મારવા લાગ્યા. જાણે કહેવા માંગતા હોય કે "બશશા ઝમસુ–આય મઝા જોઝેહું–કોઇ બીશારી ઝબરજશ ફસીછ."

તેહમીનાની ફળાબકોર સાંભળીને 'ખાનદાની' માલેકન દોડી આવ્યાં. વાસણ ઉજારતાંજ તેવણ ઉઠી આવ્યાં હતાં એટલે હાથ રાખના ખરડેલા હતા અને તેટલાં કીડ લાગવાથી તેજ હાથે માથું ધવડતાં હતાં. ઉતાં તો પાડા જેવાં પણ અંગમાં બદીયાન કે સાડીની જાત નહીં અને પગમાં પેતાવા નહીં એટલે શું દેખાવ હશે તે સમજીયાં કેની ? સદરો હું ધારૂં છું કે રાખોરી રંગના સુતરનો હશે અને અંગ માહેની વાસ ! કાંદા, આદુ, લશન, સરકો, સુતરફેની, ચરકીન, બધું મીશ્ર સમજવું. રાંધણીમાંથી ધાનસાખની જબરદસત બો આવતી હતી.

તેહમી બહુજ કમકમી પણ કરે શું ? ઘંટી તળે હાથ આવ્યો તે કળવળે કાહાડવોજ જોઇએ. પારકાં ગામમાં જાય બી કયાં ?

"તમો આએ જગાના બાઇ કે ?"

"હાં–તું કોણ છે ? શું માગીછ ? મને કામમાંતી ઉતારયાં તે આએ ચાકરને કેતાં મોહોનાં ભાગી ગીઆં ?"

ઓજ્જા–સારૂં છે કે આ સંકટ જોઇ તેહમીનાને સામું હસવું આવયું. તેણીને મનથી આ તો મુફતનો નાટક હતો. તે હસીને બોલી, "તમે છપાવોછ કે ગરમ પાણીના બાથ છે તે દેખાડોની–હું કાલની નાહી નથી."

"બાત, તે હું કંઇ જાણેછ નહીં. જાહેર કબર મેં નથી લકીઆં એ તો મારે તાંહાં એક ફારસીના ચોકરા રહેછ તેને લખી મમભાઇ છાપવા મોકલીઆ. તુને નાવાનું ગરમ પાણી જોઇએચ તો રાન્નીમાં કીટલી ગરમ ચે–એક કીટલીના ચાર દોરીઆં પણ તુંને નાહાવા શું કરવા જોઇયેચ? આએ સુદરા મજાના છે, બીજા આત દારા ચાલશે."

વળી પાછું તેહમીએ પુછ્યું "બાઇ આએ ઘેરમાં બીજાં બી રેહેછ કે?"

"હા બીજા છાર માટીડા ને એક બૈરો છે. મારા નો કરનું નામ મકન. ધાન સાખ બધાં એજ રાંધેછ. એક બીજા ડાખતર નવરોજી છે ને બીજા પીળી બાઇ કાનસાહેબના છે. એ બાબરે, બાબરે કાંઇ ખાયચ કંઇ ખાયચ–મને બધા ખુઆર કરી નાખ્યા. રાતના પોતાના ઓરડામાં બેવરો પી એછ ને મનેબી પાયછ."

"અં–ને તમુને તો ગમતુંજ નહી હોશે?"

"કાંય ની ગમે–મારી મશખરી કરવા આવીછ? બે મહીના આએ કાનસાઇબ બે મહીના અંઇ રહયાચ ને કોન જાને કોન ચે?"

"ને છોલા ડાખતર કોણ છે?

"અરે ડાખતર શાના? મને તો લાગેચ કે કોઇ તમારા ચે. આત દારાના પઇસા આપીઆ નથી. રોજના આત

આનામાં રાખીઆચ."

"ને પેલા નીચે બે મોબેદ બેમલાજે પરીઆછ તે કોણ છે?' વળી પાછું તેહમીનાએ પુછ્યું.

"એતો એક મારા જમાઇ ચે ને બીજો તો એનો દોસ્તદાર છે. એ દોસદાર ઘણો પઇસાદાર ચે. એની બઇરીબી ઓવીચ તે હમના અગીઆરીમાં ગીઆચ."

થોડીવારમાં તેહમીએ જોઇ લીધું કે આએ મરી મસાલા સાથે આઠ દાહાડા બી જવાના નથી. ડાકટર સાહેબતો કોઇ આંખકા વઇદ કાનકા વઇદ હતા અને તેવણ ખાનસાહેબનાં પીલી બાઈને બટર લગાડયા કરતા. કેમ જે લોકના કહેવા પ્રમાણે પીલીબાઇ પાસે હજાર દસેકનો જીવ હતો. ડાકટર પચાશેકના હશે—પીલીબાઇ બાસઠેકનાં હતાં એટલોજ માત્ર ફેર. પણ આજનું આજ કાંઇ બને? મકનની મદદથી તે પોતાને માટે અલાહેદાં દીવાનખાનામાં ગઇ. આહ! શું તેનું વર્ણન કરૂં? હાથ ઉંચો કરે તો સીલીંગને લાગે કાચ ઉપર ચાદર વગરનું ફાટેલું ગંધાતું ગોદરૂં અને એક બાવીસ વરસનો મેલો તકીઓ. બીજુ ખાખ રાખ મળે નહીં. તેહમીએ વીચાર કીધો કે આ બધા ફજેતા રાતના બધાં ખાવા બેસે તાંહાં કરૂં તો હું ખરી, પણ હમણાને હમણા નહીં તેહમી હવે જરાજરા ડાહપણ શીખવા લાગી હતી. તે હવે સમજતી હતી કે વખતનાં ઢોલ વખતે સારાં લાગે. તેણીએ વીચાર કીધો કે બે ચાર દહાડા બધાનો રાહગાટ જોઇને પછી તોપના ગોળા છોડવા. એટલા આઠ દહાડા જેમ તેમ કહાડી નાખવા અને તેટલાંમાં તો કાંઇબી નોકરી મળી જશે એવી તેની ગણત્રી હતી. તેણીએ નીશ્ચય કરયો કે છોડી જવાને છેલ્લે દહાડે આ નામીચા સુંદર બંગલાના

માલેકણુ અને પીઆનો તથા બારની ખબર લેવી. આ ટાંકણું ચારવા કરતાં વહેલું આવી પહોંચ્યું અને તેનું શું પરીણામ આવ્યું તે હવે પછી જોઇશું.

પ્રકરણ ૨૦ મું.

પણ ઘણા દીવસ સુધી દીલશાદની જીંદગીની દોરી તુટવાની છેક અણી ઉપર હતી. કાલનો દહાડો કહાડશે કે નહીં તે કોઈથી કહેવાય નહીં. કોઇવાર તે હુશીયારીમાં આવે અને ઘણીવાર બેસુધ્ધીમાં પડી રહે. એટલું તો ખરૂં કે આગલા દીવસોના જેવી ખેંચતાણ હવે જતી રહી હતી અને ચીચ્યારીઓ પાડવાનું બંધ હતું. પણ તે એટલી તો નબળી જણાતી કે ભાગ્યેજ આંખો ઉઘાડતી. દાદીમા અને પીલસુમ તેનાં નીમકહલાલ ચોકીદારો હતાં. સારો દીવસ તેઓ બીમારની આગળનાં આગળ રહેતાં અને કયારે તે જરાબી બોલવા માંડે તેની વાટે વાટ જોતાં. ઘણીવાર તે પોતાની બલુ આંખો ઉઘાડી રાખીને જોતી પડી રહેતી હતી પણ કોઇને ઓળખતી હોય એવી કશી નીશાની જણાતી નહી. ઘણીવાર ગુલબાઇએ એલારપેલારની વાત છેડીને બીમારને હુશીઆર કરવાની તજવીજ કીધી પણ ફોકટ. ડાકટર બાપટીસ્ટા દાહડામાં ત્રણવાર આવે અને મોટે સાદે વાત કરે કે "પોલીસે આમ કીધું છ ને આવી રીતની ફતેહ પામયાછ" પણ દીલશાદની જાણે બલા! પીલસુમ અવારનવાર પોતાની શેઠાણીના પાટા બાંધેલા હાથ પોતાની આંખમાં ચાંપે અને તેની સાથ વાત કરવાની તજ-

વીજ કરે–પણ બધું ફોકટ. દાદી કાફ્રફડ મારકીટમાંથી ઉંચા ખુશબોદાર ફુલો મંગાવી તેના કોચ આગળ મેલાવે કે તે જોઇ નેબી દીલશાદ જરા તરા ઉશકેરાય–પણ ફોકટ.

આફરીન છે પીલસુમની નીમક હલાલી ઉપર. હતી એક સાધારણ કોલણ પણ તેની છાતીમાં બીલીઆન હીરાની કીમતનું હરૃદય હતું. પોતાની શેઠાણીની ખીદમતમાં તે રાત દીન જીવ પટકી નાખતી અને પેટની દીકરી મેહેનત ન કરે એટલી મેહેનત ખરાં દીલથી કરતી. એણીમેર પોલીસની જીજ્ઞાસા આ બનાવનાં સંબંધમાં બહુ ઉશકેરાઇ હતી. ઇનસપેકટર જેકસને શોધખોળ કરવામાં કશું બાકી રાખ્યું ન હતું. પણ તેની સઘળી મેહેનત છતાં આ 'મેહેરબાન' કોણ હતો તેની કશી બાતમી મેળવી શક્યો નહીં જે બેંકનો ચેક આ ધણીએ શાપુરજીને આપ્યો હતો તે બેંકમાંથી કેટલીક વિગત મળી પણ તે કાંઇબી નવું અજવાળું નાખે એવી ન હતી. ત્યાંથી એવી ખબર મળીકે મેહેરબાન નામના શખ્શે છ માસની વાત ઉપર રૂપીઆ બે હજારની રકમ મેલીને બેંકમાં નવું ખાતું ઉઘાડ્યું હતું અને આસને આસતે ચેકો લખીને આ સઘળી રકમ પાછી ઉપાડી લીધી હતી. તે સીવાય આ ધણી વિષે બેંકને બીજી કશી ખબર ન હતી.

બેંકના આ રીપોર્ટ પછી મી. જેકસનં વધારે અધીરો પડી ગયો કે હવે જલદીથી દીલશાદ હુશીઆરીમાં આવે તો તેણીના મોંહમાંથી વધુ વિગત જાણવાને બને. પણ ડાકટરના હુકમ વગર બીમારને છંડાય નહીં એવો કાયદો છે; તે મુજબ ડાકટર બાપટીસ્ટાની રજા પુછતાં તેણે રજા આપવાની ધસીને ના પાડી કે બીજાં ત્રણ અઠવાડીઆં સુધી બી-

મારને આ ભયંકર બનાવનાં સંબંધમાં કોઇબી રીતે ઉશકેરાઇ શકાય નહીં. તેવણે મત આપ્યું કે જો તેણીની આવી હાલતમાં તેણીને આ બનાવની યાદ આપવામાં આવશે તો તે જરૂર મરણ પામશે. ડાકટરના આ મતને દાદીબાએબી ટેકો આપયો એટલે પોલીસવાળાઓને ધીરજ ધરવા સીવાય બીજો ઉપાય રહયો નહી. આ લીધે કંઇક દીવસો સુધી સઘળો મામલો અંધકારમાં સબડયા કરયો અને મેહેમ અને ત્રાંદરેનાં લોક અટકળ કરી કરીને થાકયાં.

હવે આ સઘળા મામલા પછી સોળમે દાહડે દાદીબા સહવારના પેહેરમાં માળપર બંગલીપર ચહડવા જાય છે તેટલાં સામેથી આવતી પીલસુમ મળી. તેણીનો ચેહેરો જરા ખુશાલ હતો.

"શેઠ સાહેબ, આજે તો મારી બાઇ ઠીક દેખાયછ. મને તમારી ખબર પુછી અને તમે લોક નહી હોતે તો શુ થતે એમ બોલવા લાગાં."

"એમ કે? શેકરાના પાક દાદાર! પીલસુમ હવે તારી બાઇની આગળ. હું આઉં તો કંઇ અરચણ છે?"

"તે તો હું શું જાણું સાહેબ? હું પુછીને પછી કહેવશ. પણ હવે તો તેવણ પોતેજ બધી વાત જાણવા માંગેછ. મને પુછતાં હતાં કે કેટલા દાહડા થયા તેઓ બીછાણે છે અને આએ બંગલામાં કોણ લાયું? તેવણને બધું યાદ હોય તેમ જણાયછ ને જો એવણની મરજી હોશે તો એવણને મારી ના ખવાની કોણે તજવીજ કીધી તે બધું કહેશે."

નાસતાની ટેબલ ઉપર આ વાત થતાં થતાંજ શાપુરજીબા તો ધરયા ધરાયા નહી તેવણ તો અડ લઇને બેઠા કે બસ તેને તેજ દહાડે આ રીપોરટ પોલીસને દરવોજ જોઇએ.

દાદીબાને આ પગલાં સામે ચોક્કસ અણગમો હતો. તે બોલ્યો "બાવાજી—જરા થોભો—હું પહેલાં એ બાનુને પુછું—પછી આપરે વીચાર કરશું."

શાપુરજીને આ વાત જરાબી ગમી નહી. તેવણ તકરાર કરવા લાગ્યા "બેટા, તું હજુ નાદાન છે. જો, ગામનું લોક શું બોલશે? આએ ઓરતના સાથીઓ કોઇ દેખઇતા લુચ્ચા લોક છે—તેથી આપરે પહેલાંથીજ ખીસતા રહેવામાં શોભા છે. જો હું ખરૂં કેહું તો જેવી એ જરા તટાર થાય કે એને આ એ ઘેરમાંથી વીદાય કરવી જોઇએ."

"તે બધું ખરૂં—પણ તટાર થવા તો દેઓ, પછી જોઇશું."

સારો દાહડો દાદીનો જીવ ચટપટમાં પડયો અને આખરે બીલસુમ વધાઇના સમાચાર લાવી કે બાઇ તનુને મળવા ઇચ્છે છે. ચચાર ફાંદીએ ભુસ્કા મારતો દાદી ઉપર ચહડયો અને ઓરડામાં દાખલ થઇ ધ્રુજતે હાથે દીલશાદનો જખમી હાથ પોતાના હાથમાં લીધો. તેણીનો ચેહેરો જોઇ દાદીના દીલમાંનું લોહી જાણે ચાલતું બંધ પડી ગયું.

દાદીનો હાથ પકડી રાખી દીલશાદ ધીમે સાદે બોલી. "હું તમુને થેંક કરવાની શકતી ધરાવતી નથી."

"બસ—બસ—મને થેંકસ જોઇતી નથી. તમુને પાછાં હુશીયાર જોઇ મારો જીવ ખુશાલ થયો છે. હું તમુને કહેવા તલપી રહયો'તો કે તમારે ખાતર કંઇબી કરવું હોય, તમુને કાંઇબી મદદ જોઇતી હોય—"

દીલશાદની આંખમાંથી પાણી ગળી પડયાં.

"મને સાચ્ચા દોસ્ત—ખરા દોસ્ત દાખલ ગણો. તમારે ખાતર હું તમે જે માંગો તે કરવાને તઇયાર છુ."

"જી તમારી ભલાઇ છે; ખોદા તમારૂં ભલું કરો." દીલશાદે જવાબ દીધો.

"તમુને કોઇબી રીતે દૂખી કરવાને હું ઘણો નારાજ છેઉં, પણ ચોકસ વાતની પુછપરછ પોલીસ વાળાઓ કરેછ અને તે લીધે તમારેથી કેટલીક પુછપરછ કરવાની જરૂર છે."

"ઓ-ઓ-ઓ" કરી દીલશાદે ચીસ પાડી.

"બીહો ના-તમારા દીલપર જખમ કેમ અને કોણે કીધાં તે માટે હું પુછુંછ. મારા બાવાજીએ સઘળો મામલો પોલીસના હાથમાં મુકયો ને તે લોક તમારે પોતાને મોહોડેથી કેટલીક વીગત જાણવા માંગેછ."

"તે લોકે કંઇબી શોધી કહાડયું?" દીલશાદે અકળાઇને પુછયું.

"નહી-કંઇજ નહી-તમને જયારે જખમી પડેલાં જોયાં ત્યારે તમારો બંગલો તદન ખાલી હતો."

"ઓ દાદીબા, તમે મને શું કામ ત્યાંથી ખસેડી? હું હવે જીવીને શું કરવાની છું?"

"હું માગી લેઉંછ કે તમે એમ ના બોલો હું તમને આ બાતની યાદ આપીને દુખી કરતે નહી પણ મને લાગુ કે પોલીસ અમલદારો તમુને પુછે તે અગાઉ જરા તમુને ચેતાવી મુકું."

"પણ મારેથી સઘળી વાત કેહવાશે નહી."

"કાંય નહી? જો, જરા દરીઆફત કરો. આ પ્રમાણે કરશો તો તમારા હકમાં ઘણી ખરાબી થશે."

"અરે તમે નહી જાણો-તમે નહી જાણો-મારેથી નહી બોલાય-નહી બોલાય—"

દાદીબા વીચારમાં પડયો કે હવે કેમ કરવું.

દીલશાદ વળી પાછી બોલી. "એ પોલીસવાળાઓ કયારે આવવાના છે?"

"કાલે-જો તમારી રજા હોય તો."

"ઠીક છે-હું તે લોકને મળવાને તઇયાર છું. એ લોકે હજુ કાંઇ શોધી કહાડયું નથી એમ તમે કહોછ?"

"નહી કંઇ નહીં"

"થેંક યું, દાદીબા, હું તમારી બાલે બાલ ઉપકારી છું. અરે જે કમબખત ઓરતને તમે મોતમાંથી ખેંચી કહાડીછ તેની જો ખરી હકીકત તમે જાણો તો જરૂર તમે તેની દયા કરો. પણ બીજાંઓને ખાતર, બીજાં નીરદોશોને ખાતર મારી જબાં બંધ છે.પણ આ વાત દપટ પડવા પછી હું અંહીંથી જવશ તેની અગાઉ હું તમુંને થોડીક જરૂરી વીગત આપશ."

"જો તમે મારી ઉપર વીશવાસ રાખશો તો હું સોગંદ ખાઇને કહુંછ કે તમુને તેમાંથી પસતાવાનું કાંઇબી કારણ મળશે નહી."

"હું તે નકકી માનુંછ. તમારો ચેહેરોજ તમારી ગવાહી છે. પણ મને જરા વીચાર કરવાનો વખત જોઇએછ. શું કહેવું ને કેમ કહેવું તે મારે ગોઠવી મુકવું જોઇએ."

આ પછી દાદી ત્યાંથી રજા લઇને બહાર પડયો. બીજે દીને ઇનસપેકટર જેકસન આવી પુગ્યો અને તે તથા શાપુરજી અને દાદી દીલશાદના ઓરડામાં ગયા. જેકસન બડો અનુભવી પોલીસ આપીસર હતો. તેણે દીલશાદ સાથ હસી હસીને વાત કરવા માંડી અને ધીમે ધીમે તેણીના પાસથી સાર સેહેલથી ખેંચી

લેવાની આશામાં શરૂ કીધું-પણ તેણે જરા વારમાંજ જોઇ લીધું કે પોતાનું ખુન કરનાર કોણ છે તે છુપાવવાની તેણીની મતલબ હતી.

"જેકસને ચલાવ્યુ :—બાઇ સાહેબ, તમે આ પ્રમાણે જીવથી બચી ગયાં તે માટે હું તમને મુબારકબાદી આપુંછ ને તમારા જેવી એક પુનમના ચાંદ સરખા બાનુને મારી નાખવાની તજવીજ કરનાર ચંડાળોને તેમને ફેજે પહોંચાડવામાં તમે મને મદદ કરશો એવી આશા રાખું છું."

"સાહેબ હું દીલગીર છું કે તેમ કરવાનું મારા હાથમાં નથી. મને જરબ પડયા પછી શું બન્યું તેનુંબી મને બીલકુલ ભાન નથી હું એટલું જાણુંછ કે હું હુશીયાર થઇ ત્યારે આએ શેઠના બંગલામાં મને આણેલી હતી."

"તે બરાબર છે—પણ તમને જરબ કોણે માર્યો ?"

"તે હું કહી શકતી નથી કારણ કે તે વખતે તદન અંધારૂં હતુ. હું જમવાના ઓરડામાંથી મારા સુવાના ઓરડા તરફ જતી હતી તેવારે એકાએક મારાં માથાં ઉપર કાંઇ ભારી ફટકો પડયો અને હું ભોંય ઉપર પડી ગઇ એટલું મને યાદછે."

"તે વખતે બંગલામાં કોણ કોણ હતું ?"

"જયાં સુધી હું જાણુંછ ત્યાં સુધી મારો ધણી અને અમારો પંજાબી નોકર બીરામ."

"આ બીરામ સાથ તમુને કાંઇ બોલાચાલી થઇ હતી ?"

દીલશાદ પહેલાં જરા અચકી પણ પછી ધીરજથી જવાબ દીધો. "હા, તે સહવારના મોહોડાં ઉપર આવી ગયો હતો અને મેં તે વિષે મારા સાહેબ આગળ ફરીઆદ કીધી હતી."

"ત્યાર પછી તમુને તમારા સાહેબ સાથ કાંઇબી બીજી વાત થઇ હતી ?"

"નહીં."

"તમારા ધણીનો ધંધો શો છે, તે મેહેરબાની કરી કહેશો?"

"તેવણનો કંઇ ધંધો છેજ નહીં."

"ત્યારે શું પોતાની ઉપજમાંથી ખાયછ ?"

"હાજી."

"એવણનું મથક કયાં છે—એટલે કે એવણ કયાંના રહેવાસી છે ?"

"અમે અહીં આવ્યાં તેની અગાઉ અમે મુંબઇમાં રહેતાં હતાં."

"ને તેની અગાઉ ?"

"તે હું કહેવાને અશકત છું."

"વારૂં, તમારા બાપનું નામ શું ?"

"તે કહેવાને હું ના પાડું છું. આવા સવાલો કરવાનો અર્થ હું સમજી શકતી નથી. મેં કોઇની સામા ફરીઆદ કીધી નથી અને કરવા માંગતી નથી. જ્યાં સુધી કાંઇ માલ ચોરાયો લુટાયો હોય અથવા મારખાનાર પુરૂષ ફર્યાદ કરે ત્યાં સુધી પોલીસને વચ્ચે આવવાનો શો હક છે તે હું સમજતી નથી."

"પણ તમારૂં ખુન કરવાની તજવીજ થઇ તે સારૂં જોસતેજો કરવાની અમારી ફરજ છે."

"તમારી ફરજ હોય તો બજાવો પણ મને કોણે માર-વાની તજવીજ કીધી તે હું જાણતી નથી; તેથી ખુનીઓનો

પતો શોધી કહાડવાનું કામ તમારૂં છે. હું કાંઇ મદદ આપી શકીશ નહીં."

"મી. મેહેરબાન હમણા કાંહાં છે?"

"તે હું જાણુતી નથી."

"ઠીક છે બાઇ સાહેબ, મારા–કમીશનર સાહેબને રીપોર્ટ કીધા પછી કદાચ હું પાછો આવીશ."

"જેમ તમારી મરજી–આએ મકાન કાંઇ મારૂં નથી."

મી. જેકસન ચાટ જેવા ઉઠયા અને શાપુરજી સાથ બહાર પડયા. ઓરડામાં દીલશાદ અને દાદીબા એકલાંજ રહયાં.

દીલશાદે શરદ હાય મારી. દાદીબા આગળ વધ્યો અને તેણીનો હાથ પકડી પુછ્યું "ઘણાં થાકી ગયાંછ?"

"હા જરા તેમ છે ખરૂં–પણ દાદીબા, હું તમારી આગળ કેટલીક ખોલાસો કરવા માંગતી હતી તે હમણાં સાંભળશો?"

દાદી મોટાં દીલનો દયાળુ માણસ હતો. દીલશાદની આં અચબુચ આફરથી તે ડઘાઇ ગયો. તે વીચારવા લાગ્યો કે બચારી દુખી સ્ત્રીને આગલી પાછલી યાદ કરાવીને વધુ દુખી કરવામાં માલ શો?

"સાંભળો દીલશાદ, હું જાણુંછ કે તમારી કથાની પાછળ કેટલાક દુખી સંજોગો સમાયલા છે અને તમુને વધારે આઝોરદે કરવાને હું ખુશી નથી. આજે તમારા ઉપર ચીંતાના ઘણો બોજા પડી ચુકો છે તેથી આપણે ફરીથી નીરાંતે વાત કરીશું."

"ભાઇ મારા, દુઃખ અને સંતાપ તો કંઇ મુદત થઇ

મારા સાથી થઇ લાગાં છે એટલે તેમાં નવું કંઇ નથી. આ એ પોલીસ આફીસર મારી ચુપકીદીથી નારાજ થઇને ગયો છે; પણ હું તમુને નારાજ કરવા માંગતી નથી. હું તમુને ખાત્રી આપવા માગુંછ કે ઘણા કઢંગા સંજોગેએ હું આવી ઉતરતી સ્થીતીમાં આવી પડી છું. હુ જાતે ખરાબ માણસ નથી."

"તમારે વાસતે બુરૂં એક પળબી હું માનુ નહી."

"મારા બાપ, તું હજી જવાન છે અને તારા દીલમાં ગરમ લોહી દોડે છે તેથી તું આમ બોલે છે. હું સારી રવે શે જાણું છું કે તેં મારી જીંદગી બચાવી છે અને તેથી તુને તો કંઇક ઇસારો કરવાની મારી ફરજ છે. હું મારા બાપનું નામ તુને કહી શકતી નથી તેમજ મારી આખી તવારીખ આપી શકતી નથી, કારણ કે તેમ કીધાથી બે ગુનાહ પુરૂષોને હું નાહકના રૂસવા કરૂં. પણ હું એટલું તો કહીશ કે હું મોટાં ખાનદાનની છું અને મારા બાપની સરવેથી વડી બેટી છું."

"તારે હવે તમે પાછાં તેવણના આશરામાં જઇ શકો નહી?"

"નહી, મારી બદબખ્ત શાદી પછીથી મારા પીતાએ મને કહાડી મુકી છે અને હવે આએ ભયંકર શરમીંદગીભરેલા બનાવ પછી હું તેવણના ઘરમાં પગ મુકું તે કરતાં મરવું ભલું."

"તારે તમે શું કરશો? શું પેલા કંગાલ પુરૂષ—ખુની મુજી આગળ પાછાં જશો?"

"એ ખોદા. ફરીથી તેનું મોહડું નહી બનાવે."

"તમારા બીજા કોઇ ઓળખીતા પાળખીતા નથી?"

"ખોદા સીવાય કોઇ નથી—પણ જરા ધીરજથી મારી હકીકત સાંભળો-"

પ્રકરણ ૨૧ મું.

તેહેમીના વાટજ જોયા કરતી હતી કે કયારે લાગ આવે કે બધાંનાં છાલ છોડાં કાહાડી નાખું, આઠમે દાહાડે તેહેમીના આ દોજખખાનાથી એવી તો બેજાર થઇ ગઇ કે બીજે દીને સવારના ખાલી કરી જવાની નોટીસ આપી. રાતના પેલી સુશીયાની ભણુભણતી દેવદારની ટેબલ ઉપર બધાં ખાવા બેઠાં છે તારે ગુલેસ્તાન ઇરાની કાંદાથી મઘમઘતો સદરો પહેરેલાં આવ્યાં અને તેહેમીનાનું મન મનાવા લાગ્યાં.

"તું જાયચ, હું ઘણી દલગીર ચે. મમભઇમાં તારી દોસ્ત લોક અમદાવાદ આવે તેને મારી ઓટલની ભલામણ કરજે."

તેહમીનાએ હસતું મોહ કરી જવાબ દીધો "શું આએ નજીસ મરઘાંના પીંજરાંને હોટેલ કેહોછ? ઇરાનમાં બધાં હોટેલ એવાંજ હોશે ને તાહાંમી આવા સોલે સણગારેજ ફરોછ કે? તમારી પાસ મલાજાને ખાતર એક બદીઆનમી નથી?"

ખાનદાની ગુલેસતાન બાનુના ડોળા તો આસમાને ચહડી ગયાં. તેને તો બોલતાં આવડયું નહીં પણ આડ આનાં આપવાવાળા "ડાકટર" કુવામાં કુદી પડયા. માલેકણનુ બીલબી ચહડી ગયું હતું ને હાલ તુરત ફલુસ જરા મારીસ હતા અને તેવણને રાજી રાખવાની જરૂર હતી. આવી ગણત્રી કરી તેવણ વચ્ચે નકામા પુરાયા. "બાઈ સાહેબ, તમે યાદ રાખવું જોઇયે કે તમે ખાનદાની અને આબરૂદાર ગ્રહસ્થ બાનુઓની હજુરમાં બેઠેલાં છેઓ ને તમે આવી ભાશા વાપરવી નહી જોઇયે."

"ઠીક છે. આબરૂદાર ગ્રહસ્થો અને બાનુઓની વાત ઉપર હું હજી આઉંછ. પણ તેટલાં મને કહી દેવાની રજા આપશો કે આએ ઇરાની ગુલેસ્તાન એક ઠગારી લુચ્છી ચાકરડીછે."

ટાબલો! ગુલેસ્તાન તો આ સાંભળીને હાથમાં તવાથો લઇને ઉઠી પણ ખાન સાહેબનાં પીલીબાઇએ તેવણને પકડી લીધાં અને ડાકટર નવરોજજીએ ઘણીજ જવાંમરદી બતાવીને પીલાંબાઇને કમરમાંથી ધરયાં. પીલીબાઇ હતાં તો ખાસ્સાં બફેનાની બરણી જેવાં પણ ડાકટર બોલ્યા "પીલાંબાઇ. પીલાં–તમે અલ્લગ રહો, એકતો તમારી તબીઅત સારી નહી ને આવી ગરબરમાં તમને કાંઇ કદાચ વાગી જાય તો હું શું કરશ."

હવે ગુલેસતાન ઇરાની પાછી જાગી. પોતાના ઘીથી ખરડાયલા હાથ સદરાથીજ લુછીને કમરે હાથ ટેકવીને તેણીએ તેહમીનાને હુકમ કાહાડયો કે "ઉટ, મારા ટેબલપરથી અમ-નાની અમના ઉટ."

તેહમીના હીલી કે ચાલી નહી. તેણીએ ઠંડે પેટે જવાબ દીધો "શું કરવા ઉઠશે. મેં મારી આજની ફી આપેલી છે અને સરકારી કાયદા પ્રમાણે હોટેલવાળાને કોઇનેબી બાહાર કાહારવાની સતા નથી. જો વધારે ગરબડ થશે તો હું પોલીસને બોલાવશ."

"પણ તું માગીછ શું" ગુલેસતાનના પગ જરા ઢીલા પડયા.

"હું માગુંછ એમ કે બીજી બધી વાત તો એક બાજુએ રહી પણ તેં જાહેરખબર છપાવીછ તેમાં લખેછ કે "ખાનું ઉત્તમ" તે કાંહાં છે. આજે રાતના મસુરની દાળ ને કાંદોને રોટલી ખાવા મુકીછ તે ઉત્તમ ખાણું કે?"

"તે મસુરની દારને શું કુત્રાએ કડયા? તારા બાપના ઘેરમાં રોજ પઇ પુડીન ખાયચ કે? અમથા પત્રાજી મારેછ. તુને ખાવાનું નહી ગમેયા તો મારી ઓરડામાં આવીને માં ગેચ તો તુંને ચારવેલાં ઇડાં કરી આપેચ. અહીં ટેબલપર ફજેતા ફરત્તા તુને શરમ નહી આવતા?"

"તારા ઓરડામાં આવીને પલેગ લઇને મારે ઘેર જાઉં એવી હું કાચી નથી. હું પોતે ખાધાની દરકાર કરતી નથી પણુ આએ બીજા બધાં લોક જેઓ તારાં ઓશીયાળાં હોવા થી મોહોડે તાળુ મારીને જે કોહેલું સરેલું આપેછ તે લોકોને થકી હું ભર ટેબલ ઉપર ફરીઆદ ઉઠાવુંછ ને હજુર બીજે ઠેકાણેબી ઉઠાવસ. સબર—બધાં સાંભળો—જે જાહેર ખબર છપાવીછ તેની કાપલી આએ રહી. તેમાં લખેછ કે "એક ખાનદાની બાનુ માલેકણુ," બોલો સાહેબો આએ મેલી ઘેલી, પંદર દાહાડાના ગંધાતા સદરાવાળી પેટી ચોલી કે બદીઆન વગરની ઉંઘાડા બદનની ઘેખરી તેને તમો ખાનદાની માલેકણુ દાખલ કબુલ રાખોછ?"

"તેની તુને શું પંચાત?" કમબખત પીલીબાઇ ખાનસાહેબ વચ્ચે પુરાયાં.

"તમે જરા થોભો—તમારાબીવારી આવેછ. એ ખાનસાહેબ કોણછે અને તમે અહી કાંય પડી રહયાંછ ને એ બધા અહીં શું નાટક ચાલેછ તે હું બધું જાણું છ. તમે મુગાં રેહેવામાંજ શોભા છે. પણુ જાહેર ખબર આગળ વાંચો. લખે છે કે "એક સુંદર જગામાં આવેલો બંગલો" તે આએ સુંદર બંગલો કે? ઘરની બાહાર મરઘાંના ચરકાનથી ઘમઘમી રહેલું પીજરૂં છે અને ઘેરમાં એક આખી ખુરસી નથી. આરસી પરડાથી

સણુગારેલા પેલા સુવાના ઓરડા છપાવ્યાછ તે કાંહાં છે? ડરાઇંગ રૂમમાં પીઆનો છે તે કાંહાં છે? સાઉન્ડી કુંપનીમાં-સમારવા ગેઇ હશે. ઠગાઇથી પઇસા કહરાવવાનો વાંક હું આએ નજીસ ઓરત ઉપર મુકું તો તે ચાલી શકે. "ગરમ પાણીનાં બાથ!" ઓ ખોદાય, શું આએ દુનીઆ ઠગારી છે. વેલાતના જુના નુસપેપરોમાંથી કાપીને લાહીથી દેવાલ ઉપર. એગ લગામણા પીકચરો વળગાડયાં છે તે તો આએ નામીચા બંગલાનો સણુગાર!"

હવે હદ થઇ ગઇ. ગુલેસ્તાન આખર કરેને જંગલીજ કેની તે હવે વધુ સાંખી શકી નહી. "તું હવે અહીંથી જાયછ કે નહી. હું પોલીસ સીપાઇને લાવેછ."

"બેલાસક-હું ઘણીજ ખુશી થવશ. જરા વારમાં હું પોતેજ એક વકીલને બોલાવી લાવીને આએ બધુ દેખારવાની છેઉં."

બધાંએ જોયું કે તેહમીના જે બોલતીહતી તે બધું બોલેબોલ ખરૂં હતું પણ ઇરાની વીછણને છેડીને કાંહાં ઉભાં રેહ તેથી તે લોક તેહમીનાને સમજાવવા લાગ્યાં કે આવી રીતે રમખાણ કરવામાં કંઇ સાર નહીં. તુને નહીં ગમતું હોય. તો ચાલી જા. પણ તેહમીના એકથી બે થઇ નહીં.

"તમો બધાં બીહોછ શાના. ખરૂં કેમ બોલતાં નથી. શું આએ હોટેલ છે કે ભીખારીનું ઘેર. આએ ખાણું ઉત્તમ છે કે કુતરાને ખવાડવા જેવો કચરો—

ખાનસાહેબનાં ગીલીબાઇ બોલવા ગયાં કે "મને તો—

"તમેતો મુગાંજ રહેજો—હું તમને પુછતી નથી. તમે

એવાં હલકાં હજામડાં છેઓ કે હું ધારૂં છું કે રસ્તામાં ફેરીની ચુસેલી છાલ પડેલી હોય તેવી ખાઇ જાઓ. ખાનદાની ગુલેસ્તાન, તમે અવે ડોળા કકડાવશો તેથી હું કંઇ બીહીવાની નથી. તમારી મગદુર હોય તો મારા આંગને હાથ લગાડો પછી જુઓ કે હું કેવો બધો વરઘોડો પોલીસે ચહડાઉં છ તે."

"પણ કોણ તુને હાથ લગારેચ. ગરે પરવા આવેચ કે.?"

"હાથ લગાર કે ના લગાર પણ હું તો કેહવાની કે એ લોક લુચ્ચાં, લુટારા, હરામખોર છે માટે જુઠી જાહેર ખબરો છપાવી તમે લોકોને ફસાવોછ. હું તુને દરરોજના રૂપીઆ એકને હીસાબે ચુકાવી આપશ. પણ હું આએ દગાઇ જાહેરમાં મુકવા વગર રેહેવાની નથી."

ગુલેસનાન બાનુ તો આ ધડાકો સાંભળીને શરમીમાં ભરાઇ ગયાં. જેવી તેવણુની પીઠ ફરી કે સઘળો મામલો ફરી ગયો. સઘળાં તેહમીનાને તેની હીમતને માટે શાબાશી આપવા લાગ્યાં. 'ડાકટર' સાહેબ બોલ્યા શાબાશ–શાબાશ હું તો કેટલા દાહાડા થયા વાંધો લેવાનો વીચાર કરતો તો પણ શું કરીએ, હમણા મારો બંગલો રંગાયછ તેથી અહી પરી રહ્યોછ."

. તેહમીના બોલી "તમે જુઠા છેઓ, હીચકારા છેઓ. કેઇ જીંદગીને સારૂં જુઠું બોલોછ. તમારો બંગલો પણ નથી કે ઘેરબી નથી. એ બધું હંબગ મારી આગળ ચાલશે નહી. ખાવાનું નહીં મળતું તો કાટલી લઇને ભીખ કાંય નહીં માંગતા. ચાલો સાહેબજી."

આ પ્રમાણે નાટક તમામ થયો. તેહમી માળપર પોતાનાં કપડાં બાંધવા ગઇ. અમદાવાદમાં કેઇ માણેકજી શરાફને ત્યાં તેવણુનાં ત્રણ છોકરાંને સાચવવા, શિખવવા અને ઘર

સંભાળવા માટે તેણીએ ચાકરી શોધી કહાડી હતી. માણેકજી પોતાને વેપારી કહેવાડતા હતા પણ બજારમાં ફક્ત એક રમકડાંની દુકાન હતી તે ઉપર સઘળો મદાર હતો. તેવણ ચાળી સેક વરસના હશે પણ મીસીસ માણેકજી પંચાવન વરસનાં હતાં. તેવણ પાસે આઠેક હજારનો ડલ્લો હતો તેના જીવપર માણેકજી તેવણ સાથ પરણીને આએ દુકાન માંડી બેઠા હતા. મીસીસ માણેકજી જેવણનું નામ બચુબાઇ હતું તેવણ મીજાજનાં દાધા બગીચાં હતાં અને બધું રાજ તેવણનું ચાલતું હતું. જ્યારે તેહમી સાથ તેવણે બંદોબસ્ત કીધો તારે તેણીને ઘણાક કઢંગા સવાલો પુછ્યા, પોતાનાં છોકરાંઓની વખાણ કીધી અને પોતાના વરનો લખો રૂપીઆનો વેપાર છે એમ જણાવ્યું. તેવણે ભાર મુકી મુકીને તેહમીના મગજ ઉપર ઠસાવ્યું કે "જોબા, મારી આગળ જુઠું ચાલશે નહીં, મને જુઠાંની ઘણી ચીર છે. તારી અગાઉ એક છોકરી મારે તાંહાં રહીતી તે રાંન એવી જુઠી લુતરી ઉતી કે મેં તેને ખાસરૂં મારીને કાહારી મુકી. મારાં છોકરાં કંઇ જેવાં તેવાં નથી, તે લોકને હું સાચુજ બોલવાની ટેવ પારૂંછ. જોઇયે હવે તું કેવી નીકરેછ."

"જી હું બધું સમજી—હવે તમુને ખરી વાત કેહું ?"

"હા બોલની."

"હું એટલું સાચાબોલું છેઉં કે તેથી હાંડમાર થાઉંછ."

"અહ—પછી—પછી—મારી આગળ કંઇ ઠઠા મશકેરી ચાલશે નહીં હં. હું તારા જેવી સાતને ખાઇ જાઉં તેવી છેઉં."

"જી સાતને ખાતાં તો અજીરણ થાય. મને એકલીનેજ વેડી જોજોની. હું મરી જાઉં તો જુઠું બોલવાની નથી પછી તમુંને ગમે કે નહીં ગમે."

"ઠીક છે, મનેબી તે ઘણું ગમશે. આવતી કાલે સવારથી તું આવજે. તુંને દર મહીને દશ રૂપીઆનો પગાર ને ખાવાનું મળશે. ધોબી ધુવામણુંબી આપસ. રાતના છોકરાં સુવા જાય કે મને ઘેરમાં ઉંચું નીચું કરવાની મદદ કરવાની."

"હાજી, હું સમજી."

છોકરાંઓ ત્રણ હતાં. અરદેશર, વીરબાઇ, અને પીલુ. અરદેશર છ વરસનો, વીલ્લુ પાંચ અને પીલુ ત્રણ. અરદેશરની મોટામાં મોટી મોજ જીવતા ઉંદરો પકડીને તેમને છરીથી કાપવામાં હતી. તે કસારીઓ સાથ રમતો અને ઘલોડીઓને પગ તળે કચડીને લોકના દીલપર નાખવામાં મજાહ લેતો. ઘેરમાં વહીતરૂં કરનાર, રાંધનાર અને કચરો કહાડનાર એક પુરી એક ઓરત હતી તેની સાડીપર છુપી રીતે કાતરના કાપ મેલવા એમાં તો અદીની બહાદુરી સમાયલી હતી. વીલ્લુની મોટી ખુબી ચાડી ખાવાની હતી. હરપળે તે માયજીના કાનમાં જુઠી સાચી વાતો રેડતી અને માયજીએ તેને એક જાસુસ તરીકે રાખી હતી. પીલુંનો મોટામાં મોટો શોખ આખો દહાડો મોટાં ઘાંટાં પાડી રડવાનો હતો. ઘરમાં એક મીનીટબી ખાલી જતી ન હશે કે પીલુનો રડવાનો સાદ આવતો ન હોય. આ મોહકાણને લીધે વીલ્લુથી બધાં બીહતાં. જરા જરામાં તે માયજી આંગળ જાય ને કાનમાં કહે "મમા, આજે તો સોમલીએ ફુલીઉ ભરીને ઘી અભરાઇપર સાંતયુંછ."

"હં કે દીકરા, તું ડાહી દીકરી છે. મમાને બધું એ મજ આવીને કહીએ. ઉભી રેહે, એ ગુનેહગારના હમણા જઇને લતીઆં પીખુંચ."

જો સરેસતા કરતાં પીલુ વધારે ઘાંટાં પાડે તો માયજી

તુરત તેહમીના ઉપર ઝાડ તોડી પારે કે "તું જાહાં છે તાંહાં એને મારતી હોસે. કાલેબી એના હાથપર મેં કાળા ડાઘ જોયા." ઇત્યાદી.

માણેકજી બચારા દોરઆંધીઆ સહવારના આઠ વાગે વે પારે સધાવે ને સાંજના ૭ વાગે ઘેર આવે. જરા ફેરેકાર વાસ મારતી હોય તે છુપાવવા એલચીના ફાકા મોહોડાંમાં મારેલાજ હોય. જો જરા મોડું થાય તો ઘરમાં એવું રમખાણ જાગે કે રૂસો જાપાન લડાઇબી હટી. તેહુમી તો આઠ દહાડા માંજ ઘણી કંટાળી ગઈ હતી. પણ મુગે મોહોડે બધું સહણ કીધું. એક દાહાડે માણેકજી સાત વાગા તોબી આવ્યા નહી. એટલે મીસીસનો ધુમટો ચહડયો યાને તેહમી સપાટામા આવી ગેઇ. તેવણ ચીથરાં ઝાડવાની તક શોધતાંજ હતાં તેટલાં વીલ્લુ આવીને માયના પાસામાં ભરાઇને કેહવા લાગી "માયજી, હમણા અદી ભાઇને તેહુમીનાએ ધકકો મારીને સાત વાગામાંથી સુવારી દીધો."

"હેં, એ મરી જાય એમની એમ. મારાં છોકરાને એં હાત લગારનાર કોણ. પણ અદીએ કાંઇ ચેરાં કાહારયાં હોસે?"

"નહીરે માયજી, બચારો અદી લાકડીપર ઘોરો કરતોતો તેટલાં તેહમીનાને આંટી લાગીને એ જરા પરી ગેઇ તે પરથી ચીરડાઇ અદાને ધમકો મારીને સુવારી દીધો."

"હેં, રાન ચાહે શું પીએછ–મનથી જાણે દાદી શેઠની દીકરી."

આમ બોલી માયજી ને ગરીબ ગાય વીલ્લુ, સુવાના ઓરડા ગમ ધસ્યાં. તેહેમી પીલુને કપડાં બદલાવતી હતી.

"તેહમીના અદી કાંહાં છે?" બાઇએ રોહોસાબેર પુછ્યું.

"જી, તેને તો મેં સુવારી દીધો."

"કાંય-સાત વાગામાંથી સુવારવાની શી જરૂર?"

"જી, એ ઘણી મસતી કરતો તો ને મેં જરા શીખામણ દીધી તો મારા બરડા ઉપર લાકડી મારી."

"જુઠ્ઠું બધું જુઠ્ઠું. એવો ગરીબ ગાય જેવો છોકરો તારા લબ્ધા જેવી બઇરીને લાકરી મારે એ હું માનું નહીં."

"જી, હું જુઠ્ઠું બોલું નહીં. લાકડીનો ડાઘ હજુ મારા દીલપર હોસે."

"ફરીથી એમ મારા મોહોનાપર આવતી ના. એથી છોકરાઓને સાંબે થવાની ટેવ પરેછ. હીરા જેવા છોકરા ઉપર એમ બોહોતાન મુકતાં તુને શરમ નહીં આવતી. જા વીલ્લુ, જઇને અદીને બોલાવી લાવ."

વીલ્લુ હરખભેર દોડી કે તેહમીએ કરારને જીવે બારણું બંધ કીધું. અને બોલી "જી, બોલું તે માફ કરજો, પણ છોકરાંઓને રીતભાત શીખવવાનું તમે મને સોંપ્યુંછ ને જો મેં તેને જલદી સુઇ જવાની સજા કરી તે તમે ફેરવી નાખશો તો હવે પછી એ લોક મારૂં માનશે નહીં."

"નહીં માનશે તો બોછી પીરા. તેં મીજાજ ખોઇને તેને ધમકો શું કામ મારયો. એવી જો ચાલ ચલાવશો તો તારા હાથમાં છોકરાં સોંપાય નહીં."

"હું ઘણી નમનતાઇ સાથ કેહુંછું કે અદીએ આજે આખો દાહાડો થયો મને પજવીછ. મેં ઘણી શીખામણ દીધી પણ માનતો નથી. એણે મને લાકડીનો ફટકો જાણી-

જોઇને માર્યો તેથી હું એને વધારે સજા કરતે."

"તેં ધમકો તો મારયો?"

"નહીંજી, મેં હાથ લગાડયોજ નથી."

"હાથ નહીં લગાડયો તો પગ લગારીઓ. એ કોણુને બચ્ચાંને સમજાવેછ કે? મને વીલ્લુએ કહયું કે એણે નજરે નજર જોયું. તેં ધમકો મારયો નહીં હોશે તો મારવા હાથ ઉંચકયો"

"હા મેં હાથ ઉંચકયો એ ખરી વાત છે. અદીએ લાકરી ઉંચકી તારે શું હાથ બાંધી રાખું? પણ એક વાતની સો વાત. જો તમે અદીને મેં કીધેલી સજા રદ કરશો તો હું આજે તમારા ઘેરમાં ઉભી રહેવાની નથી."

મીસીસ માણેકજી હવે ધબકયાં. તેહમીના ઘેરમાં એટલી કામની હતી અને એવી સસતી પડતી હતી કે તે ચાલી જાય તો કામ બગડે એવું હતું. આ ઉપરથી તેવણુ નરમ પડી બોલ્યાં.

"તેહમીના તું જરા આકરી છે."

"નહીંજી, પણ હું કોઇનું સાંખું તેવી નથી. હું જે વાજબી હશે તે કરવાની. પછી તમારી નોકરી જાય તો ભલે."

"વારૂ ચાલ માંડીવાળ. હું અદીને ધમકાવસ"

હાલ તુરત તો આ ફારસનો છેડો આવ્યો.

પ્રકરણ ૨૨ મું.

દુઃખી દીલશાદે પોતાની જીંદગીનો થોડોક ભેદ દાદી

આગળ બોલવા ચાહયો તે સાંભળવાને આ ભલો જવાન જેટલો ઈંતેજાર હતો તેટલોજ ઈંતેજાર મારી આ કથાનો વાંચક વર્ગ હશે એમ હું માનુ છું. ભરમનો પડદો જરા ઉંચકાવાનો હવે વખત આવ્યો છે. દીલશાદ કોણ છે તે સવાલ હર જગાએથી પુછાય છે. ધીરજ ધરો. તમારી જીજ્ઞાસા તરૂપત થશે.

"દાદીમા, હું મારાં દુઃખનું શું બ્યાન કરૂં. હું પારસીને પેટની છું. મારા પીતા બીરારમાં મોટા જાગીરદાર હતા અને સર નાઈટનો ખેતાબ ધરાવે છે, નીઝામ સરકારમાં તેવણનો મોટો વગ વસીલો છે. હું તેવણનું નામ હાલ જાહેર પાડવાને ખુશી નથી. હું ૭ વરસની હતી એટલામાં મારાં મા ગુજરી ગયાં અને બાવાજી બે વરસ રહીને પાછા પરણ્યા. આ બીજી શાદીથી મારી બે બેહનો જનમ પામી. એ છોકરીઓ એટલી ખુબસુરત છે કે તેમની તારીફ આખાં હેદરાબાદ સલતનતમાં છે. મારી મતરાઈ જો કે મારી ઉપર કશી વાતનો જુલમ પાડતી ન હતી તોબી તેવણ પોતાના પેટની દીકરીઓને જેમ ચાહતાં તેમ મને ચાહતાં નહી. બાવાજીનું પણ તેમજ સમજવું. તેવણ મારી ગમ ઘણા પ્યારથી જોતા ન હતા પણ મારી સાવકી બેહનોપર ખુશખુશ રહેતા. પણ કોઈની પીઠ પાછળ બુરૂં શું કામ બોલું? મારા બાવાજીએ અને મતરાઈએ મને સારી કેળવણી આપવા સારૂં પઈસો ખરચવાની વાણ રાખી નહી. હું ઈંગ્રેજી પણ સારૂં જાણું છું, ફારસી મારી માનીતી જબાન છે. હું દીલરૂબા તથા પીઆનો વગાડી જાણુંછ અને ડરાઈંગનો પણ ઠીક માહવરો છે. આ પ્રમાણે કળવકળે હું સોળ વરસની થઈ અને પછી અકળાવા લાગી. મારૂં મોંહ ઉતરી જવા માંડયું અને છાતી જરા નબળી પડતી જણાઈ એટલે અમારા ડાકટરે

સખત ભલામણ કીધી કે મને દરીઆની હવા ગમે. ચેંજને સારૂ મોકલવી જોઇયે.

"મારાં એકફૂઇ એક દરીઆ કીનારેના શહેરમાં વસ્તાં હતાં જ્યાં મને મોકલવાનું નકકી થયું. હું ત્યાં બાર મહીના રહી અને પાછી તનદરોસત થઇ. મારાં ફુઇ વીધવા હતાં તેવણનું નામબા દીનબાઇ. મારૂં નામબી તેજ. તેવણે મને પોતાની દીકરી કરી રાખા હતી અને મને ઘણાં લાડથી રાખતાં. આ વાર મારાં કમભાગ્યે મારાં ફુઇ ભુલી ગયાં કે હું એક જવાન અબળા હતી. તેવણતો મને હંમેશ નાદાન બચ્ચું સમજતાં.

"ફુઇજીની નોકરીમાં એક જુવાન રમકડાં જેવી આયા હતી તે ને હું બંનેજણ ગમે ત્યાં ફરીએ, એકલાં દરીએ કાંઠે જઇએ, નાચીએ કુદીએ અને મસતી તોફાન કરીયે. એક દહાડો સાંજના અમે બે જન દરીઆ કાંઠે ફરતાં ફરતાં છેક ખડક ઉપર ચહરયાં અને કરચલાં પકડવામાં મશગુલ હતાં એવામાં લોકોએ બુમાબુમ કરી મુકી. ભરતી ઝપાટામાં ચહડી આવી હતી. અને અમે ખડક ઉપર ઘેરાઇ ગયા હતાં. હવે શું કરવું. ડુબીમરવાની બીકે અમે ચીસાચીસ પાડી એવામાં એક જુવાન ગ્રહસ્થ જે ત્યાં અવારનવાર ફરવા અવતો હતો તે પાણીમાં ઝીપલાવીને અમારી મદદે આવ્યો અને અમે બેંઉને સલામત કીનારે આણ્યાં.

"દાદીમા, આ ધણી કોણ હતો તે કહેવાની તો જરૂર રહી નથી. આજના બનાવથી મારી કમબખ્ત જીંદગીનું કડવું બી રોપાયું. તે ધણી તરફ મારા જાનના એક બચાવનાર તરીકે હું જોવા લાગી અને આસ્તે આસ્તે મામલો આગળ વધતો ગયો. યાદ રાખવું કે હું તે વખતે માત્ર સત્તર વરસની નાદાન હતી.



“ડા—મીઠ મેહરબાન—એણે મને વાતો ફુસલાવીને મારી સાથે શાદી
કરી અને મારી જવાન જીંદગીનું આખું ખરાબ કર્યું.”

(પાનું ૧૬૧ મ)

અમે રોજ રોજ મળતાં અને-યા પેદાના કરનાર-તે અભાગ્યા દાહાડાઓની યાદ કભી ભુસાઇ જવાની નથી."

દાદીએ અત્રે ન્હળવેથી પુછ્યું "ને આએ ધણી તે મી. મેહરબાન, નહીં ?"

"હા-મી. મેહરબાન-એણે મને વાહી ફુસલાવીને મારી સાથે શાદી કીધી અને મારી જવાન જીંદગીનું ખાનું ખરાબ કીધું"

"હું બધી વાત તમને કહીશ. એના બાપને મેં કોઇ દાહાડે જોયા નથી. પણ પાછળથી મારી જાણમાં આવ્યું છે કે તેવણ કોઇ નાહના ગામમાં મોબેદીનું કામ કરતા હતા. મી. મેહરબાન અસલ જાતે ઇરાની જરથોસ્તી છે અને એનું અસલ નામ ખોદા માલમ શું છે પણ નીઝામની પોલીસમાં એ નોકરી હતો ત્યારથીજ મેહરબાન કરી પોતાને ઓળખાવે છે. અમારી નીઝામીમાં બધા એમજ સમજેછ કે એ મુસલમીન છે પણ ખરેખરૂં તેમ નથી. એ ધણી કદાવર અને દેખાવલો હતો. અને સાથે લાગી મીઠી જબાંથી મારૂં દીલ કાતરતો હતો. જ્યારે તેણે પોતાની મોટી મોટી દોલતની ડીંગ મારી ત્યારે હું અંદબખ્ત લોભાઇ.

"તોબાહ ખોદા-હું હવે કેવી પસ્તાઉછ-હું એની સાથ પરણી. મેં એને ઘણીબી આજુજી કીધી કે મારા બાવાજીની રજા લઇએ પણ તે એકથી બીજો થયો નહી. બાવાજી કણુ રજા આપેજ નહી. બાવાજી મોટા ખાનદાની હતા અને આ ધણીતો એક સાધારણ મોબેદનો બેટો હતો. "આપણા જીગર એક છે તો પૈસો શું બીસાદમાં છે ? આપરે સુમલા રોટીપર ખુશાલ રહીશું," એવી એવી લતરાજથી હું ખાડામાં પડી. મેં વીચાર કીધો કે મહોબત, મહોબત જેવું મીઠું શું છે ?

આએ ધણીએ મારો જીવ બચાવ્યો-બસ હું એના ઉપર જાનફેશાન છું. મારાં ઘેરમાં મારી કોઇ પરવા કરતું નથી તો હું તે લોકની રાજી રજામંદી શા સારૂં પુછું? મારાં ફુઇ બચારાં ઉડીઆણાં પાથરણાં કરતાં પરવારે તો મારી ખબર રાખે કેની? તેવણ તો જાણે કે ભત્રીજી બચ્ચું છે તે દરયા કીનારે રમતી હોશે.

"પણ દાદીમા, આ બનાવ વિશે વધારે લંબાણ કરવાની જરૂર નથી. જાણવું કે અમે પરણ્યાં. બાવાજીએ જયારે આ ખબર સાંભળી ત્યારે એવા તો છેડાયા કે મને કહેવાડયું કે મારી સીડીએ હવે ચહડવું નહીં. મારા ધણીએ ધણીબી પટામણી ચીઠીઓ લખી, મેં કાગળો લખીને માફી ચાહી પણ વ્યર્થ. બાવાજીનો ફકત એકજ કાગલ આવ્યો કે મેં આખા કુટુંબને એબ લગાડી છે માટે મારી બીજી કુમારી બેહનોના ભલાંને થકી મારે હવે બાવાજીના કુટુંબ સાથ કશો સંબંધ રાખવો નહીં. બાવાજીએ મારા વરપરથી કાંઇ લખ્યું હતું ખરૂં પણ તે મને એણે વંચાવ્યું નહીં. તે દાહાડે તે બહુજ ખીજાયલો હતો અને ગાળબેળ દેતો હતો તે પરથી હું ધારૂં છ કે બાવાજીએ સખ્ત શબ્દોમાં છેવટનો છેડો છોડ્યો હશે."

"આએ બધું બન્યાને આજે પાંચ વરસ થયાં. એ, મીઠ દાદી આએ પાંચ વરસમાં મારી જવાનીને મેં ઉંડાગારમાં પહોંચાડી દીધી છે. મારૂં દીલ તુટી ગયું છ. આસ્તે આસ્તે એ ધણી પોતાના ખરા ખવીસ આકારમાં જાહેર થતો ગયો. બસ–બસ–હું વધારે ખોલાસેથી બોલી શકતી નથી. આએ બીરામ આજે બે વરસ થયાં અમારી સાથે છે. મેં એ લોકની ચોકસ છુપી વાત જાણી તેથી એ મારા ઉપર છેડાયો. જયારે

તમે પેહલવેહલા મને મોતીબાગમાં મળવા આવ્યા તે વાતનો લાભ લઇને આએ ચંડાળે મારા ધણીને ભમાવી મુકયો."

દાદીથી અહીં મુંગું રહેવાયું નહીં. "અરેરે તારે તમારી ઉપર આએ બધી જફા લાવનાર હુંજ પોતે! મારી બેવકુફાઇએ તમારો જીવ જવાનો મેં સોદો કીધો."

"નહીં-નહીં-દાદીબા-તમારો કશો કસુર નથી. એતો ફકત એ લોકોને બાહાનું જોઈતું હતું તે મળ્યું. હું એ લોકની ઘણી વાત જાણુતી હતી અને એ લોકના મનથી કવાબમાં હાડકાં જેવી હતી. મેં ઘણીવાર મારા ધણીને સમજાવ્યું કે મને જવા દે; પણ નાપાક બીરામનું મત એવું કે મને જો વીહીલી મુકી તો કોઇ દાહડે આભાડો બાળશે તેથી મારા વરના કાનમાં ઝેર ભેળયું કે એ તો પેલા દાદી ઉપર—દાદી ઉપર—તમારી સાથે ઓળખાણ પડીછ તેથી જતી રહેવા માગેછ! મારો વર મીજાજનો ઘણો શકીલો અને દાધાબળ્યો છે. બીરામની સમજાવટથી એનું માથું ફરી ગયલું અને દારૂની ઝુમમાં એણે મને ફટકો મારેલો.

જરા વાર સુધી પોતાની આંખો બેઉ હાથેથી બંધ રાખીને દીલશાદ બેસી રહી. પછી જરા વારે બોલી "આહ, તે લોકના ચીરડાયલા ખવીસ જેવા ચેહેરા હજુ મારી આંખ આગળ છે. મેં ઘણીવાર મારા ધણીને સમજાવ્યો કે આએ બીરામ ઘણો ખરાબ માણસ છે અને એની સંગત છોડી દેવી. બીરામે આય તેનું વેર લીધું."

"પણ એમ છે તો પછી આએ ગુનેહગારોને પોલીસના હાથમાં આપવાની શું અડચણ છે?" દાદીએ સવાલ નાખ્યો.

"નહીં-મારેથી તેમ બને નહી-મારી કાચા કુમારી બે

બેહનોનાં ભલાંને ખાતર, મારાં કુળના નામને ખાતર મારૂ મોહોનું બંધ છે. દાદીબા, આએ બે ફુંગાળો મને મુવેલી ધારીને નાહા છે અને હું ઇચ્છુંછ કે તેઓ એવાજ ભરૂસામાં રહે. હું હવે નવું નામ ધારણ કરીને નવીજ જીંદગી ગુજારવા માંગુછ અને તેમાં તમારી મદદ માંગુછ. મને ઓશીયાયાળી રોટલી ગમતી નથી. ગમે એવી નાહાની ચાકરી કરીને મારી મેહનતની રોટી ખાવા હું તૈયાર છું."

આનો જવાબ દાદીએ ઘણો વાર આપ્યો નહી. હોઠ પીસીને ફીકકે ચેહરે તે બેસી રહયો. તે વાર તેના મગજમાંથી જે વીચાર પસાર થઇ જતા હતા તે લખવાનો આ વખત નથી.

દીલશાદ બોલી "મારા માથાં ઉપર જરબ લાગવા પછી જ્યારે હું હુશીયારીમાં આવી, ત્યારે મને એવું લાગતું હતું કે મારા દીલપર માથું છેજ નહી. પણ હમણા જરા ઠીક લાગે છે. હવે મારે હીમત પકડવી જોઇયે. કારણ કે તમારા બાવાજીને તાંહાં પડી રહીને સદાનો ખીચડો ખાવા જેવી નફટ હું નથી. હું ધારૂંછ કે કોઇ મોટાં કુટુંબમાં છોકરાંઓને શીખવવાનું કામ મારેથી થઇ શકશે. કોઇ દીલની દુખી બાઇને કમપાનીઅન જોઇયે તો તે કામ કરવાબી હું તઇયાર છું."

દાદી કરગરીને બોલ્યો "દીલશાદ તારાં નાજુક બદનથી આવો ધસડબોરો થઈ શકશે નહી."

"મારી આખી જીંદગી આવી હાડમારામાં ગેઇ છે. ને ધસડબોરો થાય કે નહી થાય પણ કરવા વગર કાંઇ છુટકો છે? મારાં આંગળાં ઉપર કીમતી વીટીઓ હતી તેબી આએ ચંડાળ બીરામ કાહારી લઇ ગયલો હશે."

"તું ચંડાળબોરામની વાત કરેછ ને પેલા બીજા ચંડાળનું કેમ ? જે શેહેતાને એક નીરદોશ છોકરીને ફુસલાવીને પોતાની પાપી જાળમાં ફસાવી તેને માટે શું ? ઓ, મારૂં લોહી કેવું તલપેછ! તુંને મરણ તોલ મારીને તે ડીચકારો તુંને મુએલી ધારીને નાહાસી ગયો અને તું તેને બચાવવા માંગેછ ?"

"તેને પોતાને ખાતર નહી પણ મારે પોતાને ખાતર, મરા પીતાના નામને ખાતર."

અને દીલશાદ ઉઠી અને દાદી આગળ જઇ તેના ખભાં ઉપર પોતાનો હાથ મેલી બોલી "દાદીમા, મેં તમારી ઉપર એતબાર રાખી ખરી હકીકત કહીછ અને હવે તમારી પાસે વચન માંગુંછ કે આએ હકીકત કોઇને કહેવી નહી. મારા પીતા એવા મગરૂર અને મોટાઇવાળા છે કે પોતાની છોકરીની આએ હીનપસ્તી જો બાહાર આવે તો એવણના જાનને કદાચ હાણી પુગે વાસતે હું પગે લાગીને માંગી લઉંછ કે આએ બધી વાત તમારા પેટમાંજ રાખવી, ને હું બે હાથ જોડી અરજ કરૂં છ કે મને કંઇ કામ શોધી આપવામાં મદદ કરવી. મને કહેવાને ઘણી લાજ લાગેછ કે મારાં આંગ ઉપર જે કપડાં છે તે ઉપરાંત મારી પાસે એક પૈ નથી. આએ મોહોકાણને લીધે મેં મારી ખરી હકીકત તમારી આગળ કહી. તમે કહેશો કે આવા નઠારાં માણસોની સોબતમાં જે કોઇ ફરે તેબી તેવુંજ હશે તેથી મેં બધી વીગત ખુલ્લી કીધી છે. હું કોણ છું ને કેમ ફસી તે તમે જાણો નહી તાંહાં સુધી મારા ઉપર એતબાર કેમ રાખો ? વરી તમે મારે પોતાને સારૂં બુરૂં વીચારો તે કરતાં તો મરવું ભલું."

"દીલશાદ, તમે આ પ્રમાણે શું સારૂં બોલોછ ? મેં તમુને પહેલે દહાડે જોયાં—"

"બસ—બસ—તમે મને મદદ કરશો કેની? તમે એ ણીગમ પેલીગમ ફરતા હરતા છેઓ એટલે તમુને તો ઘણા કુટુંબ સાથે ઓળખાણ હશે."

"પણ હાલ તુરત એ બાબે વીચાર કરવાની જરૂર નથી, ચાકરીએ જવા જેવી હાલ તમારી તબીયત નથી. મારેથી બનતું હું કરવાને ચુકીશ નહી. મેંજ આએ મોંહોકાણુ તમારા દીલપર આણી અને તમુને પાર ઉતારવાની મારી ફરજ છે."

"નહી દાદીબા, તેથી ઉલટું હું આજે જીવતી છેઉં તે તમારેથીજ."

આ વારતા ચાલે છે એવામાં શાપુરજીના દાદર ઊપર ઠાંસતા ઠાંસતા ચહડવાનો સાદ સંભળાયો. તેવણ અલબત જાણી જોઇને ચેતવણી આપવા ઠાંસતા હતા.

"અહંહં—મકુંજે દાદી—તારી પાસ રૂપીઆનું છુટું છે કે?"

"નહી—બાવાજી—મંગાવી આપું?"

"હા—જાતો બેટા—લઇનેજ પાછો આવજે."

દાદી ઉઠીને ગયા પછી શાપુરજી દીલશાદ આગળ ખુરસી ઉપર બેઠા અને વાત ચલાવી:-

"એહંહં! મકુંજે—દાદી સાથ ખુબ વાતે બેઠાંતાં?"

"હાજી—"

"પણ ઇનસ્પેકટર આગળ તો મુંગાં મંતર થઇ ગીઆંતાં?"

"હાજી—મારેથી બન્યું એટલું કહયું—જી. હું તમારીબી ઘણીજ ઉપકારી છેઉં કે મારા સંકટમાં તમોએ મને આશરો આપ્યો."

શાપુરજીઆ બાઇ માણુસના ઘણા વખાણુનાર હતા પણ વળી સાથે લાગા જીવના કંજુસ હતા. દીલશાદ ખુબસુરત હતી પણ માથે પડે તે ઘાસ્તી મોટી હતી.

જરા વાર વીચાર કરી તેવણુ કાંસી કરાંઝીને બોલ્યા—

"અરે એમાં શું ? એતો અરસપરસની દુનીયા છે. તમુને મારૂં મકાન કંઇબી કામ લાગુ તેથી હુ રાજી છેઉ-પણ-પણ જુઓની-ગામનુ લોક છે—તે—છેતે કરીને—"

"જી કંઈ નહીં-હુ સમજી. હુ પોતેજ હવે એકુ બે દાહાડામાં અહીથી જવસ. હું તો ફકત તમારો ઉપકાર માનવાને ખોટી હતી."

શાપુરજી ભારી અંદેશામાં પડયા કે હવે શું જવાબ આપવો. ડાહપણ એક ગમ તાણે અને દીલશાદનો ખુબીવંતો ચેહરો બીજી ગમ ખેંચે.

"અરે કંઇ નહીરે-બધું વાજતે ગાજતે જણાશે. પણ-પણ આએ બધા મામલાનો પુરતો ખોલાસો થવો જોઇયે. તમારે પોતાને વાસ્તે મને કંઇ વહેમ નથી પણ—"

'ખરી વાત છે—પણ બધું કહેવા જેવી હાલતમાં હું નથી." આટલું બોલતામાં દાદીબા આવી લાગ્યાં.

"દાદીબા, તમે ગયા ત્યારે તમારા બાવાજીનો હું ઉપકાર માનતી હતી."

"અરે કંઇ નહીરે-કંઇ નહીરે" આમ બોલી બેટાને લઇને શાપુરજી નીચે ગયા. ત્યાં જમવાના ઓરડામાં દાદીને રોકીને શાપુરજી બોલ્યા "બેટાજી હવે આએ પીડા અહીંથી જાય તો સારૂં."

"બાવાજી તમારે એમ બોલવું નહીં જોઇયે."

"બેટાજી મેં તુને જાણ્યોજી. તેં મને નથી જાણ્યો. બઇરાં માણસની ગત તું નહીં સમજે. આએ દીલશાદ બેશક પરી જેવી ખુબસુરત છે-પણ જોજે'અંદર કંઇબી કચરો છે. એણે પોતાના બાપના કુટુંબનું નામ કહેવાને ના પાડી તેથી ઇનસપેકટર જાકસનબી અજબ થતો હતો. બેટા જ્યાહાં છે તાંહાં કોઇ નાટકકાર ઓરત છે. જો બચ્યા ફસનો ના."

"બાવાજી, તમે આ પ્રમાણે બોલીને મને ને બીજાને મોટું અપમાન કરોજી. એ બીચારી કોઇને ફસાવે તેવી નથી. ઉલટું ઘણું થોડું બોલનારી છે."

"બધું હંબગ. એ રાંડીઆંઓ ગરીબ ગાય જેવાં દેખાય તે પર ભુલવું નહીં તું હજુ નાદાન છે. કોઇ સારી જેવી ખાનદાની ઘેરરાખું બઇરી શોધી કાહાડ કે ચાર ચોખા નાખી આપું. જો તારી ફુઇ બીખાઇની આલાં કે તેહેમી કે પીલાં એનું નામ શું રે —તે કેવી છે?"

"બાવાજી-હાલ મને પરણવું નથી."

પ્રકરણ ૨૩ મું.

તેહેમીએ પોતાનાં નવાં શેહાણી બચુબાઇ માણેકજી નારાફ સાથે જે ઝગડો કીધો તેની અસર તરત વેળા તો સારી થઇ. તેહમી સારી રવેસે પામી ગઇ હતી કે આ નવાં બાઇ સાથ હાસીસંગ લાંબો વખત સુધી ચાલવાનો નથી પણ જાહાં કાંઇ સારી ચાકરી મળે તેટલાં ચલાવી લેવા સીવાય

ક્ષુટક ન હતો— એટલે તુરતવેળા તો દમ મારી ગઇ. એણી મેર હવે માણેકજી શરાફની જરા નોંધ લેવાની જરૂર છે. તેવણનું ઘરમાં કાંઇ ચાલતું ન હતું અને પોતાનાં છોકરાંઓને આંખીને જોતા ન હતા. તેવણ હવે એકાએક છોકરાંઓ માટે ઘણી કાળજી દેખાડવાનાં ચીન્હો રજુ કરવા લાગ્યા. તેવણ હવે અંવારનવાર છોકરાંઓના સુવાના ઓરડામાં આવે અને બચ્ચાંઓને પસવારે અને તેહમીથી તેઓની ખબર અંતર પુછે. બચુબાઇ ઘરના કારભારમાં અને માણુસો સાથ ચીથરાં ફાડવામાં એવાં રોકાયલાં રહેતાં કે તેવણને બીજું કાંઇ સુઝે નહી. મારા માણેકજી તો ગરીબ ગાય જેવા છે ને કાઇની તારી મારીમાં નથી એમ અવારનવાર તેવણ તેણીને સમજાવે પણ ચંકાર તેહેમીએ પોતાનું મન જુદું જ બાંધયું હતું. માણેકજી અવાર નવાર ઓરડામાં આવે તે તેણીને બીલકુલ રૂચતું ન હતું અને અવારનવાર પોતાનો અણગમો બતાવતી રહી હતી. પણ માણેકજી આ જાણે કશું સમજતા ન હોય તેમ બચ્ચાંઓ ઉપર વાહાલ દેખાડવાનું ચાલુ રાખયું. છોકરાંઓને રમાડવાને બાહાને તેવણ તેહેમી સાથે વાત કરવા માંડે પણ તેહેમી તરફથી હા ને ના સીવાય બીજા જવાબ મળે નહી. આસતે આસતે ખરડીઓ પગ ગલીચા સુધી ચાલવા માંડયા. એક દીવસે તેવણ દીવા થતાં ઓરડામાં આવ્યા અને નાહાની બુચીને ઉંઘેલી જોઇ તેહમીના ખભા ઉપર હાથ મુકીને પુછયું.

"તેહેમી, કેમ, આજે પીલુ એટલી જલદી ઉંઘાઇ કેમ ગઇ અં?"

"તેહેમીએ તેવણનો હાથ તરછોડી ખીસાડી નાખ્યો અને ડોળા ચઢાવી પુછયું "મી॰ માણેકજી॰ મેહેરબાની કરી દુરથી વાત કરો-જો તમારે કાંઇ જાણવું હોય તો—"

"શશશ!—જરા આસતે—"

"આસતે બાસતે કંઇ નહી–જે પુછવું હોય તો બાઇની મારફતે પુછશો તો મહેરબાની થશે."

આ ટાંકણે બરાબર બારણું ઉઘાડીને વીલ્લુ અંદર આવી અને લાગલી પાછી નહાઠી. વીઝોકું જેવું જોઇયું તેવું ઝડપથી લાગું.

બુચી તાબડતોબ પોતાની માતા આગળ ગઇ અને પાસામાં ભેળાઇને સઘળો હેવાલ મરી મસાલો લગાઢીને કહયો.

"માયજી, બાવાજીના ગજામાં બે રોમાલ કાંય?

"બે રોમાલ? તેં કેમ જાણ્યું?"

"આજે સહવારના બાવાજી અમારા સુવાના ઓરડામાં આયાતા તારે નાખ લુછવા રૂમાલ કાહારયો તે તેહેમીનાનો ઉતો. તે વેહલો વેહલો તેવણે ગજામાં દાબી દીધોને બીજા ગજામાંથી પોતાનો કાહારયો–મેં નજરે નજર જોયું."

"એમ કે? તેં બાવાજીને પુછ્યું કે?"

"હા, મેં પુછ્યું કે તેહમીનાનો રોમાલ કાંય લેઓછ?' તારે કેહેજે એતો મેં હસવામાં સાંતયોછ; કોઇને કહેતી ના, પણ તમુને કેહયા વગર કંઇ ચાલે?"

"નહી, દીકરા–જે હોય તે માયજીને કહીએ."

આ પછી સાંજના તેહમીના નીચે મુગી મુગી છોકરાંના મોજાં સમારતી હતી ત્યાં બાઇ આવ્યાં અને ભપકામાંજ બોલ્યાં

"તેહમીના, હાથમાંનું સીવવાનું મુકી દેઓ."

"હાજી."

"હવે તમુને ખરૂં નરૂં પુછુંછ તેનો જવાબ દેઓ. લોકોના

માટીડા સાથ પેલાં ચેરાં કાહારવા તમે અહીં ભરાયાંછ કે ?"

તેહમી પામી ગઇ કે ખાડ આવી ખરી પણ તે જરાબી ગભરાઇ નહી. માટીઅઇઅર વચ્ચે ફંફાસ કરાવવા ખાતર તેણી આજ સુધી અખાડા કરી ગઈ હતી. પણ ખરી વાત એ હતી કે માણેકજીના ચેનચાળાથી તે કંટાળી ગઈ હતી અને જે દહાડો જાય છે તેમાં એ નાટકનો છેડો લાવ વાના વીચારમાંજ હતી.

"જી, તમારો સવાલ ઘણો કઢંગો છે. કોઇ ખાનદાની આબરૂદાર બાઇ તરફથી આવી રીતે મને પુછવામાં આવે તો હું ખાસડું કહાડીને મારૂં—પણ તમારા જેવી એક રમકડાંના દુકાનદારની ઓરત આવું બોલે તે તરફ તીરસકાર બતાવવા સીવાય હું બીજું શું કરી શકું ?"

"એ બધી તમારી હુશીયારી તમારા ખીસાંમાં રાખો. આએ રૂમાલ કોણનો ?"

"મારા રૂમાલ જેવો દેખાયછ પણ એવો મેલો અખન તર થઇ ગીઓછ કે હું ખાત્રીથી કહી શકતી નથી."

"અંહં! એટલું બધું કે ? તમે જાણોછ કે એ મને કયાંથી મળ્યો ?"

"મારી જાણે બલા. તમે જાણોછ એટલુંજ બસ છે."

"તુંને આ પ્રમાણે નખરાં કરતાં શરમ નહી આવતી ? આએ રોમાલ માણેકજીના ગજવાંમાંથી મેં કાહારગો. હવે મો હોનું કેમ રૂંધાઇ ગીયું."

"માણેકજીનાં ગજવામાંથી ? તારે મને ખબર નકી કે તમારા વર રમકડાંનો ધંધો કરવા ઉપ્રરાંત ચોરીનો ધંધોબી કરેછ."

"મોહોનુ સમાલીને બોલ. ચોરી કરે તું ને તારો બાપ."

હવે તેહમીનાનો સ્ટીમ ચહડવા માંડયો હતો. તે બોલી.

"અરે બાઇ સાહેબ, તમે રાંધણીમાં જઇને વાસણ ઉં જારો. તમારા બાપ દાદાથી તમે બીજુ વધારે શીખ્યાં હોય તેમ જણાતું નથી. શું તમે એમ કહેવા માંગોછ કે તમારા ચીનાઇ વાંદરા જેવા વર સાથે હું કાંઇબી વાત કરૂંછ ? તમુંને મેં પહેલેથીજ ચેતાવ્યાં હતાં કે હું જે હોશે તે સાચ્ચું બોલવાની. તમે હવે મને છેડીછ તારે તો સાંભળી લેઓ. આજે પંદર વીસ દહાડા થયા તમારો આ બાખારડા જેવો ધણી મારી સાથ હસવા બોલવાના ચાળા કરતો હતો પણ મારા ખાસડાંનેબી એ લાયક નો નથી. તમારે થકી હું બોલી નહી, પણ હવે તમુને કેહુંછ કે તમારા કરતાં વીસ વરસ નાહાલા વર સાથ પરણીને તમે બીજી શું આશા રાખતાં હતાં."

"એ બધું જુઠ્ઠું છે."

"એ બોલેબોલ સાચ્ચું છે. હું પહેલાંથીજ બોલતી આવીછ કે સચ્ચાઇએ મને ઘણી ઘણી મુશકેલીમાં નાખીછ પણ હું તેની દરકાર કરતી નથી."

"મરેરે, મારા કાંહાં ભોગ લાગા કે આએ રાન વીછ બુને ઘેરમાં ઘાલી ! હું હવે એવી પસતાઉંછ."

"ને હું ઘણી રાજી છેઉં. અલબતાં આય ઘેરમાં હું ઘણી હેરાન થઇ પણ મારા આવ્યાથી તમે લોકને કંઇ ફાયદો જ થશે. પહેલાં તો તમારા લોક જેવા હલકી વરગના લોકની રીતભાત શીખવાનું મને મળયું."

"હલકી વરણુ! એ ધુનેગાર, ખાંન શું ખાયછ! મારા ઘેરમાં દશ રૂપરડીનું વહીતરૂં કરનાર ચાકરડી અમુને હલકાં લોક કેહ!"

"થોડા પગારને ખાનદાન સાથ કશું લાગતુંવળગતું નથી. હા; હું ચાકર માણસ તો ખરી. ત્રણ હજારના પગાર કમાનાર અમલદારબી સરકારના ચાકર કહેવાય. તમે મને ચાકરી રાખી તેનો મતલબ એજ કે તમારાં જેવાં કામન માબા પથી જે બની નહી શકે તેવી તરબીએત મારા જેવીથી તમારાં નઠ્ઠસ છોકરાંઓને મળે. પણ એક મહીનામાંજ હું મારો અભીપ્રાય બાંધી ચુકીછું. તમે લાખ માસતર રાખશો કે હજારો રૂપીઆ ખરચશો પણ તમારો વડો દીકરો બબરચીની ઓધશો વધવાનો નથી."

"ચાલ નીકળ મારા ઘેરમાંથી, અતર ઘરી કાલું કર."

"ધારાં પરો. હું તમારા ઘેરનું મેલું પાણી પીવાને એક મીનીટબી ખોટી થવશ નહી. આએ રૂમાલ મારી મતા છે તે મને આપો."

"કબુ નહી–હજુ તો માણેકજીને પુછવાનું છે."

"એ મરો માલ છે ને જો આય ઘડી તે મને નહી મળશે તો હું પોલીસમાં જઇને માણેકજીની બધી વાત જાહેર કરીને 'એસોલ્ટ' ને 'ઇનસલ્ટ' કરવાના સમન મેળવીશ. વળી મને એકદમ રજા આપીછ તેના બદલામાં એક મહીનાનો પગાર જોઇશે. હું સામેના હોટેલમાં હમણા જાઉંછ ને જો કાલે સહવારના નવ વાગા સુધીમાં મારો રોમાલ અને નોટીસના બદલાનો મારો પગાર નહી આવી પહોંચશે તો હું દશ વાગે સમન કહાડીશ"

બચુબાઇ હવે ગભરાયાં. આએ વાઉ તો જરૂર બોલે તેમ કરે તેવી હતી. પોલીસમાં જાય ને બચુબાઇને સમન કરી ને બોલાવે ને ન્યુસપેપરોમાં બધું છપાય તેનો ધાડના જેવો તેવણને ધસકો પડયો. તેવણે રૂમાલ ભોંયપર ફેંકયો.

"આએ તારો શોભતો રૂમાલ—તારો પગાર સાંજના મળશે."

તેહમી રાંધણીમાં દોડી અને એક અફરગાનીઆમાં થોડો ઇંગાર મેલીને લાવી અને ચીપીઆ વડે પેલો રૂમાલ ઉંચ કીને અરદીબેહસ્ત ઉપર સળગાવી મુકયો.

"શેઠાણી તમે, બેફીકર રહેજો. આએ રૂંમાલને હું એક ચીપીઆ વડેબી અડકું નહી એવા નજીસ ખીસામાંથી તે આવ્યો છે પણ શું કરૂં, પવીત્ર આતશને આવી રીતે આઝો રદે કરવાબી હું દલગીર છું."

પ્રકરણ ૨૪ મું.

તેહમી આ જુલમગાર ઘરમાંથી નીકળી તો ખરી પણ પોતાનાં માબાપને ઘેર જવા કરતાં રસતામાં મજુરી કરવાનું વધારે પસંદ કરતી હતી. પોતે હારી એમ કબુલ કરવાનું તેને મોહોત કરતાં વધારે કડવું લાગતું હતું. સારાં નસીબે તેને બીજી ચાકરી જલદીથીજ મળી. તેણીનાં વાંચવામાં આવ્યું કે ખડકીમાં કોઇ નાનાભાઇ માસતરે એક બોરડીંગ સ્કુલ ઉંઘાડી હતી તેમાં નાહના છોકરાંઓ માટે એક બાનુ શીક્ષક જોઇ તી હતી. તેહમીએ લખીને વીગત પુછાવી અને પોતાનો ફોટો

ગ્રાફ મોકલ્યો તેના જવાબમાં ઉતર આવ્યો કે દર માસે રૂપી આ વીસ અને ખાવાનું પીવાનું ધોબી ધોવામણુ તથા રહેવાનું મળશે, વળી વધુ સમાચાર આવ્યા કે નાનાભાઇ માશંતર પરણેલા છે અને તેવણુના એક કુંવારાં બેહેનબી સાથે રહે છે બે બીજા માસતરો છે અને ઘણા નાહના છોકરાઓનું કામકાજ ફકત વીસ તેહમીનાને સોંપવામાં આવશે. તેહમીનાએ આ નવી નોકરી તારથી ઉપાડી લીધી અને બીજે દીને ખડકી જઇ પહોંચી. નાનાભાઇ માસતર નંબર વન હંબગ હતાં. ખુલ્લા શબ્દોમાં કહું તો સાત પાણીએ ધોયલા ધુતારા હતા.

તાસતા વણીયા બાસતા વણીયા,
સોળકે વેપાર કીધા.

તેમ મુંબઇમાં પહેલાં કોઇ બેંકમાં ચાકરી હતા. તાંહાં કાંઇ બોગરી કીધાથી જેલમાં જતા જેમ તેમ બચ્યા તારે મારવાડ જઇને દારૂની દુકાન કહાડી. ત્યાં ચાર પાંચ વેપારીઓને નહવાડીને પોબારાં માપી ગયા. તે રખડ રઝલ કરીને બીલીમોરામાં સ્કુલ કહાડી. ત્યાં કાંઈ વળ્યું નહી એટલે તે કોઇ બચારા મુર્ખને વેચીને વટયા ને મુંબઇ આવીને શેરના દલાલ થયા. પણુ પોતે જાતે ઘણા પ્રમાણીક પડયા એટલે કોઇ કામ ધીરે નહી ને ભુખે મરવા લાગ્યા એટલે ખડકીમાં બોરડીંગ સ્કુલ કહાડી. તેવણુના સાંભળવામાં આવ્યું હતું કે દેવલાલીમાં મી૦ તલાટીવાળી સ્કુલ ઘણા સારા પાયા ઉપર ધીકે છે અને તેવીજ એક બીજી પંચગણીમાં છે અને ત્યાં લોક છોકરાઓને મોકલે છે એટલે આપરેબી જાહેર ખબર છપાવશું તો લબડ છબડમાં જે પાંચ પંદર પોરીઆંઓના મા બાપ શીશામાં ઉતરયા તે ખરાં. મારવાડીને ત્યાંથી ચઉદ ટકે વયાજે રૂપીઆ પાંચસોની મુડી કહડાવીને નાનાભાઇ માસ્તરે

વર્તમાન પત્રોમાં હો હો કરી મુકી. બત્રીસ રૂપીએ એક બંગલો ભાડે લીધો અને ગણત્રી મુજબ પંદરેક નાનકડા છોકરાઓને ફસાવ્યા ખરા. દર છોકરા દીઠ દર માસે પચીસ રૂપી આની ફી તેમાં સવારની ચાહે, બપોરના "પેટ ભરીને ખાવાનું", બપોરની ચાહે, અને રાતના "પુડીંગ સાથે ડીનર". ખા મારા બાપ! આ ખબર સાંભળી બેલગાંમ ધારવાડ વગેરેથી સઘળાં મળી પંદર ભુલકાંઓ જમાવ થયાં તેમાં ત્રણ તો ભાઈઓ હતા જેઓની સાવકી માએ પીડા કહાડવા સારૂ અત્રે ધકેલી દીધા હતા અને નાનાભાઇ માસતરને ખાસ તાકીદ કીધી હતી કે એ લોકને રજાના દીવસપરબી ઘેર મોકલવા નહી. એક બીજો જવાન પુરૂશ હતો તે સુમારે સોળ વરસની ઉમરનો હશે તે બીચારો સમજુ અને ચુપ સ્વભાવનો હતો અને નાનાભાઇ માસતરને સાત લેસન આપે એટલું ભણેલો હતો પણ તેનું કશું ચલણ હતું નહી. નાનાભાઇ માસતરની મોટામાં મોટી કુનેહ એ હતી કે જેમ બને તેમ છોકરાઓને ભુખે મારવા અને તેઓને પૈસે પોતાનું હોજરૂં ભરવું. મીસીસ નાનાભાઇ તેથી ઉલટાં દયાળુ દીલનાં હતાં અને તેને લીધે માટી બઇયરને બીલકુલ બનતું ન હતું. એક દહાડે એક છોકરાને સખત સરકમ થયો ત્યારે મીસીસ નાનાભાઇએ તેને છુપી રીતે ગરમ પાણી ને ચમચી બ્રાંડી પાયો જેની ખબર પડતાં નાનાભાઇ માસતરે મોટું જંગ મચાવ્યું અને ધણીઆણીના દીલપર છુટી રકાબી ફેંકી.

પણ આ સર્વે પીંઢારી ટોળીમાં કરતું કારવતું એક જણ હતું તે મી૰ નાનાભાઇનાં બેન હતાં. તેવણનું નામ સુનાબાઈ હતું. દેખાવમાં કાગડાની પાંખ જેવાં અને—

આઇનો મેદલ્લો
ખાવામાં પેહલ્લો
કામ કરવે છેલ્લો

આ સઘળા ગુણ તેવણમાં હતા. બંત્રાં સાથ ચીથરાં ફાડવામાં હુશીઆર, છોકરાઓને ભુખે મારવામાં તઇયાર, અદે ખાઇના ભંડાર સુનાબાઇ હતાં. ચાલતાં ને હાલતાં બચ્ચાંઓને ધમકા મારવામાં અને પોતાનુ વહીતરૂં કરાવવામાં તેવણ સદા બીદાર હતાં. એ લીધે આખું ઘેર તેવણુથી બીહી ધ્રુજીને તાબેદારી કરતું હતું. હું કહી ગયો છું કે સ્કુલમાં બે મા સતરો હતા એકનું નામ ગુસતાદ અને બીજાનું નામ વીકાજી. અભાગ્યા ગુસતાદમાં એ એબ હતી કે નાનાભાઇ માસતરને ચાલતા ને હાલતાં મસ્કો લગાડવો. નાનાભાઇ માસતરે જે કહ્યું તે ખોદાએ કહ્યું એમ તેનો નીયમ હતો. આખાં ઘેરની ચાડી ખાવી અને પોતાનું કંગાળ હોજરૂં ભરવું એ તેની ગણત્રી હતી, ગુસતાદનો દર માસે રૂ. ૨૦/ નો પગાર હતો. વીકાજી તેનાથી ઉલટો હતો. તે જ્તીનો કાચ્ચો હતો એટલે હવા ખાવા સારૂં નાનાભાઇ માસતરને તાંહાં શીખવવા રહયો હતો. ખાવાનું પીવાનું ખરૂં પણ પગારની વાતજ નાહી તેહમીના આવ્યાથી સ્કુલ શોભી રહી હતી એમ નાનાભાઇએ પહેલી નજરે જોયું. તે સારી રીતે કપડાં સજીને સ્કુલમાં આવતી એટલે જે કોઇ મળવા આવે તેને પોતાની સ્કુલનો ભપકો દેખાડવા સારૂં નાનાભાઇ કાંઇ બાહને તેહમીને બોલાવી મંગાવે અને તેણીના જવા પછી રોફ મારે કે બચારી એકલી અંતુલી છે, એનો બાપ મારો પુરાણો દોસ્ત થાય તેથી મેં એને ધરમ ખાતે રાખીછ.

તેહમીને આખો દીવસ જે કામ સોપેલું તે આપણે ત પાસીયે. સહવારના ૭ વાગતે ઉઠવાનું અને બધા નાદાન છોકરાઓને ઉઠાડીને તે લોકનાં મોહોડાં ધોવાના પછી તે લોકનાં કપડાં ઉંચાં નીચાં કરવાના. આઠ વાગે ચાહેની ટેબલપર બચાંઓને લઇ જવાં. ૧૫ છોકરાં વચે ઘણામાં ઘણી ૪ ચમચી સુકી ચાહે નાખવાનો હુકમ હતો કેમજે નાનાભાઇના વીચાર પ્રમાણે સ્ત્રોંગ ચાહે બચાંઓને ગરમ પડે. નાસતામાં જાડાં પાઉંની કાતરી અને રાતનું વધેલું ગોસત ચમચો ચમચો ભરીને આપવાનું અને તે લોકને અડધાં ભુખાં ઉઠાડવાનું. અલબતે સ્કુલને ખરચે બે ડજન ઇંડાં લેવાતાં હતાં પણ તેમાંના બાર તો નાનાભાઇ પોતે ચારવેલાં બનાવીને ખાઇ જતા અને બાકીના સુનાબાઇ ઊંચાં મેલતાં. જેલી, જામ, ખાંમો વગેરે તઇયાર થતો અને તે છોકરાઓના હીસાબમાં લખાતો પણ નાનાભાઇ તથા મીસીસ અને સુનાબાઇના પેટમાં નખાતો. નાંસતો શરૂ કરયા અગાઉ નાનાભાઇ હુંબગ બધા છોકરાઓને ઉભા કરીને તનદરોસ્તી ભણાવતા જે વારે છોકરાઓના ડોળા પેલાં ગોસત પાઉંની રકાબી ઉપર ટસટસી રહેતા અને કયારે આએ પીડા પુરી થાય તેની વાટેવાટ જોતા હતા. નાસતા પછી સ્કુલ રૂમમાં જઇને છોકરાંઓને થોડું ઘણું લેસન આપવાનું કામ તેહમીને સોંપયું હતું પણ તે અગાઉ તે લોકને પેનસીલ, કાગળ સલેટ પેન વગેરે કાહાડી આપવાનું એટલે શીખવવાનું તો અભડામ ઉપર રહેતું. બચારાં છોકરાંઓ મહીનામાં ઘણી તો એક પેનસીલ વાપરતાં હશે પણ નાનાભાઇ બીલમાં હમેશ દર છોકરા દીઠ ૭ આનાની ચાંસ ચલાવતા હતા. સાંજ પડી કે છોકરાઓને જરા ફરવા લઇ જવાનું અને પછી સાત વાગે જમવાનું.

જમવાની ટેબલ ! યા ખોદા ! બચારાં નીરદોશ પોરીઆંઓ પેટ ભરીને ખાવા માટે કેવાં ટવળતાં હતાં. દરરોજ મસુરની દાળ અને એક રોટલી ! આઠ વાગે તે લોકને ગોંટારી દેવાનાં. ખડકીની બોરડીંગ સ્કુલની આ અંદરખાનેની જીંદગીનો કંઇક ખ્યાલ મેં અત્રે આપ્યો તે અને હવે પછી આગળ ચલાવીશ.

પ્રકરણ ૨૫ મું.

દીલશાદ—અથવા હવે તેણીનું ખરૂં નામ આપે તો દીનબાનુ—અથવા દીનુની દયાજનક કથા સાંભળવા પછી દાદી કરારે ઉંઘાય એમ એક જવાન જીવડાની પ્રકરતીને અનુકુલ પડે એમ નથી. એક અતી ખુબસુરત કાચી ઉમરની અબલા પોતાના દીલનો બધો ગમખ્વાર ભેદ એક જુવાન પુરૂષને કેહ અને તેના ઉપર અસર ન થાય એ કુદરતના નીયમથી ઉલટું છે. દાદી આખી રાત તખલ તખલ કરયા કરયો અને હવે કેમ કરવું તેના વીચારમાં તેનું માથું દુખવા આવ્યું. એ બીચારી ધણી ધોરી વગરની એખલી ચેખલી કયાં અને કેમ પોતાની જીંદગી ગુજારશે તે એક મોટો ગુચવણ ભરયો સવાલ હતો. દાદી રાતના અગીઆર વાગે કોચ ઉપરથી કુદી પડયો અને ભારે વમાસણમાં પોતાના ઓરડામાં એક કેદ પડેલા સીંહની પેઠે ફેરા ખાવા લાગ્યો. બાવાજીને ત્યાં તો એને રખાયજ નહી એતો દેખીતી વાત હતી—તેમજ આવી એક નાજુક, પરીસ માન અને શીખેલી ઓરત એકલી રસ્તે પડીને પોતાની રોટી

પેદા કરે એવો જમાનો હજી આવવાને આપણા દેશમાં બીજા એકસો વરસની વાર હતી.

પણ જીવ જરા ધીર ગર. દાદીને અચબુચ એક ખ્યાલ આવ્યો. શોલાપુરમાં દાદીના એક અતલગનાં મીત્ર રહેતાં હતા. તેવણ દાદીના મોટા ઉપકારમાં હતાં અને જયારે ત્યારે કહેતાં કે તેં મારા એકપુરા દીકરાનો જીવ બચાવ્યો છે એટલે મારૂં કોઇ દાહડેબી કામ પડે તો મને યાદ કરજે. આ બાઇનું નામ કુવરબાઇ સાહેર હતું. તેવણ વીધવા હતાં, પાંચ પૈસે સુખી હતાં, અને શોલાપુરમાં એક એકાંત બંગલામાં રહેતાં હતાં. તેવણનો એકપુરો બેટો અરદેશર હાલ તુરત વેલાત બારીસ્ટર થવા ગયો હતો. આ અરદેશર દાદીનો મોટો મીત્ર હતો. પાંચ છ વરસની વાત ઉપર દાદી અને અદી ખંડાળાનાં અંધારા બુગડામાંથી ચાલી આવતા હતા એટલામાં અદીને ઠોકર લાગી અને તે પાટા ઉપરથી ઉઠલાઇ પડયો અને તેનો પગ મોચ વાયો તે ઉઠી શકયો નહી એટલામાં સાંમેથી ફુંફારા મારતી ટરેન આવતી જણાઇ. એક મીનીટ જો વધુવાર લાગતે તો અરદેશર કચ્ચડાઇને મરણ પામતે. પણ દાદીએ પોતાના જીવની દરકાર કરવા વગર એકદમ ઝીપલું મારીને અદીને આખોનેં આખો ઊંચકયો અને એ ભુસકામાં તેને પાટાની સાઇડમાં ફેંકી દીધો. દાદીનો પગ હજી તો પાટાપરથી અલગ થવા પામ્યો હશે એટલામાં ટરેન ધમ ધમ કરતી ત્યાંથી પસાર થઇ ગઇ અને તેઓ બન્ને જણા જીવસટોસટ બચી જવા પામ્યા. આ પછી દાદીએ પોતાના મીત્રને ખભે મારીને આખો ટનલ પસાર કીધો અને તેને ધરમશાળામાં આણીને પંદર દીવસ સુધી માવજત કરીને ઘર પહોંચાડયો. અલબતે અદીએ ઘર જઇને બધી વાત પોતાંની માતાને કહી અને સઘળી વીગત

વરતમાન પત્રોમાં છપાઈ તે એટલાં સુધી કે દાદીને બાહાદુરી માટે રોયલ હયુમેન સોસાયટીનો ચાંદ આપવાની પણ માંગણી થઇ જે તેણે ઉપકાર સાથ ના પાડી. બીજીમેર કુંવરબાઇ તો દાદી ઉપર ફીદા ફીદા થઇ ગયા હતાં. તેવણ હજારવાર બોલી રહયાં કે મને અને મારા બેટાને નવે જીવતરે જીવાડનાર દાદી હતો અને મારાં દીલપરનું ચામડું ઉખેડીને એની જુતી કરૂં તો તે થોડું છે.

ગયે સાલ દાદી રજા ઉપર આવ્યો ત્યારે શોલાપુર સ્ટેશન ઉપર ઉતરી પડી ને પોતાના ખેરખાહ કુંવરબાઇને મળી આવ્યો હતો. તે વારેઆ કુંવરબાઇ આંખમાં પાણી લાવીને દાદીની બાહાદુરીની યાદ તાજી કરીને તેને અરજ કરી હતી કે કોઇ દહાડેબી મારૂં કામ પડે તો મને અરધી રાતના યાદ કરજે. હું તુંને મારા પેટના બીજા દીકરા સમાન ગણું છું. દાદીને હવે તે વાત યાદ આવી એમ નહી બને કે આ વફાદાર બાઇ મીત્રની મદદથી દીનુને માટે કાંઇ સારી ગોઠવણ થઇ શકે? દાદી તો એમજ સમજતો હતો કે દીનુને મોતમાંથી ઉગારી એટલે તેણીની પરવરસી કરવાને તે બંધાયલો હતો. તેણે વીચાર કીધો કે પહેલાં દીનુંની આ બાબદમાં મરજી પુછી અને પછી કુવરબાઇને લખીને પુછાવવુ.

જેમ તેમ સવાર પડી. દાદી પોતાના ઓરડામાં કપડાં કરતો હતો તેટલાં આપણા પુરાણા મીત્ર ગુલબાઇ દીનુના ઓરડામાં ભરાયાં હતા તેની મતલબ શું ત સમજાશે. ગુલબાઇ પામી ગયાં હતાં કે દાદીમા આ પ્રમાણે એક જુવાન જમાન છોકરીને બચાવવા માટે પોતાનું દીલ તોડી નાંખે તે શાપુરજીને અણગમતું હતું. વળી તેણીને કાંઇબી કરીને ઘરમાંથી રૂખસદ આપવી એ દાદીના બાબમાં સલામતીભરેલું

હતું એવો તેવણને ખયાલ આવ્યો હતો. બલા જાણે આ છોકરી કોણ હોય ને કોણ નહી ને એ પ્રમાણે દાદીના મન પર છાપ બેસાડે તો કાલનો દુકાળ આજે પડે એવી ગુલબા-ઇની ગણત્રી હતી અને તેથી જરા ઓગત સોગતમાં દીનુના કાન ખોલવાની મતલબથી તેવણ તેણીના ઓરડામા આ-વ્યાં હતાં.

"કેમ માય, દીલસાદ, તું આજે કેમ છે ? બરીઓરે આજનો દાહારો મુવો વરસાદ એવો પેદા પડયોછ કે બહાર શું જવાય" ગુલબાઇએ વાત છેડી.

"હાજી આજે વરસાદ ઘણો છે."

"તમે તો જવાના છેઓ એટલે સટેશન સુધી જરા અરચણ પડશે પછી એક વખત આગગારીમાં બેઠાં કે કંઇ નહી"

દીનુએ અજાયબીથી ભવાં ચહડાવવાં, ગુલબાઇ શી મત લબથી આવયાં છે તે તે એક પલમાં ચેતી ગઇ. તેનું મોહોત થઇ જતું હતું પણ શું કરે—નાચાર—તે નીસાસો નાખીને બોલી. "જી. હું આજે જવાની નથી."

"અં એમ કે ? શાપુરજીના બોલવા પરથી તો હું સમજી કે તમે આજેજ જવાનાં છેઓ—પણ કદાચ મારી સમજમાં ફેર પડયો હોસે."

કમનસીબ દીનું, શરમને મારે તેની છાતી થડક થડક થતી હતી. લાજને મારે તે લાલ લાલ થઇ ગઇ અને ડોકું નીચે રાખી બોલી. "જી, આજે તો બને તેમ નથી પણ હું જલદીથીજ આએ મકાન છોડી જવાની છું."

હવે ગુલબાઇ શું બોલે, "કંઇ નહી રે માય કંઇ નહી—એ દહારા એમને એમ પણ જોની, બંગલાને ચુનો ધોરાવવાનો

છે કેની તેથી જી ભરૂં શાપુરજી બે ચાર દાહારા પોતાના બેહ નને તાહાં જઇ રહેવાના છે ને એની ઉપરથી બધી મરી જાઉં તે દાદીઆ પોતાની નોકરીપર સધ્રાવશે ને હું તો જેમ તેમ ચુના મટોરાંમાં ચલાવી લેવસ તેથી મકુંજે–

"ચીંતા ના કરોજી, હું તમુને કોઇબી વ:તે અરચણ પડવા દેવાની નથી." દીનુ આ જવાબ આપે એટલામાં તો દાદી આવી લાગયો અને ગુલબાઇ શેહતાન ડાભો કરીને ઓર ડામાંથી સટકી ગયાં. દાદી પેલી વાત કરવા આવયો હતો.

"દીનુ. ગઇ કાલે આપણા વચે વાત થઇ તે ઉપર મેં ઘણા ધયાનથી વીચાર કીધોછ."

"હું તમારી બાલેબાલ કરજદાર છેઉં. તમે જે કરશો તે મારે કબુલ છે. મારૂં હવે મદદગાર કોઈ નથી."

"તારે તમે છુટા પડવાનો નકકી વીચાર કીચોછ?"

"મારી પાસે બીજો ઉપાય શું છે? તમારી સલાહ પ્ર માણે હું ચાલવા તઇયાર છું પણ અહીં પડી રહીને ઓશી આળી રોટલી ખાવાની તો હું સાફ ના પાડુ છું."

"જો, તારે સાંભળ. મારા એક ઓઝોરગ બાઇ નામે કુંવરબાઇ મોટાં ખેરખાહ છે. તેવણ ઉમ્મરે પાકટ છે અને વીધવાં છે.. એક વખત મેં કાંઇ એવણનું કામ કીધું હતું તેથી એવણ મારા ઉપર ઘણો જીવ રાખેછ જો તારી મરજી હોય તો હું તેવણને લખું."

"તારે તો તમારી ઘણીજ મેહરબાની. હું તેવણની ચા કરડી થઇ રહેવશ, તેવણ આગળ ન્યુસપેપર વાંચસ, ઘેરનું વહીતરૂં કરસ ને છોકરાંઓને શીખવસ."

"તેવણને બચ્ચાં નથી. એક પુરો છોકરો મારી ભુરનો છે તે વેલાત છે."

"પણ દાદીમા, જો તમે તેવણુને લખો તો મારૂં ખરૂં નામ લખતાં ના."

"કાંય નહી ?"

"નહી-મારૂં અભાગયું નામ બસ મેં આજથી કાટી દીધુંછ. જે દહાડેથી પેલા કંગાળો દીલશાદને મુએલી ધારીને નાખી ગોયા તે દહાડેથી દીલશાદ ખરેખર મરી ગઇ એમ સમજજો. મારી આગલી જીંદગી મેં આજથી બારી બુરી મુકીછ."

"તારે મારૂં નામ શું લખવા માંગોછ ?"

"હું કાંઇ છેક નાની બુચી નથી તેથી ઘણા કારણોને લીધે કુંમારીમાં ખપવા માંગતી નથી. પણ સમજો કે મારો ધણી મરી ગયો છે ને હું વીધવા છું. હું તો એમજ સમજુંછ કે તે ધણી ખરેખર મારે મનથી મરી ગીયોછ. મારા મમાવાની અટક દેસાઇ હતી તે ધારણ કરીને આજથી મારૂં નામ ખુરશેદ દેસાઇ. ખુરશેદ મારા મમઇનું નામ હતું એટલે તે ધારણ કરવામા કાંઇ ખોટું નથી ?

"મારી ભલી દીનું, મને બોલતાં ઘણી અોસક લાગેછ ને મારૂં દીલ દુખાયછ પણ ખુલ્લા શબ્દોમાં બોલ્યા સીવાય બીજો ઈલાજ નથી. હું સારી પેઠે જાણુંછ કે તુને હું ઉપાડી લાવયો તયારથી તારી પોતાની પાસે એક પઇ નથી તેથી હાલને કાજ તો મારી તરફની મદદ તુંને સ્વીકારવી પડશે. મારા બેવકુફાઇથી મેં પેલા ચંડાલને અદેખો પાડીને તારૂં સત્યાનાશ વાળયું એટલે મારાથી જે બને તે કરવું જોઇયે."

"નહી દાદીમા, એ વાત કહાડશો ના, મને વધારે દુઃખી કરવાના હોય તો પઇસાની વાત કરજો."

"પણ નાદાન છોકરી, તું શોલાપુર સુધી જશે કેમ ? શું પગે ચાલીને જવાની છે ? બે ચાર સાડીઓબી જોઇશે

કેની? હું કાંહાં તુંને બક્ષેક્ષ આપણા માગુંછ. હાલ્ર તુરત ઉછીના લે ને પછી ગમે તારે પાંછા ભરજે,"

"હા—તે વાજબી છે—હું કોઇ પાસેથીબી લેઉં તો તે તમારી પાસેથી. બસ મને તાંહાં સુધી જવાય એટલા પઇસા ઉછી ના આપો ને હું તે મારા લોહીના કસમ સાથે પાછા ભરશ."

અતરે ગોફ્તેગો તમામ થઇ અને દાદી પોતાના ઓરડા માં દોડયો તેણે બઇ કુંવરબાઇ ઉપર ખુલાસાવાર કાગળ લખ્યો પણ દીલશાદની સઘળી હકીકત છુંપાવી. તેણીનાં ઉપરના જફા, તેના મરદની કહાણી, એ સઘળું છુંપાવવાની મકસદ એ કે તે હકીકત બહાર પડે તે વખતે પેલા નાપાકો-ના કાનપર જાય ને દીલશાદ કાંહાં છુપાયલી છે તે જણાઇ આવે. આવી એક બીધેલી, ખાધેલી, હાડમાર થયલી ઓરતને ઘેરમાં ઘાલવાને કદાચ કુંવરબાઇ બીયે એબી બનવા જોગ હતું દાદી સાચો હતો પણ કુંવરબાઇને ખરા વીગતથી વાકેફ કરવાને તેની છાતી ચાલી નહી, દાદીએ લખેલાં કાગ-ળનો જવાબ ત્રીજે દીને ફરી વળયો.

"મારા વાહલા દીકરા દાદી—"

તારૂં કાગળ મળયું. મારા વાહલા બેટા, વરી એમાં પુછવાનુ શું. જે બાઇને વાસ્તે તું આટલી બધી કાળજી બતાવેછ તેને સારૂ મારેથી બનતું કરવાને હું ઘણીજ ખુશી થવસ. તું લખેછ આએ બાઇ જુવાન છે ને વીધવા છે. વરી સાથે લાગી ઘણી ખુબસુરત છે, તો મારે તાંહાં કીઆં નાહાલાં મોટાંનો સાથ છે કે મને વીચાર કરવો પરે એને મારી આંખ-માં ઘાલીને રાખશ. એને કપરાં ને ચપરાં આપસ ને બધી વાતે નીરાંતે રેહશે પણ એને અગાઉથી ચેતાવજે કે આએ તો

એક ઢંઢુગાર ગામડું છે, ને કાંઈ ફરવા હરવાનું કે ઓઝું મળવા ભેટવાનું નથી એ મને ઘણી કામ લાગશે કાંય જે હું તો હવે ઘરડી થઇછ ને ઘેરનું કામકાજ જોવાતું નહી. તેથી જરૂર આએ કાગળ મળતાંને વાર એન મોકલી દેજે. તારી ખાત્રી છે એટલે મારે મનથી બસ છે. ખોદા તુને હસતો રમતો રાખે.

લા૰ સદાની દુવાગીર માતાજી

કુંવરબાઇની દુવા વાંચજે.

આ કાગજ સવારે આયું ત્યારે દીનુ પોતાના ઓરડામાં ઓઢી પોઢીને સુતેલી હતી. કાંયજે તેને સખત સરકમ થયો હતો. દાદીએ ગુપચુપ કાગળ તેણીના ઓરડામાં મોકલી આપ્યો. દીલશાદ જરા અણુમણી છે એવી ખબર શાપુરજી અને ગુલબાઇને પડતાં તે લોક ખાભર ખોધામાં પડયાં.

"મકુંજે ગુલબાઈ, રખેને પેલી દુકતી વરી કંઇ લાંબુ કરે. આએ તો એક પીરા થઇ પડી."

"અરે હારે વાય, મુતું ઘરમ કરતાં કરમ નરયું. એમ જેને તેને ઘેરમાં ઘાલવની એજ પીરા છે તો; કે એક વખત પેહાં કે પછી બહાર કાહારવાની પંચાતી."

"બધો વાંક દાદીબાનો છે. એ આએ બધાં ધણુક ઘેરમાં લાયો. હવે ડાકટર બાપટીસનું બીલ આવશે તે કોણુ જાણે કોણુ આપશે."

એણીમેર દીનુ તો ગળે ગાંઠ વાળી ને જાઉં જાઉં કરી રહી હતી. તેનું ચાલે તો એક પળમી આએ મકાનમાં ઉભી ન રેહ. કુંવરબાઈનું કાગળ વાંચીને તેણીએ એક નાહાની કાપલી ઉપર પેનસીલથી નીચે પ્રમાણે દાદા ઉપર લખી મોકલયુ.

"તમારો કેમ ઉપકાર માનુ તે મારી કાયનાતથી બાહાર છે. બાઇ કુંવરબાઇને જરૂર લખજો કે હું મોટા હેસાંન સાથ તેવણુની તાબેદારી કરવા તઇયાર છું. અને તેવણનું કાગળ આવતાંને વાર હું ઉંપડી જવા તઇયાર છું."

બપોર સુધીમાં તો આખાં ઘેરમાં ખબર પડી ગઇ કે દીલશાદ બેગમની જવાની તઇયારી છે. શાપુરજીને તો છેલ્લી ઘડી સુધી ખબર પડતે નહી પણ તેવણ અઘોરા પડી જઇને દાદી સાથ તકરાર કરવા ગયા કે આ છોકરી અહીં એમ માથે પડીને ખીચરો ખાયછ તેનો હવે છેડો આવવો જોઇએ. દાદી આ સાંભળી છીકી પડયો.

"બાવાજી એમ છેક હલકાઇ શું બતાવોછ. પરમ દાહારે એતો જવાની છે. દુધ આપીને લીદી નાંખવા જેવું તમે કરોછ તેથી હું ઘણો નાખુશ છેઉં. તમારે જોઇએ તો એના ખાધા પીધાના પઇસા લેઓ. ડાકટરના બીલો સઉ બધું નકઈ થયલું છે, તમુને એક પઇ ગાંઠથી આપવી પડશે નહી."

"હં—એમ કે? અરે હું તો અમથું બોલ્યો. એ કાંહાં જાયછ?"

"ઝાહનમમાં. મને ખબર નથી. ને તમેબી પુછતા ના, કારણ કે એ પોતાનો ભેદ તમારી આગળ ખોલે તેવી નથીને ઉલટા વસા ઘુમાવશો."

શાપુરજીને આ જરા રૂચયું નહી. દાદીબા આગળ તો તેવણ કાંઇ બોલ્યા નહી. પણ ગુલબાઇ આગળ સઘળો ખાર કાહડયો. "એ પોરીયાના ઘણુક મને ગમતાં નથી. એ બે જન કોણ જાણે શું ગોલા લડાઇ કરેછ. આવા નાદાન છોકરાની સલાહ તે કંઇ લેવાની હોય. હું કાંહાં મરી ગીઓતો."

"ઓવારૂં રે, સવારના પોહોરમાં એવું તે શું બોલવાનું. એજ મરેની એમની એમ. એનામાં અકકલ હોતે તો દાદીને

તમારી સલાહ લેવા આવતે. એના સોહોજ બરે એના."

"અંહં! તેમ નથી ગુલબાઇ. એ રાન માંજરી બીલારી પકકી છે. એને જોયું કે આય બાવાજી. ઘણા ઠાવકા ને ગણુ ત્રીઆજ છે તેથી તેવણુ આગળ કંઇ નખરાં ચાલશે નહી ને પકરાઇ જવસ તેથી બચારા દાદીને પકરયો. એ કાંહાં જાયછ તે મને કહેવાની શું હરકત ઉતી. દાદી બધું જાણેછ પણ મને કેહતો નહી. બધો મામલો મને તો ઘણો શકભરેલો લાગેછ. જરા અસેમસે ખબર કાહારજોની કે એ કાંહાં કહ-રાવાની છે."

આ ફરમાસ મુજબ ગુલબાઇએ દીલશાદના હવે પછીના મુકામ બાબે જાણવાને ઘર્થી ઉથલપાથલ કીધી પણ ફોકટ. દીલશાદે એકનો એક જવાબ આપયા કીધો કે હું પહેલાં તો મુંબઇ જવાની છેઉ ને તાંહાં પાંચ છ દાહારા રહયા પછી વાત. પીલસુમે સાથે જવાના ઘણાબી કાલાવાલા કીધા, મુફત જવા માંગયું પણ દીલશાદ શું કરે, એકલી પીલસુમને ઘણી જ છુપી રીતે તેણીએ સમજાવ્યું કે હું પોતે કોઇ બાઇને તાંહાં ઓશીઆળી જાઉછ તો તુંને કાંહાં લઇ જાઉં.

મેહમ છોડી જવાને તઇયારી કરતાં વાર કેટલી. દાદીએ બધું સમાધાન ગોઠવી આપયું. તે પલથી દીલશાદ મેહેરબાન ગુમ થઇ અને ખુરશેદ દેસાઇ પેદા પડી. એવું નકકી કીધું હતું કે દીલશાદે મુંબઇ જવું. ને તાંહાંથી વીધવાને બરની એ ત્રણ સાડીઓ ખરાદીને તેની તેજ રાતે મેલ ટરેનમાં ઉપડી જવું. પકકા દાદાએ એવી ગોઠવણ કરી હતી કે તે પોતે અઠ વાગાની ટરેનમાં મુંબઇ આવે અને દીલશાદને બરાબર બાનુ ઓના કલાસમાં બેસાડી આપે.

પ્રકરણુ ૨૬ મું.

આજે મારી લાડકડી તેહમીના સાચા બોલુ ને જરા પાછળ નાખવી પડે છે કારણકે કમબખત દીલશાદને રેલવેના સ્ટેશન ઉપર રખડતી નાખવાનું ઠીક નહી. એને બરાબર એને મુકામે પહોંચાડીને પછી આપરે વળી પાછાં તેહેમીના બાઇને પકડશું.

દીનબાનું ઘણાં પ્રીતથી શાપુરજી તથા ગુલબાઇથી છુટી પડી. જતાં જતાં તેણીની આંખમાં ઉપકારનાં આંસુ ઝળઝળી આવ્યાં અને તે જવાની છે એવા વીચારથી શાપુરજીબી જરા ઠંડા પડયા અને તેણીને પેટમાં ચાંપીને દુવા દીધી. જયારે ભાડેની ગાડી બંગલાથી બેમાલુમ થઇ ત્યારે શાપુડજીએ છુટકારાનો દમ ખેંચ્યો, કારણકે દાદીબા આવાર માળપર પોતાના ઓરડામાં લખવામાં ગુતાયો હતો. એટલે બાવાજીનો જીવ ખુશાલ હતો. પણ બધુ ઠીકજ છે. બીજે દીને પુનાની મેલ ટરેન ઉપડી ત્યારે બોરીબંદરનાં સ્ટેશન ઉપર દાદી અને દીનુ માંયના છુટાં પડવાનો દેખાવ શાપુરજીના ખ્યાલમાંબી નહી એ તો ઠીકજ થયું.

દીનામાએ કાળી કોર વગરની વીધવા સાડી પેહરી હતી અને દાદીનો ચેહેરો ઉજળો સપ મારી ગયો હતો.

"દીનુ, તું મને કાગળ લખશે કેની ?"

"હું પુગવાનો કાગળ લખશ ને બાઇ સાહેબ કુંવરબાઇના સમાચાર જરૂર મોકલશ."

"તારે સાહેબજી."

"સાહેબજી."

આટલો શબ્દ મોહમાંથી નીકળ્યો અને ટ્રેન ધમ ધમ નીકળી ચાલી. કોણ જાણે શા કારણથી દાદી ઘણોજ દલગીર હતો બોરીના રીફ્રેસમેંટ રૂમમાં જઇને વીહીસ્કી સોડાથી તરૂપત થવાની તજવીજ કીધી પણ વ્યર્થ. તે હવે જલદીથીજ પોતાના એથ્યા ઉપર જનાર હતો અને તે દરમ્યાન શોલાપુર વચ્ચે આવ્યાથી ત્યાં ઉતરીને પોતાના પુરાણા મીત્ર કુંવરબાઇને મલનો જઇશ એવા ગણત્રીમાં હતો. પણ તેમાં માલ શો? દેખઇતી રીતે દીનુ વીધવા હતી પણ દાદી જાણતો હતો કે તેનો ધણી જીવતો છે એટલે આ પ્રમાણે લોહી સુકવવામાં સાર શો? એણી મેર દીનુ તો જાણે પોતાની આગલી ખવીસ જીંદગીના ઓળાથી નહાસતી હોય તેમ ટ્રેનમા સંતોશનો નીસાસો નાખીને બેઠી હતી. તે ગણત્રી કરતી હતી કે જેમ જેમ એક માઇલનું છેટું વધતું જાય છે તેમ તેમ તેણીની જીંદગીનો આગલો સફો નાબુદ થતો જાય છે. દાદી ઉપર તેણીનો પુરેપુરો વીશવાસ હતો! પોતાની છુપી વાત દાદી કોઈ આગળ કબુ કહે નહી એવી તેણીના ખાતર જમા હતી એટલે તેનું મન ખુલી ગયું હતું, અને હવે નવેસરથી નવો સફો ખોલીને નવી જીંદગી ભોગવવાની પુર ઉમેદમાં તે હતી.

ટરેન રાતના સાડાસાત વાગને શોલાપુર ગુગી. પાસીનજરોની ધરાધરીથી આખો પ્લેટફોરમ ગાજી રહયો હતો. દીનુ ગુપચુપ ઉતરી અને જરા ગીરદી નરમ પડે તેની વાત જોતી એક બાજુએ ઉભી. એક પોસ્ટર તેણીનો સામાન ઉતારતો હતો. એકાએક તેણીની નજર એક આઘે ઉભેલા આસામી ઉપર પડી. તે કોણ હશે.

બીરામ!!

આ મુજી ચંડાળ અહી ક્યાંથી? સારૂ થયું કે આ વાર



આ ધણીને જોઈ દીનુને જાણે વામીટ આવી જાય તેવું થયું, જેના ખુની જરણથી મરતાં તે ફોજમાં બચી ગયલી તે ધણી ચાલ્યા ચાલ્યા પાછા આવીં !

(પાનું ૧૭૨ મું.)

અંધારૂ હતું એટલે દીનુએ ઝડપમાં પોતાનો રૂમાલ મોહોડાંને છુપાવવા પકડયો. આ વાર બીરામે ઇંગલીશ કોટ પાટલુન, શર્ટ, નેકટાઇ અને ગ્રીક કેપ સજેલાં હતાં અને ખુબ ભપકામાં જણાતો હતો.

આ ધણીને અહી જોઇ દીનુને જાણે વામીટ આવી જાય તેવું થયું. તેણીના પગ ઠરઠર ધ્રુજતા હતા. જે ધણીએ તેણીને મારી નાંખવા સારૂ હાથ ઉગામેલો, જેનાં ખુની જખ્મ-થી મરતાં તે સેહેજમાં બચી ગયલી તે ધણી ચાલીઓ ચાલીઓ પાછો અહી!

જાણે બીરામ કોઇ બીજી ટરેનની રાહ જોતો હોય તેમ લાગતું હતું એટલે દીનુ ઝડપમાં ગાડીમાં બેવા બહાર પડી. સામાન હજુ બહાર આવ્યો ન હતો એટલે એકવાર તેણીના મનમાં એમ આવયું કે બધું ત્યાંજ નાખીને ચાલી જાઉં—સા માન પછવાડેથી આવયા કરશે. પણ એવામાં બનયું એમ કે પોરટર બે ત્રંકો લઇને બહાર આવયો અને બાઇને શોધવા લાગયો અચણુચ બીરામની નજર પેલી ત્રંકો ઉપર પડી અને તુરત તેણે પોતાના મોહોમાંની બીડી જમીનપર નાખી દીધી અને ભવાં ચહડાવીને ત્રંક આગળ આવી ચીંતાથા જોવા લાગયો. તોબાહ! રખે એ પાપીએ ત્રંકો ઓળખી હોય. આમાંની એક પેટી ચીનાઇ હતી અને તે એવી હતી કે બીરામે ઘણીવાર ઉંચાડેલી હોવાથી તુરત ઓળખી કહાડે.

હવે દીનું શું કરે. તે ગુપચુપ જઇને ટાંગામાં બેઠી અને પોરટરે આવી પુછયું "બાઇ સાહેબ, એઇજ તુમારા સમીજ?"

દીનુએ ફકત ડોકું ધુનાવયું પણ તે વાર બીરામ દુરથી ઉભો રહીને ટગર ટગર જોતો હતો. જેમ બને તેમ જલદાથી

કળી જવાના વીચારથી દીનુએ પોરટરને અરધો રૂપીઓ કહાડી આપયો તેના બદલામાં પોરટરે હુશીયારી બતાવી મોટે સાદે ગાડીવાળાને હુકમ કીધો.

"હાંક, સ્પીનર રોડ—મઇદાબાગ."

આ નામ સાંભળતાં દીનુનો દમ બંધાઇને બરફ થઇ ગયો, કારણ કે તેણીએ જોયું કે આ શબ્દો આબાદ બીરામના કાને પડયા હતા અને તે જાણે ઘણા ધયાનથી સાંભળતો હોય તેમ સફ દેખાતું હતું.

આ વાર બીકને મારે તેણીને ઉછાળો જેવો થઇ આવ્યો પણ નીરઉપાય. ભારે અંદેશામાં ગાડી આડા અવળા રસ્તા કાપીને "મઇદાબાગ" આગળ આવી પુગી. બહારથી બંગલાને રેલીંગ હતી અને એક નાહનો સ્વચ્છ બગીચો જણાતો હતો આસપાસ બીજા કોઇ બંગલાની નીશાન દીસતી ન હતી જાણે સઘળું સુમસાન બીયાબાન જેવું હતું. જેવી ગાડી આવીને ઉભી કે એક જુવાન સ્વચ્છ દેખાવની આયા હસતી હસતી ઝડપમાં આવીને દીનુને ઉતારવામાં મદદ કરવા લાગી, દેખઇતું હતું કે તેણીના આવવાની ઘરમાં રાહજ જોતાં હશે.

પહેલોજ સવાલ નખાયો કે "બાઇ સાહેબ કુંવરબાઇ ઘરમાં છે?"

"હાજી છે ને તમારા આવવાની વાતજ જુવે છે,"

દીનુ જેવી ઉંબરમાં દાખલ થઇ કે સામેથી કુંવરબાઇ લાંબા હાથ કરીને હસતાં હસતાં આવીને ઉભાં. તેવણ ઉંચાં, લગાર માતેલાં, અરધા બાલ પાકેલા. પણ શાંત દેખાવનાં અધેર વયનાં બાઇ હતાં.

"આવો, આવો, ખોરશેદબાનું આવો."

"જી, કેમ છેવોજી?"

"ભલે આયાં. મારા બેટા દાદીબાની કોઇબી સઇ સગીને મારા ઘરમાં બોલાવી રાખવાને મને ઘણીજ ખુશી ઉપજે છે, રસતામાં ઠંડી ઘણી લાગી કે? હાથ એટલા બધા ઠંડા કેમ?"

ખરી વાત એ હતી કે બીરામ નજરે પડવાથી દીનુના હોંશકોશ ઉઠી ગયા હતા.

"નહીજી, એ તો રસતાની ઠાકથી હશે. હું વચમાં ઘણી સીક ઉતી તેથી મારાથી ઘણી ઠાક સેહેવાતી નહી."

"કાંઇ નહી, સઉ સારૂં થશે. આએ ઘેર તારૂંજ છે એમ સમજજે. ચાલ આવ તારો ઓરડો દેખાડૂં. કપરાં બદલવાના હોય તો બદલીને નીચે ઉતર કે પછી જમવા જઇયે, પછી આસતે રહીને પેટ ભરીને બધી વાત કરશું."

કુંવરબાઇનો દેખાવ તેવણના માયા ભરેલા શબદો અને બોલવાની લઢણ સાફ દેખાડી આપતાં હતાં કે દીનુના આવવાથી તેવણ ખરે મને રાજી હતાં. તેણીને માટે અલાહેદા કહાડેલા ઓરડામાં જયારે તે ગઇ તયારે તેણીના જોવામાં આવ્યુ કે બધી રીતે તેણીને રાજી રાખવા કુંવરબાઇએ કશી વાતની વાણું કરી ન હતી. એક ખુણામાં નાહાનો સવચ્છ પીતળનો સુવાનો, મચ્છરદાનીવાળો કોચ, એક લખવાની નાહાની ટેબલ. મોહોડું ધોવાની ટેબલ, ડરેસીંગ ટેબલ વગેરે સામાન સફાઇથી ગોઠવીને મુકયો હતો. આહ! નાપાક હેરેમનો અહીં તેણીને આઝોરેદે નહી કરે તો કેવાં સુખમાં દહાડા જાય એવો ખયાલ બાપડી દીનુંના મનમાંથી પસાર થઇ ગયો. પણ અરે સટેશનપર જોયલો દેખાવ કેમ ભુલાય? ચંડાળ બીરામના કાળા ડોળા જાણે હજી તેણીની આસપાસ ચમકતા

હતા. તેણી ડરને મારે ઓરડાંની આસપાસ જોવા લાગી અને જરા બારી અફળાય તો ચમકીને ઉઠે પણ વળી પાછો મન સાથ વીચાર કરે છે કે "એ મને ઓળખે કેમ? હું તો પારસીના ડરેસમા છેઉં ને અંધારૂં હતું તોબી મોહડે રૂમાલ નાંખયો હતો માટે એ ઓળખે તો નહીજ."

પણ કાંઇ નકીપણે કહેવાય નહી. દીનુના મનમાં એક વાર દગદગો પસાર થયો તે કેમ કરીને નીકળે નહી. હશે જે થવાનું હશે તે થશે એમ જીવે ગાંઠવાળીને તે નીચે જમવા ઉતરી. કુંવરબાઇ માટે તેણીએ જે સારો વીચાર પહેલાં બાંધ્યો હતો તે વધુ અને વધુ મજબુત થતો ગયો. તેવણ ઘણાંજ સમજુ, માયાળુ અને દુનયાદારીવાળાં બાઇ હતાં. તેવણ ઘણાં તવંગર તો નહી પણ પાચ પઇસે સુખી હતાં. ખાવાનું પીવાનું, સરસામાન રાચરચીલું એકદમજ દીવાળ્યા ફાશીન નહી તેમ છેકુજ "સાભણુ સોભણુના ભઇયા" જેવું નહતું.

ઘણી નમનતાઇથી દીનુંએ આ સઘળી મેહેમાનદારીનો ઉપકાર માનયો તેના જવાબમાં કુંવરબાઇ બોલ્યાં "દીકરી, મારા દાદીએ મારે સારૂં શું કીધું છ ને હું કેટલી એના આભારમાં છેઉં તે તું જાણે તો એમ બોલે નહી. એનું દેનું તો મારે માથે ભારોભાર છે. એને વાસતે હું જેટલું કરૂં તે થોડું છે તેથી જયારે એણે તારી ખાસ ભલામણ કરીને મારી મદદ માગી તયારે તુને મારી દીકરી જેવી કરીને રાખવા હું એક મીનીટબી આનાકાની કરૂં એમ તું ધારે છે?"

"જી હું તમારી ને તેવણુની ઘણીજ હેશાનમંદ છેઉ. કોઇ દહાડો તમે મારી વાત જાણુશો તહારે સમજશો કે તમે કેટલા મોટા આભારનો બોજો મારા માથાપર નાંખોછ."

"હોસે, મને હમના કાંઇ જાણવાની ગરજ નથી પણ

દાદોએ મારે વાસ્તે શું કીધું તે તું જાણે છે?"

"નહીજી, એક વખત એમ કેહતાતા કે તેવણે કાંઇ તમારૂં નાનું જેવું કામ કીધું તું."

"નાહનું જેવું કામ? અરે છોકરી, મારા એકપુરા છોકરાને પોતાના જીવના જોખમે દોડની ટરેન તરેથી ખેંચી કહારી તેનો જાન બચાવયો તે નાહનું જેવું કામ!"

"એમ કે? હું નહી જાણુતીતી જી."

"આહા! દાદી પોતાનાં વખાણ પોતાને મોહડે કરે તેવો નથી. એ વાતની જયારે યાદ આવેછ તાહરે મારૂં કલેજું ઉઠલઇ જાયછ તેથી હમના તો બસ વરી કોઇ દહારો કેહવશ."

"હાજી, તેમજ હશે. એવણે મારે સારૂંબી એવું કીધુંછ કે હું બોલી શકતી નથી."

આ વાર બંનેની આંખમાંથી ટપટપ આંસુ ગળી પડતાં હતાં. આખરે કુંવરબાઇએ પુછ્યું "તમે એને ઘણાં વરસ થયાં ઓળખોછ કે?"

"હાજી,"

"તમારા બેહેસ્તી વરનો મોટો દોસ્તદાર થાય?" કુંવરબાઇએ પુછ્યું.

આ વાર દીનુ લાજને મારે લાલ લાલ થઇ ગઇ પણ ફક્ત "હાજી" કરીને જવાબ દીધો.

આવી ભલી માતા સમાન બાઇને ખોટું કહેવા માટે દીનુનું દીલ કમકમતું હતું પણ તે લાઇલાજ હતી. એટલું સારૂં કે ચતુર કુંવરબાઇ સમજી ગયાં કે આ બેહેસ્તી ધણીની વાત કોઇ ચોકસ કારણને લીધે દીનુને નાપસંદ હતી એટલે ફરીથી તેઓએ આ શબ્દ મોહમાંથી કહાડયોજ નહી. દીનુની

નમનતાઇ, તેણીનો ખુબસુરત ચેહેરો અને ઘરનું કામકાજ ઉપાડી લેવાની સફાઇથી તેવણુ ઘણાંજ ખુશ થઇ ગયાં હતાં અને દીનુ પોતાના ઓરડામાં ગઇ એટલે તેવણે નીચલો કાગજ લખીને ટપાલમાં રવાના કીધો.

"મારા વાહલા બેટા દાદી.

તેં મારે સારૂં જે રમવાની ઢીંગલી જેવી પણુ સમજુ છોકરી મોકલી છે તે મારી આંખમાં સમાઇ ગઇ છે. ફકત મને એટલીજ ધાસતી છે કે મારૂં એકાંત રહેવાનું અને ચુપ-ચાપ ઘેર એને ગમે કે નહીં ગમે. તારીપર એનો જીવ જાન છે તે જાણીને હું ખુશી થશે. બીચારી ઘણી નમાની ને એક મારગી છે. તું તારે ગામ સીધારે તાહરે જરૂર સોલાપોર ઉતરી ને મને મળતો જજે.

લા૦ દુવાગીર માતાજી

કુંવરબાઈની દુવા વાંચજોજી.

—•—

પ્રકરણ ૨૭ મું.

કેમ, આપણી દોસ્ત તેહમીના કેમ છે? અંરે જુઓ તો ખરા આ નાનકડી ભુતારી માતા આગળ ચાલતાં કેવો રંગ મચાવેછ તે. નાનાભાઇ માસતરનાં કાંહાં ભોગ લાગયા કે આ ખલેરીને ચાકરી રાખી. બચારા કેવા કરારને જીવે છોકરાઓને ભાગનાં ચારવેલાં ઇંડાં ચાંપી જતા હતા. પણુ તેહમીનાં ભવાંનો ચીહલો ચહડેલો અને નાકના ફીફડાં ઉડતાં જોઇ તેવણુ પામી ગયા હતા કે આ પોરી કાંઈ દબરાવેલી દબે તેવી નથી. તેવણે પોતાનાં મીસીસ સાથ મસલત કરી કે એ મુંબઇ જઇને છોકરાંઓના માંતપીતામાં અભાડો બાળશે તેના કરતાં

એનેબી કુત્રાનો બુક ઝોંસેલો સારો. આવી ગણત્રીથી તેવણે એવી ગોઠવણ કરી હતી કે તેહમીના બાઇએબી રાતનું ખાણું માલેકની ટેબલ ઉપરજ સાથે લેવું. અલબતે હુકમ થયો એટલે ના તો કેહવાયજ નહી, એટલે રોજ રાતના તેહમીનાં ટેબલ ઉપર જમવા સામેલ થતી. આ ઠેક દહાડા આ પ્રમાણે ગયા હશે એટલે એક રાતના નાના ભાઇ માસ્તરને જરા ટંપાલની બાહારમાં એકાએક શુર છુટી આવ્યું કે આ બીજાજી છોકરીને તો જરા અજમાવી જોઇએ. એટલું બધું તે શું છે. બચાગ બીજા માસ્તરો તો બીધેલા ગુલામ એટલે રોજ રોજ તે લોક સાથ શું મજાહ પડે. એણી મેર નાના ભાઇ માસ્તરના બેહન સુનાબાઇ અભાગયાં જયારે હોય ત્યારે ભાઇના કાનમાં ઝેર રેડે કે “જોજને, આએ છોકરી ઘણી મીંઢી છે. કાંઇબી ફેલ છે. નહી તો આવી જુંવાન ઉમરે પોરી ગામે ગામ રખડતી શું કામ ફરે.” ખુશામદીઆ ગુસ્તાદે પહેલાં તો તેહમીના સાથ ભાઈ બંધાઇ કરવાની ઘણી તજવીજ કીધી પણ તેહેમીનાએ પહેલેથીજ એવો છણકો કીધો કે ગુસ્તાદ ભાઇએ શેહેતાન ડાબો કરવામાંજ ડહાપણ વીચારયું. પણ તેબી તેહમીનાના અથાણામાં હતો. અવારનવાર તે નાનાભાઇ માસ્તર અને તેવણની ઘર શોભત બ્હેનને સમજાવે કે એ છોકરી થોડું બોલે ને થાંભલો કોરે તેમાંની છે. જુઓની આપણે આટલું આટલું અસેમસે બોલ્યેછ પણ એક બોલબી જવાબ આપેછ? જયારે ઘણી દાબી દાબીને પુછયેછ ત્યારે ‘હા—નહી’ પર કાસર પતાવેછ. મને તો લાગેછ કે એના પાણી મુવેલાં છે. આ સઘળાં મનને બેહેનજી સુનામાયનો મોટો ટેકો હતો. તેવણ કહેજે એં દુકતીને બધું ખરી ખંખારીને પુછવું જોઇયે. આ પરીક્ષા લેવાનું નાનાભાઇ મા

સ્તરે માથે લીધું. એક દહાડે રાતના જમવા બેઠેલાં છે તે તકનો લાભ લઇને તેવણુ બોલ્યા.

"તેહમીના, જરા બીજી કચુંબર લેશો?"

"નહીજી, હેં કયું."

જેમ તેહમીના ના કહે તેમ નાનાભાઇ માસ્તર રંગપર ચહડયા "હેં એમ કંઇ હોય? જરા ટીપું બ્રાંડીનં આપું? કેમ હમણાં કાંઇ બરાબર જમતાં નહીં?"

સુનાબાઇએ આ ટાંકણે તાપસી પુરી "વાય, વખતે ઘેર યાદ આવયું હોશે."

તેહમીનાએ ઠંડે પેટે જવાબ આપ્યો. "હા—તેમ હોયજી."

એ એવી ચતુર હતી કે તુરત પામી ગઇ કે આએ બધી છેડતી છે. ચીંતા નહી. તેબી બોંહે ચહડાવીને અરધાનો ખુરદો કરવાને તઇયારજ હતી. સુનાબાઇ તેને અવારનવાર છંછેર છંછેર કરતાં અને તરેહવાર હુકમ ફરમાવતાં પણ અત્યાર સુધી તેહમીના એક શબ્દ બોલી ન હતી. તે છોકરાઓની દયા ખાતી અને તે લીધે બચારાં નાદાન ભુલકાંઓ તેના ઉપરથી મરી ફીટતાં હતાં તે જોઇ સુનામાયને જબરદસત અભરામજી આવતા હતા. તકરાર આગળ ચાલી.

સુનામાય અણકા કરીને બોલ્યાં "તમુને ઘેર હઇયે ચહડી આયુંછ તારે અહીં શું દુઃખ છે. મઝેહથી ખાઓછ પીઓછ ને ખરોખર ઉંઘાઓછ તારે ઘેરમાં તે શું ખાન ડાટેલી છે."

તેહેમીનાએ કરારને જીવે ઉતર દીધો "મારાં ઘેરનાં બાવરચીખાના જેવુંબી આએ મકાન નથીજી."

બાપરે. આ ધડાકો સાંભળી બધાં ડઘાઇ ગયાં પણ નાનાભાઇ માસ્તરે જોયું કે વાત વધશે તેથી મોટે સાદે હ

સોને વાત ઉડાવવા માંગી "તેહેમીનાનું તો બોલવાનુંજ એવું પથર માર છે. પોતે ચાકરી રહેવા આવી તારેજ મારા કાન ખોલ્યા હતા."

પણ સુનામાયની કમબખતી આવી હતી. તેવણ મુગાં મરી રહયા હતે તોજ ઠીક હતું "બોવાય, એ તે શું લાર ઘેલું બોલવાનું. જયાં ખાયછ પીયેછ તેનો તો જરા મલાજો કર. કોઇ બીજે ઘેર જશે તો હારમાર થઇને વાજ વરશે."

સુનાબાઇની તો ઘણી મરજી કે તેહેમીના છેરાઇ પડીને ઉઠી જાય. પણ પકકી તેહમીના હીલી કે ચાલી નહીં. તેણીએ જવાબ દીધો.

"નકામી તમારી આંતરડી શું કરવા કકલાવોછ. એક તો ખોદાએ રૂપ રંગ આપ્યું નથી તેમાં વળી આવાં ડાચાં કરશો તો બચ્ચાં બીહીશે."

મારયા ઠાર. ગુસતાદજી માસ્તરને તો અતરસ ગઇ અને નાનાભાઇ ખશીયાણા પડીને જુદું જુદું હસવા લાગ્યા. મીસીસ નાનાભાઇના પેટમાં તો ટાઢક વળી, પણ રખે આઇનો ખાર બાઇપર આવે એવી બીકથી ઉઠીને રાંધણીમાં ભરાયાં. સુનાબાઇનું તો એવું પાકી આવ્યું હતું કે જાણે હમણા ઉઠીને તેહમીનાને ખાસડું મારે, પણ તેહમીના સાત ખાસડાં પાછાં મારીને ઉભી રહે એવી હતી તે જોઇને અખાડા કરી બોલ્યાં

"રાન વાઉ, ગુનેહગાર! અહીં કાંહાંથી ઘરો લેવા આવી. ઉભી રહે, તું કોણ છે ને તારાં માયબાપ કાઆ શો ભતા મેહલમાં રહેછ તે બધાંની હું મુંબઇ લખીને ખબર કહરાઉંછ."

તેહમીના ખડખડ હસી પડી. "હેં હેં—મારા સમ,

જો એમ છેક નછોરાઇ કરોછ. તમે મારી ખબર કાહાડો તે અગાઉ તમારી પોતાની ખબર આપવાને હું તઇયાર છેઉં."

નાનાભાઇ માસ્તરને છાંટોપાણી ચહડયો હતો, તેવણ રૂમાલ ઉરાડી બોલ્યા. "હુર્રે, હુર્રે, આજે શું મઝાહ પરેછ બોલ બોલ તેહમી. પેહલો હું ને પછી બીજાં, તારે ગમે તે બોલ, મારી પુર રજા છે."

"નહીજી. એમ હોય નહી. હું પેહલાં મો૦ વીકાજીથી શરૂ કરવા માંગુંછ."

"હુર્રે–સાબાશ" વળી પાછી નાનાભાઇ માસતરે તાલી પાડી.

"જરા બધાં થોભો–તાલી પાડવાનો વખત તો હજી આ વેછ. આએ બચારા વીકાજીની મને ઘણી દયા આવેછ. હજુ એવણને મુછ ફુટી નથી તેટલાં આએ ગુલામગીરીમા દહાડા કાહાડેછ તે જોઇ મારો જીવ બળી જાયછ. નાનાભાઇ માસ્તર જેવા ખાઉ પડાઉ પારસીની સામે થઇને સાચું કેહ વાની એવણમાં હીમત નથી પણ એ બચારો શું કરે. ખાન દાની માણસનું ફરજંદ છે. એટલે પોશાગીરોની ટોળીમાં એનું કામ નથી. નામ તારે નાનાભાઇ હેડ માસ્તર છે પણ હું ઉંઘાડો એકરાર કરૂં છું કે મી૦ વીકાજીની છેલ્લી આંગળીમાં જેટલું જ્ઞાન છે તેટલું નાના ભાઇના આખા શરીરમાં નથી."

નાનાભાઇ તો ચાટ પડી ગયા પણ "હુર્રે હુર્રે" કરીને રમુજમાં વાત કાહાડી નાખવા માંગી "વીકાજી–સાબા શ–હલ્લો વીકાજી, તું તેહમીના પાસે સરટીફીકેટ લખાવાને જામેમાં છપાવ બચ્ચા તારો બેહરોપાર."

ગુસતાદ ખુશામદીઓ બોલ્યો "અરે એ તો વધાઇના સમાચાર છે. વીકાજી, તું જબરો નસીબવાન. અમુને પેહ

રામણી કરવી પડશે અં ! પછી, પછી, તેહમીનાબાઇ આગળ ચલાવો ”

“ ગુસતાદજી હું તમારીબી ખબર લેઉંછ. તમુને જોઇને મને ધ્રધ્રરીને તાપ ચહેરી આવેછ, તેવું મારી જીંદગીમાં અગાઉ કોઇ વાર થયું નથી. થુક ચાટુ, ટુકરાખાઉ, એવાં વીશેષણો મેં અગાઉ કથામાં વાંચેલાં છે પણ તેનો જીવતો દાખલો મેં તમારામાં જોયો છે. તમે એક સ્કુલના માસ્તર થવા કરતાં એક ઝાડુ-કસને વધારે લાયકના છેઓ. પાવરીને તાંહાં હાથ ધોવાડવાના કામ માટે તમને ખોદાએ સરજેલા દેખાય છે. હું ધારૂંછ કે તમુને જો પાંચ રૂપીઆની લાલચ મળે તો તમે તમારી સગી માયનેબી ઠગવાને ચુકો નહી. તમારો દેખાવ નજીસ, ચાલચલણ ધીકકારવાજોગ અને હલકાઇ એટલી તો બેહદ છે કે આખી ટંકશાળના રૂપીઆ મને આપે તો હું તમારી સાથ શેકહાંડ કરવાને ગુનાહ ભરેલું સમજું.”

“ઓ બાપરે-ધાર કે ધારનો બાપ-બસ એટલુંજ ?” ગુસ્તાદ આમ ટકોર કરવા ગયો ખરો પણ તેના પેટમાં તો જબરદસત ધાસતી ભરાઇ હતી.

“હા એટલુંજ નહી. તમારા જેવા કચરાપટી ઉપર નાહક ની થુક બગાડવા જેટલીબી હું જરૂર જેતી નથી. હજુ તો મને બીજાં મોટાંઓ સાથે કામ છે.”

સુનામાય બોલ્યાં “ઓ-ઓ-હવે મારી વારી આવી કે? બાઇ સાહેબ મને ના વીસરતા જો. ઘણી ગમત પડશે.”

“ધીરે ધીરે બધાં આવશે. મેં પહેલાંથીજ કબુલાત કીધીછ કે પહેલાં નાહનાથી શરૂ કરીને પછી ઘરડાં ખોખાં ઉપર જવાનું એટલે તમારી વારી તો સઉથી છેલ્લી આવશે”

નાનાભાઇ માસ્તર આ રામબાન તાનો સાંભળીને

ખુબ હસ્યા અથવા હસવાના ચાળા કીધા.

"હવે વારી મી૦ નાનાભાઇ માસતરની છે. હું ખરી ખંખારીને કેહું છું કે નાનાભાઇ મોટા ઠગારા છો જુદી જુદી જાહેર ખબરો છપાવીને બચારાં નીરદોશ ભુલકાંઓના માબાપને ઠગીને પઇસા ખાઇ જવાનો એવણે ધંધો માંડયો છે. મારા ઘરનો મીન્ની જેટલી "હીસટરી" સમજે છે તેટલીજ નાનાભાઇબી સમજે છે. માબાપો મળવા આંવે તારે મોટી ફફાંસ મારીને તેઓને વાહી પટાવીને કાહાડે છે અને છોકરાઓની ફીમાંથી પોતાનું કંગાળ હોજરૂં ભરીને બચ્ચાંને ભુખાં મારે છે, છોકરાઓને ઘેર કાગળ લખવાનો હુકમ નથી કે રખેને તેઓ ભુખે મરવાની ફરીઆદ લખે પણ હું એ વાત મુંબઇ જવા પછી જાહેર કરવાનો ઇરાદો રાખું છુ."

નાનાભાઇ માસ્તર લાલચોળ થઇ ગયા હતા પણ ભપકો રાખવા બોલ્યા "હં—પછી—પછી?"

"હા—હજુ બીજુ બોલવાનું બાકી છે. તમે દરેક છોકરા પાસથી ઓઢણી અને ચારસા મંગાવો છો પણ મેં ચોકસ હીસાબ રાખયો છે કે આ બલાંકેટો તમે પોતે વાપરોછ અને અને છોકરાઓને આઠ આનાવાળી કામળી ઓઢવા આપોછ. તમારા માસ્તરો, પોતાના ગીરોથી ઇંડાં મંગાવીને ખાયછ ને આએ કંગાળ ગુસતાદે એ કારણે તો તમારા રાંધનાર સાથ દોસ્તી માંડીછ. હું તમારી હજુસે રાંધણીમાં જતી હતી અને તાંહાં મારા જોવામાં આવ્યુંછ કે બે જાતનું ગોસત આવેછ, એક તમારાં પોતાનાં દોજખી હોજરાં માટે અને બીજું, કાહલું સડેલું છોકરાઓને માટે. સારાંશ કે સ્કુલ માસ્તરના ધંધાને તમે એબ લગાડીછ અને હું અંતઃકરણથી ઇચ્છુંછ કે એવાં ખાતાંઓ સરકાર પોતાની ચોંપ તળે રાખે અને જે

ચંડાળો મુગે મોહોડેના છોકરાંઓના કાળજાં બારી નાખે છે તેઓને જેલમાં બેસાડે."

નાનાભાઇ હવે અકળાઇને બોલ્યા "આએ તો વેલાતમાં પેલી ઝંડો સફ્રગેટ બઇરીઓ આવે છે તેમાંની કોઇ છે. લે ચાલો હવે. સુનામાયને વરે શું કેહવુંછ?"

"બોલો -બોલો—મને શું કામ બાકી રાખોછ—તમારે ગમે તે બોલો—મારાં કીઆં ખાસડાંને."

"અલબત બોલશ. પેલો નાહનો સોહોલી. બેચારો પહેલે દહાડે આવ્યો ને એની માય એને મુકીને ગેઇ તે દહાડે તે ઝાર ઝાર રડયો, મેં તેને મારા ઓરડામાં બોલાવીને ઘણો પટાવયો. અને મુગો રાખી પુછ્યું. તારે એ બચ્ચાંએ કહી દીધું કે આએ ઓરત સુનાબાઇએ તેને પોતાના ઓરડામાં બોલાવીને બોલાવીને હાથ બાંધીને નેતરે નેતરે મારયો. આ વાત માનવાની પહેલાં મેં ના પાડી. પણ પછી રાતના તેને પોઢારયો ત્યારે તેના હાથ અને બરડા ઉપર કાળા સળ મેં નજરે નજર જોયા. શરમ છે–ધીકકાર છે એવી ચાલને–

"પણ—પણ—હું;—

"સબર, મારી આગળ જુઠું ચાલશે નહી બરાબર ઠેકાણે આ વાતની ખબર હું પુગાડનાર છું સોહોલીના અને બીજા છોકરાઓના રહેવાના ઠેકાણાં મેં લખી લીધાં છે. તમારો અભાગયો સ્વભાવ હોય તો દેવાલ સાથે માથું કુટો. બચારાં નાદાન છોકરાંઓને મારવામાં તમારા હાથમાં શું આવેછ? ચાલો સાહેબજી."

આટલા શબ્દો બોલી તેહમીના પોતાના ઓરડામાં ચાલી ગઇ. તેણીના જવા પછી સુનામાય ઉખડયાં. "નાનાભાઇ આએ કસકુનમ ગુનેહગાર આજની આજ અહીંથી જાય;

નહી તો હું તમારૂં પાણી પીવા ઉભી રહેવાની નથી."

"અરે હારે—એ કંઇ આપરા ઘેરમાં ચાલે. એના જખાં કે નરી કાતર."

"સાહેબ, એને ઘણી સમાલવી પડશે નહી તો મુંબઇ જઇને જુઠાં સાચ્ચાં તો નહી કરે?" ગુસતાદને ફાળ પડી.

"મારાં મત પ્રમાણે એ બાઇ બરી હીમતવાન અને સાચ્ચા બોલુ છે." કમબખત વીકાજીએ ટાપસી પુરી.

"એમ કે? કદાચ તમે પોતેબી કાલનું કાલ તમારૂં રેઝીગનેશન આપવાના હોશો?" નાનાભાઇ જરા દમ ભરાવા ગયા પણ વીકાજી તો તુરતજ તે પકડી પાડીને ઉઠયો.

"હાજી—કાલનો કાલ, આ ઠગાઇ, ઘાતકીપણાથી હું કંટાળી ગયો હતોજ. આટલું સુધી હું બબડયા કીધો તે માટે હું શરમીદો છું. એ કરતાં તો રસતામાં ભીખ માંગવી બેહેતર. આજના બનાવે મારી આંખ ઉંઘાડી છે અને હુંબી કાલનો કાલ અત્રેથી ચાલી જનાર છું."

આ પ્રમાણે એક કલાકમાં સઘળું બતાફુટ થઇ ગયું. બીજે દીને સવારની ટરેનમાં તેહેમી અને વીકાજી થરડ કલાંસમાં સાથે મુંબઇ આવવા નીકળી પડયાં.

"પણ વીકાજી તમારી ઉપર આ જફા લાવવા માટે હું ઘણી દલગીર છું." તેહેમી બોલી.

"અરે નહીરે મારી બેન. હું તો ધારૂંછ કે તમે મને દોજખમાંથી છોડાવ્યો. મુંબઇ જેવાં શેહેરમાં તો મને સેહેજે ચાકરી મળશે પણ તમારૂં કેમ—મને તો તમારી ફકર છે."

"મારી ચીંતા ના કરો. ઘણું થશે તો હું પાછી મારાં માયબાપને ઘેર જવશ. વખતે તે લોક ધમકાવશે, રૂશાશે પણ બધું સમાધાન થઇ જશે. હું ભુખે તો મરવાની નથી."

આ બોલતાંવાર તેહમીનાને વીચાર આવ્યો કે આ બ ચારો ગરીબ ગાય જેવો છોકરો પઇસા વગર શું કરશે. મુંબઇ જવા જેટલાબી એની પાસ પઇસા હશે કે? તેહમી પાસે હજુર પોતાની સેવીંગ બેંકમાંના રૂ ૧૦૦ વધેલા હતા. એમાંથી વીકાજીને કાંઇ આફર કરે તો અપમાન તો નહી લીએ?

"મી૦ વીકાજી, તમે મુંબઇમાંજ રેહવાના છેઓ કે?" તેહમીએ ચાંપી જોવા પુછયું.

"હા બેહન—જો બે ચાર દાહારામાં ચાકરી મળશે તો મુંબઇમાંજ રેહવશ પણ જો નહી મળી તો પછી મારાં માય વલસાડમાં એક છાપરીમાં રેહછ તાંહાં જવા ધારૂંછ."

હવે કેમ કરવું. તેહમી વીચારમાં પડી. કોઇનુંબી દીલ દુખવવાને તે રાજી ન હતી.

"મી૦ વીકાજી, તમુને એક સવાલ—જરા ખુલાસા સાથ પુછું તો મનમાં ઓછું તો નહી લાવો?"

"નહીજી-તમારે ગમે તે પુછો."

"ઘણોવાર થયો હું ગુંચવાયા કરૂંછ કે કેમ પુછું. પણ હવે તમે રજા આપીછ એટલે ફકર નહી. ઘેર જવા જેટલા તમારી પાસે પઇસા છે કે? મારી પાસે ઘણા છે ને કાંઇ જોઇતા હોય તો બેલાસક ઉછીના—

"નહી—નહી—કાંઇ જરૂર નથી. તમારી ઘણી મેહરબાની થઇ."

મુંબઇ આવ્યું અને તેઓ છુટાં પડયાં. તેહેમી બચારી મુંગે મોહોડે પોતાના પીતાના બંગલામાં ગઇ ત્યારે રાતના સઘળાં ટેબલપર જમવા બેઠેલાં હતાં. શું થયું તે હવે પછી જોઇશું.

—o—

પ્રકરણ ૨૮ મું.

રાતના આઠ વાગેલા હશે. ફીરોઝશા ફોજદાર, તે આપણી સાચ્ચાબોલુ તેહમીનાના બાપ, ભીખાઇજી માય, છોકરા, છોકરીઓ સર્વે જમવાની મેજ ઉપર બીરાજેલાં છે. એવામાં ગુપચુપ તેહમીના દાખલ થઇ અને ધમ દેતી ટેબલ ઉપર બેસી ગઇ. તેણીનો ચેહેરો ઉદાસ હતો અને મોંહ ઉપરની સદાની ઝમક જતી રહી હતી. આંખે કાળી કાજળ પડી હતી અને જાણે તે કુટુંબ પરીવારના મેલાપની ભુગી હોય તેમ જણાતી હતી. ભીખાઇજી ચમકીને ખડાં બેઠાં. તેવણના મનમાં એવું તો ખરૂં કે આ નાદાન બચ્ચાંને પેટમાં ચાંપે પણ ભીખાઇજી જરા એંટાલ હતાં એટલે બોલી પડયાં :—

"તેહમી ! ઓ ! તું કાંહાંથી આવી, એ શું ફારસ માંડયાછ. બબે મહીના થયા એક કાગલનો કટકો નહી ને આજે એકાએક માએ બાપ કાંહાંથી યાદ આવી ગયાં ?"

બાવાજી બચારા ગભરાઇ ગુચવાઇને કપાળ નુછવા લાગ્યા અને ભાઇ બેહેનો અકેકના કાનપર પડીને ટકોરથી હસવા લાગયાં આખરે ખરા બાપથી રહેવાયું નહી.

"માએ, તું ઠાકેલી દેખાયછ, અદી, તેહમી બેહનને એક ગલાસમાં જરા બરાનડોન પાણી આપ."

અદીબા હીલ્યા કે ચોલ્યા નહી, એટલે ફીરોઝશાએ પોતેજ ઉઠીને ચમચી બરાંડી ભરીને તેહમી આગલ ગયા અને તેને બરડા ઉપર પસવારી. બાપની દયાની હાથ લાગતાંજ તેહમી ધસાંધસ રડી પડી. ભીખાઇજી જેવણ ઘાતકી તો નહી પણ બેવકુફ સકાર વગરનાં હતાં તેવણ છીડી પડયાં.

"વાય, એ બધાં શું ધનક માંડી બેઠાંછ. વરી ચોરીપર સરજોરી. નાચી નદરીને આવી ને વળી રડેછ શાની. બાવા જીને એકદમ હેત આવી ગીયું તારે છોકરી બએ મહીના થયા કાંહાં મરેછ કે જીવેછ તેની ખબર તો નહી કાહારી? જને જન અમુને હાત પકરી પકરીને પુછેછ કે તેહમી કાંહાં છે કેમ છે તેના જવાબ આપતાં ને વાત ઉડાવતાં અમારે બ રડે પાણી ઉતરેછ ને એવણ આવીને બેઠાં ને બાવાજી પટાવા બેઠા"

બાવાજી ધીમેથી બોલ્યા "હોશે-થશે-વખત આવશે તારે બધું જણાશે. હમણા બચ્ચું ભુખું આવુંછ તેને જરા બે બુક ખાવા તો દેવો."

અહી આલાં બેહન માએજીની તરફથી નીકળયાં "હા વરી માયજી કહેછ તે ખરૂં. શું ઘેરમાં એકલી એજ છે કે? ગમે તારે આવે ને ગમે તારે જાય. તારે અમે બધાં શું નાખી દેવાનાં છીએ કે? વરી એ શું ફેસતા."

"પણ શું છે તે મસી મરે કેની? મુગી મંતર શા વરે થઇ ગઇ. એને કોણે ખાધી કરડી" માયજીએ તાહુકો પુરયો.

બાવાજી સામા થયા. "કંઇ નહીરે માય તેહમી તુને હમણા વાત કરવા નહી ગમતી હોય તો કાલે જોઇશું. મને એક પોસ્ટ કારડ નાખ્યો હોતે તો હું તુને સ્ટેશનપર લેવા આવતે."

હવે તેહમી બોલી "બાવાજી મેં તમુને લખ્યું નહી કાંયજે મારી પાસે ટીકીટના બે દોહોરીઆંબી નહો ઉતાં."

એ-એ-એ કરી બધાં અજાયબીથી બોલી પડયાં.

બાવાજીએ પુછવું ચાલુ રાખ્યું "બે દોહોરીઆંબી નહો

ઉતાં તો તું કેમ આવી–કાંહાથી આવી?"

"બાવાજી મારી પાસે સવાચાર રૂપીઆ બાકી રહેલા ઉતા તેમાંથી મને શોલાપુરથી થાણે સુધીનીજ ટીકીટ મળી શકી."

"પછી? પછી? થાણેથી અહીં કેમ આવી." બાવાજીએ ચકીત થઇને પુછયું.

"પગે ચાલતી આવી."

"પગે ચાલતી આવી? થાણેથી ચાલતી? મારી દુખી છોકરી." આમ બોલી ફીરોઝશાએ બેટીને ઘણા વાહાલથી પેટમાં ચાંપી. ભીખાઇજી રોહોસો કરીને બોલ્યાં કે "એ ગુનેહગાર જાણી જોઇને આપુને લોકમાં રૂસવા કરવા બેઠી’છ કે જો માયબાપ કેવાં ખુની છે કે એકલી અટુલી છોકરીને થાણેવેરથી ચાલતી બોલાવી. આલાં બેહેને મત આપ્યું કે આએ બધી ગરપછાંટ છે. ફ્લી ભાઇએ મત આપ્યું કે એહ એમાં શું મોટો વાઘ મારયો. કેહો તો હું કલીઆણી સુધી ચાલી જાઉં."

આખરે ભીખાઇજી જરા થંડાં પડયાં એટલે પુછયું— "પણ એમ કાંય ડોરા બારીઆ હોશે. પઇસા નહી ઉંતા તો શોલાપુરથી લખ્યે કે હૂં આવવાની છેંઉ ને મારી પાસે પઇસા નથી?"

"માયજી, હું ઘણી શરમીંદગી છેઉં. મેં એટલા કારણથી પઇસા નહી મંગાવીઆ કે મને લાગું કે હું તમે બધાં સાથ ઘણીજ શરમીંદગી ભરેલી રીતે વરતેલી છેઉં ને મને કશું માગવાનો હક નથી. હું આએ ભર ટેબલપર બધાં પાસે માફ માગુંછ અને હવે મારી ચાલથી તમુને—આટલું બોલતાંમાં તેની આંખમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં અને વધુ બોલી શકી નહી. આખર કરે પણ જણેતા માએ. ભીખાઇજી

હવે ઉઠયાં અને તેહમીનું માથું પોતાની ગોદમાં દાબીને સાથે સાથે રડયાં. આલાં આ જોઇ ફફડી ચટકીને ઉઠીને પોતાના ઓરડામાં ગઇ. જતાં જતાં બોલતી ગઇ કે "આજે તો મારે તેની તલવાર છે. બધાં હવે એની સોરમાં ભરાયાંછ પણ જોજો એ છોકરી કોઇ દહાડે સઉનું નાક કાપીને હાથમાં આપશે."

સઉ હવે રાત પડીને વગેસગે થઇ ગયાં, તેહેમી પોતાના ઓરડામાં ગઇ અને કપડાં કહાડીને હજુ તો બંદગી કરેછ, એવામાં બાવાજીએ બારણું ઠોકયું "તેહેમી તેહેમી, માય તારે નામનો તાર આયોછ."

તેહેમીએ તુરત સાડી પેહેરીને બારણું ઉઘાડયું, "તાર! મને તાર કોણ કરતું હતું? શોલાપુરમાં તારાં જીવેજાનના સઇ કુંવરબાઇ સાહેર જરા સીક હતાં તેવણ એકાએક વધારે સીક તો નહી પડયાં હોય. તેવણે મને કહયું હતું કે કામ પરશે તો તાર કરશ."

"પણ દીકરી, ઉંધારીને ધીરજથી વાંચની—જો, કાંઇ કામનો હોશે."

"બાવાજી, જરા તમેજ વાંચો. મારા તો હાડે હાડ ધુજેછ."

બાવાજીએ તાર ઉખેડયો તેની સદાબરી નકલ નીચે આપું છું.

કલકતાથી,

મોકલનાર—વેસટરન ઇંડીયા ટરફ કલબ.

મીસ તેહમીના ફીરોઝશા ફોજદાર.

શોલાપુર—કેર ઓફ કુંવરબાઇ સાહેર સ્પેનસર રોડ—

તમુને ડરબીનો પહેલો ઘોડો દીલાવર લાગો છે. તમારી ટીકીટ ઇંડીયન કેઆશ બેંકને આપી દીધાથી રૂપીઆ ૬ લાખ

૩૩ હજાર પગાર કરવામાં આવશે. મુબારકબાદી આપગે છીયે.

બાવાજી તો કુદકે ને ભુસકે આ ખુશ ખબર ઘરને પહોંચાડવા દોડયા. તેહમી તાર પોતાના ખીસામાં મુકીને મુગી મુગી પોહોઢી ગઇ. અમદાવાદમાં તેણીના હાથમાં પહેલા પગારના રૂપીઆ આવ્યા ત્યારે કાંઇ ધખારો આવ્યાથી તેણીએ કલકતાથી એક ટીકીટ ડરબીની મંગાવી હતી. અને તેનું આ પરીણામ હતું.

સવારના સાત વાગે વળી પાછું બારણું ઠોકાયું. તેહમી તઇયારજ હતી. બારણું ઉંઘાડતાં માયજી હસતાં હસતાં દાખલ થયાં. તેવણે હાથમાં નાસતાની સરે ધરેલી હતી અને તેમાં રંગદાર ચા, તોસ્ટ ચારબેલાં ઇંડાં, પનીર, માખણ વગેરે ગોઠવીને મુકેલું હતું.

"ઓ તું વાંકી વરેરે તેહમી. એમ સહવારના પોહોરમાં કાંય ઉઠી મરૂં. રાતના કેવી ઠાકીને આવીતી તે જરા બે ઘરી પોહોરી રેહતે. રાતના એમની એમ ભરીને ભરી સુઇ ગેઇ તે આખી રાત મારો જીવ બરયા કીધો. લે જરા જમ. હું ઘેરનું ઉંચું નીચું કરીને આવશ ને પછી આપરે માય દીકરાં પેટ ભરીને વાત કરશુ"

આહ ! તેહમી, તેહમી ! તારો આગલો સાચ્ચાબોલુ જુસ્સો કાંહ છે ? તેહમીના પેટમાં તો એવું થતું હતું કે માયજીને મજાનું જેવું લેકચર આપે. પણ નહી. તેણીએ સાચ્ચાં બોલવાનો અખતરો અજમાવી જોયો હતા અને તે નીશફળ નીવડયો હતો.

માયજી ગીયા પછી આલાંમાય હાથમાં મોટો ફુલનો તોરો લઇને આવ્યાં અને હસી હસીને વાત કરવા લાગયાં. "તેહેમીના બેન, જો ખુશી હોય તો આપરે જરા હેંગીંગ ગાર

ડન આગળ ફરવા જઇયે, મારી લખપતી કાંદાની લાહે મેં તારે સારૂ કાહારી મુકીછ,"

"નહી આલાં એ! હું આજે તો દાકેલી છેઉં. કાલ બાલ જોઇશું"

જરા વારે બીજાં ભાઈ એનો આવ્યાં, કોઇ તેહેમીનાં ગળાં પર હાથ નાંખે તો કોઇ તેને કીસ લીયે એક બોલે કે તેહેમી બેહેન તો મારી તો બીજું બોલે કે અરે એતો પહેલાં થીજ મારી માનીતી ઉતી. ઇત્યાદી. તેહેમી આ સરવેનો ભાવારથ બરાબર સમજતી હતી પણ—બસ ચુપ. આ સઘળાંની અધાંધરમાં એકલો જહાંગીર દેશાઇ અલગનો અલગ રહયો હતો.

—o—

પ્રકરણ ૨૯ મું.

ખુરશેદ દેશાઇ સવારના ઉઠીને બારીએ ઉભી તયારે શેલાપુરની સવચછ હવાથી તેણીના રૂખસાર ઉપર ગોલાબ પ્રસરી રહયો હતો. કુંવરબાઇનો બંગલો તદન એકાંત હતો પણ તેથી તો ખુરશેદને મનથી તે બેવડો મનહર હતો. આસપાસ કોઇની વસતી ન હતી પણ સો એક વારને છેટે એક બીજો હેંડસમ બગીચો જણાતો. તયાં કોણ રહેતું હશે? નાસ્તના ઉપર ખુરશેદે આ સવાલ નાખતાં ખુલાસો કીધો કે "એમાં એક ઘણી જવાન પારસણ બાઇ રહેચ. એનું નામ તેહમીના ફોજદાર ઘણી ખુબસુરત ને જબરી બોલવાવારી છે. પણ ભોળી ને મીઠી છે. એના મા બાપ તો કોઇ ગરીબ માણસો કેહવાયછ પણ છોકરાને ડરબીની સોરતીમાં સાડા છ લાખ રૂપીઆ લાગા તે લઇને અહીં આવીને રહોછ અમે બેઉ જન એક બીજાંના

સઇ છીએ એ મને ઘણી ગમેછ કાંય જે એનામાં હુંબગ જેવી ચીજ નથી. કેહથી મુંબઇમાં જેવી સોરતી લાગવાની ખબર બહાર પરી કે બધાં સગાં વહાલાંને જુના પુરાણા ફુટી નીકળયાં એટલે બધાંને હાથ તાલી આપીને અહીં નીકરી આવી. મેંજ આએ બંગલો પાંત્રીસ હજાર રૂપીએ અપાવ્યો બગીચોબી ઘણો સરસ છે. એ તેહમીના એવી મળતાવડી છે કે તુને ઘણી ગમશે. જોજેની ઓય ઘડી દોરતી દોરતી આવશે. તારે સારૂં એ ચાર વખત કાલે પુછી રહી."

કુંવરબાઇનું આ બોલવું ઘણું વહેલું ખરૂં પડયું. તેવણ ઉઠીને જરા પોતાના સુવાના ઓરડામાં ગયાં અને ખુરશેદ હોલમાં ઉચું નીચું કરતી હતી એવામાં તેહમી દોડતી દોડતી આવી લાગી. ખુરશેદ બોલી "જી બાઇ હમણા આવશે."

"હા–તે હું જાણુંછ–તમે કોણ? ખુરશેદ કે?"

"હાજી હુંજ ખુરશેદ"

તેહમી તુરત તેને વળગી પડી. "એ વરી જી ને હો શાની કરેછ." આજથી આપરે બે દોસત. હવે સહવારના ફરવા જવાનું ઠીક પડશે. હું તો બીહીતીતી કે રખે કુંવરમાય કોઇ ઘરડાં ટપને બોલાવીને રાખે."

"કાંય, બુઢાં તે નાખી દેવાનાં કે?" ખુરશેદે હસીને સવાલ પુછયો.

"મરેરે, છેક જુના છોરાંને શું કરે. મુવું તેને હસાવતાં પેટબી દુખી આવે. આપરે સરખે સરખાં હોઇયે તો મજાહ પરે."

"તમુને એકલાંને ચેન કેમ પરેછ."

"કાંય નહી પરે. લોક જાણેછ કે મારી પાસે સાત આઠ લાખનો ડલ્લો છે એટલે સઘયાં મીતાં કરવાને દોસ્તી

પારવા ઘણાઓ જન મારે બાનને ધકેલા ખાયછ પણ હું બ ધાંને દુરથી ને દુરથી જીહો કરીને કાહારૂંછ. એવાં મતલબી આં ખુશામદીઆઓની દોસ્તી મને ગમતી નથી. મારી પડો શમાં એક કાનવેન્ટ છે તેમાં ગરીબ નનો રહેછ તે લોક મારી આગળ અવાર નવાર આવેછ ને મને મ્યુઝીક, ડરાઇંગ વગેરે શીખવેછ. વરી પાસેજ કુંવરમાય છે, જરા નહી શોહોવાયું કે લાગલું અહીં દોડી આવવાનુંજ. મેં સાંભળીયું કે તમુને બચા રાંને ઘણી મુશીબતો પરેલી હતી. હું ઘણી દલગીર છેઉં પણ યાદ રાખવું કે આપંદેહ બધું મુશકીલ આશાન છે."

તેહમીનાને મોહોડે પટપટારો ભારી હતો. કુંવરબાઇ જાણીજોઇને પોતાના ઓરડામાં ભરાઇ રહયાં અને આ બે નવી સઇઓને ખુબ પેટ ભરીને વાત કરવા દીધી. તેહમીના એ પોતાના આગલા સઘળા અખતરા ખુરશેદને કહી સંભળાવ્યા.

"જો ખુરશેદ બેન, તું તો પરણીને પસ્તાઇ. બધાં ડાહયાં ડોહોરાં થઇને કહેછ કે પણવું નહી—પણ એ લોક બધાં ગોઠવાઈ ગઠવાઇને હવે શીખામણ દેવા નીકળેછ. હા બા, આપરે તો પણવાના. પણ મને કંઇ જેવો તેવો વર નહી ચાલશે જો. આપુને તો ઓછામાં ઓછો બારીસ્ટરને વરી પાંચ સાત લાખનો ઘણી જોઇશે. તું અમારા દોસ્ત દાદીબાને ઓરખેછ કે? કેવો ગોરો ગોરો ઇંગરેજ જેવો છે, કેમ?"

"હા મજાના છે."

"મને એની સાથ અહીંજ ઓરખાણ પરી. એ અદરા યલો છે કે?"

"કોણ જાણે—પણ હું નહી ધારતી કે તેમ હોય."

"જોજે ખોરશેદ-જે બઇરી એને જીતી જશે તે ખરી નસીબવાન. એનો ચેહેરો ઘણો-ઘણો-વજોજ ગરવો છે ને

આંખ કેવી બલુ બલુ છે."

આટલી વાત ચાલે છે એવામાં કુંવરબાઇ દાખલ થયાં "કેમ છોકરીઓ— એટલામાં તો દોસતી શઇબી કે?"

"અરે હારે, કુંવરમાય. અમુને દોસતી કરતાં કેટલી વાર. મકુંજે આજે તમે બેઉ જન મારે તાંહાં જમજો."

કુંવરબાઇએ તો હા પાડી—પણ ખુરશેદે માથું દુખવાનું બાહાનું કાહાડીને ના પાડી. તેહમીના જવા પછી કુંવરબાઇએ ખુરશેદનું મત પુછ્યું "કેમ તારી નવી સઇ વીશે શું ધારયું?"

"ઘણી મજાની બોલકણી છે."

"હા તેમ છે. પણ જરા ચદન છે. હજુ તો આપરા દાદીબા સાથે જરા ઓળખાણ પરાવી એટલામાં તો તેની સાથ ઠીઠી ઠાઠા કરવા પડી ગેઇ. મેં દાદીને કહયું કે એની પાસે પાંચ સાત લાખ રૂપીઆ છે પણ દાદીને મનથી તેની કુછ દરકાર દીસી નહી."

"શું કામ દરકાર કરે." ખુરશેદ બોલી "એવણુનો પોતાનો પગાર સારો છે ને બાપના એકપુરા છે."

"હા—તમે એવણુના બાપ શાપુરજી ને ઓરખોછ કે?"

"હાજી."

કુંવરબાઇ વીચારમાં પડયાં કે આ થોડું બોલનારી છોકરીના પેટમાં કોણ જાણે શું ભરમ ભરેલો છે. હોસે, જે હોસે તે દાદીબા આવશે તારે જણાશે.

આ પ્રમાણે ખુરશેદ અને તેહેમી વચે દોસ્તી રોજ રોજ વધતીજ ગઇ. તેહેમી જરા જરામાં કુંવરબાઇને બંગલે દોડી આવે અને ખુરશેદને માટે ભેટો લાવે અને પોતા સાથ અથવા પોતાના પઇસા સાથ પરણવા ઇચ્છતા ધણીઓનાં નામની ટીપ કહી સંભળાવી ખુરશેદને હસાવે.

એક દહાડે ખુરશેદ હસતાં હસતાં બોલી "પણ આંટલા બધા જણ ઝીપલાં મારેછ તો તેમાંથી એકને પસંદ કરોની"

"ઓ નારે બ્રાય. હું સારી કાની જાણુંછ કે એ બધા મારા પઈસા પાછળ ભમેછ પણ હુંબી તો ખરી કે વર લેઉં તો ચુંટી ચુંટીને ગરહસ્થ લેઉં."

"પણ આટલામાંથી એકબી ધ્યાનમાં આયા કેની?"

"હા. એ બધામાં એક બેહરામશા દલાલ કરીને મને કલેકટરની પાર્ટીમાં ઇનતરોડયુસ થયો તો તે જરા ધયાનમાં આવેછ, મારા સાંભળવા મુજબ પેહલી બઇરી ગુજરી ગેઇછ. મને ફકત એજ વાંધો છે."

"પણ બઇરી મરી ગેઇ તેમાં એનો શું વાંક. બીજી વાતે સારો હોય તો બસ. તમારા પઇસા ઉપર તો નથી કુદતો એટલી ખાત્રી થઇ કે પછી ખલાસ."

"નહી–નહી–પઇસાની તો રેલ છેલ છે. મને કોઇએ કહયું કે ગુલબર્ગામાં એના મોટા વજીફા છે ને અંગરેજ કોચમેન રાખેછ. કેહજે તબેલામાં અઢાર તો ઘોડા છે. જોજેની એક દાહારો. મારે તાંહાં જમવા આવવાના છે તારે તમુ લોક નેબી બોલાવશ. તું જોઇને મત આપજે."

આ પ્રમાણે તેહમી રોજ રોજ મી• બેહરામશા દલાલની વાત કાહારે. એક દાહાડે ખુરશેદે પુછયું "પણ એવણે પોતાનો વીચાર કોઇ દાહારે જણાવ્યોછ કે?"

"નહી–કંઇ બોલ્યો તો નથી પણ જે ઘડી જાયછ તેમાં બોલશે એમ લાગેછ. પણ ખુરશેદ, તુંને કંઇ ખબર છે. દાદીબા કાહારે આવવાનો છે?"

ખુરશેદે જવાબ આપ્યો કે તેણીને તે વીશે કશું માલમ ન હતું. ખુરશેદે પોતાની કબુલાત મુજબ

પોતાના સલામત પુગવાની અને કુંવરબાઇની મેહરબાનીની વીગતો દાદી ઉપર લખી હતી પણ ત્યાર પછી કાગળપતરો બંધ થયાં હતાં. દાદીના મનમાંથી ખુરશેદનો ખયાલ નીકળવો મુશકેલ હતો. તેણે આ મનમોહન મુર્તીને વીસરવાની ઘણીબી યુકતીઓ કીધી પણ ફોકટ. જાત જાતની છોકરીઓ દાદીનું ધ્યાન ખેંચવા ચાળા કરતી અને દરજીઓની દુકાનના ઉબરખણી નાખતી પણ નકામું. ઘણાંક ઇજનો દાદીને જમવાના આવતાં પણ બધાંની ના.

આખરે દાદીનો ડયુટીપર જવાનો વખત આવ્યો. ટરેન અલબતે શોલાપુર થઇને જનાર હોવાથી દાદીએ વીચાર્યું કે કુંવરબાઇને મળવા જાઉં તો કેમ?

હા ખરેખર, કેમ? દાદીબા સંભાળ—આગળ મોટો ખડક છે.

—•—

પ્રકરણ ૩૦ મું.

ખુરશેદને શોલાપુરમાં આવી વસવાને મહીનોક દહાડો થયો હશે. એક દહાડે સવારના તે બારી આગળ સીવવા બેઠી છે એવામાં કુંવરબાઈ હસતાં હસતાં દાખલ થયાં. તેવણના હાથમાં એક ખુલ્લું ટપાલનું કાગળ પકડેલું હતું.

"ખોરશેદ, શું ધારેછ, આએ કોણનું કાગળ હોશે?"

"માયજી, હું કેમ જાણું?"

"દાદીબાનું છે."

કુવરબાઇ ઘણા સાફ દીલનાં હતાં પણ તેવણે દુનીયાની લીલી સુકી જોઇ હતી. દાદીનું નામ મોહમાંથી બહાર પડતાંજ ખોરશેદના ગાલ ઉપર રતાશ ફરી વળયો તે જોઇ તેવણે

પોતાના મનસે ગાંઠ વાળયો.

"માય ખોરશેદ, આજે દાદીઆવાળી ટરેન સાંજના પાંચ વાગે આવશે. મેં એને કલીચાણી તાર કીધોછ કે આપરે તો હાંજ આવે. હું કંઇ હોટેલ બોટેલ સમજવાની નથી.

"માયજી, તમારે ખાતર દાદીઆના! અહીં આવવાથી હું ઘણી ખુશી છેઉ."

જેવી આ ખબર તેહમીને પડી કે તે દોડતી આવી અને પોતેબી રાતના જમવા આવશે એમ ધાઈ પડી.

"કુંવરમાય, એ મારા મામાનો દીકરો થાય પણ અમે જીંદગીમાં છ વખતબી મળયાં નહી હોઇશું. પણ એ આવે છ તે ઠીકજ થયું. મારા ફ્રેંડ બેહેરામશા દલાલને ભરેસપત વારે મારે તાંહાં જમવા બોલાવયાછ તારે તમે બધાંને આવવું પરશે. એવણ મોટા માણસ છે તો હુંબી દેખારૂંની કે હુ કંઇ છેક નાખી દેવાની નથી. જરા તમેબી આએ બેહેરામશાને જુઓ તો ખરાં. શુ ઠંડેરો છે."

કુંવરબાઇને આવી વાતથી ઘણી રમુજ પડી તેવણ બોલ્યાં "પણ તેહમી જરા કેહ તો ખરી તેવણ કેવા છે?"

"હીરા જેવા. ઉંચા સરોવર જેવા. જરા બોલવાનું થોરૂં છે પણ ઘણા હુશીઆર છે. તમે પોતેજ જોજોની. લે ચાલો, હવે જાઉંછ. મારી વાડીમાંથી દાદાબાને વરે થોરાં ફુલ મોકલાઉં છ—તા—તા"

તેહમી નાચતી કુદતી નાહડી. કુંવરબાઇ બોલ્યાં "મરેરે, આએ વરી બેહેરામશા કોણ છે. કોઇ સારો માણશ હોય તો સારૂં. રખે કોઇ ગરજાઉના હાથમાં છોકરી ફસાઇ પરે."

"પણ માયજી, તેહમીના તો કેહછ કે તેવણ પઇસાદાર છે."

"તોડડુ! એણે કેમ જાણ્યું? રાજા બોલ્યા ને દાહારી હાસી. તેવણે કહયું ને એવણે માન્યું. જોઇશું, ભરેસપતવારે આ નવા ચાનને જોઇએ તો ખરાં પછી વાત, મને એ છોકરી ઘણી ગમેછ."

"ને મારૂંબી લોહી એના ઉપર ઘણું દોરેછ—ખોદા એને સુખી રાખે."

કુંવરબાઇના જવા પછી ખોરશેદ વીચારવા બેઠી. દાદીબા આવે તો સારૂં કે ખરાબ? બચારાએ કેવી મેહેનત કરીને તેણીનો જીવ બચાવ્યો હતો. પણ તે છતાં દાદીબાના આવવાની વાત સાંભળીને ખોરશેદની છાતી ઠડકતી હતી. સબર! ગાડીના ચાકનો અવાજ સંભળાયછ. આહ! દાદીનો સહાદ કેવો મીઠઠો પેહલાજ શબ્દો કાને પડયા કે "ખુરશેદ કેમ છે?"

પોતાની ધબકતી છાતીને શાંત કરવા ખોરશેદે તેપર હાથ મુકયો અને મોહપર પાણીનો ફટકો મારીને નીચે ઉતરી. તેણીને દાખલ થતાં જોઇ દાદીબા ઉભો થયો. કુંવરબાઇ બધું બારીકીથી જોતા હતાં. એમ કાંય હશે? તેઓ બેઉ જન અકળાયલાં દીસતાં હતાં. દાદીએ ખોરશેદને લગતી સઘળી વીગત કુંવરબાઇથી છુપાવી હતી એટલે તેના પેટમાં બીક હતી કે રખે કાંઇ ભલતું બોલાઇ જવાય. હજુ તો આ નવી પાર્ટી દશ મીનીટ ગોઠવાઇ રહી ન હશે એવામાં ધરત્તર કરતી ધાંધલ કરતી તેહમીના આવી લાગી.

"કેમ દાદીભાઇ, કેમ છેઓ? દુનીયા સુખી કે દુખી? ખોરશેદની ખબર અંતર પુછવા સોલાપુર ઉતરી પરયા કે?"

"ખોરશેદની ખબર પુછવાની કંઇ જરૂર નથી. મારાં

ફ્રેનડ કુંવરબાઇને તાંહાં એ ઘણી શાંત છે."

"ભલે, ભલે, પણ દાદીઆ હું તો તમુને ભરેસપતવારનું જમવાનું તેરૂં કરવા આવીછ. ના કહેવાશે નહી"

"ને ના કહેવાની કંઇ જરૂરબી નથી. વળી ભલાં કામ માં ઢીલ કેવી. ખાવાનું ને ખાવાનું જાય ને વળી વેહેવાઇ રીસાય." દાદીએ ઇજન કબુલ કીધું.

"ચાલો તારેં મારે બંગલે નવી પીઆનો આવીછ તે દેખાડૂં. હું જાઉંછ. તમે આસતે રહીને આવો" આટળા શબ્દો બોલી વળી પાછી તેહેમીના વીછછનની પેઠે પોતાને ઘેરે દોડી.

આ વાર કુંવરબાઇને વીચાર આવ્યો કે દાદીને કદાચ ખોરશેદ સાથ પાંચ મીનીટ એકલી વાત કરવાનો ચાન્સ આપવો જોઇયે તેથી બોલી ઉઠયાં.

"માય ખોરશેદ, જા તું જઇને બુટ પેહેરી આવ મને તો જરા કામ છે."

ખોરશેદ માળપર ગઇ એટલે કુંવરબાઇએ દાદીને પુછયું "કેમ, ખોરશેદ કેમ લાગેછ?"

"હીરા જેવી. આટલા થોડાજ દાહાડામાં એના ચેહેરામાં કેટલો સુધારો થયોછ."

"એનો વર હમણા થોડુંક ઉપરજ મરી ગીઓ હોશે, ગમગીન ઘણી જણાયછ."

દાદી જરા અચકાઇને બોલ્યો "હા—તેમ છે ખરૂં" પણ વળી પાછાં કુંવરબાઇ પામી ગયાં કે આમાં કંઇ ભરમ છે. જરા વારે ખોરશેદ આવી અને તેને અને દાદીને તેહમીનાએ બધું ફેરવીને દેખાડયું અને જરા વારમાં તેઓ પાછાં બાહાર પડયાં. ગલીને નાકે દાદી બોલ્યો.

"ઘેર જવાની દોરાદોર શું છે. ચાલો આપરે લાંબે

રસતે જઇએ."

"જેમ તમારી મરજી."

તેઓ ચુપચુપ ચાલતાં હતાં તેનો લાભ લઇ દાદીએ પુછયું;—

"દીનુ-મકું જે ખોરશેદ-કુંવરબાઇને તાંહાં તુંને બધું ઠીક છે કેની ?"

"ઠેંકસ—તમારી મેહેરબાનીથી હું ઘણી નચોંત છેઉં. તમુને કંઇ બીજા સમાચાર મલ્યા કે ? પેલા—પેલા—મોતી બાગવાળાઓની કંઇ ધન નસલ ?"

"કંઇ જરાબી નહી. તે આખી વાત તો હવે વીસરાઇ ગઇછ. તું કીએ ગામ જવાની છે તે જાણવાને માગ બાવાજી એ ઘણી અછાડ પછાડ કરી પણ મેં તેવણને કહયું નથી."

ઘર આવી પહોંચ્યું. આખો દહાડો દાદી ખોરશેદ આગ ળથી ખીસે નહી એટલે કુંવરબાઇએ વીંચાર કીધો કે જે દહા ડા જાયછ તેમાં ખોરશેદ આએ બંગલામાં રહેવાની નથી. ભરેસપતવાર આવી પુગયો, દાદી ઘણો ખુશાલ હતો. ખોરશેદે જો કે હમેશ મુજબ કાળી સાડી પેહેરી હતી પણ પોતાના બાલ એવા સંભાળથી પફ કરીને નવી સટાઇલથી રચ્યા હતા કે ઘણીજ સોવામણી લાગતી હતી.

રાતના સાત વાગે તેઓ તેહમીનાને બંગલે ગયાં. દીવા નખાનામાં ખુબ લાઇટ સલગાવેલી હતી. સોફા કોચ ઉપર એક પારસી ગ્રહસ્થ મોગલ કેપમાં બેઠા હતા અને તેમની પાસે તેહમીના બેઠી હતી. પરોણાને આવતાં જોઈ તેહેમીના ઉઠી અને બધાંને ઇનિતરોડયુસ" કીધાં.

"કુંવરબાઇ સાહેર, અને ખોરસેદ દેશાઇ-ખાનબાહદુર બેહરામશા દલાલ."

બેહરામશાહ દલ્લાલ ઉઠીને ઉભા થયા બોરસેદના મોહ પરનું ટીપેટીપું લોહી ઉડી ગયું. વાંચનાર–ચમકતો ના. આ બેહરામશા તો દીલશાદનો ખુની ધણી "મેહેરબાન હતો!"

પ્રકરણ ૩૧ મું.

—o—

બોરશેદે ન ચીસ પાડી કે નં બેસુધ થઇ ગઇ. પણ તેનાથી ઉભું રહેવાયું નહી એટલે ધબ દેતી સોફા કોચ ઉપર બેસી ગઇ. તેને લાગયું કે જાણે તેને લકવાનો અચબુચ ઝટકો લાગયો હોય. ઘણીબી તજવીજ કરતાં તેણીના ડોળા પેલા શખસના મોહ ઉપરથી ખસતાં ખસે નહી. બેહેરામશાહ અથવા મેહરબાન આ વાર એવા ઓજપમાં બેઠો હતો કે તેણે ખુરશેદને જોઇ નહી. એવામાં બીજા બે પરોણા આવી પોહોંચ્યાં તેની ગરબડમાં આ લડાઇએ કોઇનું ધ્યાન ખેંચયું નહી.

"નવાબ અરદેશરજંગ બાહાદુર, મીસીસ અરદેશર અને મીo ફરામરૂઝ."

આ પ્રમાણે કારડપર નામ લખેલા હતાં. ધણી ધણી આણી ને બેટો. નવાબ અરદેશર બેઠઠા, જાડા અને અખન તર સ્ટુપીડ હતા. તેવણુની ગુલબરગામાં અસલ મોટી દુકાન હતી અને ત્યાં એકવાર નીઝામ સરકારનું આવવું થયું તે વારે અરદેશરે ગાડી ઘોડા વગેરેની મોટી ધામધુમ કરી તેના બદલામાં નવાબ થવા પામયા હતા પણ મોટી મુશકેલીની વાત તો એ હતી કે ભેજામાં તદન ભુસુ ભરેલું હોવા છતાં પોતાને મીo ગલાડસ્ટન સમાન અકકલમંદ સમજતા. પઇસા તેવણનો બોદાય હતો. તેવણનો બેટો સરગરદાન ગધેડો હતો અને

દોજખ સમાન અગલી હતો પણ નવાબ સાહેબના ડોળા તેહેમીનાના પઇસાપર હતા અને ગણત્રી કરયા કરતા હતા કે વહુ તરીકે એ હાથમાં આવી જાય તો સતર આના ને એ પઇ. નવાબ સાહેબ મોટે મોટે સાદે ગપ્પા હાંકતા બેઠા હતા અને તેના ઓઠામાં ગરીબ બચારી ખોરશેદ હરણફાર થઇને પોતાની જીંદગીનું સત્યાનાશ વાળનાર તરફ તગર તગર જોતી બેઠી હતી.

નવાબ અરદેશર સાથ તેહેમીનાએ બેહેરામશાની ઓળખાણ કરાવી. શેકહાંડ થવા પછી નવાબ સાહેબ ડાહેલા થવા ગયા.

"અંહ! કંઇ ચેહેરો ધયાનમાં આવેછ, આપરે અગાઉ હઝુરના મેહેલમાં મળ્યાં હતાં, નહી વારૂ?'

બેહેરામશાએ દમામમાંજ જવાબ દીધો "નહી, તેવું કશું નથી."

"આઇસી—ધંધોધાપો કેમ ચાલેછ?"

"હું ધંધો કરતો નથી,"

આટલી વાર થતામાં બેહેરામશાહની નજર આબાદ ખોરશેદની ઉપર પડી એટલે તે કોચ ઉપર લગભગ ત્રણ ઇંચ ઉછલ્યો. આહ! જે ઓરતને મુવેલી સમજીને તે નાખી આવ્યો હતો તે ઓરત જાણે વેર દેવી જાગી હોય તેમ જીવતી જાગતી સામે બેઠી હતી. ખોરશેદના ચેહેરા ઉપર કમકમાટની નીશાની અને ડોળામાં ખુન તેણે સાફ જોયાં હતાં. દાદીબા નામના પારસી સાથ તેણીને ઘણું સારૂં છે. અને તેઓ ઘુસ ઘુસ કરેછ એવું અદેખાઇનું ઝેર તેનાં કાનમાં ભેળીને બીરામે તેને અઘોર પાપમાં ફસાવ્યો હતો તે ઓરત આવી વખતે અહીં!

બેહેરામશાહ હજી તો વીચાર કરેછ કે હવે કેમ કરવું એટલાં તેહમીના બોલી ઉઠી "આવો, આવો દાદીબા, કયારના

કાંહાં ઉતા—આએ મારા નવા ફ્રેંડ બહેરામશાહ દલાલ."

બેઉ પુરૂશોએ એકબીજાને દુરથી જોયા. દાદીબાએ તો કાંઇ દરકાર કીધી નહી, કારણ કે બેહરામશાહ નામના પારસી મરેછ કે જીવેછ તેની તેને પંચાત ન હતી અને તેણે મેહર બાનને નજરે કોઇ દહાડે જોયલો ન હતો. પણ બીજી મેર બહેરામશાહના મનની અવસ્થા શી! દાદીનું નામ સાંભળતાંજ તેના પેટમાં કીનો, વેર, ગુસ્સો અદેખાઇ સરવે ઉભરી નીકળ્યાં. આહ! બીરામે જે વાત કહી તે ખરી. આ ધણી સોલાપુર જેવી જગયાએબી દીલશાદની સાથે!

દાદીબા તો ભોળાઇમાં જઇને ખોરશેદની પાસે બેસી ગયો અને વાત કરવા માંડી પણ તે તુરતજ ચેતી ગયો કે કાંઇ ફ્ચરો પડયો છે.

"શું છે? ખોરશેદ, તારા જીવને ઠીક તો છે કેની?"

"હા" પણ એટલું બોલતાંમાં તેણીનાં અંગમાંથી એક કંપારી પસાર થઇ ગઇ.

"હું જરા પાસેના ઓરડામાં કાગળ લખતો હતો તેથી રોકાઇ ગીઓ—શું છે શું?"

ખોરશેદે કશો જવાબ આપ્યો નહી. તે ફકત સામા કાચ ઉપર તગર તગર જોયા કરતી હતી. શાપુરજીના બંગલામાં તે જયારે તાવની ઝુમમાં જોતી હતી તેવોજ આબાદ આજનો દેખાવ હતો. સરવે જમવા ઉઠયાં. તેહેમીના ખોરશેદ આગળ આવી અને અચબુચ બોલી પડી.

"ઓ ખોરશેદ, શું છે? તું કેટલી સફેદ? જરા વાઇન લાઉં?"

"નહી" આટલા શબ્દો બોલતાં તે જેમ તેમ ઉઠી. આ વાર ઓરડા ચકકર ચકકર ફરતો હતો. પણ પોતાના મન ઉ

પર મજબુત કાબુ રાખીને તે મેજ ઉપર બેઠી. જોયછ તો જમણા હાથ ઉપર બેરામશાનેજ બેસાડેલા હતા. ડાબા હાથ ઉપર નવાબ અરદેશર હતા. તેવણ હાથમાં ચમચો ભરીને સુપ ઉપાડીને કાંઇ લાંબી ટુકી હાંકતા હતા એવામાં તેમના ખભાં ઉપર કોઇ ઢળી પડયું અને તેમનો નવો કોરો બનાતનો ડગલો ખરડાઇ ગયો.

ખોરશેદ ફેંટ મારી ગઇ હતી. સઘળાંજ ગભરાત સમેત ઉઠયાં અને આસપાસ ફ્રી વળ્યાં. બહેરામશા સરવેને દુર રાખીને પોતેજ ખોરશેદને ધરી રાખવાની કે કોણ જાણે તેની ગળચી દાબી દેવાની તજવીજ કરતા હતા પણ કુંવરબાઇ હવે વચ્ચે પડયાં.

"જી તમે ખસતા જાઓ. એવણ મારે ઘેર રહે તેથી હુંજ એવણની મેનીજ કરશ–બાવા દાદી–જરા તારો હાથ આપ–આપરે એને ઉંચકીને હાલમાં કોચપર સુવારીએ."

ખોરશેદને ઉંચકીને હોલમાં લઇ ગયાં અને સોફા ઉપર મેલી. તે એવી તો સફેદ લાગતી હતી કે કુંવરબાઇ હવે ખરેખર ગભરાયાં.

"દાદી, એ શું થયું ? મને કંઇ સમજ નહી પરતી. જરા કોઇ માણસને મોકલ. પાસેના મોહોલામાં ડા૦ આલવીન રહેછ તેને બોલાવી લાવે."

દશેક મીનીટમાં ડાકટર આવી લાગયા. તેણે બધાંને ઓરડામાંથી બહાર કહાડયાં. ફ્કત દાદીબા અને કુંવરબાઇને મદદ કરવા રાખયાં અને ખોરશેદને હુશીયાર કરવાના ઉપાય લેવા માંડયા. તે લાકડાંની પેઠે સજ્જડ થઇને પડેલી હતી. કુંવરબાઇના મનમાં તો નકકી વહેમ આવ્યો કે મરી ગેઇ હશે. પણ નહી. જરા વારે તે દમ લેવા લાગી અને પાએક કલાકમાં

આંખ ઉંઘાડી. તેહમીના પછી જમવાની મેજ ઉપર ગઇ અને ખબર આપી કે ખુરશેદ હુશીયાર થઇછે અને હમણા સારી કાની છે. પણ અરદેશર જંગ બહાદુર નવાબે પોતાની જેટલી અકકલ હતી એટલી ખરચી નાંખી.

"તે ખરૂં પણ જે બાઇ માણસોને જીવ બગરી આવવાની આદત હોય. તે લોકોએ બહાર જમવાનાં ઇજન કબુલ રાખવાં નહી જોઇયે."

બેરામશા તો મુંગા મંતર થઇને બેઠા હતા તેવણ ખાવાનું ચંચેરીઆ કરતા હતા પણ અવારનવાર ડીકાનટર ઉંચકીને વાઇનથી પોતાનું ટંબલર ભરીઆ કરતા હતા. પેલી ઓરત પોતાની ખરી હકીકત કહી દેશે અને આ ધણીને કાળાં પાણીએ મોકલશે કે કેમ તેની ગણત્રી તેવણનાં મનમાંથી પસાર થતી હતી.

પણ નહી. તે ઓરત કાંઇ બોલી નહી. જયારે તે હુંશીઆર થઇ અને દાદીબાને ધુંટણપર પડીને તેણીના ઠંડાગાર હાથ પસવારતો જોયો ત્યારે તે એટલુંજ બોલી કે—

"દાદી, મને અહીંથી લઇ જા."

આએ પેહેલીજ વાર તેણીંના મોંહમાંથી "દાદી" એવા શબ્દો નીકળીયા હતા. ડાકટર આલવીનની રજાથી ખોરશેદને એક ઇઝીચેર ઉપર સુવાડી અને પછી બે મસાલોને બોલાવીને તેણીને કુંવરબાઇને ઘર લઇ ગયાં. ડાકટરે રૂખશદ લીધી અને કુંવરબાઇ ખોરશેદના સુવાના ઓરડામાં તેણીના કપડાં બદલવા ભરાયાં. દાદીબા બહાર કમપાઉંડમાં એકલો આમથી તેમ ફરવા લાગયો. તે વીચારવા લાગયો કે આ પ્રમાણે એકાએક જીવ બગડી આવવાનું કારણ શું? આ પ્રમાણે ડોળા ફાડી ફાડીને કોણનો ગમ જોતી હતી. દાદીને કાંઇ સમજ પડે નહી. એક

ચીજ તેને સમજ પડી હતી કે આ ઓરત તેના જીગરમાં એક ખુણું કોતરીને ભરાઇ બેઠી હતી. આહ કેવાં કમભાગય કે તે એક ખુનીની સાથે લગનના ગાંઠથી જોડાયલી! તોબાહ તોબાહ તે ફરતો તેહમીનાના બંગલા સુધી આવ્યો. જોયછ તો નવાબ અરદેશરની જોડીની ફાઇટીન ઝલક ચલક સાથે ઉભેલી હતી અને તેની પાછળ એક વીલાયતી નવીજ બરૂમ ઉભી હતી જેના કોચ બાકસ ઉપર એક નોકર બેઠેલો હતો. આ નોકરનો ચેહેરો અંધારામાં દાદીને બરાબર દેખાયો નહી—નહી તો તે તુરત ઓળખતે કે તે મેહરબાનનો ચંડાલ સાથી બીરામ હતો.

દાદીએ નહી ઓળખયો પણ બીરામે દાદીને તરત ઓળખયો. તોબાહ! તોબાહ! ચાનસ ગયો. જો આવાર દાદીએ પોતાનું ચીત ઠેકાણે રાખયું હતે તો આ કથા વધારે આગળ ચાલતે નહી.

—o—

પ્રકરણ ૩૨ મું.

રાતના ખોરશેદની તબીયત એટલી બગડેલી જણાઇ હતી કે તેણીને ઉંઘલાવવા સારૂ ડાકટરે મોરફીયાનો ડોઝ આપ્યો હતો તેની અસર તળે તે સારી રાત ઉંઘી રહી. સહવારના ઉઠી બારી આગળ તે વીચાર કરે છે "અરે શું. આમાંથી છટકવાનો કાંઇજ રસ્તો નહી? મારી કંગાળ જીંદગીની પાછળ જે કાળો ઓળો હઠે પડયો છે તેને દુર કરવાનો કાંઇ જ દીરગ નહી? નહી, નહીં, કાંઇજ નહી!" ખોરશેદ પોતાના ઓરડામાં એકલી કાંસવા લાગી. પોતાની બચગીની નાદાનીએ તેણીને શી અવસ્થામાં લાવી નાંખી હતી તેના વીચાર

થી તે આજે દબાઇ ગઇ હતી. સાથે લાગયો તેણીના પેટમાં ધસકો પડયો હતો કે "વાત અહીંજ અટકશે કે? રખે એ માંથી બીજું કાંઇ નાપસંદ બીયું ફુટી નીકળે?"

તેણીની ટેબલ ઉપર એક વરતમાન પત્ર પડેલું હતું જેમાં તેણીએ આગલી સાંજેજ વાંચ્યું હતું કે તેણીની એક ખુબસુરત બેહન–સાવકી બેહન કોઇ ઘણા મોટા માણશ સાથે અદરાઇ હતી–અને પોતે સોલાપોના એક મધ્યમ વરગની બાઇના ઘરમાં પગારદાર ભરાતી છુપાતી નોકર હતી! અને તે કોણુને માટે? એક હેરેમન ખવાસના પુરૂશને માટે?

તેણીએ વર્તમાન પત્ર પાછું ઉપાડયું અને ઉપલા ફકરો એકવાર ફરીથી નીચે પ્રમાણે વાંચ્યો.

"અમને જણાવવાને બહુજ ખુશી ઉપજે છે કે આપણી નીઝામી સલતનતના જાણીતા ને માનબર જાગીરદાર નવાબ સર દારાબ જંગની ખુબસુરત બેટી ગુલશનબાનુની સગાઇ દખણવાળા ઓનરેબલ સરદાર બમનજીના બેટા કેખશરૂ સાથે થઇ છે અને ટુંક મુદતમાં મોટી ધામધુમ સાથે શેહાદો થનાર છે."

આ ફકરો વાંચી ખોરશેદના મોંહપરના લોહીનું ટીપે ટીપું ઉડી ગયું. યા દાદાર! તેણ્રીની હાલની હાલત જો તેણીના બાપના અથવા નવા સગાંની જાણુમાં આવે તો શું થાય? ગમે તે થાઓ પણ નીરદોશ ગુલશન બાનુના હકમાં કોઇબી રીતે નુંકસાન થાય એવું તે બનવા દેનાર નથી.

આ વીચારમાં તે ઉભી છે તેવામાં બારણું ઉઘાડીને કુવરબાઇ દાખલ થયાં.

"ઓ ખુરશેદ! કેમ છે માય? એટલી વહેલી, શું કામ ઉઠી? એ રાતના એકાએક શું થઇ આવ્યું? કેવી હસ્તી રમ

તી જમવા આવીતી ને કેવી લોથપોથ ઉંચકી લાયાં?"

"કુંવરમાય, તમારી મોજમાં મેં એવી રીતે ખલલ નાખી તેથી હું ખરાં દીલથી દલગીર છેઉં."

"હવે અમારૂં ખાવા પીવાનું તો સમજીયા પણ તારી તબીયતને ખાતર મારો જીવ તો ઉડી ગયો. એમ જીવ બગડી આવવાની તુંને ટેપ છે કે?"

"નહીજી."

"પણ ખોરશેદ, સઉથી અજબ જેવું તો એ છે કે સઉ કશામાં તેહમીનાનો પેલો ફ્રેન્ડ એરામશાહ તારે લીધે અકર વકરમાં પડયો તો. સાચું કેહું તો મને એનો ચેહેરો જરાબી ગમતો નથી. દેખાવે તો મજાનો છે પણ એના ચેહેરા ઉપર કેટલીએક એવી નીશાનો છે કે હું હોઉં તો એના પર વીશવાસ નહી રાખું. કેમ તારૂં શું મત?"

"જી, મેં એવણુને બરાબર જોયા નથી." ખોરશેદે અચકાઇને જવાબ દીધો.

"એનામાં ને દાદીઆના ચેહેરામાં કેટલો ફેર? દાદીને જોઇએ તો જાણે બેઘડી જીવમાં ટાઢક પડે."

"હાજી, તમે કેવોછ તે ખરૂં છે. તમે હંમેશાં દાદીઆની તારીફ કરોછ."

"તારીફ કરૂંછ કારણ કે એ મને મારા જીવ કરતાં વાહલો છે. જે કોઇ એની સાથ પરણુશે તે સુખી થશે ને મરેરે–એ તેહમીના પેલા પારા જેવા અરદેશર જંગબાહદુરને કહાંથી ઉંચકી લાવી? એના સોજ બરેરે! બીચારી બઇરી પર એવા ધસારા કરેછ કે હું જેવી હોઉં તો એક દહાડોબી એના ઘેરમાં ઉભી નહી રેહું! ને છોકરો તો જાણે ચીનાઇ વાંદરો?"

હજી તો આ વાત ચાલે છે તેવામાં તેહમીના પોતે દોડતી

દેડતી આવી પોહોંચી ખોરશેદને વળગી પડીને તેણીએ ઘણા હેતથી પુછ્યું "તું ઘરડી દોસી થાયરે ખોરશેદ, એ રાતના બધું શું ધમસાન કરી મુક્યું ! બીચારા બેહેરામશા ધ્રુજી ધ્રુજીને વા ૦જ વરી ગીયા ! તારા ગીયા પછી તારે વાસ્તે ચીપી ચીપીને મને બધું પુછવા બેઠા. કેમ તુંને કેવા લાગેછ? તેં તારું મન આપવા કબુલ કીધું તું !"

ખુરશેદે ધીમા સાદે જવાબ દીધો "હા એવણ દેખાવલા તો છે."

"હાજતો વરી તું કેહશે તાહરે કે? જરાક બોલવા ચાલવામાં ટેક રાખેછ પણ માટીડામાં તો મને જરક ટેકવાળો હોય તેજ ગમે."

આ પ્રમાણે તેહમીનાની જબાં તડતડ ચાલતી રહી. ખુરશેદે મોટાં દુઃખ સાથે જોયું કે તેહમીનાનું સઘળું ધક ધ્યાન બેહેરામશાહમાં લાગી રહયું હતું, બેહેરામશાહે એમ કહયું ને બેહેરામશાહ એમ બોલ્યા ઇત્યાદી ઇત્યાદી. સઘળી વાતમાં તેનો તેજ ધબારો આ નાદાન છોકરીના ભેજામાં બેસી ગયો હતો, આ સઘળો વાર ખોરશેદ વીચારમાં પડી હતી કે આ સઘળાં સાંટક વચે તેણીએ પોતે શું મારગ લેવો, ઉઘાડી આંખે આ ભોળી છોકરાને પેલા સાથ લગનના ગાંઠથી જોડાઇને ફરવા દેવી ?

તેહમીનાના જવા પછી તુરતજ ટપાલનો સીપાઇ એક કાગળ લાવયો જે ઉપર ખોરશેદના નવાં નામનું સરનામું હતું પણ તે ઉપરના અક્ષર ખોરશેદે તુરત ઓળખ્યા કે લખનાર તેણીનો નાકદર ધણી હતો. કાગળ ઉખેડી વાંચ્યું તો ફક્ત તેમાં નીચે પ્રમાણે લખેલું હતું.

"મારી વાત છુપી રાખજે અને તારી વાત હું છુપી રાખીશ. તેં જાહેર કરયું છે કે તું વીંત્રવા છે ને હું પણ તને મરી ગયલી સમજુ છું."

'લા૦ મે."

આ કાગળ હાથમાં પકડી કપાળને હાથ ટેકવી ખુરશેદ બેઠી છે એવામાં દાદી આવી લાગ્યો. તેણીનો ઉદાસ અને ઈંતેજાર ચેહેરો જોઇ તે વીચારમાં પડયો કે શું હશે? તેનાથી કાંઇ અપમાન તો થયું નહી હોય? તે એક જીવતા ધણીની પરણી બાયડી છે તે દાદી સારી પેઠે જાણતો હતો અને તેણીની કઢંગી સથીતીને માન આપતો હતો. ખોરશેદના ઉપર તેનું દીલ ચોંટયું હતું એ ખરી વાત પણ તેણે પોતાના જીવ ઉપર કશટી ખેંચીને પોતાનો તે વીચાર દીલમાં દાબી રાખ્યો હતો. તેને ફક્ત એકજ આશા હતી કે કોઇ દહાડેબી ખોરશેદ છુટી પડવા પામશે અને ત્યારે કદાચ દાદીના દીલની મુરાદ પુરી પડે. પણ તે બનાવ બને ત્યાં સુધી તો તેણે મન સાથ સોગંદ લીધા હતા કે ખોરશેદના ખરા સાચ્ચા મીત્ર દાખલ થઇ રહેવું. હવે એણીમેર કુંવરબાઇ ચુંચી આંખે સઘળો તમાશો જોયા કરતાં હતાં પણ તેવણને અંદરની વાત ખબર નહી એટલે આશા રાખતાં હતાં કે જે ઘડી જાય છે તેમાં ખોરશેદ સાથ શાદી કરવાના વીચાર વીશે દાદીબા તેમનું મત લેવા આવશે.

પણ તેહમીનાને ત્યાં ખાણા ઉપર ખોરશેદનો જીવ બગડી આવ્યા પછી બીજા આઠ દહાડા નીકળી ગયા અને આજે જાઉંછ, કાલે જાઉંછ કરી દાદીએ વખત ગાળ્યા છતાં કાંઇ નવું જુનું બન્યું નહી.

એક દહાડે ખુરશેદ અને દાદી બારીએ ઉભાં રહી વાતો

કરતાં હતાં એવામાં સામેના તેદમીનાના બંગલામાં એક ચક ચકતી બરૂમ આવી અને તેમાંથી મી૦ બેહેરામશાહ દલાલ ઉતરયા.

"ખોરશેદ, આએ ગાડીમાંથી ઉતરયો તે પેલો બેહેરામ શાહજ કેની? જે આપણુને ખાણું ઉપર મળયો તો તે?"

આ સવાલ નાખતી વખતે જરા અંધારૂ પડવા માંડયું હતું એટલે ખોરશેદનો એકાએક જરદ મારી ગયલો ચેહેરો દાદીના જોવામાં આવયો નહી. ખોરશેદ બારી આગળથી તુરત ખસી ગઇ અને બોલી "હું ધારૂંચ કે તેજ છે પણ ચાલો આપરે અંદર બેસ્યે, બારીમાંથી ઠંડો પવન પુ કેછ."

તેઓ બંને જણુ સોફાપર જઇ બેહાં અને ખોરશેદે નવી ચોપડીઓ વગેરેની બીજી ત્રીજી વાતો કરવા માંડી. તેણીની ખરી મતલબ એ હતી કે કાંઇબી કરીને દાદીને પાછો બારી આગળ જતો અટકાવવો, કારણુ કે બરૂમ ઉપર કોચબાક્ષપર કોચમેનની પાસે પેલા બીરામને બેઠેલો ખોરશેદે જોયો હતો. દાદીએ બીરામને અગાઉ એકજ વાર જોયો હતો અને તે વાર તે પંજાબી ડરેસમાં હતો અને હાલ ફરંગીના લેબાશમાં હોં વાથી કદાચ દાદી તેને ઓળખેબી નહી પણુ કેમ કહેવાય? જોખમ કેમ લેવાય? આ બે ચંડાળો ત્યારે હજુ સાથે સાથેજ કાંઇ ઊંડાં પાપમાં ફરતા હતા ખરા. જો ખુનીઓ ફકત પાસેનાજ બંગલામાં છે એવો દાદીને જરાબી શક પડે તો તે ધરયો ધરાય નહી. જો ધરપકડ થાય તો બધી વાત જાહેરમાં આવે તેથી પોતાનું આબરૂદાર કુટુંબ રૂશવા થાય, નીરદોશ ગુલશન બાનુના શાદી તુટી જાય એવા એવા વીચારથી ખોરશેદે ગજે ગાંઠ વાળયો.

જરા વારે કુંવરબાઇ ઓરડામાં આવી લાગયાં. "જોયુ

કે પેલા કોઇ મી૦ બેહેરામશાહ છે તેત્રણ તેહમીનાને મળવા આયાછ."

"એમ કે ? લગન લાગે તેવું દેખાયછ" દાદીએ હસીને ટીકા કીધા.

"અરે હારે, દીવાની જોત જેવું ખુલ્લું છે. મને તો લાગેછ કે તેહમીના ધસીને ના કહેતો ઘણું સારૂ. એ માણસના ઘણક મને જરા ગમતાં નથી. એવા એબલગામણા ધણીના હાંથમાં તેહમીના જેવા છોકરીનું પાંખરૂં આપવું એ તેનું ખુન કરવા બરાબર છે,"

દાદી હસીને બોલ્યો "ઓ માયરે ! કુંવરમાય! તમે કેમ જાણયું કે એ ખરાબ માણસ છે? કોણ જાણે કોઇ ઘણો આબરૂદાર હસે."

"નહી કબુ નહી. એ મુવો શું આબરૂદાર થનો તો! મને તો લાગેછ કે આએ નવી બરૂમ સઉં લાવીને જુડો ભપકો કરેછ"

ગરીબ બીચારી ખોરસેદ! તેની છેલ્લી આશા એટલીજ હતી કે તેહમીના આએ લુચ્ચા બેહેરામશાહની માંગણી ના પાડે. પણ અફસોસ બીજે દીને સવારના આ ભલી આશા જમીન ઉપર પટકાઇ. સવારના આઠ વાગમાં તેહમીના વળી પાછી દોડતી આવી અને કુંવરબાઇ ને તથા ખોરશેદને કોટી કરીને ખબર આપી કે ગઇ રાતે બહેરામશાહે તેણીના હાથની માંગણું કરી હતી અને તેણીએ તે કબુલ રાખી હતી.

ખોરશેદ છાતીપર પોતાનો હાથ દાબી રાખીને બોલી "પણ તેહમીના તેં કાંઇ વીચાર કીધો ? તેં કાંઇ ખબર કહાડી? એક અણજાણ્યો પુરૂશ આવીને આવી માંગણી કરે તે કબુલ

રાખવામાં તારે ઉતાવળ કરવી નહી જોઇતીતી!"

"અરે જારે જા! ઓરખાણુ ને નહી ઓરખાણુ! માણુસ પારખતાં મને વાર લાગે કે? એવી ખણુખોદ કરવા બેસુ તો વરી શું નું શુ નીકરી આવે! મને તો એની સાથજ પતવુંછ. એ ખુબસુરત છે પઇસાવાળો છે અને ખાનદાની છે એટલે બીજું ગમે તે હોશે તે ચાલશે."

ખોરસેદ વધુ બોલવાની હીમત કરી શકી નહી અને તેહમીના જરા ફફડીને ત્યાંથી ગઇ. તે પોતાના મન સાથ વીચાર કરે છે કે "હું એના સોભના દાદીની નો અદેખાઇ કરતી નથી તે એ મારો જીવ શું કરવા ખાટો કરતા હોશે? જરા મને મુબારકબાદીબી નહી આપી."

બીજીમેર ખોરશેદ ઘણીજ દયામણી હાલતમાં એકલી બેઠી. આએ લગન થવા દેવાં તો નહી જોઇએ. જરા ઉતાવળી પણ હસમુખી અને ખુલ્લાં દીલની તેહમીનાને એક ચોરના હાથમાં દેખતાં દેખત ફસવા દેવી નહી જોઇએ. તેણીએ ઘણો વાર વીચાર કરી ઠરાવ કીધો કે તેણીએ મી૦ બહેરામશાહને એક ખાનગી ચીઠી લખી ચેતવણી આપવી કે તે જો આ છોકરીને ફસાવસે તો તેની છુપી વાત વધારે વાર છુપી રખાઇ શકાશે નહી.

બહેરામશાહ ત્રાવલરસ બંગલામાં ઉતરયા હતા તે ખોરસેદ જાણુતી હતી. મેજ ઉપર બેસી તેણીએ નીચલી ચીઠી લખી કહાડી.

"તમે સારી પેઠે જાણો છો કે એ વાત બનસે નહી. જો આએ નાદાન ભોળી છોકરીને તમે લગનના ગાંઠમાં ફસાવશો તો પછી મારો ઉપાય રહેશે નહી. આ તમારો ખ્યાલ

છોડી અહીંથી ચાલી જાઓ નહી તો તમારાં ભયંકર કુકરમો હું ઉઘાડાં પાડીશ.

લા૦ 'દી.'

આ ચીઠી ખોરશેદે પોતાને હાથે ટપાલમાં નાખી અને બીજે દીનથી બારીએ ખુબ તપાસ રાખવા માંડી પણ બેહેરામશાની કશી વધુ હીલચાલ જણાઇ નહી. રાતે અંધારૂં થવા પછી આવતા હોય તો કોણ જાણે? ખોરશેદને આશા આવી કે કદાચ ગરીબ તેહેમીનાની દોલતને ખાતરની મોટા જોખમ પોતાને માથે ખેંચી લેવા હવે બેહેરામશા હીમત કરશે નહી.

બીજે દીને દાદી કાંઇ કામસર એક દહાડો ગુલબરગા ગયો. અને કુવરબાઇને ખબર આપી કે બીજે દીને એટલે જે સુકરવારે પાછો ફરી રવીવારે પોતાની નોકરી ઉપર જવાની તેણે ફેલ્લી ગોઠવણ કરી હતી.

સુકરવારે સાંજે આશરે ૭ વાગે કુવરબાઇ ઓરડામાં આવ્યાં અને ખોરશેદને કહયું "માય કલાક દોઢ કલાકમાં દાદી આવી લાગશે. આજે એવણુને સારી પેખે જમારીને પરમ દહારે આપરે સ્ટેશનપર મુકવા જઇશું. તું જરા પાસેના મોહોલામાં ફુલવારાની દુકાન છે તાંહથી થોડાંક સોજ્ઞં જેવાં ફુલને થોડીક ફરૂટ લઇ આવશે?"

"અલબત" ખોરશેદ તુરત ઉઠી અને હાથમાં નાહની ટોપલી લઇને પાસેના મોહલામાં જવા બાહર પડી. રાતના સાડાસાત થયા, આઠ થયા પણ ખોરશેદ પાછી આવી નહી; કુંવરબાઇ જરા મન સાથ ખભરવા લાગ્યાં "હવે ફુલ આવશે કહારે ને ટેબલ ગોઠવાશે કહારે? રખે તેહમીનાના બંગલામાં ગેઇ હોય ને તાંહ વાતે બેઠાં હોય?"

સાડા આઠ વાગે દાદી આવી પહોંચ્યો પણ ખોરશેદ નહી મળે

કુંવરબાઈ બોલ્યાં "મને કાંઇ સમજ પડતી નહી. સાત વાગેની બાહર ગેઇછ ને હજુ ઠેકાણું નહી મળે એ કહાં ગઇ હશે?"

દાદી જરા ચમકયો.

"એ એકલી ગેઇછ કે?" તેણે પુછ્યું.

"અરે હારે. પાસેના મોહોલામાં ફુલવારાની દુકાન છે તાંહ જતાં ને આવતાં ઘણું તો દશ મીનીટ થાય. મને તો લાગેછ કે તેહમીનાને તાંહજ ભરાઇ હોશે. વાતમાં ને વાતમાં એ વખત ભુલી ગયલી."

"ઉભાં રહો, હું જઇને લઇ આઉ" એમ બોલી દાદી ઉઠયો. જેવો તે તેહમીનાના ઓરડામાં દાખલ થયો ને જોયછ તો તેહમીના અને બેહરામશાહ કોચ ઉપર પાસે પાસે બેસી હસી હસીને વાતો કરતાં હતાં.

"ખોરશેદ અહી છે કે?" દાદાએ ઉતાવળથી પુછ્યું.

"નહી. ત્રણ દાહારા થયા એનું મોહડું કોને જોયુંછ? હું એની સાથ રૂસાયલી છેઉ."

કાંઇબી જવાબ આપવા વગર દાદી ઝડપમાં ઉઠયો ને ફુલવારાની દુકાનપર દોડયો. ખબર કહાડતાં ફુલવારાએ જવાબ દીધો કે આશરે સાતેક વાગે બાઇ આવયાં હતાં અને થોડાંક ગોલાબનાં ફુલ અને મોઘરાં લઇને ચાલી ગયાં હતાં. દાદી ત્યાંથી પાછો ઝડપમાં ફરયો. તેહમીનાનાં બંગલાની પાસે 'નન' લોકોનું મથક હતું ત્યાં તેની નજર રસ્તા ઉપર કાંઇ પડેલી ચીજ ઉપર પડી. વાંકુ વળી જોયછ તો પાતરાંમાં વીંટાળેલાં ગુલાબના ફુલ અને મોઘરાં પડેલાં હતાં.

ત્યારે એ અહીંથી પસાર થઇ ખરી. હવડાં ક્યાં હશે? કુંવરબાઇ એટલા ઉપર વાટ જોતાં ઉભેલાં હતાં.

"કેમ દાદી? ખોરશેદ કહાં છે?"

"ખોદા માલમ" આટલા બોલ બોલીને તે ખુરસીપર બેસી ગયો.

—•—

પ્રકરણ ૩૩ મું.

દાદીબાનો જરદ ચેહરો જોઇને કુંવરબાઇના પેટમાં અસાધારણ ફાળ પડી.

"શું છે? દીકરા જરા મને કહેતો ખરો. ખોરશેદ સારી કાની તો છે કેની?"

"કુંવરમાય–ઓ હવે શું કરૂં, કાંહાં જાઉં! એતો તાંહાં ગેઇજ નથી. એ કલાકની વાતપર ફુલવાળાની દુકાને ગેઇતી ને ફુલ વેચાતાં લીધાં પણ એ ફુલ તો મને પાદરણોના બંગલા આગળ ભોંયપર પડેલાં જડયાં, હવે શું કરૂં?"

"અરે પણ બાવા, જરા થોભ, હોશે, માણસ છે. વખતે રસતામાં કંઇ અકસમાત નડયો હોય. વખતે કોઇ ઓરખાણ પારખાણવાળું મળયું હોય ને તેની સાથે વાતે ગુતાઇ હોય."

"નહી–એમ હું માનું નહી. એના કોઇ ઓળખીતા આએ શહેરમાં નથી. કુંવરમાય, હું તો હમણાને હમણા પોલીશને ખબર આપું છ."

"પોલીસ! ઓવાય!"

"હા, પોલીસ. જો એ રસતામાં પડી ગઇ હોય ને વાગું

મુકયું હોય તો તાંહાંથીજ ખબર મળશે.

કુંવરબાઇ ઘણા નારાજ હતાં કે પોલીસને ખબર આપી ને નકામો ધોંધાટ કરે. તેવણે દાદીને ઘણુંએ સમજાવવાનું કીધું, અનેક વાતે ધીરજ આપી પણ દાદી ઘરએ ધગયો નહી. ખાધા પીધા વગર તે તુરત પોલીસ ચોકીપર દોડયો. કુંવરબાઇ વીચારમાં પડયાં કે દાદી આ પ્રમાણે શા સારૂં કરતો હશે. એ બે જણને આટલી બધી ઓળખાણ કયાંથી?

રાતના દશ વાગે દાદી પાછો આવ્યો અને ખબર આપી કે પોલીસ સુપ્રીનટેનડંટ અને એક હવાલદારની સાથે તે જગે જગ ફરી આવ્યો હતો પણ કાંઇ બાતમી મળી નહી. હસપી ટાલમાં ખબર કહાડી કે જોઇએ ત્યાં કોઇને જખમી થયલું ઉપાડી લાવ્યા છે. પણ ત્યાંથીબી કાંઇ જણાયું નહી.

"ચાલ હવે, મને ધીરજ આવી. દાદી દીકરા, મને તો બીક લાગી કે રખે એને કાંઇ અકસમાત થયો હોય. પણ તેમ નથી તારે હવે બીવાનુ શાનુ. એતો જરૂર કોઇ દોસત આસનાવ મળી ગયલો .તેની સાથે ગીએલી. જોજે, હમણાં આવી પહોંચશે તું જરા બુક બાચક ખાઇ લે.

દાદીને ગળે બુક ઉતરે નહી. તે દર પળે બારીએ ડોકાવી ને ગાડીના અવાજની વાત જુએ. આખરે અગીઆર વાગા ને એક ગાડી આવી ખરી. દાદી ભડકીને દરવાજાપર દોડયો પણ તે ગાડી તો સામે તેહમીના બંગલા ઉપર આવીને ઉભી. જરા વારમાં મી૦ બેહેરામશાહ બહાર આવ્યા અને ગાડીમાં બેઠા, ને ગાડી હંકારી ગઇ. સાફ જણાતું હતું કે બેહેરામશા તે રાતે તેહમીને ત્યાં જમવા પધારયા હતા.

રાતના બાર વાગા તોબી ખોરશેદનો કાંઇ પતો નહી મળે એટલે હવે કુંવરબાઇ પણ ધ્રુજવા પડયાં.

"મને કંઇ સમજ નહી પડતી. દાદી એ બાઇના કોઇ સગાં વહાલાંને તું ઓળખેછ કે? જો એ આજે રાતના પાછી નહી આવે તો તે લોકને ખબર કરવી જોઇયે."

દાદીએ કશો જવાબ આપ્યો નહી કેમજે શું જવાબ આપવો અને શું કરવું તેની ગુચવણમાં તે હતો. તેણીની હકી કત છુપી રાખવાને તેણે દીનુને કબુલાત આપી હતી પણ તે બેમાલુમ થઇ જાય તો આ કબુલાત પાળવી કે નહી. પેલા જીવલેન ચંડાલોના હાથમાં પાછી સપડાઇ ગઇ હોય તો? કુંવ રબાઇને વાત કહેવી કે નહી અને કાંહાં સુધી કહેવી તેના અં દેશામા દાદીનું મસતક ફરવા લાગ્યું. કુંવરબાઇને તેણે ઠગ્યાં હતાં તે વીચારથી પણ તે હવે સરમાવા લાગયો. ખોરશેદ મારા એક દોસ્તની વીધવા છે એવું ઠોકીને તેણે આ છોકરીને કુંવ રબાઇને ત્યાં લગાડી હતી એટલે હવે કરવું કેમ? એ છોકરીના સંબંધમાં તો ઘણી કચુંબર છે એમ હવે કીએ નાં કે કુંવર બાઇને કહે. દાદી ચુપ રહયો તે ચતુર કુંવરબાઇએ જોયું પણ અખાડા કરી ગયાં.

"દીકરા તારી અથવા કોઇની ખાનગી વાત હું જાણવા માગતી નથી. પણ હું તારી માય જેવી લાગું તેવી જો તુને કાંઇબી અડચણ નહી હોય તો મને ખોલાસો કરની, કે તું શા સારૂ એટલો ગભરાયછ. એ ખોરશેદને શું થયું હશે?"

"કુંવરમાય, હું શું બોલું. ચોકસ બીનાઓ છુપી રાખ વાને હું વચનથી બંધાયલો છેઉં. પણ એટલુ તો હું તમને કેહી શકુંછ કે દી-ખોરશેદના ચોકસ દુશમનો છે. હું આશા રાખતો હતો કે તમારે તાહાં એ નચીંતે રહેશે હવે મને ડર એમ લાગેછ કે કોઇ કમ ભાગ્યથી આ મુદઇઓએ એને અહીં જોઇ હોય ને-ને-હું વધારે કહી શકતો નથી."

"જેમ તારી મરજી, પણ અહીં ઓટલાપર ઉભા રહયાથી શું ખોરશેદ વહેલી આવવાની છે? ચાલ આપરે અંદર જઇએ."

તેઓ હોલમાં જઇને બેઠાં બે વાગા ત્રણ વાગા પણ ખોરશેદ નહી મળે એટલે તેઓએ આશા છોડી.

ચાલ બા, હું તો મારા ઓરડામાં જાઉં છ મને તો લાગે છ કે આએ નાદાન છોકરીએ આપુને ઉલથાપ આપીને નહાશી ગેઇછ."

"નહી–નહી–ડી–એ બચારીને ગેર ઇનસાફ ના કરો–એ એ તેવી નથી–મને નકકી ગુમાન છે કે પેલા ચંડાળોએ એને ફસાવીછ. અરે ખોદા, તેમ જો હોશે તો એ બીચારી જીવથી જશે. કુંવરમાય, તમે ગુસ્સો ના કરતાં બધી વાત હું તમુને હાલ તુરત કેહી શકતો નથી પણ વખત આવવે મારેથી તમે બધી હકીકત સાંભળશો.

"પણ હું કાંહાં સાંભળીવા માગુછ તારી ખાત્રી છે એટલે મારે મનથી ઘણું છે. બચારી એકલી અતુલી છોકરીનો જીવ લઇને કોણ નેહાલ થવાનું છે? એની પાસે છે શું!"

કુંવરબાઇ તો પોઢવા ગયાં અને દાદી માથે હાથ દઇને હોલમાં વીચારમાં બેસી રહયો. અવારનવાર તે ઝબકીને ઉઠતો હતો. તેને એવો ધબારો બેશી ગયો હતો કે ચાર વાગે તેણે એક ચીચારી સાંભળી હતી. બંગલાની આસપાસ તે ફરી આવ્યો પણ કોઇની ધનનસલ જણાઇ નહી. મેહેમના દરીયા આગળ તેણે ચીચારી સાંભળી હતી તે હમણા દાદીને પાછી યાદ આવી. ઓ! તે વખતની કાનીજ ખુરશેદ આ વારથી મદદ માંગતી તો ન હોય.

સહવારમાં ઝઝગલું થતાંજ દાદી પોલીસ આપીસમાં

દોડયો. કાંઇબી બાતમી મળે નહી તયાં સુધી તેનો જીવ ઠરે એમ દેખીતું હતું, રખે કુંવરબાઇ ગભરાયા કરે ને તે ચાકરને કહેતો ગયો હતો કે હું પોલીસમાં જાઉં છું માટે મારી જમવાની વાટ જોવી નહી.

રહી રહીને બપોરે ચાર વાગતે દાદી પાછો આવ્યો ત્યારે તે એવો બાંધેલો ખાધેલો દીસતો હતો કે પુછવા વીનાજ કુંવરબાઇ પામી ગયાં કે મોહકાનના સમાચાર છે. ખોરશેદની કંઇજ બાતમી મળી ન હતી. પોલીસે ધરફરી મારવામાં કશું બાકી રાખ્યું ન હતું. એકવાર સુપ્રીનટેનડંટને ખ્યાલ આવ્યો કે તેણીએ આપઘાત તો કીધો નહોય. તે લોક ફુલવાળાની દુકાને પાછા ગયા અને પુછપરછ કરી કે ખોરશેદ જયારે ફુલ લેવા આવી ત્યારે તે કેવા મીજાજમાં હતી. ફુલવાળાએ ખાત્રી આપી કે ત્યારે તે ઘણાં ખુશ મીજાજમાં હતી. અને ટેબલને સણગારવા સારૂ ફુલ જોઇયે છે તે તારીને લીધાં હતાં. આ હેવાલ કહેતી વખતે દાદીની આંખો પાણીથી ભરાઇ આવી હતી. તે જોઇ કુંવરબાઇએ ઘણા હેતથી તેના બરડા ઉપર હાથ મુકયો અને તેને પટાવ્યો.

"કુંવરમાય, મારે તમુને કંઇ કહેવુંછ."

"તે શું?"

"હું કેહવાને ઘણો શરમીદો છું કે મેં કેટલીક વાત તમારી આગલથી છુપાવી છે. ખોરશેદના બાબમાં ચોકસ વાતથી મેં તમને ઠગયાં છે. મેં તમને લખ્યું હતું કે ખોરશેદ મારા એક દોસ્તની વીધવા હતી. એક નાચાર અભાગણી ઓરતને તમારી માયાભરેલી સંભાળ તળે મુકવા માટે મારે એમ લખવાની ફરજ પડી હતી. પણ તે વાત ખરી નથી."

"ઓ—દાદા!"

"કુંવરમાય, ચુક ના કરતાં. હું કહું છું કે એ કમબખત ઓરત નાચાર અને હાડમાર થયલી છે પણ તેમાં એનો પોતાના કશો કસુર નથી. હું તમુને ખાત્રી આપુંછ કે એ સાફ દીલની અને તદન નીરદોશ છે. પણ મારી દલગીરી એ ટલીજ છે કે મેં એને તમારી આગળ મોકલી તારે તમુને ખરી હકીકતથી વાકેફ કીધા નહી. ચોકસ કારણોને લીધે સઘળી હકીકત ખાનગી રાખવાને મેં વચન આપેલું હતું. જયારે તમે એને તમારે તાંહાં ઠર પાડવાની હા પાડી તારે મારા જીવને એટલી નીરાંત થઇ કે કોઇબી રીતે તેમાં ખલલ કરવાને હું કુદરતી રીતે અચકાયો" તે વીશે હું તમારી માફી ચાહું છ?

"કંઇ નહી—પણ હવે તો તેની ખરી હકીકત કેહ?"

આ પછી દાદીએ ખોરસેદની સવીસ્તર હકીકત માંડીને પેહલાંથી કહી. પોતાના બાપ સાથ સરત લાગી હતી કે આઠ દહાડામાં આ ઓરત સાથ ઓળખાણ કરૂં, તે મુજબ કેમ પેહલી ઓળખાણ પડી હતી તે સઘળું વીસનારીતે જગુાવ્યું. પનેતીની રાતના ઘેર આવતાં સાંભળેલી ચીસ અને સવારના પ્રીલસુમની સાથે જોયલો ભયંકર દેખાવ સઘળો હવે કુંવરબાઇએ જાણયો.

"તારે એનું ખરૂં નામ ખોરશેદ નથી?"

"નહી."

આ પછી દાદીએ સમજાવ્યું કે તેણીને ઉપાડીને પોતાના બાપના બંગલામાં લઇ ગયા અને દીનુએ પોતાના ખુલી ભરથાર ઉપર કામ ચલાવવાની ના પાડી અને ગુપચુપ કરે ચાકરી રહેવાની ખુશી દેખાડવાથી કુંવરબાઇને તસદી આપવી પડી હતી. આ સઘળું કુંવરબાઇએ ધીરજથી સાંભળ્યું તેવણુ નરમ દીલનાં હતા પણ દાદીએ આ પ્રમાણે તરણત બધારા

માં રાખીને કામ લીધું તે તેવણને ગમયું નહી. તે છતાં દાદી એ તેવણના એકપુરા બેટાનો જીવ બચાવ્યો હતો તે યાદ લાવીને તેવણ મુંગાં બેઠાં.

"કુંવરમાએ, હું સારીફાની સમજુંછ કે તમે મારાં ઉપર નાખુશ થશો."

"નહી—પણ આ જવાન છોકરીએ પોતાનાં ઘરબારની કાંઈ હકીકત તુંને કેહી હોશેની?"

"હા." આ પછી ખોરશેદે કહેલી તમામ હકીકત દાદીબાએ કહી સંભળાવી. કુંવરબાઇએ વળી પાછું ચીપી ચીપીને પુછયું "પણ એના બાપનું નામ શું?"

"તે હું ખરેખર નથી જાણતો. પોતાનાં બાપનાં સારાં નામને છુપાવવા ખાતર તો એ આટલું ખમેછ. મેં પુછયું નહી અને એણે મને કહયુંબી નહી."

"પણ એ જુઠ્ઠુ બોલતી હોય તો?"

"નહી-તેમ બને એમ નથી. એણે પોતાની દલદર જીંદગીનો હેવાલ-જયારે કહયો ત્યારે તમે જો એનો ચેહેરો જોયો હતે તો તમે પોતેબી કબુલ કરતે કે એ બીલકુલ ખરી બીના ઘણી આનાકાનીથી કહેછ. પોતાના નાપેકાર ધણીનું નામ લેતાં તે કમકમેછ. કુંવરમાય, ખાત્રી રાખજો કે જો મને એની વાતમાં જરાબી શક હોતે તો તમારાં ઘેરમાં એને હું નહી મોકલતે."

"હું તારો સખુન કબુલ રાખુંછ-પણ તારે એ ગઇ કાંહ? પાછી પોતાના વર પાસે તો ગેઇ નહી હોય."

"નહી કબુ નહી—પોતાની રાજી ખુશાથી તો નહી જાય. તેનું નામ સાંભળીનેજ એ ધ્રુજેછ. ખરી વાત એ છે કે એ ધણીના કંઈ કોહોતાં કાવત્રાંની એને ખબર છે.

તે શું છે તે એણે મને કહ્યું નથી, પણ મને ડર એમ લાગેછ કે આએ પાપીને ખોરશેદના નવાં રેહઠાણની ખબર પડી હોયે ને રસ્તામાં બચારીને સપડાવી હોય એટલા વાસતે એને શોધી કહાડવા હું ઘણોજ ઇંતેજાર છેઉં ને એને જીવતી કે મુએલી જોઉં નહી તાંહાં સુધી હું નચીંતે બેસવાનો નથી."

"આ તો બધું કાહાણી કીસ્સા જેવું છે એના માબાપ કોણ હોશે—જરાએ બાતમી મળે તો વાત સમજ પડે"

"માયજી કદાચ એના ઓરડામાં ચીંઠી ચપાટી પરેલી હોય તો તેમાંથી કંઇ નહી જણાય?"

"ખરી વાત—મરેરે મારીબી સુધ કાંહાં ઠેકાણે છે. એ એમ એકાએક ગેબ થઈ ગઇછ તારે જરા શોધખોળ કરાવવામાં કાંઇ ખોટું નથી. ચાલ્ આપરે એના ઓરડામા જઇને સાથે જોઇયે."

તેઓ બેઉ જન ખોરશેદના ઓરડામાં ગયાં. સઘળું હીરા દોર જેવુ સ્વચ્છ હતું. એક નાહની ટીપાઇ ઉપર એક ફોટોગ્રાફ મેલેલો હતો. પંદરેક વરસની અતીશય ખુબસુરત કોઇ છોકરીનો તે હતો અને નીચે લખેલું હતું "બેહેન ગુલશન."

"એ કોણ હશે કોઇ સગી જેવી દેખાયછ"

તે લોકે એક ઇસકોત્રી ઉઘાડી કે તેમાં ફીટ, રીબીન, બટન, સોય દોરો વીગેરે બીજા બે ફોટોગ્રાફ હતા. એક તેર વરસની છોકરીનો હતો અને બીજો ખોરશેદનો પાંચેક વરસ ઉપર લીધેલો હશે. પછવાડે ફેરવીને જોયું તો નીચે પ્રમાણે નામ લખેલું હતું:

દીનુ—નવાબ સર દારાબજંગ તાલુકદાર (સીકંદરાબાદ)

કુંવરબાઇએ આ કુટુંબને તુરત ઓળખ્યું. એવણ અગા

ઉ ગુલબરગાના તાલુકદાર હતા. અને ઘણા માતબર હતા. દાદી ઉશકેરાઇને બોલ્યોઃ—

"તારે તો એવણ ખોરશેદના પીતા હોશે"

એ બોલતી હતીજ કે મારા બાપ ઘણા વગવાળા છે. ગરીબ બચારી ખોરશેદ"

"અરે દાદીબા, જો જો. આએ ટાઇમસ ન્યુસપેપરની કાપલી છાપેલી છે તેમાં નવાબનું પોક્ચરબી આપેલું છે ને આએ ફકરો જોયો કે,—

અમને જણાવવાને બહુજ ખુસી ઉપજેછ કે આપણી નીઝામી સલતનના જાણીતા અને માતબર જાગીદાર નવાબ સર દારાબજંગની ખુબસુરત બેટી ગુલશન બાનુની સગાઇ ઘ ખણવાળા આનરેબલ સરદાર બમનજીના બેટા કેખશરૂ સાથે થઇ છે અને ટુંક મુદતમાં મોટી ધામધુમ સાથે શાદી થનાર છે.

આહ! આએ ફોટોગ્રાફની નીચે ગુલશન નામ છે તે એ ની બહેન! ખોરશેદ—ખોરશેદ તારે તારી બધી છુપી વાત આય કે?"

"પણ કુંવરમાય, એ કોણની દીકરી છે તે તો આપરે જાણયું પણ હવે કરવું કેમ? મને તો લાગેછ કે મારે તુરત જઇને સર દારાબજંગને મળવું જોઇયે ને આએ ફોટોગરાફો પોલીસના હાથમાં મેલવા જોઇયે."

"બરાબર છે. પણ મને લાગેછ કે પોલીસના હાથમાં ફોટોગરાફ મેલવા અગાઉ નવાબ સર દારાબજંગની ઇચ્છા જાણવી જોઇએ" કોણ જાણે—વખતે આવી શાદી રામસનીને ટાંકણે આવી નીંદા બહાર પડે તે ખોરશેદના બાપને નહીંબી ગમે. જાંહાં સુધી હું જાણુંછ તાંહાં સુધી આએ દારાબજંગ ઘણા મીજાજી છે."

"પણ જયારે જાણશે કે પોતાની પેટની દીકરી આવા જોખમમાં છે ત્યારે બીજાજ પોતાના ખીસામાં મેલશે" દાદી એ જીદ કીધી.

આખરે દાદી ફાવ્યો. ઠરાવ થયો કે તેણે તાબડતોબ ઉપડી જઈને નવાબ સર દારાબજંગની મુલાકાત લેવી અને તેવણને સઘળી બાતથી વાકેફ કરીને તે પ્રમાણે વરતવું.

—•—

પ્રકરણ ૩૪ મું.

—•—

નવાબ સર દારાબજંગ મોટા માણસ હતા એ તો ખરૂં. તેવણ પઇસાદાર હતા, ઓલીદરાઝ હતા અને પોતાની બે ઘોડાની ગાડી આગળ ચોબદારો દોડાવતા હતા પણ ભલા આ દમીમાં ઝાઝું મીઠું ન હતું. નામદાર શેહેનશાહ એરવરડ જયારે પ્રીનસ ઓફ વેલ્સ હતા ત્યારે હીઝ હાઇનેસ નીઝામ સરકારની સલતનતમાં ફરવા આવ્યા ત્યારે ગુલબરગા ડીસ્ત્રીકટમાં મેનીજ કરવાનું તેમને સોંપ્યું હતું. આ વાર નવાબ સાહેબે એટલી ધમુચકરી કરી મેલી અને ખુબ પઇસા બેરીઆ તેના બદલામાં એવણને નાઇટહુડનો ખીતાબ મલ્યો હતો. આ ટાંકણેજ તેમની બેટી દીનુ પુછ્યા પરાછ્યા વગર અથવા કોઇને જણાવયા વગર ઘેર છોડીને બેમાલુમ થઇ ગઇ હતી.

કુંવરબાઇ સાથ વાત થવા પછી ત્રીજે દીન નવાબ સાહેબ પોતાના સીકંદરાબાદના દીવાનખાનામાં બેસીને ન્યુસપેપર વાંચતા હતા ત્યારે સાંજના ચાર વાગે ખીદમતગાર એક કારડ લઇ આવ્યો.

મી૦ દાદી શાપુરજી પેમાસતર C. S.
જડજ નોરથ વેરટ પ્રોવીનસીસ.

આ કારડની નીચે લાલ સાહીથી સેરો મારેલો હતો કે 'ઘણાં જરૂરી કામ સારૂ."

નવાબ સર દારાબજંગ ઘણા મગરૂર હતા અને પોતાને ઘણા નામાંકીત સમજતા હતા; પણ એવણમાં એટલો ગુણ હતો કે કોઇબી માણસ મળવા આવે તો મોગલાઇ રીત પ્રમાણે "આઇએ જનાબ, બેઠીએ મેહેરબાન" એવી તાજીમ તવાજેથી તેને રીસીવ કરતા.

જેવો દાદીબા દાખલ થયો કે તેવણ ઉઠીને ઉભા થયાં અને તરત પામી ગયા કે આ કાંઇ વળગણ કરવા કે માથે પડવા આવેલો જેવો માણસ નથી.

દાદીબા સાથે શેકહેંડ કરીને તેને માન અકરામથી સોફા કોચ ઉપર બેસાડયા પછી પુછયુ :—

કેમ શેઠજી સાહેબ, કયારે આવ્યા? કાંઇ સેવકને યાદ કરવાનું કામ પડયું?"

"નવાબ સાહેબ, વગર ખબર આપવે હું આપના મકાનમાં ચાલી આવયો છું."

"હે—હે—હે—ચીંતા નહી. અમે જાહેર પુરૂશો હંમેશ કંઇ ને કંઇ નાપસંદ સાંટકોમાંથી પસાર થવાને સરજેલાજ છીયે. મુશકેલીઓ તો અમારો ખોરાક છે. તમારી કાંઇબી દુખી બીના હોય તે બેલાસક કહો—મારા સમ—અસકાશો ના."

"તારે તો સાહેબ હું હીમતથી તમને સઘળી હકીકત કહોશ. હું ધારૂં છું કે તમારી એક વડી બેટી છે—નામ દીનબાઇ—જે આજે લગભગ પાંચ છ વરશ થયાં તમારાં ઘેર-



ગમે તેવી આપ કેની ! નવાબના નાટકે ડોકો પગ ગયા જગાવાર
દમભાઈ તેવન બોલ્યા : —“પાનું છે શું ? તે ઉઠયાતતો છે કેની”

(પાનું ૨૨૭ મું)

માંથી જતી રહીછ !"

પહેલાં તો નવાબ સાહેબ પોહોળુ ડાચુ કરીને હસતા બેઠા હતા પણ દીનનું નામ અને વાત સાંભળતાંજ તેવણનાં ભવાંનો ચીહ્લો ચેઢયો.

"એ તમો શું બોલોછો સાહેબ, શું ચાલી ચલાવીને મને અપમાન કરવાનો ઇરાદો છે?"

"નહી મેહેરબાન—હું શું કાંઇ તમારો દુશમન છું. હું તો ફકત આ તમારી કમનસીબ બેટીના સંબંધમાં ઘણા જ કંગાળ સમાચાર પહોંચાડવા અને તેણીના માઠાં ફેજ વીશે બાતમી આપવા આવ્યોછ"

ગમે તોબી બાપજ કેની. નવાબનો ચહેરો ફીકકો પડી ગયો. જરાવાર દમ ખાઇ તેવણ બોલ્યા:—"પણ—છે શું ? તે હયાત તો છે કેની?"

"તે હું હાલતુરત ખાત્રીથી કહી શકતો નથી, પણ હું એટલું તો જાણુંછ કે તેણીની જીંદગી ભારી જોખમમાં છે અને હું પગે લાગીને તમારી પાસ માગવા આવ્યોછ કે તેણીનો જાન બચાવવા સારૂં હું જે કસદ કરૂંછ તેમાં તમો એ તમારેથી બનતી મદદ કરવી."

"પણ હું જાણવા માગુંછ કે તેની સાથ તમુને કઇ રીતનો સંબંધ છે. તમે કેમ જાણયું કે તેણીને મારી સાથ કાંઇ સગાઇ છે. તમને અહીં મારી આગળ કોણે મોકલ્યા?"

"સાહેબ હું બધો ખુલાસો તમારી આંગળ કરીને તમારી ખાત્રી કરશ કે હું કાંઇ ફોકટનો ભલતો માણસ નથી. હું સરકારી અમલદાર છેઉં—આએ ફોટોગ્રાફપર નજર નાખો ને એટલુંજ પહેલાં કહો કે એ તમારાં બેટીનોજ છે કેની."

આ પ્રમાણે બોલીને ખોરશેદનો પાંચ છ વરસ ઉપર લેવાયલો ફોટો દાદીએ નવાબ આગળ ધરયો. દારાબજંગે સોનાનો આઇગ્લાસ આંખે ચહડાવી તે જોયો અને તુરત પાછો મેલી દઇને ઘણી નાખુશીથી બોલ્યા—"હા—મારી વડી, કમબખત છોકરીનો આએ ફોટો છે—એ દુકતીનું નામ લેવાને હું રાજી નથી. મેં એને મારાં કુટુંબમાંથી રદ બાતલ કીધીછ. એક વાતની સો વાત દાદીભાઇ—તમે જો તેની તરફથી કાંઇ કાજ વસતારાંમાં આવ્યા હો તો તમારી મેહેનત ફોકટ છે."

"બાવાજી જરા ધીરજથી સાંભળો. હું કાજમાંબી નથી આવ્યો ને શાદીમાંબી નથી આવ્યો- હું ઇચ્છું છ કે એવાં કામ માટે મને વચે પડવાનું નસીબમાં હોતે. હું ઘણાં દુઃખ સાથ એ નાચાર છોકરીના બાપને જાહેર કરવા આયોછ કે મારા વીચાર પ્રમાણે તેણીની જીંદગી ઘણાજ મોટા જોખમમાં છે"

"હોસે—પણ તેમાં હું શું કરૂં-એણે પોતે પોતાનો મારગ પસંદ કીધો અને પોતાનું કીધેલું પોતે ભોગવે. પોતાના બાપના આશરામાંથી નીકળી જઇને એક બદમાશ સાથ પોતાનું નસીબ અજમાવ્યું તો પછી ભેંસના શીંગડાં ભેંસને ભારી. મારાં બીજાં બચ્ચાંઓની ઇજતને ખાતર મેં એનું નામ બારી બુરી મુકયુંછ. બેઅદબી માફ છે મી० દાદીબા પણ હવે આ તકરાર લંબાવવામાં હું કાંઇ ફાયદો જોતો નથી"

આ પ્રમાણે બોલી નવાબ સાહેબ ઉઠયા અને જાણે મુલાકાત તમામ થઇ હોય તેમ દેખાવ કરવા માંડયો. પણ દાદીબા મકકમ રહયો.

"નહી—નવાબ સાહેબ, તમે બધી વાત જાણતા નથી. મને કહેવાની રજા આપંશો કે તમે પોતે પોતાની ભલી લાગ

ણીને ગેરઇનશાફ઼ કરોછ. આ નાચાર છોકરી ઉપર શું શું જફ઼ા પડીછ તે હજુ તમે જાણુતા નથી. તારે સાંભળો. જે કોરગો શખસ એને ફ઼ુસલાવીને પોતાના પીતાના આશરામાંથી કહાડી લઇ ગયો તે ધણીએ એનું ખુન કરવાની તજવીજ કીધી હતી અને એને મુએલી ધારીને નાખીને નાહસી ગયો છે. તમારો માણુસાઇ ખવાસ યાદ કરો, પીતા તરીકેની તમારી લાગણી યાદ કરો અને પછી ખોદાને હાજર જાણી ધારી લ્યો કે જે દેખાવ તમે હમણા ધારણ કરવા માંગો છો તે કોઇબી રીતે વાજબી છે."

નવાબ દારાબજંગ ડઘાઇને ચુપ રહયા તે તકનો લાભ લઇને દાદીએ જુસ્સાબંધ ભાશામાં સઘળી હકીકત અવલથી તે આખર સુધી કહી સંભળાવી. મેહેમેના બંગલામાં શું બનયું, અને દીનું કેવી મરણતોલ હાલતમાં કેટલા દીવસ સુધી શાપુરજીના બંગલામાં પડી હતી તે બધું જણાવયું. વળી પોતાના પીતાની નીરદોશ બેનોનાં ભલાંને ખાતર આ મુજીઓને સજા કરાવવા દીનુએ સાફ઼ ના પાડી તે જયારે દાદીએ જણાવ્યું ત્યારે નવાબ દારાબજંગ જરા નરમ પડયા. ત્યારબાદ કુંવરબાઇને ત્યાં જઇને આશરો લેવાની હકીકત કહી સંભલાવી.

આ સઘળો વાર ગુસ્સો, બીક અને શરમ નવાબ દારાબજંગના ચેહરા ઉપર પ્રગટી રહયાં હતાં. તેવણ હવે વીચારમાં પડયા કે શું મારગ અખત્યાર કરવો. દીનુના બાપ થાય તેનો હવે નાકહેવાય નહી. તે જયારે નાહાની હતી ત્યારે બાવાજીની માનીતી હતી અને ઘેરનું રમકડુ ગણાતી હતી તે હવે તેવણને યાદ કરવાની ફ઼રજ પડી. કપાળ ઉપરનો પોતાનો પરસેવો લુંછી નાખીને તેવણ ધીમે સાદે બોલ્યા :—

"દાદીભાઇ—મારી અભાગણી છોકરીને માટે તમે જે

જેહમત ખેંચી છે તે માટે અલબત તમારો ઉપકાર માનવાની મારી ફરજ છે. જે કંગાળ ધણીએ એને ખુવાર કીધી, એને જડમેખથી ઉખેડી નાંખીને પાયમાલ કીધી તે ધણી હું ધાર તો હતો તે કરતાંબી નપેતર જણાયો છે પણ તમે પોતેજ વીચાર કરો કે હું કેવો કપ્સ આવી ગયોછ. આએ ચંડાલ દેખઇતી રીતે કોઇ અઘોર પાપી કામોમાં સંડોવાયલો છે. એ બીના જો બાહેર આવે તો મારી ઇજતના કેવા કાંકરા થાય. હું આવો દરજજાવાળો આદમી જગને મોહોડું કેમ દેખાડું? મારી બીજી બેટીની શાદી મોટી ધામધુમથી ઘણા મોટા ખાનદાનમાં થવાની છે તેવી વેળાએ આવા ફજેતા બહાર આવે તો તેનાં શું પરીણામ થાય તેનો તમેજ વીચાર કરો. તમે જે બાતમી મેળવવા માંગોછ તે ખાનગી રીતે બની નહી શકે? જુઓ દાદીમા કંઇબી કરીને દીનુ કાહાં છે તે શોધી કહાડો ને જો એ કુંવરબાઇ જેવાં આબરૂદાર બાઇને તાંહાં ગુપચુપ પડી રહે તો હું એનો ખાધા પીધાનો ખરચ આપું. પણ ચોકસ શરત એવી કે એ પાછી પેલા ચશમચોર મરદ સાથ કશો રીતનો સંબંધ રાખે નહી."

"હા, પણ દીનુ કાંહાં છે તે જણાય ત્યારે કેની. એને શોધી કહાડવામાં તમારે મદદ કરવી જોઇએ. આય ધણી મહેરબાનનો કાંઈ ફોટો તમારી પાસે છે? એ કોણ છે અને એના કાળાં ધોળાં શું છે તેની તમને કાંઇબી ખબર છે?"

"છટ. એ હરામઝાદાને મેં તો કોઇ દહાડે જોયોબી નથી. મારી ચુક થઇ કે મેં એ નાદાન બચ્ચાંને મારી બેઉ ફુઇ બેહેનના આશરામાં મોકલી. એ બેહેનની બેપરવાઇથી છોકરી વીખરી ગઇને આય લુચ્ચાના હાથમાં ફસી. જયારે મેં આય લગનની વાત જાણી તારે એ ધણી કોણ છે તેની

મેં ખાનગી [illegible] કહડાવી તો કોઇ બડો બદમાશ માલમ પડયો. એનો બાપ તો કોઇ બચારો ગરીબ માણુસ હતો પણ છોકરો ઘણોજ નઠારો નીવડયો ને જુગાર વગેરેના લખમાં પડેલો જણાયો.

બીજી ખબર પડી કે એતો સોનેરી ટોળીના પરાક્રમમાં ફસેલો હતો ને માથે મોટું કરજ કીધું હતું. જ્યારે કોઇની મારફતે મેં એને દમ ભરાવ્યો ત્યારે એણે ટચાકડી ફોડી જાહેર કરયું કે બાપના પઇસા દીનુંને મળશે તેમાંથી ચમન કરશું એવી તેની ગણુત્રી હતી. પણ એક પૈ એ નાપાકને પચવાની નથી. દાદીબા, તમેજ તસદી લઇને એ અભાગણી છોકરીને શોધી કહાડો ને એને કુંવરબાઇને ત્યાં રાખવાનો બંદોબસ્ત કરો તો હું દર માસે એના ખાવા પીંઘાના રૂ ૧૫૦ આપવા તઇયાર છેઉં. ખોદાને ખાતર એને કહેજો કે પોતાનું ખરૂં નામ બદલેલુ રાખે ને કાંઇબી કરીને મારૂ નાંમ બહર નહીં આવે. ન્યુસ્પેપરવાળાઓને શું છે. એ લોકતો કોઇબી આબરૂદાર માણસનાં પીછડાં વેરી નાખવા તઇયાર રહે, તેથી તે લોકના મોહડાં બંધ કરાવજો."

"પણ ત.રે નવાબ સાહેબ, દીનુને શોધી કહાડવામાં તમે પોતે તો કાંઇ મદદ આપી શકશોજ નહી?"

"પઇસાથી હું મદદ કરશ.—તમે કહો તો હમણા ચેક લખી આપું."

"હંકયુ—પઇસાની મને ગરજ નથી મને જોઇશે તારે હું તમારી પાસે માગસ."

"જેમ તમારી મરજી. જે ખરચ થાય તે આપવા હું તઇયાર છેઉં. એ કમબખત છોકરીની કંઇબી બાતમી મળે

તારે મને જણાવજો, પણ જોજો, મારૂં નામ બહાર આવે નહી. મારે મારાં કુટુંબનોની વીચાર કરવાનો છે."

"ઠીક છે—નવાબ સાહેબ. મને તેની કંઇભી ખબર મળશે તો હું તમને રજીસટરડ કાગળ મારફતે જણાવીશ પણ મારે કેહવું જોઇયે કે તમોએ લીધેલી એકલપેટી વલણથી હું નારાજ થયો છું. સાહેબ મેહેરબાન."

આ પ્રમાણે બોલી દાદીબા રોહોસાબેર ઉઠીને ચાલી ગયો. નવાબ દારાબજંગે શેકહેંડ કરવા હાથ લાંબો કીધો પણ જાણે તે જોયું ન હોય તેમ દાદીએ તેની દરકાર કીધી નહી. ઇજતના બાહાના હેઠલ નવાબે જે ભેંસનું કાળજું બતાવ્યું હતું તેથી તે બહુ આઝોરદે થયો હતો. શોલાપુર આવી પુગતાં જયારે દાદીએ બધી હકીકત કુંવરબાઇ આગળ કહી ત્યારે વળીથી ઉલટી રીતે તેવણ તો નવાબ દારાબજંગે લીધેલા મારગની તરફદારી કરવા લાગયાં.

"જોની બેટા એવણુના જેવા મોટા માણુસ આવા નજીસ ખવાસમાં સંડોવાય તે એવણુને ગમે તો નહીજ તો. એવણુની બીજી છોકરી મોટે ઘેર પરણવાની છે તેવી વખતે આવું રોખરૂ ઉઠે તો છોકરીને નુકશાન થાય, વખતે સામાવાલા કાજ તોરી નાખે. એ બધાંનો વીચાર કરવાનો છે. ગમે તે હો પણ હું એક વાતે રાજી છેઉં કે આએ ખોરશેદે પોતાના ખાનદાનની હકીકત કહી તેમાં આપુને ઠગયાં નથી."

"કુંવરમાંય, તે વીશે મને એક પળભારમી શક નહીં હતો. એનો ચેહરોજ એની સચ્ચાઇનો પુરાવો છે."

"બા, તું હજુર નાદાન છે ને મારાં અરધાં વરસની તેં જોયા નથી. તોભી હું મનસની ગવસનીથી કેહુંછ કે એ છોકરી મારી આંખમાં સમાઇ ગએલી છે ને પાછી મારી સો

ડમાં આવીને રહે તો હું ઘણી ખુશી થાઉ."

અલબતે આ ઠેકાણે માણુસાઇ નબળો ખવાસ કબુલ કરવો જોઇએ કે ખોરશેદને પોતાને તાંહાં રાખવા ઇચ્છવામાં હવે કુંવરબાઇને બે વાતનો ટેકો થયો હતો. એક તો તે નવાબ દારાબજંગની બેટી અને બીજી તો દર માસે રૂ. ૧૫૦ ની મદદ.

"બાવા દાદી, એમ તો ગામમાં ઘણીબી છોકરીઓ હોશે કે જેના હેવાલ ખોરશેદના મામલા કરતાં વધારે હાલહવાલ હોશે, પણ મને તો પહેલાંથીજ ખોરશેદનો મીઠ્ઠો ચેહરો ઘણો ગમ્યો. મારા દીલમાં એકજ વેહેમ ઉતો કે રખેને એ કોઇ હલકા ખાનદાનની ઠગારી હોય ને તુને ફસાવવા કાંઇ ચરીતર લગાવતી હોય. પણ હવે એ નવાબ સર દારાબજંગની છોકરી છે એમ નકકી થયું એટલે મારા જીવને નચીંતઇ થઇછ."

દાદીએ કશો જવાબ આપ્યો નહી. તે ખોરશેદના માબાપના નહી પણ ખોરશેદના પોતાના વીચારમાં હતો. એ કાંહાં હશે એવા સવાલ કાંઇ હજારો વખત તે પોતાના મન સાથે પુછી રહયો હશે.

પણ એનીમેર આપણા નંગ બેહેરામશાહ દલાલ શું કાજ વસતારામાં ફરેછ તે જોવાની જરૂર છે. તેહમીનાએ તેવણને માટી તરીકે કબુલ રાખ્યા કે પછી ખોટી શાની. આઠ લાખ રૂપીઆ અને હીરા જેવી છોકરી! હવે જેમ બને તેમ જલદી આએ શુભ કામ પાર પડે તેમ સારૂં. પણ બીજીમેર આપણી બહાદુર તેહમીના હતી. તણીએ બેહેરામશાહનો હાથ કબુલ રાખ્યો ખરો પણ તે વાંધો લઈ બેઠી કે જરા ફરીયે હરીયે, લગનની એટલી બધી ઉતાવળ શી. બેહરામશાહ ખાભરી ખોધામાં પડયા અને ઉદાસ દીસતા હતા તે જોઇ એક

દહાડે તેહમીએ તકરાર ઉઠાવી.

"પણ વાહલા, મને તો લાગેછ કે શાદીમાં જોડાઇને કામન થઇ જવા કરતાં અદરાઇને 'કોરટશીપ' ચાલુ રાખવા ની મજાહ ઓર છે."

બેહરામશાએ જવાબ આપ્યો "પણ લગનની ખુશાલી ઓર છે–એમ ક્યાં સુધી લટકયા કરયે."

"હા—હા—હા પણ મને તો પરણેલા વર કરતાં અદ રાયલો આશક વધારે ગમે—હા બા, હું તો ખરૂં કહુછ."

"અરે પણ ઘેલી. આખરે તો પરણુવાનુંજ કેની. જો આપણે જોડાઇએ તો પછી હું તુંને વેલાત લઇ જવા માંગુછ. પારીસ, વેનીસ, સ્વીટઝરલેંડ વગેરે ઠેકાણાઓમાં ફરશું ને મોજીઆં મારશું. આએ કંગાલ દેશમાં પડીને સબડયા કીધામાં શું ફાયદો."

"બા મને તો મારો આએ બંગલો ઘણો વહાલો છે. ને હું પરણુયા પછીબી અહીંજ રહેવા ધારૂંછ."

"અરે પણ કોણ ના કહેછ. આપરે પહેલાં મારા વજીફાઓમાં ફરી આવશું પછી ગામે ગામ મારા—મોટે ખાંચરેના દોસ્ત આસનાઓ છે તે લોક સાથ મારી ખુબસુરત પરીની ઓળખાણ કરાવશું ને પછીની વાત પછી."

"ને મારાં માય બાપને મળશું ને તારે મારી બહેનોને કેવી અદેખાઇ લાગશે, હેં ? ખરેખર બેહેરામશાહ, તમારા હેદરાબાદી મોટા નવાબો ને ઉમરાવોબી મળશે કે ? વાહ કેવું મજાહનું !"

"અરે હારે મારા જાન. તું જોતો ખરી કે આપણા બંગલા આગલ ગાડી ઘોડાની કેવી ભીડાભીડ પડેછ તે."

"પણ મને મુસલમાનીમાં બરાબર વાત કરતાં નહી આવડતું તે કંઇ છબરડો તો નહી થાય?"

"અરે નહીરે, તું તારે ઇંગરેજી ફેંકજેની, કે બધા ડોળા ફારી ફારીને જોશે."

આ પ્રમાણે અશટમ પશટમ સમજાવીને બેહેરામશાએ તેહમી પાસથી કબુલાત લીધી કે શાદી આવના એપ્રીલ માસમાં કરવી. આ વાર મારચ માસ ચાલતો હતો એટલે તેહમી બોલી કે તેણીને પોતાની તઇયારી કરવાનો કાંઇજ વખત ન હતો.

"હા બા, હું તો ધામધુંમથી પરણવાની છેઉં. મુંબઇથી મારાં બધાં સગાં વાહલાં આવશે ને મારી સાડી ઓછામાં ઓછી રૂપીઆ ચારસોની જોઇશે. તેને સારૂ મુબઇથી કરસન દરજીને બોલાવવાની છેઉં. બેહરામશાહ તમોબી તમારા મોટા મોટા નવાબોને બોલાવજો—

"ઠીક છે—"

"સાક્ષી દાખલ-મારી તરફથી મારો એક ભાઇ ઉભો રેહશે નેં તમોબી કોઇ ધપગપીઓ લાવજો હં."

"ઠીક છે. મારો એક ફરેંડ સરદાર નીઝામુદીન કરી છે તેને બોલાવશ—પછી કંઇ?"

આ પ્રમાણે ગોઠવણ કરાને બેહરામશા બહાર પડયા અને જાણે પોતાની પ્રીયા શાથ "લવ" કરતાં થાકી ગયા હોય તેમ કંટાળીને નીસાસો નાખવા લાગયા. તેવણ પાધરા સ્ટેશન ઉપર ગયા અને પેહલી ટરેન આવી તેના ફરસ્ટ કલાસમાં બેસી મુસાફરી શરૂ કીધી. ગાડી ચાલવા માંડી કે તેવણે પોતાના ખીસામાંથી એક કાગળ કહાડીને, ફરીવા સંભાળથી વાંચવા માંડયું. આ કાગળ તેવણને તેજ બપોરના ટપાલ મારફતે

મળયું હતું. તેનો ભાવાર્થ ટુંકો પણ ભયંકર છે :—

આપરૂં પંખેરૂ ઘણી મેહનત આપેછ ને અકરવકરમાં છે. જો મારી સલાહ માને તો એ વધારે મોહોકાન વાળે તે અગાઉ એની ડોકી મરડી નાખવી જોઇએ. રાતના કાલે અત્રે આવતી ટરેનમાં જરૂર આવજે. તારી રાહ જોઉંછું.

બીરામ.

—o—

પ્રકરણ ૩૫ મું.

વાત કંઇ છુપી રહે? થોડા દીવશમાં શેહરમાં અને શેહેર બહાર હોહો થઇ રહી કે આવના માસમાં નશીબદાર તેહમીનાની શાદી મોટી ધામધુમથી થનાર છે. ઘણાક મુબારકબાદીના તાર આવ્યા અને ઘણીક સઇ મોટીઓના ગામેગામથી કાગળ આવ્યાં. વળી ઘણાંક તો ખાસ તેહમીનાને ભેટવા શોલાપુર આવી પહોંચ્યાં. એઓનાં એક કોણ હશે? શું ધારોછ? આપણા મેહમવાળા ઓલ્ડ ફ્રેંડ શાપુરજી! એક તો તેહમીનાના સગા મામા થાય ને બીજુ તો દાદીબા સાથ તેહમીનું ગોઠવાઇ જશે ને જશે એવી તેવણુની અસલથી ગણતી હતી. અલબત તેહમીના દેખાવળી હતી પણ તેથી જીઆદા તેણીના વયાજે વધેલા આઠ લાખ રૂપીઆ! આહા! મોહડામાં કેવી મોળ આવેછ. તે શું કોઇ પારકાના હાથમાં જાય! નહી નહી, જરા ચોંખો ચાંપી તો જાઇએ એવા ખ્યાલમાં શાપુરજીબાને એકાએક ભત્રીજીનું હેત આવી ગયું હતું. તેવણુનો એમજ સમજતા હતા કે આ આઠ લાખ રૂપીઆનો દલ્લો પારકાના હાથમાં જવા દેવાનો તેહમીનાનો હકજ ન હતા. એ તો શાપુરજીના ખાનદાનમાં આવવોજ જોઇએ.

ઘેરમાંથી નીકળયા તે અગાઉ તેવણુને ગુલબાઇ સાથ કેટલીક મસલત થઇ હતી.

"જોની ગુલબાઇ, મને કંઇ પઇસાની દરકાર નથી. મારી પાસે કાંહાં ઓછું. છે. પણ હું દદીને વાસતે ફીકર કરૂંછ. એ ચાકરીપર જતો જતો શોલાપુરમાં કાંય પડી રહયો હશે? જાંહાં છે તાંહાં તેહમી ઉપર અનો જીવ છે ને મામા ફુઇનાએ કાંઇ વઘેરી લીધુંછ. તેથી મને લાગેછ કે હું પોતે જઇને જોઉં તો ઠીક પડશે. મારા મદારીપણા આગળ એ લોક નરમ માખણ જેવાં થઇ જશે. આએ તેહમીતો તદન અલ્લાનો વાલી છે. કોણ જાણે કોણુની સાથ પરણવા નીકળીછ. કોઇ શાહુકાર હોશે તો પોરીના પઇસા ખાઇ જઇને પાંખરૂં પકરીને પાછી ઘેર લાવીને નાખશે."

ગુલબાઇને આએ વાત પસંદ પડી. "ઓ જી. આપુંરે, હું જાણુંછ કે તમુને તો મારા વગર ચાલે નહીં પણ મને કેમ સોહાવાશે. કંઇ નહી. અખખઇ થઇને જીનરાંઇ ભાર્યા પાછા વે-હેલા પધારજો મરૂં."

"ગુલબાઇ, આએ તમારો લારકવાયો દાદી જો જરા અકકલ ઠેકાણે રાખીને કામ લેતે તો કેવી આઇતી લછમી ઘેરમાં ચાલી આવતે ને ધનના ઢગલાપર બેસતે. પણ હજુર કંઇ વાત હાથમાં ગઇ નથી. હું જઇને આએ દુકતીની ફેંટ પકરૂં પછી વાત. મારે મામા દાખલ મારી ફરજ તો બજા-વવી જોઇયે."

આ પ્રમાણે બદોબસ્ત કરીને શાપુરજીએ તેહમીને તાર કીધો અને બીજે દીને શોલાપુર જવા નીકળી પડયા. તેહમી આએ કવાંબમાં હાડકું આવે તેથી જરાબી રાજી ન હતી અને કોઇને પોતાને તાંહાં ઉતારો આપવા નહી ગમે તો સાફ ના

કહે એવી હીમતવાન હતી. તેણીએ તુરત પાછો તારથી જવાબ વાળ્યો:—

"ભલે આવો, હાલ મારા બંગલામાં અડચણ છે તેથી ત્રાવેલર બંગલામાં તમારે સારૂ ગોઠવણ કીધીછ." •

આ તાર વાંચીને શાપુરજીનું પાકીને પલેકાર થઇ ગયું. તેવણે તો ગણત્રી કીધી હતી કે ટરેનનાં સેકંડ કલાસના અગીઆર રૂપીઆ ઝાંસવા પડશે પણ દશ બાર દહાડા સુધી તેહમીના બંગલામાં મુફતના ચોકા ભીડવાના તો મળશે ને વળી ગામમાં હોહો થશે કે મામાજી ખાસ મુંબઇથી આવયા છે, પણ નાપાક તેહમીનાએ તો આમ ધાન બગાડિયો. ફકર નહી. એણીમેર તેહમીનાએ વીચાર કીધો કે મામાજી મુંબઇ વેરથી આવેછ તે કંઇ ખાલી હાથે તો આવે નહી. તેવણ ઘરી ઘરી બોલતા હતા કે બેહનની દીકરીઓને તેવણ નવાજ વાના છે ને ભુલી જનાર નથી. એટલે આએ શાદીનો કંઇ ઘણી ઘરખમ પ્રેઝંટ લાવવાના હશે. આ વીચારથી તેહમીના ઘણી ઉલટમાં હતી અને મામાજી આવ્યા ત્યારે તેવણને હરખભેર ભેટી. અરસપરસ ખબર અંતર પુછાયા પછી શાપુરજીએ વાત છેડી.

"કેમ તેહેમી દીકરા, દુનીયા સુખી કે દુખી?"

આ વાર શાપુરજીની નજરમાં તેહમી બેવડી ખુબસુરત લાગતી હતી અને આઠ લાખ રૂપીઆ મીઠડા મધ જેવા જણાતા હતા.

"મામાજી, સઉ સારૂં છે. ખોદાની મેહરબાની છે."

"અં! જો બેટા, હું તારા બાપના જેવો છઉં તેથી જે કેહુંછ તે મારાં પોતાના બચ્ચાંને કેહુંછ એમ સમજવું—કેમ ખરૂં કની? •તમે ભાઇ બેહેનોપર મારો કેવો જીવ છે તે તો તમે લેક જાણોછ."

તેહમીં મલકાઇ મલકાઇ ગઇ. તેણીએ નકકી જાણ્યું કે જે ઘડી જાયછ તેમાં મામાજી ખીસામાંથી પેલા હીરાની બ્રેસલેટનો ચામડાનો કેસ કહાડશે. તેહમીની નજર મામાજીના ખીસાં ઉપરજ હતી.

"હાસતો—મામાજી—તમારી તો હમેશની મેહરબાની છે. જુઓની તમે મુબઇવેરથી આયા" તેહમીનો જીવ તલપાપડ થતો હતો કે મુવા મામાજી તો ખીસામાંથી પેલું પારસલ કાહાડતાજ નથી. એમ ડોળા શું તણાવ્યા કરેછ.

"અરે મુંબઇ કેટલું દુર છે. અમસાં પોતાના થકી જરા મેહનત પરી તો તેમાં શું મોટી વાત. હું તારી સાથ કંઇ વાત કરવા માંગુછ."

"હાજી—બોલોની" અંહંહ હજુ પેલો ચાંમડાંનો કેસ નીકળતોજ નથી.

"જોની તેહમી—હું તારી સાદી વીશે કાંઇ પુછવા માંગુંછ. મેં સાંભળયું કે આવતા મહીનામાં લગન ઠરાવયાછ તો એ બેહરામશા કોણ છે ને એને વીશે તુંને શું ખબર છે?"

તેહમીના મન સાથ ફફડી અને લાલ થઇ ગઇ તોબી તે ઠાવકી હતી "મામાજી. એવું તે શું પુછવાનું? કોણ હોય, વરી માણુસ જેવું માણુસ. બે હાથ છે, બે પગ છે, બે કાન છે—કંઇ હુલક જાનવર તો નથી?"

"જો વરી—હજુર તો હું સેહેજ પુછુંછ તેટલામાં તો અકરાઇ ગેઇ. હું મામા જેવો મામો ને એટલુંબી પુછું નહી? હાથ પગ તો સઉ માણુસને હોય પણ એનું ખાનદાન શું, એ ધંધો શું કરેછ, એની પાસે પુંજી કેટલી છે તે બધાંની ખબર કંઇ કાહારી?"

"હા, બધી કાહારી. મારા બેહરામશાના ખાનદાન જેવું તો આપરૂંબી નથી. ગામે ગામ એવણના વજીફા છે ને ખુદ નીઝામને એવન વગર એક ઘરી ચાલે નહી—સમજીઆ મામાજી."

"અંહ !"

"અમે પરણીઆ પછી વેલાત જવાનાં છીયે ને તાંહાં ઇટાલીના રાજા સાથ મારી ઓરખાણ કરાવાના છે. શું ધારોછ ? આશીરવાદ સારતી વખતે એવણના સાક્ષી દાખલ સરદાર નીઝામુદીન ખાસ રેસાલા સાથે અહીં આવવાના છે."

"હેં કે ? હું ધારૂંછ કે હું એને ઓલખુંછ, પણ એ તો પરજાત તે પારસીની શાદીના શાક્ષી કહાંથી થાય ?" શાપુરજીએ નાળીઉં ફેંકયું પણ હવે તો તેહમીની ધીરજની હદ આવી હતી.

"મામાજી હવે બસ કરો. જરા કોઇ મોટા માણસનું નામ આયું કે બધાને તમે ઓળખોછ ! હવે જવા દેવો. બેહરામશા કેહછ કે સરદાર નીઝામુદીનનું તો એવણનું સરકારી નીઝામી નામ છે બાકી એવણ તો જાતે પારસી છે ને અગીઆરીબી બંધાવીછ ?"

શાપુરજી તાપ મારતા પકડાઇ ગયા તેથી ખસીયાણા તો પડી ગયા પણ એંટ છોડી નહી.

"હોસે બા—એવા એવા દેશી રજવાડાના તાઇટલ તો પગેપગ રખડેછ પણ તારૂં કીધું તું જાણે. મેં તો મારી ફરજ બજાવી પછી તુંને ગમે કે નહી ગમે. ગામમાં હમણા એવા ભુખરીબારસ ધુતારાઓ ઘણા નીકળયાછ તેથી સંભાળમાં રહેલું સારૂં."

"હા તે બધું ખરૂં પણ આજે તો બાવાને પઇસા જોઇયેછ. એમ તો મારા મનમાં ઘણાં જણા છે કે જેઓ મારી દોલતને ખાતર મને અહીં સુધી પુછતા આવેછ. એમથી હોય કે મારી પાસે દોલત નહી હોતે તો કદાચ મને બેહેરા મશાહબી ઝાંખીને જોતે નહી. તે સરૂં મને પસંદ કીધીછ તે મને ગમેછ એટલે બસ. વરી એવો દહારો આવશે કે તમે બધા એજ બેહેરામશાહની ખુશામદ કરશો."

શાપુરજીએ જોયું કે વાત એટલી વધેલી હતી કે વધારે તકરાર કીધામાં કાંઇ વળે એવું ન હતું એટલે શેહેનાન ડાદબો કીધો "ઠીક છે માય, સુખી થાઓ એટલીજ મારી દોઆ છે."

"હા મામાજી, એ તો સોરની છે. લાગે તો તીર નહી તો ટીકકો."

"બરાબર છે. ચાલો હવે હું રજા લેઉંચ. તારા બાબમાં તો કોણ જાણે પણ બેહેરામશાને તો ખાસ્સી સોરતી લાગીછ."

આટલી વાત કરીને શાપુરજીના ચાર જેરા બહાર પડ્યા. તેહમીના તાં પેલા મોરોકકો ચામડાના કેસ માંડેની બ્રાસલેટની વાટ જોતી રહીજ ગઇ. શાપુરજીના જવા પછી તે ખુબ ફફડી "મુવોરે મામાનો થતો. હું તો જાણું કે મોટો અરીમ ધરામ જેવો મુંબઇ વેરથી આવ્યો તે કોણ જાણે શું લાયો હોશે, તો મુવો તો મોટું લેકચર આપવા બેસી ગયો. પોતે અકકલમંદથી તેવોજ પરીઓ કેની. હું સમજુંછ એ કાંય ખરતાયાં તોરવા આયોતો તે. એનો ઘણી મરજી કે મને પટાવીને પોતાના છોકરા સાથ ગોંઠવી દાએ. પણ એવણની બધી વાતમાં એક તકરાર મારા ધ્યાનમાં ઉતરેછ. બેહેરામશાહની મોટી દોલત ને વાડી વજીફા છે પણ ખોદા ન કરે ને એવણને

કશું કાંઇ થાય તો મારૂ શું ચાલે. એવણે કાંઇ ત્રસટ બસ્ટ કરવાની વાત કીધી નથી. હું મરી જાઉં તો મારી બધી દોલત એવણને મળી જાય ને એવણને કાંઇ થાય તો કોણ જાણે વજીફાઓના કોણ કોણ વારસ નીકળી આવે. જોઇશું. બેહરામશા આવશે તારે એ બાબદનો જરા ઇસારો કરી જોઇશુ. પણ હું અમથી ફકર કરૂંછ. એવણ કાહાં ના કહેવાના છે. પેલા ઉજબખ મામાજીએ આવો સ્ટુપીડ ખ્યાલ મારાં ભેજામાં મુકયો. ઉભા તો રેહો. હું કુંવરબાઇને તાંહાં જરા ઉભી ઉભી જઇ આઉં. ત્રસટ કેમ થાય તેની સમજ એવણને હોશે. મુવાં ઘણાં ચબરાક છે.

તેહમીના પાસેના બંગલામાં દોડી અને જોયછ તો કુંવરબાઇ અને દાદીબા ઘણા રજીંદા ચેહેરે વાતમા મશગુલ હતાં તે છતાં દાદી ઉઠયો અને તેહમીને આવકાર દીધો.

"ઓહો—દાદીબા—મેં તો સાંભળયું કે તમે બે દહાડા કેથે બહારગામ ગયલા ઉતા, કાહારે આયા? તમારા બાવાજીને મળયા કે? તેવણ હમણાજ મને મળવા આયાતા ને મેં કહયું કે તમે તો બહારગામ ગીઆછ એટલે વાતચીત કરીને પાછા મુંબઇ જવા સારૂ સ્ટેશનપર ગીઆ."

"એમ કે! હું દલગીર છેઉ: બચારા મારે ખાતર આયા હોશે. કહયુ કેની કે હું ઘણો સારીકાના છેઉ પણ જરા ઘણાં અગતનાં કામ સારૂ રોકાઇ પડયોછ? પણ સબર તેહમીના, મેં સાંભરયું કે તમારી શાદીનો દહારો નકી થયોછ. મુબારકબાદી આપું હું?"

"હા—જેમ તમારે ગમે તેમ. મેં હમણાજ મામાજીને કહયું તેમ એ તો સોરતી છે. પણ ખોરશેદની કંઇ ખબર."

"જરાબી નહી. અમે આસપાસના ગામે ગામ ખબર

કહાડી વહ્યાં પણ કશું નામ નીશાન જણાતું નથી. આવો બનાવ તો કોઇ દહાડે મારા જનમમાં સાંભળયો નથી. મેં તો હવે લગભગ આશા મુકી."

"નહી, દાદીબા એમ નહી બોલીએ. આપરે હીમત રાખવી જોઇયે. એ કંઇ આસમાન પર ઉડી ગેઇ વો નહી હોય. કંઇબી ન ધારેલી રીતે ગુંચવાઇ ગેઇ હોશે-વખતે —

"વખતે શું?' દાદીએ અકળાઇને પુછ્યું.

"વખતે-કોઇ અસલનો દોસત મળી ગયો હોય ને તેની સાથ દાણા પારી ગેઇ હોય ને આપુને જણાવતા શરમાય. આવા વીચાર મારા મનમાં ઘણી વખત આયો પણ હું બોલી નહી. ઘણા દહાડા થયા એના ચેન ચાળાંજ કાંઇ મને નવાઇ જેવા લાગતાતા."

"તારે હું કહુંછ કે મારી પુરેપુરી ખાતરી છે કે તેવું કંઇ નથી. તે કોઇ સાથ જાય તેવી નથી-કોઇ જબરજસતીથી ઘસડી ગયું હોય તે વધારે બનવાજોગ છે."

"પણ આપરાથી ખાત્રીથી કેમ કહેવાય. બઇરાંની જાત છે. એ લોકના પેટની વાત જાણવી ઘણી મુંશકેલ છે. તમે નહી જોયું કે આજે થોડા દહાડા થયા એ કેવી ઉદાસ ને ફીકરમંદ દીસતીતી. કેમ કુંવરમાય તમારૂં શું મત."

"હા-એ ગભરાયલી દીસતીતી ખરી" કુંવરબાઇએ મત આપ્યું. આવી કીસમની તકરાર કુંવરબાઇ અને દાદીબા પોતપોતા વચે ઘણીવાર કરી રહયાં હતા. પણ એક ધણી જે પોતાની ઓરતનો જીવ લેવાની તજવીજ કરે તેજ ધણી આગળ તે ઓરત પાછી જાય એવી એ ખોરશેદ તો ન હતી. પણ તેહમીનાએ કહયું તેમ બઇરાંની વાતમાં કંઇ કહેવાય ન

હી. તેણી પોતાની મરજી ઉપરાંત ખોરશેદને કોણ ઘસડી ગ
યું હોય? તે પોતાને ઘસડવા દે કેમ? જાંહાં છે તાંહાં ખોરશે
દનીઆ ધુસમુજ હોવીજ જોઇયે.

પોલીસ સતાવાળાઓની એવોજ કંઇ વીચાર રાખતા હતા
પણ દાદી એકથી બાજ્જે થયો નહી તે હઠ લઇ બેઠો કે—

"નહી—નહી—ને નહી—ખોરશેદ રાજીખુશીથી કશુ
જાય નહી—બસ મને લાગેછ કે એના જીવપર મોટી જોરાવ
રી થયલી છે."

તે દહાડે રાતના દાદી હાકીને આવયો અને જમ્યા વગર
સુઇ ગયો. રાતના તેને સ્વપનું આવયું કે તેણે જાણે ખોરશે
દને એક ખાટલી ઉપર ઉંગેલી પડેલી જોઇ. સ્વપ્નામાં તેને
તેનો ખુબસુરત ચેહરો ખુલ્લો દેખાયો. તેનો સ્વાસોસવાસ ચા
લતો હોય તેમ તેણીની છાતી ઉંચકાતી હતી અને જાણે પા
સે એક ખવીસ જેવો પુરૂષ હાથમાં મોટી છરી લઇને તેની
છાતીમાં મારવા તઇયારી કરતો હોય તેમ દેખાયું. તેણીને મ
દદ કરવા જાણે દાદી દોડવા જતો હોય તેમ લાગું અને તે
ના આચકા સમેત તે જાગી ઉઠયો. આ સ્વપનું છે તે જાણુ
વા છતાં તે થર થર ધુંજવા લાગયો અને કપાલે પરસેવાના
મોટાં ટીપાં-ફુટી નીકલ્યાં "યા પરવરદેગાર, જાંહાં છે તાંહાં
મારી દીલદાર કોઇ મોટી આફતમાં ફસેલી છે"

બચારો સાચ્ચાં દીલનો દાદી ખોવાયલી ખોરશેદની ખો
ળમાં ગામેગામ પોલીસની સાથ રખડે છે અને નાહનાં ઝુપ
ડાંઓ અને ગલી કુંચીમાં મુડાં ખોસે છે અને આપણે તેનું
કામ કરતો મુકીને હવે આ કમનસીબ ઓરતના બાબમાં શું
બન્યું હતું તે જોઇયે—પણ જરા ધીરજ ધરો આવતા અંકમાં
તેનાજ ખબર આપણે લઇશું.

પ્રકરણ ૩૬ મું.

—o—

હવે ખોરશેદની પુઠ પકડયે. તે ખુશી જીવે ફુલ વેચાતા લેવા ગઇ કારણ કે તે દીને તેણીના જીવનો બચાંવનાર, તેણુનો ખરો ખેરખાહ દાદીબા આવનાર હતો. તેણીએ ફુલ ખરીદયાં અને વેહેલીવેહેલી પાછી ઘેર આવતી હતી એવે સમયે તેણીના જોવામાં આવ્યું કે નન લોકોના મઠની પડખે અંધારામાં એક બંધ લેનડો ગાડી ઉભેલી હતી. આપણે અગાઉ જોઇ ગયા છીયે કે આ નનરી ગણી એકાંત જગામાં હતી. ખોરશેદ જેવી કમપાઉનડ આગળથી ચાલી જતી હતી એવામાં એક શખસ લાનડો માંહેથી કુદી પડયો અને ઝડપમાં તેણીના બેઉ હાથ પકડીને નાક ઉપર એક સફેદ કપડું જોરથી દાબી ધરયું અને તેણીને કમ્મરમાંથી સેહેલથી ઉપાડીને ગાડીમાં નાંખી. આ કપડાં ઉપર ભારોભાર કલોરોફોરામ છાંટેલું હોવું જોઇયે કારણ કે તેના જોરથી ખોરશેદનો દમ ગુંગળાઇ ગયો અને જરા વારમાં તે તદન બેસુધ થઇ પડી. આ બેસુધી કેટલી વાર ચાલી હશે તે કહેવાઇ શકાતું નથી. કેટલા કલાક અથવા કેટલા દહાડા તે આ બેભાન હાલતમાં પડી હશે તે પાછળથીંબી ખોરશેદ કહી શકી નહીં. જયારે તે સાવગર થઇ ત્યારે તેણીનું માથું બહુજ ઘુમતું હતું અને અવારનવાર ગણુ તાણુતી હતી. શું બન્યું અને હમણા તે કયાં હતી તેનું તેણીને ભાનબી ન હતું. તે કોઇ અણુજાણી જગાએ એક નાના ઓરડામાં પડેલી હતી. તેના કાન ઉપર દરીઆના મોજાના સાદ આઘેથી આવતા એટલે તેણીને એટલું તો જણાયું કે તે કોઇ દરીઆની નજીકમાંજ હશે.. તેણીએ ઉઠવાની તજવીજ કરી પણ તેનાથી ઉઠી શકાયું નહી કારણ કે તેણી

ને સખત ચક્કર આવતાં હતા. એટલું તો ખરૂં કે કુંવરબા ઇના ઘરમાં તો તે ન હતો. ઓરડો તદ્દન ખાલી હતો. ફકત તેણીની સુવાની ખાટલી અને એક ખુરશી સીવાય બીજું કાંઇ હતું નહી. ખાટલીની પાસે એક નાનું ઇસટાન પડેલું હતું તે ઉપર પીવાનું પાણી અને એક બીસ્કોટનો ભરેલો બાકસ મેલેલો હતો.

હજુ તો આ સઘળું ચકીત થયલી ખોરશેદ જોઇ રહે એટલામાં ઓરડાના બારણાની બહારની આલ્હદરાપ કોઇ ઉંઘ્રા ઠતું હોય એવો સાદ આવ્યો અને જરા વારે એક મજબુત બાંધાની કદાવર પણ ખુબસુરત પંજાબન માંહે દાખલ થઇ. ખોરશેદને બેઠેલી જોઇ તે હીંદુસતાનીમાં બોલી.

"ઓહો—અબ તો આપ હુશીયાર હો ગઇ?"

સમજવુ કે સઘળી વાતચીત હવે પછી હીંદુસ્તાનીમાં થશે પણ વાંચનારની સગવડને ખાતર તે આપણે ગુજરાતી ભાશામાંજ અતરે રજુ કરશું.

ખોરશેદ જેમ તેમ ઉઠી અને લાંબા હાથ કરી મીનત જારીથી બોલી "ઓ બાઇ—મને કંઇ સમજ પડતી નથી: તું કોણ છે ને હું અહીં કેમ આવી? મને કેહ, તારે પગે લાગું."

પંજાબન હસીને બોલી "હું કંઇ જાણતી નથી. મારા માલીકોને જે પુછવુ હોય તે પુછજે. મને તો હુકમ છે કે તુંને અહીં સમાલીને રાખવી અને ચાહ પાણી માંગે ત્યારે આપવું. તુને ચાહ જોઇયેછ કે બરાંડી પાણી, જો, અહીં આખી બાટલી લાવી મુકેલી છે. એક ગલાસ કાચો પીશે તો તારો જીવ હુશીઆર થઇ જશે."

ખોરશેદનું ગળુ સુકાઇ ગયું હતું પણ બરાંડીને હાથ લ

ગાડવાને તેણીએ ના પાડી. પંજાબન બોલી :—

"શું, તુને વેહમ છે કે તુને મારી નાખવાં એમાં કંઇ ઝેર ભેળ્યું હોશે? નહી—નહી—મને બરાંડીન વગર ચાલે નહી—જો હું એમાંથીજ તારી આગળ કેમ પીઉછ તે."

આટલું બોલી પંજાબને બાટલી એમની એમ ઉઠાવીને પા બાટલીને સુમારે કાચો બરાંડી પીધો અને મોંહ મટમટાવી બોલી "આહ, હવે મારા જીવને નીરાંત વળી. પીજીએ નહી તો આવી દલદેસરી થાય નહી."

આ ઓરત લગાર નખાઇ ગયલી હતી પણ દેખાવળી હતી અને વળી સાધારણ પંજાબી કરતાં ઉજળા વરણની હતી. ને રફ હતી ખરા પણ કરૂર ન હતી તે અવારનવાર જાણે ખો.શેદની હાલત ઉપર દયા કરતી હોય તેમ જોતી હતી.

"જો માઇ સાહેબ, તુંને જરા ઉઠવા ગમેછ? તું અહીં ખુરશીપર બેશે તો હું તારૂં બીછાણું દરૂસત કરૂં. જરા તારો સાડી કહાડીને સમી કર. તું આવીછ તારથી એમની એમ છે."

"મને અહી આયાને કેટલા દહાડા થયા?" ખોરશેદે પુછ્યું.

"તે મારેથી કેહવાય નહી. મને કંઇબી પુછતી ના. મને મારો મરદ મારી નાખે—ચાલ ઉઠ, જરા મોંહાડું ધોઇને કપડાં સરખાં કર."

ખોરશેદ જેમ તેમ ઉઠી અને ઠંડા પાણીનો છૂટકો મારીને બાલ સરખા કીધા પણ તેનાથી ઉભું રહેવાતું ન હતું. તે આંખપર હાથ ધાંકોને ખુરશી ઉપર બેસી ગઇ એવામાં બારણું ઉઘડયું અને બીરામ ચંડાલ દાખલ થયો.

"કેમ શેઠાણી, આપની કેવી ખબર? મંજલથી હાક તો ઘણી ચહડી હશે?" આ ધણીને જોતાં ખોરશેદના પેટ માં ફાળ પડી. સઘળો મામલો હવે સમજ પડી ગયો.

"ઓ, અભાગયા—તારે તું મને અહીં લાયો કે? તું મને શું કરવા માંગેછ? કોણના હુકમથી તેં આએ જબર દસતી કીધીછ? તારો દોજખમાં ઠાર થશે."

"ચીંતા નહી—બાઇ સાહેબ—દોજખ મોટું છે. મારા જેવાને મનથી આએજ દોજખ છે. હું જ તમને અહીં લાયો. હુંજ તમારી નોકરીમાં હાજર રહેવાનો છેઉં.

"પણ કાંય? તમારા લોકની ગણત્રી શું છે?"

"ગણત્રી બનત્રી કાંઇ બંદા સમજતા નહી. મોહબત કે નયના રસીલાં હો—તમે એટલુંબી સમજતાં નથી? ભોજું બગલું જાલમાં સપડાયુંછ ને તમે વચ્ચે કબાબમાં હાડકું હતાં એટલે તમુને ખસેડી મુકયાં."

"પણ આ વાત મારો–મારો—તારો શેઠ જાણેછ કે? તે હમણા કાહાં છે?"

"મારો શેઠ! હાજી, તેવણ તો તેહમીના બાનુના બંગલામાં મોજઆં મારેછ. આહ! નસીબદાર શેઠ! વગર મેહેનતને કવી દોલત પગે પડતી આવી. મેહેનત કરીને મરી ગીઆ તો ઠેકાણું નહી લાગું ને આએ તો સેહેજમાં લખપતી થઇ જવાનો સોદો છે. આહા! બીરામ! બચ્ચા કુવામાં હોશે તો હવાડામાં આવશે. બેહેરામશાહ શેઠ નસીબદાર તો ખરા."

આ ધણી જે અગાઉ તેણીનાં ખાણાંની મેજ ઉપર ખ રડેલી રકાબીઓ ઉઠાવનાર તે આજે આવી રીતે છુટથી વાત કરે તે જોઇ ખોરશેદનો જીવ ભારે કમ કમ્યો. પણ કરે શું.

તે બીરામ ગમ ધીકકારથી પીઠ ફેરવીને બેઠી. બીરામ આ સઘળુ પસગવત જોયા કરતો હતો.

"બાઇ સાહેબ, તમે ભુખાં રહેશો તો તમને ભારી દુઃ તો તમારી નોકરીમાં હાજર છેઉં તમુને ઉતાવળમાં અહીં લઇ આવયાં એટલે તઇયારી કરવાનો ટાઇમ મળયો નહી, પણ કલાક બે કલાકમાં મરઘી, ગોસત વગેરે આવી પુગશે ને તમારો નોકર તમને પેટ ભરીને જમાડશે.

ખોરશેદ એક બોલ બોલી નહી. તે ઉઠીને બારી આગળ જેમ તેમ ગઇ. બારીને લોહોડાના જાડા સળીઆ જડેલા હતા. બહાર દરીઆના મોજા ઉછળતા હતા અને મેદમના કાંઠાની પેઠેજ કીનારો સુવાળી રેતીથી ભરેલો હતો. ખોરશેદે ધ્યાનથી જોયું તો મકાન નાનું પણ મજબુત હતું અને આસપાસ કાંઇબી માણસની વસતી દીસતી ન હતી. ડોળા તાણી તાણીને જોતાં એકબી મછવો કે છાપરૂં દીસતું ન હતું. આ જગા જોઇ ખોરશેદના પેટમાં ફાળ પડી. તે લેવા માટે તેણીને અહીં આણી હશે. પણ તેમ હોય તો આટલો વખતબી જીવાડી શું કામ! પુરી કરી નાખીને અહીંજ કેથે છુપાવી દીધી હોતે. આખરે તેણીએ તોરસકારથી પુછયું.

"આએ ગામનું નામ શું?"

"જે બાઇ સાહેબ કહે તે. તમે કહો તો એનું નામ ખોરશેદઆબાદ પાડયે. નામ પાડવાના કંઇ પઇસા પડતા નથી. તમારા જેવી ખુબ સુરત બાનુને અહી પીંજરામાં રાખીછ એટલે કહો તો એનું નામ બુલબુલગંજ બોલાવયે."

"નીકળ અહીંથી. તારૂં કાળું મોહડું જોવાને હું રાજી નથી. ખોદા મારો નીઘેબાન છે. પણ યાદ રાખજે કે જો મારા જીવને કંઇબી અલવલ આવીછ તો મારી બધી આગલી

કથા મેં મોટા હકબંધ પરબીડામાં સલામત હાથમાં સોંપીછ ને તે લોક તમારા લોકનો જીવ લેશે."

"ઓહો! આસતે જરા આસતે. બાઇ સાહેબનો આ સક દાદીબા જીવતો રહેવા પામે તો કે? આગળ તો ચાલો જોઇશું. હમણા તો હું રજા લઉંછ"

બીરામ આ વાર સુધ પંજાબી ડરેસમાં હતો અને માથે મોટી પાઘડી અને કમરે કટાર લગાડેલી હતી. ઓરડામાંથી બહાર પડયો અને જરા વારે પ ન્જાબન જેનું નામ ઝોરા હતું તે હાથમાં એક થાળી લઇને દાખલ થઇ. આ થાળીમાં બે હાફ બોઇલડ ઇડાં, ઘઉંની રોટલી જરા વેલાતી ચીઝ અને કેરીના મુરંબાની ચીર મુકેલી હતી. વળી સાથે એક હકબંધ બ્રાંડીની બાટલી પણ હતી. એટલું તો ખુલ્લું જણાતું હતું કે ખોરશેદને કેદમાં રાખનારાઓની મતલબ તેણીને ભુખે મારવાની ન હતી. ઝોરા ઉલટથી અને ઝડપથી સઘળું કામ કરતી હતી પણ જયારેબી કંઇ લેવા બહાર જતી ત્યારે બહારથી બારણાને અડગરો લગાવતી. ખોરશેદે સારી રહેશે જોયું કે તે કેદીની હાલતમાં હતી અને આ ઓરતને તેના દરોગા દાખલ રાખેલી હતી. ગરીબ બચારી ખોરશેદ. કલાકના કલાક વહી ગયા. તે બારીએ જઇને ઉભી રહે અને પાછી આવે. ભરતી આવી અને ઓટ ગઇ. પણ સવારથી સાંજ સુધી એક બી માણસ તાંહાંથી પસાર થતું જણાયું નહી.

બીરામબી તે દહાડે ફરીથી દીસ્યો નહી. રાત પડી અને ખોરસેદનાં દીલમાં ધરકો પડયો પણ ઝોરાએ જાહેર કીધું કે તે બારણાની બહારજ ભોંયપર સુનાર હતી અને કંઇબી કામ પડે તો તેણીને હાંક મારવો. મનથી અને તનથી ખોરશેદ તદન આજેજ થઇ ગયલી હતી પણ સુવા જવાની તેની

હીમત ચાલી નહી કેટલા વાગયા હશે તેનીબી ખબર પડે નહી. પણ એમ કાંહાંસુધી ટકાય. કુદરતે આખરે તેણીનાં અંગ ઉપર ગલબો કરવા માંડયો. તેણીની આંખો વીચાવા માંડી. તોબી સલામતીને ખાતર તેણીએ પોતાની ખાટલી ઘસડીને બારણાં સાથ અથડાવી કે કોઇબી ઉઘાડવાની તજવીજ કરે તો પોતે સજાગુરૂ થાય અને એવા ધડક ધુજારામા તે સાડી સુધાંજ ખાટલી ઉપર પડી અને ઉંઘમાં ગીરફતાર થઇ.

સહવારના તે ઉઠી ત્યારે તેનો જીવ હુશીયાર હતો રાતના સારી ઉઘ આવવાથી તેના દમમાં ગયલાં કલોરોફોર્મનો ધુંવાડો નરમ પડી ગયો હતો. ઉઠતાનેવાર ખોરશેદે બારણાં આગળથી ખાટલી ખસેડી અને ઝેરા હાથમાં ચાહ નાસ્તો લઇને દાખલ થઇ. ઝેરા જો કે કોઇબી રીતે તરકડી ન હતી પણ કાંઇબી વાત ચીત કરવાને અથવા કેઇબી સવાલના જવાબ આપવાને ના પાડતી હતી. આ પ્રમાણે એ ચાર દહાડા નીકળી ગયા અને તે અરસામાં ખોરશેદે જોઇ લીધું કે પહારથી બારણાને અડગરો લગાડવાને ચુકતી ન હતી. આટલા દીવસમાં બોરામતો દીસ્યોજ નહી. આટલી વાતની તો ખાત્રી થઇ હતી કે ઝેરાને મોંહોડે પીપીઉ ભારી હતું અને તે એક દીવસમાં લગભગ આખી બાટલી બ્રાંડીની પી ગઇ હતી અને બીજી હકબંધ બાટલી ઉપર તેના ડોળા ખોભી રહયા હતા. ખોરશેદની મોટામાં મોટી આશા એ હતી કે કોઇ દહાડેબી ઝેરા પીને તાટ થાય તો બારણું બંધ કરવાનું વીસરી જાય.

વળી બીરામ અને ઝેરા વચ્ચે આએ દારૂનાં લખણબાબે અવારનવાર મારામારી થતી હશે એમ ખોરશેદને જણાયું. એક દહાડે ઝેરાના કપાળની ડાબી ગમ એક મોટો ગાંઠ થઇ આવ્યો હતો અને આંખ વીંચાઇ ગઇ હતી જે જોઇ

ખોરશેદે તેમ થવાનું કારણ પુછયું ત્યારે ઝોરા છેડાઇને બોલી.

"આહ! પેલા મુજી બીરામે મને રાતના ખુબ રીતે પોંક ઝમાડીઆ. પણ એ જાણતો નથી કે હું જાતે પંજાબન છેઉં ને કોઇ દહાડે એનો ટોટો પકડશ. મેં એની ગુલામી કરવામાં કંઇ બાકી રાખ્યું નથી ને એણે મને ખુનીની કાની મારી ઠીક છે."

આ વાર ઝોરા ઘણી ઉશકેરાઇ ગયલી હતી. બીજું કાંઇ વધારે બોલવા વગર તે બહાર પડી પણ સબર! આ જે તે બારણાને બહારથી કડી લગાડવાની ભુલી ગઇ હતી.

આ બનાવથી ખોરશેદનું દીલ ડપકવા લાગ્યું. પણ તેણીએ દુરઅંદેશી વાપરી કે હાલ તુરત આ બેદરકારીનો લાભ લેવાની ચુક કરવી નહી. સારૂં થયું, કે તેણીએ આ સમય સુચકતા વાપરી કારણ કે નીચેથી બીરામનો સાદ તુરતજ આવ્યો:—

"ઝોરા—ઝોરા"

"આવી—આવી—" કરીને ઝોરા ઝપાટામાં બહાર આવી અને ખોરશેદના ઓરડાની કડી ઉંઘાડી જોઇને તુરત કડી લગાડી દીધી. ચીંતા નહી. આએ વખત ભુલી તેમ વળી ફરીથી કાં નહી ભુલે. બીરામ બહાર ગીએલો હોય તારે છટ કવાને ચાન્સ મળેબી.

પણ બે દહાડા પછી શું બન્યું તે જુઓ. પેલી હડબંધ બરાંડીની બાટલી ખોરશેદના ઓરડામાં મુકેલી હતી તે ઉપર ઝોરાની નજર ચીટકી બેઠી હતી. તેણીએ ઘણુંબી મન મારવાનું કીધું પણ આખરે છુવ રહયો નહી. એટલે ખોરશેદની રજા પુછી.

"બાપ સાહેબ, આએ આટલી ઉમેરૂં ? વખને તમુનેબી જોઇશે ને—ને—મને જરા પેટમાં દુખે છે તેથી તમારી રજા હોય તો જરા લેઉ."

ખોરશેદે અજાણતાં હા પાડી કે તેજ ઘડી બુચ ઉખડયો અને એક ટાંસે ચારેક ગલાસ કાચો બરાંડી ઝોરાના પેટમાં ગયો, આ પછી તે રડવા લાગી.

"ઓ બાપ સાહેબ. મારી જીંદગી નકામી છે. મારી આફતની વાત તમુને શું કહું."

બનવાજોગ હતું કે દારૂની ઝુમમાં ઝોરા કાંઇ વધુ આટો બાફતે પણ તેટલાં વળી પાછો બીરામનો કંગાળ સાદ આવ્યો.

"ઝોરા—ઝોરા."

એક બીધેલી હરણીની પેઠે ઝોરા દોડી અને વળી પાછું બારણું બહારથી બંધ કરતાં ભુલી ગઇ.

આ વાર ખોરશેદની લાલચ થોભી શકી નહી. તેણીએ બારણું હળવેથી ઉઘાડયું અને કાન ધરી સાંભળવા પડી. બીરામ મોટે સાદે ઝોરાના છાલછોડાં કહાડી નાંખતો હતો, પણ સબર—આએ સાદ કોણુનો - આતો ખોરશેદના ધણી મેહેરબાનનો સાદ છે !

રાત અંધારી હતી. આજનો દીવસ કયો હતો તે જાણોછ? જે સાંજે બેહરામશાએ તેહમાને ફુસલાવીને શાદીના દીવસ મુકરર કરાવ્યો હતો, તેજ રાતે તે નીકળી પડયો અને આ ઠેકાણે આવી પહોંચ્યો હતો. તે મેહેરબાન—અટલે જે બેહરામશા હતો એમાં તો એક રતીભારનોબી ફેર નહી.

નીચે કચકચ ચાલી રહી હતી અને સાંભળવામાં આવ્યું કે બીરામે નજીસ ગાળો દઇને ઝોરાને એક કકડાવીને મુકકી લગાવી. ઝોરાએ મોટું રન ઉકાવ્યું અને બીરામને ગળગામાં

થી ધરીને બેઉ જન ભોંય ઉપર કુતરાંની પેઠે આલોટાયાં. જરા વારે ઝોરા રડતી રડતી ખોરશેદના ઓરડાગમ આવી. તેનાં કાનમાંથી લોહી ઝઝરતું હતું ખોરશેદ ઝડપમાં પોતાના ઓરડામાં ભરાઇ ગઇ અને બારણું માંહેથી બંધ કીધું, પણ તેના કાન બારણાં ગમજ હતા. તેણીએ જોયું કે આ વાર ઝોરાએ બહારની સાંકળ લગાવી ન હતી. તેણીએ ભારોભાર પીધેલો હતો અને બહુજ ગુસ્સામાં હતી તે પોતાના ઓરડામાં ગઇ અને ખાટલા ઉપર પડીને દારૂની ખુમારી ઉતારવા ઉંઘી ગઇ.

ખોરશેદે વીચાર કીધો કે પેલા બે ચંડાળો દારૂ પીવામાં અને વાતમાં મશગુલ હશે એટલામાં સરકી જાઉં તો કેમ પરવરદેગારનું નામ મોહોંપર લઇને તે ઉંઘાડે પગે ઉતરી અને રસ્તાપર નીકળવાના દરવાજા આગળ આવી પણ અફસોસ! તે દરવાજાને તો મસ મોટું તાળું મારેલું હતું. પોતાના જીવને કદુવા દઇ ખોરશેદ પાછી પોતાના ઓરડામાં વળવા જતી, એવામાં બીરામ અને મેહેરબાનનો વાત કરવાનો સાદ સંભળાયો. કોણ સ્ત્રી એવી હશે કે આવી વેળાએ સાંભળવાની યુકતી ન કરે? બીરામ મોટે સાદે બખારતો હતો.

"જો, બચ્ચા—તું મારૂં માનતો નથી. પણ એમાંથી જાન જવાનો સોદો છે."

મેહેરબાને હળવેથી અચકાઇને જવાબ દીધો, "પણ એવું કામ કરવાને મારા હાથ ચાલતા નથી. એ જોખમનું કામ છે. જો બીરામ, જરા વીચાર કર. આપરે કાંઇ બીજો રસ્તો શોધી કહાડયે."

"છટ-છટ એ બચ્ચાં સહી વાત મારી આગળ ચાલશે નહીં આપરે ભુખ મારવા સારૂ મુરઘીનું ડોકું કેમ છટકાવી

નાખયેછ. તેમ આએબી આપરી મસ મોટી ગરજ છે તો પછી જોખમ શું ને વાત શું ?"

પણ તુંને ઝોરા એક થોડા દહાડા એને સમાલી લેઓ તો કેમ ? હું પછવાડેથી તમુને એવો બદલો વાળી આપશ કે તમુને જનમ સુધીના નેહાલ કરશ.

"તે બધું એક બાજુ મુક—બીરાદર—મારી ઝોરા તો મારી કહયાસરની ગુલામ છે પણ સાથે લાગી તે દારૂની બી ગુલામ છે. કોઇ દહાડો એવોબી આવે કે મારા કરતાં બ્રાંડીન બાટલાનો સીકકો જીઆદા રહે. મારો જીવ અહીં આયોછ ને મનેબી જરા ફરહર કરવાનું જોઇયે. સમજ કે હું બહાર ગીઓ ને ઝોરા ટેં થઇને પડીને બાઇ સાહેબ છટકયાં તો પછી તારા ને મારા શા હાલ. તારી શાદી હવામાં ઉડી જાય ને તું ને હું આનડામાનમાં પથરા ભાંગીએ ને એ બાઇ સાહેબ પોતાના પ્યારા દાદીબા સાથ ચમન કરે! કેમ બોલીઓ નહી."

હવે મેહેરબાન ઉઠયો. તેના હોઠ ઊપર ફીણ ચહડી આવ્યું હતું. "બીરામ, ખામોશ, તું માણસ નથી પણ એક રીમન દેવ છે."

"ને તું આસમાની ફીરેસતો છે! કેમ ? મેં તુને બધી વાતે મદદ કીધી તેનો આએ નતીજો. જો, મારી વાત સાંભળ. સો વાતની એક વાત. આએ ઓરડામાં બેસાડેલી ઓરત આપણા રસ્તામાં એક કાંટા મીસાલ છે. તેં એક પૈસાદાર બીલ્લુ પકડયો છે ને તેને શાદીના ગાઠથી બાંધી લઇ પરમુલકમાં નાહાસી જવાની તારી બધી ગોઠવણ છે. એકગમથી જીવે જાગે તાંહાં સુધી સખત મજુરી અને બીજી ગમથી રમકડાં જેવી તેહમીના બાનુ અને આઠ લાખ રૂપીઆ! એક

વાર ફ્રાંસ કે અમેરીકા જઇ પુગા કે ખલાસ! નહી મહેનત કે નહી મસાગત, નહી ઉજાગરો કે નહી ઠગાબાજી. બેવકુફ! આએ બધી મોજ તારાં ખીસામાં સમાયલી છે, ફકત હરકત શું છે—એક નાહાનો કંગાળ જીવ! મેં નહી ધારયું કે તું આવો બાયલો હશે. જો મારૂં પેટ ભરતું તરીઆનું ટાહાડૂ થાય તો હું બધું તુને સરનજામ ઉતારી આપું. તું બસ ખસતો રહે—પણ મને બધું જામાનગીરીમાં લખી આપવું પડશે ”

“ પણ તે શું? શું માગેછ? મને કંઇ સમજ પડતી નથી. ”

“તુને બધી સમજ છે ને એ ગોલા લડાઇ મારી આગળ ચાલશે નહી. સાંભળ તારી નવી બઇરી પાસે આઠ લાખ રૂપીઆનો દલ્લો છે. એમાંથી બરાબર અરધો ફાળો મને મળવો જોઇશે. તું બાકીના ચાર લાખ લઇને સુખેથી મજાહ કર. ”

“ શાબાશ. બીરામ—નરમ ઘી જેવી માગણી છે. ”

“ ને તું દાવપેચ રમેછ તેબી નરમ ઘી જેવોજ છે. તારી પહેલી ધણીઆણીને મેહમમાં માથામાં તેં બતો મારીઓ એબી નરમ ઘી જેવુંજ કામ હતું. ”

“તેં મને નાહક ફસાબ્યો. તું તો કહે જે એ મરી ગેઇ ને હવે આએ શું?

“એ જમાનાના ઢંગ. હવે કરશે શું આપરે એનં કાહાં ગોતી કહાડી. પોતાના યારની ગોદમાં. વાહ વાહરે દાદીબા! તારે સારૂ મેં મારા દોસત મેહરબાનને જે બાતમી આપી હતા તે તેં ખરી પાડી આપી. અરે બુબખ, જરા સમજ. એ ઓરતને તું હવે ગમતો નથી. આએ ખુબસુરત દાદીબા

ઉપર એની મોહીની ચોંટી છે. ને હવે જરૂર એ બે જણ પરણી બેસશે."

"યા ખોદા, હવે કેમ કરૂં."

"કેમ કરૂં? ચીતલ કાં નહી પેદરતો. વળી યાદ રાખજે કે તારી એક બઇરી હઇયાત છે તાંહાં સુધી તારેથી બીજીવાર લગન થાય નહી. ઘેલારે બધી બાજી ચુંથાઇ જાય. એક ઓરતનો જીવ શું બીસાદમાં છે. ચડપ દેતો એક ઝપકો ને ખલાસ. તું જો મારી શરત કબુલ રાખે તો એક લેહજામાં તારૂં કામ કરી આપું."

ઉજળી સરપ મારી ગયલી ખોરશેદે દમ ઉંચો રાખીને આ બધું સાંભળયું. આહ! આ બીરામ તયારે તેનું ખુન કરવા માંગતો હતો અને પાપમાં હાથ બોળવા કે નહી તે માટે મહેરબાન ડગમગતો હતો. ખોરશેદના દીલમાંનું લોહી બંધાઇ ને ગોયા બરફ થઇ ગયું હતું. તે એકવાર ફરીથી દરવાજા આગળ ગેઇ પણ ફોકટ. દરવાજો બંધ હતો અને માંહેની કુંચી કહાડી લીધી હતી. ખોરશેદ નીસાસો નાખીને પોતાના ઓરડા તરફ વળી. તે સમજી કે હું હવે મરવા જાઉં છું.

—•—

પ્રકરણ ૩૭ મું.

—o—

ખોરશેદ નાચાર થઇને પોતાના ઓરડામાં અંધારામાં બેઠીને હરપળે બીવા લાગી કે તેણીના ખુનીઓ આવી પુગશે. વળી અધુરામાં પુરૂં તે સાંજે કોઇએ તેનો દીવોબી સળગાવ્યો ન હતો, આ વાર તેને તરેહવાર વીચારો આવયા. પોતાની ગુજરેલી માતા, પોતાના ભોળા પીતા, બાહાદુર દાદી, કમ-

બખત ભરથાર સરવે તેનાં ભેજાંમાંથી પસાર થઇ ગયા. પણ તદન નાચારનેબી બંદગીનો કેવો સધીઆરો છે તે હલવે રહી તેણીએ આસમાન ગમ હાથ ઉંચા કરીને.. ને ગેબી સાહેબની પનાહમાંગી. તેનાં મોહોમાંથી હળવે શબ્દો નીકળ્યા કે—

"ઓ દાદાર હોરમઝદ, હું ગુનેહગાર છું, દુખી છું. પણ મારી ઇજત જાય તે કરતાં તું મને બોલાવી લે. હું તારી પનાહમાં આવવા તઇયાર છું."

પણ સબર, દાદર ઉપર ચહડવાનાં કોઇનાં પગલાં સંભળાયછે. કોઇ આસ્તે આસતે ચહડેછે. ખુની હશે કે તેણીને બચાવનાર ફરેસતો. ખોરશેદ બારણાં આગળ જઇને સામી ઉભી અને જોયછે તો ભવાંનો ચીહલો ચહડાવીને ઉભેલો જોયો પોતાનો નાપેકાર ધણી—

મેહરબાન !!

તેવણ ભપકામાંજ ઓરડામાં દાખલ થયા અને આસ પાસ ફુંફારા મારી બોલ્યા "કેમ દીનું—તું આગરે અહીં સપડાઇ કે ? કેમ, ઓરડામાં બતીબી નહી મળે ?"

ખોરશેદ એક શબ્દ બોલી નહી. જીવ સટોસટનો વખત હતો. મેહેરબાને ખીસામાંથી માચીસની દાબડી કહાડીને મીણબતી સળગાવી

"કેમ, મોહોનું સાથી સીવાઇ ગયું. હું ચાલી ચલાવીને આયોછ ને કંઇ બોલતી કેમ નથી !"

પણ બચારી બોલે શું. તેની છાતીજ બંધાઇ ગઇ હતી.

આખરે ઠાકી ઠાકીને મેહરબાનજ બોલ્યો "તુને ખબર તો હોશેજ કે તુને અહી શું કામ લાવ્યાછ ? મારી તો મરજી ઘણી હતી કે તું વીધવા તરીકે તારી જીંદગી ગુજારવા

માંગેછ તેમ તુને કરવા દેવું—પણ તું મારાં કામની આડે આવવા તઇયાર થઇ તો પછી તારૂં કીધું તું જાણે."

હવે ખોરશેદનો સાદ ઉપડયો "પણ તારૂં કામ એવું છે કે મને આડે આવ્યા સીવાય તેં બીજો કોઇ રસ્તોજ રાખ્યો નથી.

ચુપ—બેવકુફ—સુવરની જણેલી—તેં તારા દોસ્ત આસનાવોને એવું સમજાવ્યું કે તારો ધણી તો મરી ગયલો છે ને તું વીધવા છે. એમ કરીને તે તારા નવા યાર સાથ નાચવાની બધી બાજી રચી. તે છતાં હું કાંઇ બોલ્યો નહી. મેં ઠરાવ કીધો કે જે થાયછ તે ઠીકજ છે. તુ લોક પાસ મનાવેછ કે હુ મરી ગયલો છું તો પછી હું લોકને મનાઉં કે તું મરી ગયલી છે તો તેમાં મેં શું ખોટું કીધું?"

"ઓ કમબખત ગુનેહગાર, તારે જોઇયે તો મને મારી નાખ પણ તારૂં પાપી કરતુક હું ચાલવા દેવાની નથી. એક નીરદોશ ભોળી છોકરીને તુ ઠાર મારી નાંખવાની પેરવી કરે ને તે હું જાણીજોઇને મુંગી મુંગી જોયા કરૂં? કદી નહી."

"પણ તે છોકરી છે ને હું છેઉં. તારા બાપનું શું જાયછ. તું તારે રસ્તે જા ને મને ગમે તેમ કરવા દે"

"કદી નહી—મારો જીવ જાય તો નહીં. પેલા નીચ ટુકડખોર બીરામની સમજાવટથી તું જો પેલા દાદીબા સારૂ ઇસારો કરતો હોય તો હું મારી મુવેલી માના સોગંદ ખાઇને કહું છ કે એ બધો વહેમ માથાંથી પગ સુધી જુઠો છે.

"જુઠો છે? તારે તે મોતીબાગમાં તુને મલવા કેમ આયો? કુંવરબાઇનાં મકાનમાં તું સીટ પડી તારે તારી મેનાજમાં એ ઘેલો ગાંડો કેમ થઇ ગીઓ? હજી અહીનો અહીં શોલાપુરમા કેમ ભમ્યા કરેછ? ચાકરીપર જતો કેમ નથી?"

"તેનો ખુલાસો સેહેલ છે. મને તે અચાનક મેહેમના દરીયા આગળ મલ્યો અને હું પહાડની કોર ઉપરથી સરી પડતી હતી તેટલાં મને બચાવી. ત્યાર પછી તે પોતાની ભોળાઇમાં મને મળવા આવ્યો અને ત્યાર પછી તમે લોકે મને મરણતોલ મારી તે જાણીને મને મદદ કીધી. બીજું એ સીવાય અમારા વચ્ચે કાંઇ નથી."

"કાંઇ નથી તારે તુંને શોલાપુર કોણ લાયું ને પઇસા કોણે આપ્યા?"

"હું ભોંયપર લોહી લુવાણ પડેલી હતી ત્યારે બંને જણ મળીને મને શાપુરજીના બંગલામાં ઉંચકી ગયાં હતાં હું સારી થઇ પછી મેં દાદીબા પાસ માંગી લીધું કે મને કેથે ચાકરીએ રખાવી મારી જીંદગી એકાંતમાં કહાડવાની મદદ કરવી. આ ઉપરથી દાદીબાએ કુંવરબાઇ અસ્તકની નોકરી શોધી કહાડી અને તારથી હું તેવણના આશરામાં ઉતી."

"પણ એ દાદી કેમ જાણે કે તું કોણ છે?"

"હું એવી સંકડામણમાં આવી ગઇ હતી કે મારી ચોકસ હકીકત તેને કહેવીજ પડી—

"શું? મારી વાત—

"નહી—નહી—બીજા તમારા લોકની ખાનગી વાત દાદીબા જાણુતો નથી. મેં મારાં પોતાનાં કુટુંબની થોડીક હકીકતથી એને વાકેફ કીધોછ પણ તમારા લોકની વાત એ બીલકુલ જાણતો નથી."

મેહેરબાન હવે બહુ વમાસણમાં પડયો. તે ઓરડામાં આમથી તેમ ફેરા ખાવા લાગ્યો. આપણે અગાઉ કહી ગયા છીયે કે મેહેરબાન દેખાવે કદાવર અને ખુબસુરત હતો. ખરૂં કહીએ તો તેનું દીલ બીરામના જેવું છેકછ ખુની ન

હતું પણ બીરામે તેને બગાડયો હતો અને હવે એકવાર પોતાના કબ્જામાં આવયો એટલે બીરામ તેને છોડતો ન હતો મેહેરબાન જયારે મધરાસની કોલેજમાં હતો ત્યારે ફતેહમંદ નીવડવાની આશા આપતો હતો. પણ પછી ખરાબ સોબતીઓ મળયા અને તેમ જોડાજોડ ઘોડાની શરત, જુગાર વગેરેના લખમાં બગડતો ચાલ્યો. તેણે મોટું દેવું કરયું અને આખરે માંગનારાઓથી નાહાસીને પોતાના પીતાના ગામમાં જઇને ભરાયો. બાપ બચારા આટાટોલ હીકરી જળતી હય તેવી સ્થીતીમાં હતા એટલે તયાંથી નાસીને મેહેરબાન હેદરાબાદ ગયો અને ત્યાં તરેહવાર કાવાદાવા કરવા માંડયા. આખરે બચારી દીનું તેનાં ફંડામાં સપડાઇ અને તેણીનો બાપ લખોપતી છે તે સારી જેવી રકમ ઝટશે એવી આશામાં દીનુને ફુલાવીને તેની સાથે પરેણી બેઠો.

પણ વકીથી ઉલટી રીતે દીનુના બાપ તો એવા છેડાયા કે તેમનું મોહડું જોવાબી ના પાડી. મેહેરબાને આ પ્રમાણે સંકડાસમાં આવી જવાથી દારૂ પીવા માંડયો આ પ્રમાણે મામલો ચાલે છે એવામાં બીરામ સાથ મેહેરબાનને એવે રસ્તે ઉતારયો કે તેનાં પરીણામ શું આવે છે તે હવે પછી જોઇશું. જો બીરામની બધીજ સલાહ પ્રમાણે મેહેરબાન ચાલ્યો હતે તો બંને જન કે દહાડેના ફાંસીને લાકડે લટકતે પણ દીનુ હમેશ વચ્ચે આવ્યા કીધી અને ઘણીવાર મેહેરબાનને શીખામણ દીધી કે આએ ખબીસ બીરામથી છુટા પડવું. આ વાત બીરામે છુપાઇને સાંભળી, અને તે દહાડેથી ઠરાવ કીધો કે આ મીજાજી પારશણુ છોકરીનો ઘાન કહાડી નાખવો.

આટલુ બધું છતાં આ બે જન શુ મોહોકાનમાં સંડોવાયલા હતા તે હજુ દીનુ જાણતી ન હતી. તે લોક પાસ

પઇસા અચબુચ ખુબ ઉછળવા લાગયા પણ તે કયાંથી આવતા હશે તે સમજ પડે નહી. આખરે એક દહાડે અકસમાતથી સઘળો ભરમ દીનુને જણાઇ ગયો. તે ઘણીજ અકળાઇ અને મેહેરબાનના પગ આગળ પડીને માંગી લીધું કે બીરામને અને તેના અજીમ ગુનાહભરયાં કામને મુકી દેવાં. મેહેરબાન સમજયો નહી અને દીનુએ ઉશકેરાઇને ધમકી આપી કે જો મેહેરબાન આ ચંડાલને છોડી ન દેશે તો દીનુ પોતે ઘરમાંથી ચાલી જશે.

આ સઘળી ખટપટ બીરામ જાણતો હતો. હવે તેના હાથમાં આબાદ બાજી આવી. તેણે મેહેરબાનના કાનમાં ઝેર ભેલ્યું કે એ દીનુ તો દાદીબા નામના પારસી સાથ પયારમાં પડી છે અને તેની સાથે નાહાસી જવા સારૂ આ બધા બહાનાં શોધે છે. તરેહવાર યુકતીથી બીરામે પોતાના સાહાને એવો ઉશકેરયો કે દારૂની ઝુમમાં મેહેરબાને પોતાની ધણીઆણીને કેમ બેજાન કરવાની તજવીજ કીધી તે આપણે જોઇ ગયા છીયે.

મોતીબાગમાં દીનુને લોહીલુવાણ પડેલી જોઇ આ પાપી જોડયાઓએ નકકી જાણ્યું કે તે મરી ગઇ એટલે ત્યાંથી નાઠા. દારૂની ખુમારીમાં અને ખુન કીધાની બીકમાં મેહેરબાન તો એવો ગભરાઇ ગયો હતો કે બીરામ જેમ ચલાવે તેમ ચાલવા સીવાય છુટક રહયો નહી. ખુનની તજવીજ* કીધા પછી રાતો રાત તે લોકે પોતાનો સામાન બાંધી લીધો અને દીલશાદને લોહીલુવાણ પડતી નાખીને મોતીબાગ છોડીને નાહાસી ગયા.

ખોદા માલમ આ પાપી જોડી કયાં જઇને ભરાઇ. ઘણી મુદતે આપણે તેઓને શોલાપુરમાં બેરામશા દલાલ અને તેના નોકરના આકારમાં જોઇ ગયા છીએ. મેહેરબાન જયારે તેહ-

મીનાને ફસાવવાની યુકતી રચતો હતો ત્યારે તે ખરેખર એમજ ધારતો હતો કે તેની બાયડી મરણ પામી છે. ત્યારે જયારે જમવાની ટેબલ ઉપર દીલશાદ અચણુચ ફુટી નીકલી ત્યારે તેના દીલમાં શું ગભરાટ વ્યાપી રહયો હશે તે સમજવું સેહેલ છે. એક વખત એવો હતો કે મેહેરબાન પોતાની પરણેતરને ખરેખર ચાહાતો હતો અને તેણીને મારી નાખ્યા પછી મન સાથ લગાર મુઝાયો હતો, પણ જયારે તેહેમીનાનાં દીવાનખાનામાં દાદીબાને દીલશાદ સાથ ભેળાતો અને પ્યાર કરતો જોયો ત્યારે અદેખાઇનો આતશ ફરીથી નવેસરથી સળગી ઉઠયો. કામ ઉલટું બગડી જતું જણાયું. બધું રંધાઇને તઇયાર થયું હતું એવામાં તે અચણુચ આડી નડી એટલે મેહરબાનની સુગણુધ બધી જતી રહી. શું કરવું તેના અંદેશામાં મેહેરબાન તખલતો હતો એવામાં વળી પાછું બીરામે તેના જખમમાં છુપુ ઝેર રેડવા માંડયું. તેણે મેહેરબાનના મનમાં વાત ઉતારી કે દીલશાદ તેને ધીક્કારતી હતી અને તેનો જીવ પ્રાણ તો બધો દાદીમાં ભરાયો હતો. માટે કાંઇબી કરીને દીલશાદને નકકી કરી નહી નાખે તો જીવ જવાનો સોદો હતો.

ઘણી મસલત કરીને આ નાપાકોએ દીલશાદને આ જંગલ બીઆબાનમાં લાવીને કેદ રાખી હતી. પણ હવે કરવું શું. ઓરડામાં બે ચાર ફેરા ખાઇને આખરે મેહરબાને વળી પાછી વાત કરવા માંડી.

"દીલશાદ, જો મારી વાત ધ્યાનથી સાંભળ. એકબારગી હું તારી વાત સાચ્ચી તરીકે કબુલબી રાખું કે તને દાદી સાથ કાંઇ સંબંધ નથી, તોબી હવે મારી પાસે બીજો ઇલાજ નથી."

" કાંય નહી ? તેહમીના સાથ કીધેલી ગોઠવણ ભાંજી

નાખવીજ જોઇશે. તું આએ દેશમાંથી નીકળી જા અને હું સોગંદ ઉપર કબુલ થાઉંછ કે તમારા લોકૂની છુપી વાત હું કોઇને કહેવશ નહી."

"ને એમ થાય તો તું મારી સાથે આવશે."

"કબુ નહી–માગે જીવ જાય તોબી નહી."

"નહી–તો ઠીક છે–મારૂં બોલેલું તું હજી સમજી નથી. આજ સુધી અમે લોકે અમારા પ્રપંચ ચલાવ્યા અને કાયદાની ચુંગાલમાંથી છટકવા પામયા છીયે પણ હવે તેમ વધુ વાર ચાલે એવું નથી, અમે નહાસતા ભાગતા ફરીએ છીયે. ભુખે મરવાનો વખત આવયો છે એટલે મેં નકી ઠરાવ કીધો છે કે તેહમીના સાથ પરણીને આએ દેશ છોડીને પારીસ કે એવા બીજા મુલકમાં જુદે નામે જઇને વસવું."

"નહી તેમ નહી બને. તારેથી કાયદા પ્રમાણે બીજી ઓરત થાય નહી."

"થાય ને ફર થાય. બેઉકુક ઓરત. આગલી બઇરી હઇયાત છે તેને નાબુદ કરતાં કેટલી વાર. નીચે પેલો ખવીસ છે તેને પેલી ફકત એક આંગળી દેખાડી કે અડધા કલાકમાં બધું પાર. પણ આટલી હદ સુધી જવા અગાઉ સુઝી સમજીને કામ થાય તો બેહેતર."

આ વાર દીલશાદ થરથર ધ્રુજતી હતી. મેહેરબાન શું ઇશારા કરતો હતો તે તે સારી પેઠે સમજતી હતી. તોબી તેણીએ પુછયું "પણ તું કેહેવા શું માગેછ?"

"એટલુંજ કે ગમે તે થાઓ પણ હું આ નવી શાદી" તો કરવાનો. તદન ભુખમરામાંથી બચાવાનો ફકત આ એક ઉપાય છે. તારી ગળચી અમારા હાથમાં છે પણ જો તું સમજુ થઇને અહીંથી કોઇ દુર દેશાવર જુદે નામે રહેવા

કબુલ થાયને અમારી વાત કોઇ આગળ નહી કહેવાના સપત લીએ તો હું એવી ગોઠવણ કરૂં કે તુને પઇસા સંબંધી અગવડ પડે નહી. આએ લફંગા પારસી દાદી સાથ એક આંકડો કાગળ નહી લખવાના તુ શોગંદ ખા નહી તો આએ ઘેરમાંથી જીવતી જવાની આશા મુકજે"

મેહેરબાનની આ નજીસ સુચના સાંભળીને દીલશાદ તો નરી સાવજ જેવી થઇ ગઇ. તે જાને બીકન હતી પણ મેહેરબાનના ઉપલા કોરગા સખુનો સાંભળીને તેની આંખમાં ખુન ચહડી આવ્યું. તેણીએ વીચાર કીધો કે આવી પાપી શરતો કબુલ રાખવા કરતાં મરવુ ભલું. હીમતથી મહેરબાનની સામે ખડી રહી તે બોલી,

"નહી—એક હજાર વાર નહી—જા તારેથી થાય તે કરી લે. તું છેક આવી નીચી હાલતે પહોંચ્યો છે તે માટે હું તારા ઉપર થુકું છું. પણ યાદ રાખજે કે મને જો કંઇ થયુ છ તો તમે લોક બચવાના નથી. મને આવાહીજ થઇ હતી અને મેં તેનો પુરેપુરો બંદોબસ્ત રાખ્યો છે, મારો જીવ જશે પણ સાથે તમે લોકબી ફાંસીએ લટકશો. ઓ ગુનેગાર, શું એક નીરદોશ છોકરાના લુટેલા પઇસામાંથી મને ખવાડીને તું હજુ મુને ઓળખતો નથી. તુંને તારો પાપી દોસત બીરામ ઘણું તો માગે જીવ લેશે પણ તું તેહનાના સાથ પરણવા પામનાર નથી."

દીલશાદનો ઉઠાવેલો હાથ, તેણીના ચળકતા ડોળા અને ગુસ્સાભરમાં નખરાબાજ બોલવાથી મહેરબાન જરા ગુગળાયો ખરો.

"દીલશાદ, જરા ધીરી પડ. આય કંઇ નાટકશાળા નથી. તું વીચાર કરતી નથી કે હું એમ નહી કરૂં તો ખ ઉં કોણને ?"

"કડ તારા હાથ પગને. ભીખ માંગ, રશતાનો કચરો કહાડ પણ આંય પાપ કરવાથી હાથ ઉઠાવ. તું શીખેલો છે ને ચાહે તો આબરૂ દરકારથી પેટ ભરતું કમાઇ શકે."

"છટ—છટ—આજ સુધી મેં કાંઇ મેહેનત મજુરી કીધી નથી ને હવે મારા હાથ ચાલે નહી. આએ આઇતો લુમકો મળેછ તે છોડી દેઉં એવો હું મુરખ નથી. આએ મારૂં છેહલુંજ પાપ છે. મેં મારી આફર તુને કીધીછ તે તું કબુલ રાખશે તો બધું સમાધાન થશે. યાદ રાખજે કે આએ વેરાનમાં તુને બચાવનાર કોઇ બીજો દાદ્રી હાજર નથી."

"જેમ ખોદાનો હુકમ. તું મારો જીવ લેશે પણ મારી ઇજત તો સચવાશે. આવાં લીઆનતી કામમાં સામેલ થવા કરતાં હું મોત વધારે પસંદ કરૂંછ."

"ઠીક છે—જોઇશું—હવે મારે માથે જોખમ નથી." આટલા શબ્દો બોલી મેહરબાન ગુસ્સાભેર બહાર પડયો અને બહારથી બારણાને સાંકળ લગાડી.

પ્રકરણ ૩૮ મું.

આ પ્રમાણે એક જગાએ નાટક ચાલી રહયો છે ત્યારે તેહેમીના બાનુ શું કામમાં રોકાયાં છે તે તરફ નજર પુગાડએ. તેવણ સાડીની ધામધુમમાં પડયાં છે. સહવારની સાડી જુદી, લગન ક્રીયા વખતની સાડી અને પોષાકો જુદા વગેરે તઇયાર કરાવવામાં તેવણનું ભેજું ખસી ગયું છે. લગનમાં કોણ કોણ ને તેડવા તેની ટીપ તઇયાર કરતાં દહાડાના દહાડા નીકળી ચાલ્યા છે. તેહમીનાની મોટી ઉમેદ એ હતી કે જેમ બને તેમ મોટે ઘરના લોકને ભેગાં કરીને બેહેરામશાના ઉમરાવ

પરોણાઓને બતાવવું કે હું બી કંઇ છેક નાખી દેવા જેવી નથી.

પણ આ સઘળી ધધુખ્ખર બેહેરામશાને ગમતી હતી કે? જરાબી નહી. તેવણે ઘણીવાર તેહેમીનાને ઇસારા કરયા કે આ બધી દોડાદોડીની કશી જરૂર ન હતી.

"કાંય નહી" તેહમીના લગાર ખફા થઇને બોલી. "લગન કંઇ ઘડી ઘડી આવેછ કે? મારા કીઆં સાત પાંચ લગન થવાનાં છે. ખોદાએ મને પઇસા ને રૂપ આપયુંછ તો હું કાંય નહી મઝા કરી લેઉં."

"તે ખરી વાત છે દીકરા, પણ તારી બધી હીલચાલ તો એવી જણાય છે કે તું મારી સાથ પરણવાના હરખ કરતાં લગનની ધામધુમની હરખમાં વધારે છે." બેહેરામશાહે આ પ્રમાણે ઉભરો કહાડયો ખરો પણ ઘણી સંભાળથી કહાડયો હતો કારણ કે તેહમીના મીજાજની આકરી હતી તે તેવણ જાણુતા હતા.

"વરી હરખ તો ખરોજ તો. હું મારી જીંદગી ફેરવી નાંખવાની છેઉં ને મોટા વર સાથ પરણવાની છેઉં તે ગામનું લોક જોય નહી તો પછી કામનું શું. મારી પાંચસો રૂપીઆની સાડી તમુને એકલાને દેખાડીને શું કરૂં?

"ઠીક બા, જેમ તારી મરજી" પણ હવે તો બધું સમાપત થાય ને આપરે પારીસ ભણી ઉપડી જઇએ તે દહાડાની હું કાગને ડોળે વાર જોઉંછ."

"તે દહારોબી પોતાની મેળે ચાલી ચલાવીને આવશે પણ બેહેરામશાહ, તમારા દોસત સરદાર નીઝામુદીનને લખયું કે? તેવણ કે દહાડે આવી પુગશે?"

"ફકર ના કર. બધું બરાબર થશે."

"અરે હાંજો—એક વાત તમુને પુછતાં ભુલી ગેઇ. માર માયબાપ આગળ હોતે તો મને કશી ખટપટ કરવી નહી પડતે, પણ હવે તો બધું મનેજ ધ્યાન રાખવું પડેછ."

"તે શું છે, મારી જાન?"

"લગન તો નજદીક આયાં ને હજુર તમે મારા પઇસાનું ત્રસ્ટ કરવાનું કંઇ કીધુ નથી, કેમ?"

બેહેરામશાહની છાતીમાં તીર લાગો હોય તેમ તેવણ લાકડાં જેવ્રા થઇ ગયા. પણ જીવ સાવધ રાખી બોલ્યા.

"ત્રસ્ટ? તેનું શું કામ છે? તારી પાશે દોલત છે ને મારી પાસબી દોલત છે, એટલે નકામી એ ખટપટ શું કામ જોઇયે."

"કોણ જાણે બા. કાલ કેવી છે. આજે કોઇની જીંદગીનો ભરૂસો નથી. ખોદા ન કરે ને તમને કશું કાંઇ થયું તો તમારાં સગાંવહાલાં ઉભરી નીકળે ને મને હેરાન કરે તો?"

"પણ તું કરવા શું માગેછ?"

"મારો એક ખરો ખેરખાહ જાંહાંગીર દેશાઇ નામે છે. તે હાલમાં ઘણો હુશીયાર છે. એક વખત એવો હતો કે અમે પરણીબી બેઠાં હોતે. પણ હવે તો તે બધું હવામાં ઉડી ગીયું. તોબી મારો પડેલો બોલ ઉંચકી લે તેવો છે. મારો વીચાર એવો છે કે તેને તેરાવીને બધું કામ સોંપું. તે મારા પઇસાનું ત્રસ્ટ કરાવી આપશે કે જેથી મારી દોલતની હું એકલી માલેકને તમારા પઇસાના તમે માલેક. એકબીજાના પઇસા ઉપર તમારો કે મારો હક નહી."

"મારી ડીઅર તેહમીના. તારા આ સખુન સાંભળીને ખરેખર દલગીર છેઉં. જો તારા દીલમા આવો અવીશ્વાશ હોય ને તું મને એવો પઇસાનો લાલચુ સમજતી હોય તો

બેહેતર છે કે આપરે હમણાથીજ બંધું માડી વાળીએ મારી અથાગ દોલત ને વાડી વજીફા બધા તારે સારૂંજ છે. પણ તું એમ પારકાને આપરાં કાંમમાં માથું મારવા બોલાવે તે મને બીલકુલ પસંદ નથી,"

તેહમીના હવે ગભરાઇ. તે જરા અચકાને બોલી એમ છેરાઇ શું પરોછ. હું તો દુનીયાદારીની વાત કરૂંછ પણ—

"દીકરા મારી ઉપર ભરૂસો રાખ. જો તુંને જરાબી વહેમ હોય તો તુંને હમણાંથીજ છુટી મુકવાને હું તઇયાર છું. દીલમાં દગો નહી જોઇયે. લગનની ગાંઠ પવીત્ર છે. આપણે જોડાયાં કે પછી તારૂં શું ને મારૂં શું. મારા પઇસા ગમે તેમ વાપડવાની તુંને છુટ છે. હું મારી પોતાનીજ દોલત પુરી પાધરી વાપરી નહી શકતો તો તારા રૂપીઆને શું કરડવાનો હતો? શું તું એમ સમજે છે, કે તારી પાંચ સાત લાખ રૂપરડી ઉપર હું નજરથી ફેંકવાનો છેઉ ? નહી—નહી પ્યારા—હું તો તારી મોહબતનો ભુખો છેઉં. આટલી મુદત થઇ તોબી તું હજુ જોઇ શકી નહી?"

તેહમીનાનું મોહ હવે પાછું ખુલી ગયું.

બેહેરામશાએ વળી પાછી પોતાની શેહતાનગીરી ચલાવી. જો ડારલીંગ, આજ સુધી મેં તુંને કહયું નહી. તારી સાથ આદરયાની ખબર મારાં મોટાં કુટુંબને પડી તારે તે લોકોએ તારાં કુટુંબની મુંબઇમાં ખબર કહડાવી. જયારે તે લોકોએ જાણયું કે તારા બાપ તો એક સાધારણ ગરીબ માણસ છે તારે મારાં કુટુંબીઓ ઘણાં નાખુશ થયાં, પણ હું એકથા બીજો થયો નહી કાંય જે હું જાણુતો હતો કે જયારે તે લોક તુંને ઓળખશે તારે પોતાની ભુલ જોશે. હવે તું જોશે કે હું કેવો એક સખુનનો માણસ છેઉ. તારી એક પઇને આંગળી

લગાડવાની મારી મરજી નથી. તેમજ જરૂરબી નથી. હજુ જોઇયે તો બીજા પાંચ સાત લાખ રૂપીઆ મારી પાસેથી માંગી લે."

આમ તડાકા હાંકીને બેહેરામશાહએ ભોળી તેહમીનાને સમજાવી લીધી અને તુરત વેળા તો આ ઉંચા મકાઇ બાહુનો છેડો આવ્યો.

પ્રકરણ ૩૯ મું.

ગરીબ બીચારો દાદી. એણીમેર તેહેમીના પોતાની શાજવારીંની ધામધુમમાં પડેલી છે તે વારે દાદી ખોવાયલી ખોરશેદની શોધમાં પોતાનો જીવ પટકી નાખે છે. વળી દુઃખ ઉપર ડામ તે એને કહીએ. દાદી પામી ગયો હતો કે તેના ખેરખાહ કુંવરબાઇબી હવે તેહમીનાનાં મતને મળતાં થઇ એમજ ધારતાં હતાં કે ખોરશેદ બધાને ઉલથાપ આપીને પોતાના ધણીને પાછી જઇ મળી હોવીજ જોઇયે. સાચા બોલુ તેહમીના તો એથીબી આગળ વધીને એમ ધારતી હતી કે જાંહાં છે તાંહાં ખોરશેદને કોઇ સધ્ધર બીલ્લુ હાથ લાગો છે અને તેની સાથે નહાસી જઇને પરણી બેઠી છે. પણ સબબ એ હતો કે ખોરશેદના આગલા ઇતીહાસથી તેહમીના અંજાણી હતી. અને કુંવરબાઇ બધું જાણતાં હતાં એટલે તેવણે તો પકકો ગાંઠ વાળયો કે કોઇબી રવેશે આ જોડું પાછું માંત્રાઇ કરીને મળી ગયું છે અને પોતાના કોઇ ગુપત કારણને લીધે મેહેરબાન પોતાની ધણીઆણીને લઇને છુપાઇ બેઠો છે.

જયારેબી આ ખ્યાલ દાદી આગળ રજુ કરવામાં આવે ત્યારે તે બહુ કમકમતો અને તે માનવાને સાફ ના પાડતો.

કારણ, કારણ એજ કે પોતાના ધણીનું નામ સાંભળતાંજ ખોરશેદ કેવાં ગળાં તાણુ હતો તે દાદીએ પોતાની નજરે નજર જોયું હતું અને મહેરબાનથી દુર નાહાસવાને તેણીએ શું શું ખમ્યું હતું તે તે સારી રવેશે જાણતો હતો. દીનુના બાપ નવાબ દારાબજંગના ઉપર તો દાદીએ પુરોજ મુકયો હતો. પણ એક દહાડે તેની અજાયબીનો શો પાર. ટપાલમાં નવાબ સાહેબનો કાગળ આવયો તેમાં દાદીભાઇને અરજ કીધી હતી કે એકાદ બે દહાડામાં જરૂર બા જરૂર નવાબ સાહેબને સીકંદરાબાદ ખાતે મળી જવાની મેહેરબાની કરવી.

દાદીને પણ તેવુંજ જોઇતું હતું. જેવું ટપાલમાંથી કાગળ મળયું કે ઝટાક મારીને તે ઉઠયો અને ટાઇમ ટેબલમાં જોતાં જણાયું કે બીજાએક કલાકમાં એક પાસીન્જરટરેન સોલાપુરમાથી પસાર થઇ જનાર હતી. કોઇને કહેવા કાવ્યા વગર એક નાહનાં હેંડબેગમાં બે સદરા, બે મોજાં, ટુવાલ, સાબુ બરસ વગેરે ઝપાઝપ નાખી લઇને સ્ટેશન ઉપર દોડયો અને સાંજના ૬॥ વાગતે સીકનદરાબાદ પહોંચતાને વાર ટાંગો કરીને નવાબ સાહેબની હવેલી ઉપર જઇ પુગયો. અલબતે નવાબ સાહેબ ઘરમાંજ હતા તેવણે દાદીબાને ઇજતથી આવકાર દીધો.

"આવો દાદીશેઠ, આવો બા, બેશો, કેમ છો, ખેરીયત તો છે—મારો કાગળ મળયો હતો કે સાહેબ ?"

"હાજી"

"મને ઘણું દુ:ખ થાયછ પણ પુછવાની રજા લેઉંછ કે જે કામને સારૂ તમે છેલ્લા મારી સલાહ લેવા આવ્યા હતા તેનું કાંઇ પરીણામ આયું ?"

"નહી સાહેબ, જરાબી નહી. તમારા આગળ વાત શું કામ છુપાવું ? મારાં દીલમાં ભરાંતી છે કે આવ દેડુ સ-

સમાચાર સારા નથી."

નવાબ દારાબજંગ ઉઠયા, બારી આગળ ગયા, ટોપી દાબીને પેહેરી અને જાણે અકરવકર કરતાં હોય તેમ ઓરડામાં એક બે ફેરા ખાઇને પાછા ખુરસી ઉપર બેઠા.

"તમને કંઇ ખબર નથી મળી પણ હું—હું—મને કંઇક બાતમી મળીછ દાદીબા."

"હેં?" કરી દાદી ઝબકીને ઉઠયો.

"નહી–નહી–તમે મારૂં સમજયા નહી. પેલી નાદાન કમભાગયની છોકરીના કંઇ સમાચાર નથી પણ પેલા ધણીના સંબંધમાં છે."

"કોણ? પેલો મહેરબાન?"

"દાદીબા, હું આશા રાખુંછ કે મારાં કુટુંબની ઇજત ને થકી તમે જે કાંઇ કરો તે ઘણું વીચારીને કરશો."

"બેશક–બેશક–નવાબ સાહેબ."

"તારે મારૂં મત એવું છે કે આપરાં મોટાં નામની હોરમતને ખાતર દીનુના સંબંધમાં બધી શોધખોળ હવે અટકાવી જોઇયે. મને ચોકસ માનવાને કારણ છે કે એ પાછી ઉપલા કંગાળ શખસને જઈ મળીછ."

"સાહેબ તમે શું બોલોછ? હું કબી માનું નહી."

"હા પેહલી નજરે નહી મનાય એવુંજ છે. પણ તે તે શોલાપુરમાં એક ઘણાંજ લાયકીવાલાં બાનુના આશરામાં રહેલી હતી ત્યાંથી એક અંજાણા શખસ સાથ ચાલી ગઇ. એ હું ચોકસ જાણુંછ. બીજું મને ઘણી સતાવાર ખબર મલીછ કે પેલો ચંડાલ મેહરબાન કેથે છુપાઇ બેઠેલો છે અને દીનુ હમણા તેની સાથે છે."

"પણ માફ કરજો સાહેબ, આ પ્રમાણે માનવાને તમારી પાસે કારણો શું છે?"

"ભલા માણુસ, શેહેર ઘેરમાં મોટી પદવીઓ ભોગવીએછ અને માનપાન ખાઇએછ તો એટલીબી ખબર નહી રાખીએ તો પછી અમારો વગવસીલો કામનો શું ? જોની બા, જયારે આએ કમબખ્ત શાદી થઇ તારે એ ધણી મેહરબાન કોણ છે અને એનું ખાનદાન શું છે તેની મેં ખાનગી બાતમી કહરાવી હતી તો મને જણાયું કે એ તો છેકજ રદબાતલ શખસ છે. મને કહેતાંબી શરમ લાગેછ કે એના કાળાં ધોળાં તો એવાં છે કે જો સરકારના હાથમાં આવે તો બતંબે જવા સોવાય છુટકો રહે નહી. એ મદ્રાસની કોલેજમાં શીખતો હતો ત્યાંબી એને હરધુત કરીને કહાડી મુકયો ત્યારથી એ લોકને ઠગવાનો, ખોટી સહી કરવાનો, ખોટા વીલ કરવાનો ધંધો લઇ બેઠો હતો. એ બધું જયારે મેં જાણયું ત્યારે મેં આશા મુકી ને જયારે એ લોકોએ મને આજુજી કરી ને માફ કરવાનાં કાગલ લખ્યા ત્યારે મેં તે એમનાએમ પાછા મોકલ્યાં."

"વાજબી કીધું સાહેબ—પણ હમણા તમે નવું શું સાંભળ્યું ?"

"તોબાહ, તોબાહ, તમે આવી ગયા પછી મેં મારા છુપા જાસુસને પાછો કામે લગાડીઓ ને વધારે ખબર મેળવી તે ખબર લાયોછ તે એવી તો ભયંકર છે કે હવે શું કરવું તેના ભારી અંદેશામાં હું છેઉં. કહેજે એણે ખોટી નોટો બનાવવાની એક ટોળી ઉભી કીધીછ અને લાખ બે લાખની પાંચ પાંચ દશ દશ રૂપીઆવાળી નોટો અંજાણયાં શેહેરોમાં બજારોમાં વેચતો ફરેછ. નીઝામી પોલીસને હમણાજ ખબર પડીછ કે બે મહીનાની વાત ઉપર લગભગ ચાળીસ હજાર

રૂપીઆની ખોટી નોટો બજારમાં ફરતી થયલી છે. આ નોટો એવી સરસ કારીગીરીથી બનાવેલી છે કે કોઇ સાધારણ આંખે પારખી શકે નહી. ખોળ કરતાં કરતાં આએ ખોટી નોટો બનાવનારાઓ કોણ છે તેનો પતો મળયોછ. કહેજે તે લોક મેહેમમાં મોતીબાગ કરીને બંગલો છે તેમાં રહેતા હતા અને ત્યાં રાતની વખત આ ખોટી નોટો બનાવતા હતા. આ નોટો બજારમાં ફેલાવવા સારૂ કોઇ ઇસ્કી હેદરાબાદી અવારનવાર આવતો હતો અને ખુબ છકકાં ઉડાવતો હતો બધી નીશાનીઓ ઉપરથી આએ ધણી મહેરબાન ઉપર વહેમ ગયો અને તેને પકડવાને વારંટ જાય તેટલાં તો પોતાના સાથીની સાથે છટકી ગયો. મારી કમબખત છોકરી ત્યારે જડતી નથી તેનું કારણ સમજયા કેની?

"નહી–જરાબી નહી. આએ ધણી ચોર દગાબાજ દસ-તાવેજ બનાવનાર, વગેરે તેની બહેરીએ મને કહયું કે તે લોકની છુપી વાત તે જાણતી હતી તે લીધે તો તે લોક તેણીનો જીવ લેવા માગતા હતા પણ તેથી તેમા ગેબ શું કામ થઇ જાય?"

નવાબ સાહેબ હજી સમજયો નહી. "અરે બાવા, તું હજું બચું છે. ઓરત જાતનાં ચરીત્ર તું હજું સમજતો નથી. ગમે એવો ભુંડો છાકટો, ધણી હશે, તે પોતાની ઓરતને લોહીલુવાન મારશે, ઝોકશે પણ તોબી તે ઓરત તેને વળગી રહેશે. એવો કુદરતનો અજબ નીયમ છે. આએ અહીરીમન મેહેરબાન છુપાતો ભરાતો ફરેછ પણ કોઇ રવેશે તેણે મારી કમબખત છોકરીની છુપાવાની જગા શોધી કહાડી અને તેને મીઠા બોલોથી પાછી સમજાવી લીધી એમ મારી ખાત્રી છે. તે આખરે તેની આગળ દોડી જઇને ભરાછે,

વાસ્તે હવે કંઈપણ મેહેનત કીધામાં સાર નથી. હું તારી પાસે માગી લેઉછ કે હવે એ વાત પડતી નાખવી."

દાદી મન સાથ ઘણો જળગે પણ એકથી બીજો થયો નહી, "નવાબ સાહેબ, ગમે તેમ હોય પણ આએ નાચાર છોકરીને આવી હાલતમાં સબડતી નાખવી એ હું એક અજીમ ગુનાહ સમજુંછ."

"નહી, હું તમારાં મતને મળતો થતો નથી નાચાર છોકરીએ આ નાચારી પોતાના સરપર પોતાને હાથે આણી છે. તમે તેનો ને તેનોજ ખ્યાલ કરોછ પણ મારો વીચાર કરતા નથી. મારી બીજી ગુલાબ જેવી બે બેટીઓનાં નામને અને ભવીશ્યને કેટલું નુકશાન થાય તેની તો તમે ગણત્રી કરતાજ નથી. આએ શરમભરેલી હકીકત બહાર આવે તો મારાં કુટુંબની ઇજત કેવી પાયમાલ થાય તેનો હીસાબ તમે કરતા નથી. મારી એક બેટીની શાદી મોટે ખાંચરે થવાની છે અને એ વાત જો મારાં વન વેહેવાઇમાં જણાય તો શું પરીણામ આવે તે ખ્યાલથીજ હું ડરૂંછ. એટલા વાસતે એક ગ્રહસ્થ તરીકે તમને અરજ કરૂંછ કે હવે આ વાત ઉપર સદાનું ઢાંકણું ઢાંકવું જોઇએ."

દાદીબા હવે ઉઠયો. "નહી સાહેબ, મારેથી તેમ બનશે નહી તમારી છોકરી પેલા ધણીને રાજીખુશીથી જઇ મળીછ એમ માનવાને હું ના પાડુંછ. હું એકજ વાતની જમાનત આપુંછ કે આએ શોધખોળ હું ચલાવીશ તેમાં તમારાં કુટુંબનું નામ નીશાન બહાર નહી આવે તેની હું સભાળ રાખીશ તમારી બીજી બેટીઓનાં નાંમને ખાતર તમે ડરોછ તે હું સમજી શકુંછ અને તે વાત હું ધ્યાનમાં રાખશ.

નવાબ દારાબજંગ આ જવાબથી ઘણા નારાજ થયલા જણાયા. આ જવાન પારસી આવી હઠ કરે તે તેવણના ધયાનમાં જરા ઉતરયું નહી. તેવણ જેવા મોટા માણસ આવી રીતે એક જવાનને પટાવી લેવાને મેહેનત કરે અને તે જવાન પુરૂષ માને નહી. વાહ! એટલી બધી સરકસી. નવાબ સાહેબ ગમે એટલા સ્ટુપીડ હશે પણ તેવણ દાદીબાના ચેહેરા ઉપરથી એટલું તો સમજી ગયા કે તેવણની આ નવાબગીરી આ મકકમ વીચારના જવાન આગળ ચાલવાની નથી. અતરે મુલાકાત તમામ થઇ અને દાદી રંજીદા જીવે પાછો સોલાપુર ગયો. તેણે નવાબ સાહેબે કહેલી બાતમીનો હેવાલ કુંવરબાઈ આગળ કહેવાના અખાડા કરયા. કુંવરબાઇ તો નકકી મત બાંધી બેઠાં હતાં કે ખોરશેદ પાણી પોતાના પતી આગળજ ગઇ છે. તેમાં વળી નવાબની વાતથી ટેકો મળે તે દાદીને ગળે ઉતરે નહી. દાદી બડો હઠીલો હતો પણ આઠ દહાડામાં નવી બાતમી એવી મળી કે જેથી તેની અસલ અટકળ ખરી પડી. એક સાંજના તે વાડીમાં ફરતો હતો એવામાં ડીટેકટીવ ખાતાનાં પોલીસ ઇનસપેકટર શારલ તરફની નીચલી ચીઠી આવી.

"શેઠજી—મને હમણાજ એક ઇનસપેકટર તરફથી તાર મળયોછે. તે જણાવેછે કે ગુમ થયલી બાઇનો કંઇ પતો મળયો છે. બને તેમ મને જલદીથી મળજો વખત ખોવામાં જોખમ છે.

લા૦ સેવક,

થામસ ડી૦ શારલ૦

—०—

પ્રકરણ ૪૦ મું.

આ ચીઠી મળવા પછી દાદી એક પળભી થોભે તેણે સુપ્રીનટેનડંટ શારલને પાછો તાર કરયો કે હું સાંજની ગાડીમાં ગુલબર્ગા આવી પુગીશ અને ત્યાં આપણે રીફ્રેશમેંટ રૂમમાં વાત કરીશું. રાતના અગીઆર વાગે તેઓ બંને રેલવે સટેશન ઉપર મળયા. અતરે જણાવવું જોઇયે કે જે કોઇ ધણી એક ખુબસુરત વીધવાના લેબાશમાં સજેલી બાઇનો પતો મેળવી આપે તેને રૂ. ૨૦૦૦ નું ઇનામ આપવાનું દાદીબાએ જાહેરનામું કહાડયું હતું. આ જાહેરનામામાં વીગત આપી હતી કે આ બાઇ ઉંચી, ઘણી ગોરી, નાજુક દેખાવની બલુ આંખવાળી, સોનેરી બાલવાળી અને શાંત દેખાવની છે.

મી૦ શારલે આ છાપેલું હેંડબીલ કહાડીને ટેબલ ઉપર મુકયું અને બોલ્યો "મી૦ દાદી, આ માંહેનાં થોડાં હેંડબીલો મેં ગામેગામ વહેંચ્યાં હતાં. તે બધાંનું પરીણામ એ આવ્યું છે કે અહીંથી ત્રીસ મઇલ ઉપર વીગોરલા છે ત્યાંની પોલીસ પોતાને કાંઇ બાતમી મળેલી જણાવે છે."

"પણ તે શું ?"

"પોલીસવાળા જણાવેછે કે આજે આઠ દહાડાની વાત પર એટલે જે વખતે, એક પુરૂશ વીગોરલા આવ્યો હતો. ત્યાં ઘણી વસ્તી નથી પણ કસ્ટમ ખાતાંની ચોકીઓ ઘણી છે. મને ખબર મળવા મુજબ દરીઆ કીનારે એક પડત પડેલું નાહાનું ઘર છે. તેમાં અસલ એક પઠાણ રહેતો હતો. આને લોક માનતા હતાં કે તે ચોરીનો માલ લેનાર હતો. પોલીસે તેના ઉપર ખુબ જાપતો રાખવાથી તે ઘણાં વરસ

થયાં એ ગામ છોડીને પોતાની એક છોકરીને લઇને જતો રહયો હતો. તે વાતને ચાર વરસ થયાં. પણ હમણા આઠ દહાડાની વાતપર એક પુરૂશ આવ્યો ને આએ પડત પડેલું ઘેર ભાડે રાખ્યું."

"ઓહો! આએ માણુસની કાંઇ નીશાન મળીછ કે?"

"હા-તેણે ખ્રીસ્તી કપડાં પહેરેલાં હતાં પણ હીંદુસ્તાની ઘણી સફા બોલતો હતો અને દેખાવે પંજાબી જેવો હતો."

"દાદી ચમકયો."

"કેમ તમારી કંઇ ઓળખાણમાં આવતો દેખાયછ. આ ઘણીએ આએ ઘેર ૭ મહીનાની મુદતને સારૂં ભાડે રાખ્યુંછ. તેણે ખબર આપી કે ઘરના અસલ માલેક પન્નુ લાલુની છોકરી ઝેરા સાથ તે પરણ્યો હતો અને ઘણી મુદતે ઝેરાને પોતાનું બાપીકું ઘર જોવાની ઇચ્છા થવાથી તે લોક અહીં આવનાર હતાં. કહેજે એક બીજી બાઇ જે જરા દીવાની હતી તેને શાંત રાખવાને ડાકટરોએ તાકીદ કીધાથી તે બાઇને પણ અતરે લાવવાની હતી."

"ઓ, મી૰ શાર્લ-એજ એજ ખોરશેદ-ચાલો આપરે અબવડી તાંહાં જઇએ. એ બચારી ઉપર કોણ જાણે શું જફા પડતી હશે."

"જડા થોભો સાહેબ-મારી વાત સાંભળી લેવો પછી આપરે નકી ઠરાવ ઉપર આવીશું. ઉતાવળની જરૂર નથી કેમ જે મારી ખબર પ્રમાણે તે લોક હમણા હવે તાંહાં નથી-નાહાસી ગીયાંછ."

"ઓએ!"

"નાશીપાસ ના થાવો. હજી આપરે કંઇ કરી શકીશું. કહેજે આએ પંજાબીએ એક મહીનાનું ભાડું આગપર આપ્યું

ને થોડો ઘણો સામાન મોકલી આપ્યો. તેણે ઘરના નવા ઘ-રવાળાને ખબર આપી કે અસલ પઠાણ—માલેક લાલુ તો મરણ પામ્યો છે. ઘેરમાં સામાન ગોઠવીને આએ પંજાબી ગયા પછી ત્રીજે દીને પાછો આવ્યો. તે વારે તેની સાથ બે બાનુંઓ હતી. તેમાંની એકને તો ઘરવાળાએ તુરત ઓળખી કે ઘરડા લાલુની છોકરી ઝોરા હતી. બીજી બાઇએ કાળાં શીઘવાનાં ક-પડાં પહેરેલાં હતાં અને આંગ ઉપર મોટો ઓવરકોટ નાખેલો હતો. તે ઘણી નબળી દેખાતી હતી અને જેમ તેમ ચાલી શકતી હતી. કહેજે પેલાં બે જણે મળીને આ બાઇને ઉપા-ડીને એક ભાડેના એક્કામાં બેસાડી અને આ દરીયા કીના-રાના એકાંત ઘરમાં લઇ આવ્યા. કેમ, કાંઇ શીગત મળતી આવેછ કે?"

"બસ, બસ, મને હવે કશો શક નથી. ખોરશેદને એ લોક જબરદસ્તીથી એંચી લઇ ગયા હોવા જોઇએ. હું તો પહેલાંથી એમ કહતો આવ્યો હતો. બચારીને કોણ જાણે કેમ એફામ કીધી હશે. પણ હમણા એ લોક કાંહાં છે?"

"ખોદા માલમ હમણા વાગોરલામાં તો નથીજ. પેલી પંજાબન જે એ ખોરશેદબાઇ સાથ આવી હતી તે તો ઝોરા હતી એમ ગામના લોક સારી પેઠે જાણે છે કેમ જે તે લો-કોએ તેણીને તુરત ઓલગી કહાડી. તે બજારમાં ઇંડા વગેરે લેવા જતી અને પોતે પેલા ખબીસ પંજાબીની બઇરી છે એમ કહેતી હતી. ઘણા દહાડા સુધી આ પ્રમાણે ચાલ્યું પણ પછી તે લોક અચણુચ ગેબ થઇ ગયાં. ઝોરા બજારમાં આ-વતી બંધ થઇ અને પંજાબી પણ બ્રાંડી વગેરે ખરીદવા આ-વતો જાતો હતો તેબી આવતો બંધ થયો. ઘરવાળો બીજા મહી-નાનું ભાડું વસુલ કરવા ગયો તો ઘર ખાલી હતું. તે લોક

કાહારે અને કેમ નીકળી ગયાં તે જણાયું નહી પણ એમ કહે છે કે એક બતેલો કીનારે રખડયા કરતો હતો તેમાં એ લોક રાતોવાઇ નીકળી ગયાં હશે. કસટમના ચોકીદારો માહેનો એક ઘણો ચબરાક પોરીઓ છે તેને કાંઇ શક આવયો કારણકે તેણે તમારૂં ઇનામવાળું હેંડબીલ વાંચ્યું હતું. તે એક દહાડે ખાલી ઘરમાં ગયો ને ત્યાં એક રૂમાલ પડેલો જોયો તે ઉપર લાલ દોરાથી "દી" અક્ષર પાડેલો હતો. તેણે પોલીસને ખબર આપી અને અમે સઘળા દોડી ગયા પણ ત્યાર પછી બીજું કાંઇ જણાયું નથી.

"ઓ મી૦ શારલ, જરૂર, જરૂર એ કેદ પડેલી બાઇ ખોરશેદ બાનુજ હતી એમાં જરાબી ફેર નહી. હવે આપરે ત્યાં તુરત ઉપડી જવું જોઇએ. મને ડર લાગેછે કે આ બાઇ ઉપરની જફાનો અહીંજ છેડો આવ્યો નથી પણ હજી વધારે ભયંકર સાંભળવાનું આપણી સરજતમાં છે."

"દાદી શેઠ, તમારાં મનમાંથી શું પસાર થાયછે તે હું સમજુછ. તમને ભય છે કે આ બાઇ કદાચ હવે જીવતી નહીબી હોય. આ જગા એવી એકાંત છે કે તેમ બનવા જોગ છે. પણ આપણે આશા છોડવી નહી જોઇયે. જુઓ આપણુને પહેલી ટ્રેન રાતના અગીઆર વાગતે મળશે. આપણે સવારના તો ત્યાં પુગી જઇશું પછી જોઇયે શું બનેછે."

આ પ્રમાણે ગોઠવણ કરી દાદીબા અને શાર્લ રાતની ટરેનમાં ઉપડી ગયા. દાદી તો જાણે અરધો દીવાના જેવો થઇ ગયો હતો. તેને સવપનામાં ખોરશેદ આવી હતી અને તેની ચીચારી સાંભળી હતી તે વીચારથી તેની છાતીમાં હથોડા ઠોકાયા કરતા હતા. જેમ તેમ સહવાર પડી અને તે લોક વીંગોરલા આવી પુગયા અને એક ભાડેની ગાડી કરી

પેલાં ખાલી ઘર આગળ જવા નીકળી પડયાં પહેલાં તે લોકે સ્ટેશન ઉપર ખબર કહાડી. સ્ટેશન માસતરે ઉપલાં ત્રણ જ. ણને આવતાં સરબંસર જોયાં હતાં. તેના કહેવા પ્રમાણે વીબવા બાઇ ઘણી બીમાર દીસતી હતા અને જેમ તેમ ઉભી રહી શકતી હતી. સટેશન માસતરે પુછતાં પેલા પંજાબીએ જણાવ્યું હતું કે બાઇનું માથું ખસી ગયલું છે.

સ્ટેશન પરથી મી૦ શારલ અને દાદીબા પોલીસ થાણા ઉપર ગયા. તયાંના ઇનસપેકટરે ખુશીથી સઘલી હકીકત કહી સંભળાવી. પેલો "દી" અક્ષર વાળો રૂમાલ દાદીના હાથમાં મુકયો જે જોઇ તેની આખમાં આસુનાં ઝલઝલીઆ ભરાઇ આવયાં. આ રૂમાલ દીનૂનોજ છે એમ તેણે તુરત ઓળખ્યો. ત્યાંથી તેઓ ઘરના ધણીને ઘર ગયા અને તેને લઇને પેલાં એકાંત ઘર આગળ ગયા. આસપાસ એક ચલીઆં ગીબી વસતી ન હતી. ઘર નાહાનું હતું. માળપર એક ઓરડો ફકત હતો. માળપરના ઓરડામાં એક ખાટલી માત્ર નાખેલી હતી. દાદી એકદમ ધસયોને આ ઓરડામાં પેઠો કારણ કે તેને તુરત લાગ્યુ કે કમબખત ખોરશેદે આએ ઓરડામાંજ પોતાના દલીદર દહાડા કહાડયા હશે. એકાદ બે ભાંગેલાં પ્યાલાં, એક હાથા વગરનો કુંજો અને બે ત્રણ જુંની ખરડેલી રકાબીઓ પડેલી હતી. ફકત એક ગોખલામાં બાંડાની અડધી ભરેલી બાટલી પડેલી હતી જે ઉપર ઘરવાળાનો ડોળો ખોભ્યો હતો. બાટલી ઉપર એક. ફાટો તુટો તકીઓ પડેલો હતો જે ઉપરથી જણાતું હતું કે તે લોક ઘણા ઉતાવળમાં નીકળી ગયલાં હોવાં જોઇયે. દમ ઉંચો રાખીને દાદીએ સઘળું તપાસવા માંડયું કે જોઇયે ખોરશેદની કાંઇબી ઇધાણી નીશાની મળે છે. એક ખુણામાં એક ભાગેલો નીખયો પડેલો હતો તે ઉપર

થોડાક સોનેરી બાલ હજુ વળગેલા હતા. મી૰ શારલે આ આ નીખયો પોતાના સવાધીનમાં લીધો કેમજે તેના મત પ્રમાણે આ એક ઘણી અગતયની જબાની હતી, પણ સબર દાદી એકાએક ચમકયો કેમ?

દાદીએ બેધ્યાન પેલો ભાગેલો કુંજો ઉંચકી જોયો. તેની મતલબ એટલીજ હતી કે તે ખાલી છે કે કેમ તે જોવું. જેવો કુંજો વાંકો વાળી જોયછ કે તેમાંથી ચપ દેતું એક નાનું કાગળીઉ નીકળી પડયું. એક નળીયાના નાના કડકા ઉપર તે વીંટાળીને કુંજામાં ખોશી મુકેલું હતું. ધ્રુજતે હાથે દાદીએ આ કાગળીઉં ઉખેડીને જોયું. તેણે તુરત ચીસ પાડી "મી૰ શારલ મી૰ શારલ—જુઓ—અરે આએ વાંચો ઓઓઓ–થઇ ચુકયું—બધું રંધાઇ ગયું–,"

તે લોક દોડી ગયા. દાદાએ અક્ષર તુરત ઓળખયા તે ખોરશેદના જાણીતા અક્ષર હતા. કાગળીયાંપર નીચે પ્રમાણે લખેલું હતું:–

મારા વાહાલા **દા૦ શા૦ પે૦**

અગર મારી જીંદગી ખતમ થવા પછી આ લખાણ જો તારા વાંચવામાં આવે તો જાણજે કે આએ ઓરડીમાં હું કેદ પડેલી હતી. હું ધારૂંછ કે એ લોક મારો જીવ લેવાની સઘળી તજવીજમાં છે. મને અહીં બેભાન હાલતમાં ઉંચકી લાવ્યા હતા. મરતી વખત હું ખોદા પાંસે અરજ ગુજારૂંછ કે તુંને ઘણા લાંબા વખત સુધી ખુશી ખુશાલી ભરયો રાખે તું નહી હતે તો હું કયારની મરી ગઇ હોતે. સલામ છેલ્લી સલામ. દીનુ.

—•—

પ્રકરણ ૪૧ મું.

સુપ્રીનટેનડંટ શારલે આ કાગળની કાપલીનો તરજુમો બે ચાર વાર ફરી ફરીને વંચાવ્યો.

"મી૦ દાદી, આ અક્ષર ખોવાયલી બાઇનાજ છે, એમ તમારી ખાત્રી છે?"

"હા, મારી પુરેપુરી ખાત્રી છે."

"તારે તો હું કહેવાને દલગીર છું કે મને મામલો ઘણો ડરામણો લાગેછ. આપણે આખું ઘેર ખુબ બારીકીથી તપાસીને જોવું જોઇશે.

અહીં ઘેરનો માલેક આડો પડયો "હેં, ઘેર તપાસી જોશો એટલે શું?"

"એટલે એમ કે બધી જમીન ખોદી ખણીને તપાસી જોવી પડશે. તમે મુગા મુગા ઉભા રહી તમાશો જોયા કરો નહી તો ચોકીમા બેસવું પડશે." સારલે દમ ભરાવ્યો.

"પણ આએબી જુલમ છે. સારૂ મકાન ખોદી ખણી નાખો તે સમારી કોણ આપે! મને પેહેલાં લખી આપો કે સમારવાનો બધો ખરચ તમે લોક ભરી આપશો તો પછી તમારે ગમે તે કરો."

પણ ઘરવાળા મીયાં સાબનું વધુ ભાશણ બંધ થયું કેમજે વીંગોરલાનો પોલીસ નાયક કમાલખાં જે આ જુસતેજુમા સામેલ હતો તેણે ઘર વાળાને ગળચીમાંથી ધરીને પુઠમાં લાત મારીને બહાર કહાડયો. આ પછી બેઉ પોલીસ અમલદારો નીચે બબરચીખાનાની ભોંય તપાસવામાં ગુંતાયા દાદી તો તાંહા વમાસણમાં ખુરશી ઉપર બેસી રહયો. ઘરવાળાએ પેલી

અધુરી બ્રાંડીની બાટલી અપડાવી હતી તે ઘર મુકી આવવાની તલપાપડમાં હતો. રાહ જોઇ જોઇને દાદી રાંધણીમાં ગયો તો પોલીસવાળાઓ ભોંય ઉપર કાંઇ ડાઘ તપાસતા હતા. જાણે કાંઇ કશાનો ડાઘ પડયો હોય અને તે ધોઇ કહાડીને ઉપર રેતી નાખી હોય તેવું જણાતું હતું.

કમાલખાં જે ઘણો ચતુર અને અનુભવી પોલીસ અમલદાર હતો તેણે કહયું કે "મુજે ખ્યાલ આતા હય કે આંહાં કુચ બડી તકલીફ બની રહી હોગી."

મી૦ શારલને પણ એમજ લાગ્યું. ઘરવાળો તો તફડાવેલી બ્રાંડીની બાટલી લઇને કયારનો પસાર થઇ ગયો હતો. ચુલામાથી પોલીસવાળાઓને એક અડધો બાળેલો રૂમાલ મળ્યો જે ઉપર લોહીનો ડાઘ હતો. વળી આગળ શોધતાં દાદરની તળેથી લાકડાં ફાડવાની એક કોહાડી મળી. ઘણી બારીકીથી તપાસતાં જણાયું કે આ કોહાડીની ધાર ઉપરબી લાલ છાંટા વળગેલા હતા.

મી૦ શારલ બોલ્યો. "આહ! ખુન કરવાનુ હથીઆર તો હાથ લાગું પણ ખુની ક્યાંહાં છે? ને ખુન થયલાં આસામીનું શું થયું હશે."

કમાલખાં બોલ્યો. "સાબ–ઉસમે કુચ અજીબ નહી.– ઝરૂર કંઇ ઉદર ઇદર જમીનમેં છીપાયા હોગા. ગરીબ બીચારો દાદી શેઠ, મુજે ઉનોકા ઉપર બહોત રેહેમ આતા હય"

તેઓએ આસપાસની સઘળી જગા ખોદી ખણી જોઇ પણ કાંઇ મળયું નહી, પણ લાકડાં ભરવાના કોઠારમા ખુબ તપાસ કરતાં એક સ્ટીલની પ્લેટ હાથ લાગી જે રૂ.૧૦ ની નોટનો આબાદ નકશો હતો. આહ! ખોટી નોટ બનાવવાની પ્લેટ! એ લોક કોણ હશે?

"સારલ બોલ્યા" જમાદાર, આએ લોક કોણ તે આપણે હાથ લાગે તો આપણાં નસીબ ઉગરયાં એમ જાણજે. આજ કેટલી મુદત થઇ ખોટી નોટો ચલાવનારી ટોળીને પકડી આપવા સારૂં સરકારે મોટું ઇનામ છપાવ્યું છે. મને તો નકકી ગુમાન છે કે આએ લોક તેજ ટોળી માંહેના છે."

આ પછી પોલીસવાળાઓને નવેસરથી ઉલટ આવી. નહાસી જવાની દોડાદોડીમાં બધું પેક કરતાં આ પ્લેટ નજર ચુકથી રહી ગયલી.

આ વાર દાદી લાકડાંના કોઠારમાં આવ્યો. તેની આંખો આંસુથી ભીંજાયલી હતી યાને પેલું કાગળયું પોતાના ગાલ આગળ ચાંપીને પકડેલું હતું. બચારીએ મરતી વખતેબી તેને યાદ કીધો હતો તે વાચારથી તેનું જીગર ચાક ચાક થતું હતું. દાદીને ગમગીન દાખલ થતો જોઇ મી૦ સાર્લ બોલ્યો "સાહેબ અહીં તો બીજાંબી કોહતાં કાવતરાં ચાલતાં જોવામાં આવેછ. આએ લોક ખોટી નોટો બનાવનારા હોવા જોઇએ."

"તે વાત જવા દેવો પણ જે વાતની શોધમાં આપણે છીએ તેના સંબંધમાં—

"હા, ઘણી નવી વાત હાથ આવીછ. આએ કોહાડી અમને દાદર નીચેથી મળી અને તે ઉપર શુકાયલાં લોહીના ડાઘ છે."

આ કોહાડી જોઇને દાદીનો જીવ ફરી આવયો અને પેલા બે જણે પકડી લીધો ન હતે તો પડી જતે. કમાલખાં પેલી બરાંડીની બાટલી લેવા દોડયો પણ બાટલી તો ગેબ થઇ ગયલી હતી. ઘરવાળા મીયાં તે ઉપાડી ગયા હતા, એતો તુરત જણાયું. કમાલખાંએ મન સાથ ઠરાવ કીધો કે બચ્ચા ઉભો રહે આએ બાટલીનો સ્વાદ તુંને ચખાડુંછ. દાદીના

મોહપર પાણી છાંટયુ અને તે હુશીયાર થયો. પોલીસવાલાઓની હકીકત સાંભળવા સીવાય છુટકો ન હતો. તે લોકે મત આપ્યું કે બેશક ખોરશેદબાનુનું ખુન થયું છે યાંને તેણીંનું મુડદું આસેપાસે કેથે છુપાવેલું હોવું જોઇએ.

દાદી આંખ ઢાંકીને બોલ્યો "બીજા માણસો બોલાવો આસપાસની હજુ બીજી જમીન ખોદાવો. હજાર રૂપીઆ ખરચ થશે તે હું આપીશ પણ આ કમબખત બાઇનાં રવાનને આમ પારકા ઘરની ઉપર નાખી જવાનો નથી.

આ વરદી મુજબ તે લોકે બીજા ત્રીસ ગામડીયાઓને લગાડયા અને ખુબ ઉલટથી ખણવા માંડયું. રાત પડી પણ કાંઇ હાથ આવ્યું નહીં. મી૦ સાર્લ આખરે નાસીપાસ થઇ દાદી આગળ આવ્યો.

"શેઠ સાહેબ, આએ એકાંત ઘરમાં તમે રાતો રાત રહો તે ઠીક નહીં તમે પાસેના ગામમાં જઇને જરા આસાએશ લેઓ હું અહીં બે સીપાઇઓની ચોકી મુકું છ ને પછી સહવારના વળી આપણે જોઇશું."

પણ દાદીએ તે સાંભળવાની સાફ ના પાડી "નહી—નહી જયાં સુધી એનો પતો મળે નહી ત્યાં સુધી હું અહીંથી ખસનાર નથી."

આખરે પોલીસવાળા હાકા અને દાદીને સારૂં કાંઇ સુકું પાકું ખાવાનું અને બરાંડી સોડા મોકલી આપ્યો. મી૦ સાર્લ જે ઘણો ભલો માણુસ હતો તેણે પોતાનો મોટો શીકારી કુત્રો લાવીને દાદીને સોંપ્યો અને નીચે રાંધણીમાં બે સીપાઇઓ મુકયા. આટલી બધી ગોઠવણ કરીને બેઉ અમલદારો રવાના થયા. મી૦ સાર્લ તો ત્રાવેલર બંગલા ભણી વળ્યો પણ કમાલખાંએ વીચાર કીધો કે બરાંડી માસતરની જરા ખબર

તો લઇએ. તે ઘરવાળો જેનું નામ માહામુદ હતું તેની છાપરી આગળ ગયો અને બારણાં ખખડાવી સાદ મારયો. માહામુદની ઘરડી સ્ત્રી ખવીસ જેવી ઉઠી આવી.

"કેમ જમાદાર સાહેબ શું ફરમાસ છે?"

"મરદ ઘરમાં છે કે?

ડોસી ગભરાઇ અને બોલી "નહી સાહેબ. કયારનો બહાર ગીઓછ તે આયોજ નથી." અલબત મહામુદ તો પેલી બ્રાંડીની બાટલીનું માથું ભાંજીને માંહે ભરાયલો હતો પણ ચેંગોમેંગો થઇને પડી રહી સઘળું શાંભળતો હતો.

કમાલખાં તચાકડી ફોડી બોલ્યો "અરરર, બચારો નાહક મારીઓ જશે. ઠાર મુવો. નખે પેલો બરાંડી પીધો હોય. જોજે, બરી બુ. એ આવે તો કહેજે કે પેલાં ઘરમાંથી બાટલી લાયોછ તે પીએ નહી. અમને વેહમ છે કે તેમાં ઝેર ભેળેલું છે ને કોઇનો જીવ લેવા શારૂંજ એ બાટલી તાંહાં મુકેલી હતી."

આ શબ્દો શાંભળતાંજ માહામુદ ભાઇ મારી છલંગ ને ઉઠીને દરવાજા ઉપર આવ્યા. તેનું મોહ તદન જરદમારી ગયું હતું અને તે ડરને મારે ઠર ઠર ધુજતો હતો.

"હેં, ખાં સાહેબ, એ શું બોલોછ?"

"માંહામુદ, તું બીહી ના. પેલો દારૂ તેં પીધો નથી કેની?

"પન પન, હું તો મરી ગયો. હવે શું કરૂં. મારા પેટમાં જરા પેટમાં જરા પવન પકડયો હતો તેથી જરા પીધો ખરો. ઓ ખાં સાહેબ મારૂં હવે શું થશે ઓ—ઓ મારાં માથામાં હમણાથી કાંઇ થાયછ. હું શું જાણું કે એમાં ઝેર હશે. મુઓ—હું કમોતે મારીયો જાઉંછ ઓ—ઓ—ઓ.

"તો ભલા માણસ, પુછીઆ પરછીંઆ વગર બાટલી ઉપાઠી લાવયો તે પછી એમજ તો. એમાં શું, મરવાનું ફકત

એકજ વખત છે."

"ઓ મારા બાપ, ઓ મારી જોરૂ-હું ચાલીઓ-તારો મરદ હમણા મરી જશે ને તું હવે બીજું ઘેર કરી જશે."

આ પ્રમાણે બોલતી વાર મહામુદના મોંહ ઉપર ફીણ ચહડી આવયું હતું અને તે પેટ પકડીને જમીન ઉપર પછાડા મારતો હતો. સાથે સાથે તેની ઓરતથી કલાબકોર કરી રહી હતી.

"મુવાને હું હજાર વખત કહી રહી કે દારૂનું નામ મુકી દે પણ મુવો પીધાપર આવે તારે ઘેલો દીવાનો થઇ જાય. હવે મર મુવા કુતરાંને મોતે."

કમાલખાંએ જોયું કે માહામુદને પુરતી શીક્ષા થઇ હતી એટલે વાત ફેરવી તોલી.

"પણ માહમુદ આટલો બધો ગભરાના. એમાં ઝેર ભેરેલું છે એવી અમારી ખાત્રી નથી. ફકત અમુને સેહેજ વહેમ છે પણ મારૂં માને તો હવે બીજે પીતો ના. તેં જરા તરા પીધો હોય તો ઝાઝી ચીંતા નથી કેમજે બે કલાક નીકળી ગયા તપાસજે. સલામ આલેકુમ.

કમાલખાંના ગયા પછી માહામુદ તો બીકને મારે ખરેખર આજારી પડયો. ગામમાંથી સયદ રાજને બોલાવી લાવ્યા તેણે ઓકારીની જબરદસ્ત દવા આપી અને માહામુદ ભાઇએ આઠ દહાડા બીછાનામાં કહાડયા. ગરીબ બચારી બરાંડીની બાટલી તે પછી એવી તો હીનાઇ કે ફરીથી તેને કોઇએ હાથ લગાડયો નહી.

સઘળા વગે સગે થઇ જવા પછી દાદી એકલો ખાલી ઘરમાં ખુરશી ઉપર બેસી ઝુંકવા પડયો. દાક, ઇંતેજારી અને ગમગીનીથી તે એટલો આજેજ થઇ ગયો હતો કે તે. બેઠો

ભર ઉંઘમાં પડયો હતો. પેલો મી૦ શાર્લવાળો ચતુર શીકારી કુતરો બોબી પાસે ભોંય ઉપર પડીને અડધો ઉંઘતો અડતો જાગતો બગાસા ખાતો હતો. ઘરમાં સઘળુ ચુપચાપ હતું પણ બહાર તોફાન અને વા વીઝોડું મચી રહયું હતું; વરસાદના છાંટા ઓરડામાં આવતા હતા અને દરીયાની છોળ સંભળાતી હતી. એકવાર પવનના ઝપાટાએ બારી અફલાઇ કે શેકારી કુતરો બોબી ખડો થઇને ધ્યનથી સાંભળવા લાગયો. તોફાન એટલું વધતું ગયું કે બોબીએ ગુસ્સા સમેત ભસવા માંડયું. દાદી જાગી ઉઠયો અને કુતરાના માથાં પર હાથ મુકીને તેને શાંત પાડવાની તજવીજ કીધી. પણ કુતરો એકથી બીજો થાય નહી. તે બારણા આગળ દોડે, જમીન સુંઘે અને પાછો આવી દાદીગમ ઇંતેજારીથી જોય. એક માણસ દલગીરીમાં છે કે ખુશાલીમાં તે જાણવાની ચતુરાઇ કુતરાની જાતમાં નેહારી છે. બોબી અને દાદી બન્ને અજબ જેવી રીતે એકબીજાના મીત્રો થઇ ગયા હતા. દાદી ઘણો ગમગીન છે એમ શેહારો બોબી કેવારનો પામી ગયો હતો. તેજ મુજબ દાદીને કુતરા, ઘોડા વગેરે ઉપર એટલો તો ચાહ હતોકે તેઓને કોઇ મારે ફાડે તો દાદીનો જીવ બળી જતો હતો.

આ બન્ને જોડી ઓરડામાં બેસી બહારનું તોફાન સાંભળતી હતી. પવનના શોસવાટા ઓરબી વધવા લાગયા. દાદીએ જાણુયું કે નીચે બાવરચી ખાનામાં સુતેલા સીપાઇઓમી જાગી ઉઠયા હતા અન પોતપોતામાં હલવે હલવે વાત કરતા હતા. જેમ તેમ સહવાર પડી અને દાદી ઠાકાને લુસ થઇ ગયલો બારી આગળ જઇ ઉભો. રાતના તોફાનને જોરે રેતીના ઢગ આમથી બદલાઇને નવા આકાર પકડી રહયા હતા. જરા

મોંહ ઉપર પાણીનો ફટકો મારીને દાદી બહાર પડયો. તેના મનમાં એવું કે સેહેજ રેતી ઉપર લટાર મારી આવે તો જીવ હુશીઆર થાય. અલબતાં બોબી પણ નાચતો કુદતો સાથે નીકળી પડયો અને આગળ વધતા અને પાછળ હડતા દરીયાના મોજા સાથ ગમત કરવા લાગયો. રંજીદા જીવે દાદી રેતીના કીનારા ઉપર કલાકેક સુધી ફરયો હશે તેણે વીચાર કીધો કે હવે ઘેર પાછા ફરવું એવામાં બોબીએ જોરમાં ભસવા માંડયું. દાદીએ તેને બોલાવયો પણ તે ખસે નહી અને બહુ ઉશકેરાઇને ચીસાચીસ પાડે. તે પોતાના પગોથી રેતી ખુબ જોરમાં અછાડપછાડ કરતો હતો તે જોઇ દાદી આગળ ગયો અને—યા ખોદા—શું તેની નજરે પડયું. પવનના જોરે રેતી ખસી ગઇ હતી અને તે માંહેથી એક ઓરતના બે હાથ બહાર નીકળી આવેલા હતા !

આ દેખાવ જોઇ દાદીના મોંહમાંથી એક એવી તો જબરદસત ચીસ નીકળી પડી કે પેલા બે સીપાઇઓ જેઓ ઘરના ઓટલા ઉપર બેસી બીડી ઓરતા હતા તેઓ દોડી આવયા. આ વાર દાદી રેતી ઉપર ફસડાઇ પડીને કુતરાને કાલરમાંથી પકડી રહ્યો હતો. કુતરો છુટો થવાને ખેંચતાણ કરતો હતો! પેલા બે હાથ જોઈ સીપાઇઓ સઘળો મામલો સમજી ગયા. તે માહેનો એક જણ બોલ્યો.

"ઓ—તોબાહ—તોબાહ—આખરે સાહેબને પતો મલ્યો ખરો. ગરીબ બીચારી!"

પેલા બે હાથ એવી રીતે ઉભા થઇ રહયા હતા કે જાણે રેતીમાં ડટાયલી ઓરત આજીજી કરતી હોય કે મારી મદદે આવો—મને બહાર કહાડો. શીપાઇઓએ ઝડપમાં રેતી ખોદવા માંડી પણ દાદીનો તો જીવ ફરી આવયો હતો એટલે

સીપાઇઓએ લાસ બહાર કહાડી ને તેના જોવામાં આવી નહી. લાશના કપાળ ઉપર એક ભારી જખમ પડેલો હતો અને બાલ સઘળા વળગી ગયા હતા. સીપાઇઓએ તુરત લાશને ઓળખી.

"ઓહો—આએ તો લાલુની પોરી ઝોરા છે. આખરે આએ ફેજે પહોંચી."

આ શબ્દો સાંભળતાંજ દાદીની સુધી પાછી ઠેકાણે આવી. હવે તેણે પેહેલીવાર લાશ ગમ નજર કરી. આ ખોરશેદ ન હતી. ખોરશેદનાં બાલ સોનેરી હતા. અને આ લાશના બાલતો કાળા ઠણુક હતા. ખોરશેદ નાજુક બાંધાની હતી અને આ લાશ તો ખાસ્સી ગંજાવર સ્ત્રીની હતી. દાદીએ છાતી ઉપર હાથ રાખી પુછ્યું.

"પેલા કમબખત બીરામ—પંજાબી સાથ રહેતી હતી તે ઓરત આજ કે ?"

"હા સાહેબ એ અમારા ગામનીજ છે એ ત્રણ વરસ થયાં ગેબ થઇ ગઇ હતી પણ હમણાજ પોતાના મરદ સાથ પાછી આવી. તે અવાર નવાર બજારમાં આવતી હતી. લોક કહેતાં હતાં કે હમણા ઘણો દારૂ પીતી હતી."

"હું ધારૂં છ કે આપણે લાશને ઉપાડી ઘરમાં લઇ જઇએ" દાદીએ સુચના કીધી.

એક સીપાઇએ મત આપયું કે તારે બીજી લાશબી અહીંજ નજીકમાં કેથે ડાટેલી હશે. દાદીનેબી એવોજ ખ્યાલ બેસી ગયો હતો. જે કંગાલ ખુનીએ પોતાની ઓરતને બેજાન કીધી તે એક પારકી ઓરતને શા સારૂં બાકી રાખે. ને તે ઓરતબી વળી કોણ ? તે લોકના બધાં પાપી કરતુકો જાણુનારી; પણ એમ કાં નહી હોય કે ખોરશેદને મદદ કરવા

જતાં ઝોરાએ પોતાના ઉપર ખોફ ખેંચી લીધો હોય અને તેમ કરતાં તેનો જીવ ગયો હોય.

તે લોકોએ આ પછી ઝોરાના શરીરને ઉપાડયું અને ખાલી ઘરમાં લઇ ગયા. દાદીની સઘળી નજર રેતીના લાંબા એકાંત કીનારા ઉપર હતી. કોણ જાણે ખોરશેદની લાશ કાંહાં ડટાયલી હશે. શું તેને તાંહાંજ નાખી જતી? થોડી વારે મી૦ શાર્લ અને બીજા પોલીસવાળા આવી પહોંચ્યા. ગામમાં હોહો થઇ રહી અને ઘર આગળ ગામડાનું લોક ભેગું મળયું અને ઝોરા તેમના ગામનીજ હોવાથી ઓળખીતાં પાળખીતાંઓ વીલાપ અને શોર કરવા લાગયાં. પોલીસવાળાઓએ તો નકકી મત બાંધયું હતું કે બંને ઓરતોનું ખુન થયલું હોવું જોઇએ સારો દહાડો ગામના લોકો રેતીના ઢગ અહીંથી તહીં ખોદીને તપાસ ચાલુ રાખી. દાદીએ કુંવરબાઇને કાગળ લખયો તેમાં સઘલી વીગત જણાવીને ઉમેરયું કે ખોરશેદને હવે જીવતી જોવાની આશા નથી. તેણે પોતાનો ઠરાવ જણાવયો કે દહાડા કે મહીના નીકળી જાએ પણ ખોરશેદનો પતો મળયા વગર તે ત્યાંથી ખસનાર નથી.

મી૦ શારલે તે દીને દાદીબાને જણાવયું કે નોટ બનાવાની પેલી તખતી હાથ લાગવાથી મામલો વધારે ગંભીર બન્યો હતો.

“મી૦ દાદી. આ લખો રૂપીઆની ખોટી નોટોના બાબમાં સરકારની એટલી તાકીદ છે, કે મારે અચબુચ અતરેથી નીકળી જઇ મારા વડાને રીપોરટ કરવાની જરૂર છે. હું ઘણોજ દલગીર છું કે ગુમાયલી બાઇને માટે હવે વધારે જેહેમત લેવામાં સાર નથી. મારી ખાત્રી છે કે તેની લાશબી અહીંજ કેથે છુંપાયલી છે. હવે મારે આ ઝોરાના ખુનીની પુઠ

પકડવી જોઇએ. તે જરૂર કોઇ પરગામ છુપાઇ બેઠેલો હશે પણ આખરે તેને પકડીશું અને સજાએ પહોંચાડીશ.

દાદીબા હવે શું કરે. સાલેને રોકીનેબી ફાયદો શો? ખોરશેદબી મુઇ એતો હવે લગભગ નકી થયું હતું તેણીના હાથની પેલી કાગળની કાપલી અને કમનસીબ ઝેરાની લાશ એ સઘળું શું પુરવાર કરતું હતું?

બે ચાર દહાડામાં પાછો આવીશ એવી ગોઠવણ કરીને મી૦ સાલેએ રજા લીધી અને દાદી એકલો પેલાં ઘરમાં બેશી રહયો. તેની આંખો સદા આંસુથી ભીજાયલી દીસતી હતી અને નીમકહલાલ બેબી તેની આગલથી ખસતો ન હતો.

દાદીનું કાગલ કુંવરબાઇને પહોંચ્યું ત્યારે તેવણ ઘણુંજ ગમગીન થયાં અને તુરત પાછો જવાબ લખયો

મારા વાહલા બેટા—તારાં કાગળે મને એટલી ગમગીન કરી નાખી છે કે કાંઇ સુઝ પડતું નથી. એ નાપાકોએ બચારી છોકરીને કોણ જાણે કેમ ફસાવી હોશે ને હજુર મારા ધ્યાનમાં ઉતરતું નથી. મને તો લાગેછ કે દરીઆ આગલ ઘણું એકાંત છે તાંહાં એને મારીને ઉચકી ગીઆ હોશે. શું ખોદાને તાંડુંનોબી ધનસફ છે હું રાત દહાડો તારાં બીજાં કાગલની રાહ જોઉંછ. મેં હજુર આશા મુકી નથી. ખોદાનું ચાહતું હોસે તો હજુરબી કાંઇ નવું નીકલી આવશે વાસતે મારા વાહલા બેટા તું ધીરજ રાખજે ને કંઇબી નવું જાણવા જેવું હોય તે મને તુરત જણાવજે મને તો લાગેછ કે પેલા નાપેકારે પોતાની બોરત ઝેરાને દારૂની ઝુમમાં મારી હોય ને પછી તે મરી ગેઇ એટલે ગભરાઇને તેને રેતીમાં છુપાવીને નાશી ગયો હોય. ખોરશેદની ચીઠી ઘણી નાસીપાસી ઉપજાવનારી છે એમ હું કબુલ કરૂંછ પણ એક ગભરાયલું માણસ

એવી ચીઠી લખી કહાડે તેથી તે મરીજ ગેઇછ એમ ખાસ માની લેવાનું ડાહપણ ભરયું નથી. જરૂર મને એ આંકડા રોજ લખજે.

તારી સદાની ભલુ ઇચ્છનાર,

કુવરબાઇ.

કોણ જાણે શા કારણથી દાદીને નવાબ દારાબજંગ ઉપર ઘણીજ ચીઢ ચહડી હતી. તેણે એક હરફબી નવાબ ઉપર લખ્યો નહી. જે માણસ બાપ હોવા છતાં પોતાનાં બચ્ચાંના જીવની દરકાર ન કરે તેને લખવાનું શાનું. ખોરશેદનું રવાન હાથ લાગે પછી વાત. આ મુજબ નવાબ દારાબજંગ તો સઘળી વાતથી નાવાકેફ રહયા. દાદી રોજ ટુંકી ચીઠીઓ કુવરબાઇ ઊપર મોકલતો હતો. પણ તેમાં નવા સમાચાર કાંઇ ન હતા. રોજ બરોજ સવારથી સાંજ સુધી માણસો રેતી ઉપર ખોદખણ કરતાં ચાલુ હતા પણ કાંઇજ હાથ લાગું નહી. ગેબ થયલી ખોરશેદના કાંઇ વધયાં સધયાં કપડાંનીબી નીશાન મલી નહી. રાત દહાડાની ફકર અને રખે લાશ મળી આવે તેના ધડક ધુજારાએ દાદીની તબીયત લથડતી ચાલી. તેણે ખાવા પીવાનું મુકી દીધું અને વાયલ જેવો દરીયા કીનારા ઉપર ફરવામાં આખો દહાડો કહાડવા માંડયો. તેણે પોતાના બાપનેબી એક કાગળ લખ્યો હતો પણ તેમાં ખોરશેદના ગુમ થઇ જવાને જરાબી ઇસારો કરયો નહી, ફકત લખ્યું હતું કે મારા જીવને સારૂં નથી તેથી હું થોડા દહાડા આએ દરીયા આગળ રહેલો છું.

આ વાંચી શાપુરજી ઘણા ફફડયા—ગુલબાઇ આગળ તેવણે પોતાની બોખાર કહાડી.

"અભાગયો નાદાન દુકતો. દરીયાની હવા જોઇતીતી તો મેહેમને શું કુતરાએ કડયું. અહીં વહાણુ ભરીને હવા ખાવાની મળતે. ગુલબાઇ એ પોરીયાના ઢંગ ધડાની મને કંઇ સમજ પડતી નથી. મને લાગે છે કે એમાં કાંઇ ભેદ છે. જાંહાં છે તાંહાં કાંઇ પણુવા અદરાવાની વાત છે. પેલી દીલશાદ ફીલશાદ કોણુ ઉતી તેના કંઇ કોહોતાં કાવતરાં દેખાયછ, જુઓની એક આજારી બઇરીને અહીં ઉંચકી લાયો તેને ઉભી કરવા જીવ પટકી નાખયો ને બે જાણુ ધુસધુસ કરે તે આપુને તો કાંઇ કહેઓ નહી. તે ચાલી ગઇ ને તેની પાછળ પાછળ દાદીઓ વીદાય થયો—અંહં, જાણે આપણે કંઇ સમજતાજ નથી."

"અરે હારે મરૂ—તમુને કોણુ ઠગી શકે. તમે સોને શીખામણ દેવો તેવા."

"ઠીક છે જોઇશું. એ માય વગરના પોરીયાને સંભાળવાની મારી ફરજ છે."

"અરે હાંરે માય! માય નથી તો હું કાંહાં મરી ગેઇ." આમ બોલી ગુલબાઇએ પટામણી નજરે શાપુરજી ગમ જોયું પણુ ગુલબાઇની ભલાઇ જોવાની અને સમજવાની શાપુરજીમાં અકકલ હોય તારે કે?

પ્રકરણ ૪૨ મું.

—o—

શાપુરજી ગમે એટલું બડબડયા ભરભરયા પણુ દાદી તો વીંગોરલાના દરીયા કીનારા આગળથી ખસ્યો નહી જે

ઓરડીમાં ખોરશેદની ખાટલી પડેલી હતી તેજ ઓરડીમાં અને તેજ ખાટલી ઉપર તે કપડાં સાથે રાતે એકલો સુતો. ગામમાંની એક હોલણ સહવારના આવીને કચરો વારી જતી અને ત્રાવેલર બંગલામાંથી ખાણું પીણું આવતું. મી૦ શારલે દયા કરીને એક પોલીસ ચોકી કરવા રાખયો હતો. દાદી આખો દીવસ એકલો પડી રહેતો કેમજે તેને સઘળું દાહરૂં અકારૂં પડી ગયું હતું. સરવે જણ ધારતાં કે તેનું માથું ગયું છે કારણ કે દરીયાનાં ઉછળતા મોજા તરફ લાંબા હાથ કરીને તે અવારનવાર પોતાના જીવ સાથ બડબડતો હતો.

કુંવરબાઇ અવારનવાર દાદી ઉપર કાગળ લખતાં હતાં અને તેને પાછું આવવાનો આગ્રહ કરતાં હતાં પણ દાદી એટલો બેખબરો થઇ ગયો હતો કે તેના જવાબ વાળવાનીબી તેની સુધ ન હતી, એક કાગળમાં કુંવરબાઇએ ખબર આપી કે તેહમીનાની શાદીની તઇયારી મોટી ધામધુમથી ચાલતી હતી. આ શબ્દો કુંવરબાઇનાં કાગળમાંથી ટાંકી લેઉં છું, વાહલા દાદી, શું કહું ચીકન દોરોની હારનીહાર બેઠી છે અને તેહેમીના ધરી ધરાતી નથી. બેહેરામસાહ તો કંઇ બહારગામ ગીઆછ. તેહમીના કહેચ કે કાશમીરમાં તેવણનો ગંજાવર વજીફો છે. તાંહાં પોતાની નવી ધણીઆણીને લઇ જઇ રાખવા સારૂ તઇયારી કરવા ગીયાછ. તેહેમીના તો પોતાના નવા ધણી ઉપર ખુશ ખુશ છે ને આખો દહાડો તેની ને તેનીજ વાત કરેછ.

પણ દાદીની જાણે બલ્લા તેહેમીના પરણે કે નાતરૂ કરે તેની તેને થોડીજ દરકાર હતી, મી૦ શારલ જયારે પોતાનો રીપોરટ કરીને પાછો ફરયોત્યારે દાદીનાં બેસી ગયલાં ડાચાં અને હાલ

હવાલ સ્થીતી જોઇને બહુજ દલગીર થયો. આખરે સર્વે ધાસતી રાખતાં હતાં તેમજ બનયું. દાદીને તાવ ચઢયો અને તેની હાલત ગંભીર થઇ પડી. દાદીના અંગમાં તાવ હશેજ પણ એક ઓચીંતા બનાવથી તે ઉભરી નીકળયો હોવો જોઇયે. એક સવારના તે ગમગીન જીવે દરીયા કાંઠે ફરતો જતો જે વારે સરેસતા મુજબ કેટલાંક લોક રેતી ખણુવાના પછાડા મારતાં હતાં એટલામાં લોકે અચણુચ બુમો પાડી અને લાંબા લાંબા હાથ કરીને દાદીને બોલાવવા લાગ્યાં. દાદીની છાતીમાંથી એક તીક્ષણુ આંચકો પસાર થઇ ગયો જે સમાવવા તેણે પોતાની છાતી દાબી રાખી તેના મનમાં નકકી આવયુ કે ખોરશેદની લાશ આખર મળી ખરી. તે સરભોગ દોડયો અને મુએલી ખોરશેદનો ચેહેરો જે ધડી જાય છે.તેમાં જોવામાં આવશે એવી બીકથી તેના પગ ફસસડતા હતા. શું છે—તે પુછતાં જણાયું કે રેતીમાં દાટેલી એક કપડાંની ગાંસડી મળી આવી હતી. આ કપડાં મુવેલી—ઝોરાનાં હતાં અને સઘળાં લોહીથી ખરડાયલાં હતાં. આ વાર દાદીને તમર આવી ગયાં અને રેતી ઉપર બેભાન થઇને તે પડયો. આ કપડાંની ગાંસડીનો ઝટકો તેની છુપી બીમારીને સપાટી ઉપર લાવયો હતો. સઘળાં જને કલાબંકાર કરી મુકી, બેચાર જન દોડયા અને એક ધોલકી ઉપાડી લાવયા તે ઉપર બેસુધ્ધ પડેલા દાદીને નાંખીને ખાલી ઘરમાં લઇ ગયા. ગામમાં એક બરાહમણે પોથી કરી હતી તેને ઝડપમાં બોલાવી મંગાવયો. તેણે બીમારને તપાસીને મત આપયું કે મામલો ઘણો જોખમભરયો છે ને એ શેઠ કોણુ છે.તે તપાસી જોઇને એમના સગાંવાહલાંને ખબર કરવી જરૂરની છે.

દાદીને તાવ ૧૦૫ સુધી ચાલુ રહી અને તે લવારો

બકારો કરતો તેમાં ફક્ત ખોરશેદ ને દીનુનાં નામ અવારનવાર તેના માંહોમાંથી નીકળતાં હતાં. કુંવરબાઇના કાગળ નીકળયાં તે ઉપરનું સરનામું વાંચીને મી૦ શારલે તેવણને સઘળી હકીકત લખી જણાવી. કાગળ વાંચતાંને વાર કુંવરબાઇ શોલાપોરના સીવીલ શરજીઅન ડાકટર મેકએનનને લઇને વીંગોરલા નીકળી પડયાં. જયારે તેવણ આવી પહોંચયાં અને રડતી આંખોએ ખાટલી આગળ ઉભાં ત્યારે દાદીએ તેવણને ઓળખયાંબી નહી.

"દાદી, કહે બેટા, મને ઓળખતી નહી? જો હું કુંવરમાય છેઉં." પણ દાદીએ ફાટા ડોળા સાથ ટગર ટગર જોવા સીવાય કશો જવાબ વાળયો નહી, તે હળવે હળવે કાંઇ બડબડતો હતો અને તે નદન બેખબરીમાં હતો. રાતના આઠ વાગે તાવ ૧૦૬ ઉપર ગઇ અને સરવે ઘણાં ગમગીન થઇ ગયાં. આ બીમારનો લવારો ચાલુજ હતો. તેના મોહ આગળ કાન ધરી સાંભળતાં તે બોલતો સંભળાયો કે "કોહાડી બુઠ્ઠી છે–લોહીના ડાઘ ધોવાયા નથી–અને ચીઠી લોહીથી ખરડેલી છે–સમાલો–ઓ ગેલો આયો–એને પકડો–ધરો–મને ઉઠવા દેઓ."

કુંવરબાઇ ખાટલીના માથાં આગળ બેસી હળવે હળવે રડતાં હતાં. ડા૦ મેકએન ઉદાસ ચેહેરે દુર ખુરસી ઉપર બેસી અવારનવાર બીમારની નાડ જોયા કરતા હતા. મી૦ શારલબી ઘણો ચીંતાતુર જણાતો હતો. એકવાર તેણે કુંવરબાઇને પુછયું.

"બાઇ સાહેબ એ તમારો કોઇ અલગનો ખેશી હોવો જોઇએ–ગરીબ બચારો–એની હાલત જોઇ મારો જીવ બહુ જળે છે. શું બીચારાએ જેહેમત ખેંચી છે."

કુંવરબાઇ રડી પડીને બોલ્યાં "નહી એ મારો સગો નથી પણ સગા કરતાંબી આલે છે. મારા એક પુરા દીકરાનો

જીવ એણે પોતાના જીવના જોખમે બચાવયો હતો એને આવી હાલતમાં જોઇને મારૂં જીવતરજ બળી જાયછ—મી૦ શારલ કાંઇબી કરોં."

"માયજી મારૂં ચાલતું હોય તો એને ઉગારવા મારી જીંદગીના દશ વરશ આપું. એ કાંઇ આપણા હાથમાં છે? પેલી ગુમાયલી છોકરીને લીધે એ આએ હાલતે પહોંચ્યો છે, બચારાએ આજે કેટલા દહાડા થયા ખાવા પીવાનું મુકી દીધું હતું. પણ એના માબાપ કોણ છે?"

"એના બાપ મુંબઇ આગળ મેહેમમાં રહેછે. એવણનું ઠેકાણું મારી પાસે છે ને હું ધારૂંછ કે તેવણને લખીને જાહેર કરવું જોઇએ."

"હાજી હું હમણાંજ લંબાણુથી તાર કરૂંછ"

બીજે દીને સહવારના પોહોરમાં શાપુરજી ભારી ગભરાટ માં આવી પહોંચયા. એકતો તેવણને મુસાફરી કરવાની ટેવ નહી અને વળી દાદી તેવણનો એક પુરો બેટો એટલે તેમના ગભરાટનો પાર ન હતો. જયારે તેવણ દાદીના બીછાના આ- ગળ ઉભા તયારે તેવણનો દેખાવ નરો ઘેલા દેવાના જેવો હતો.

"ઓ દાદી, મારા બાપ, આએ શું? હવે મારૂં શું થશે. હું મુઓ-ઠાર મરી ગીયો—દાદી જરા તો બોલ."

પણ દાદી ચલકતા ડોળા સીવાય બીજી કશી ઓળખની નીશાન બતાવી શકયો નહી. આ જોઇ શાપુરજી ભોંય ઉપર ફસડાઇ પડયા અને માથું કુટવા લાગયા. આખરે ધરડાજીની આ કલાપીટ કુંવરબાઇથી જોવાઇ નહી એટલે તેવણ શાપુરજીને ઇશારત કરીને બહાર લઇ ગયાં.

"ઓ બાઈ, મારા છોકરાને શું થયું—અરે કોઇ મને કેહોરે—એને કંઇ થશે તો હું જીવપર કરશ. આએ બધા

પોલીસવાળા અહી શાના?"

"બાવા જરા ધીરજ ધરો. તમારા દુઃખમાં અમારો ભાગ છે. તમારે તાંહાં પેલી દીલશાદ નામની ઓરતને જખમી મરણ તોલ હાલતમાં ઉંચકી લાપાતા તે તમુંને યાદ છે કેની?

"અરે ઝાહાનમમાં ગેઇ તે. હું ગુલબાઇને પહેલાંથીજ કહેતો હતો કે બધી મોહોકાન તેની છે અરે ખોદા. કાંહાંને કાંહાં આએ ઓરતને મેં મારા ઘેરમાં ઘાલી મારૂં નખોદ વાલ્યું."

"જરા ચચો બાવા. એક ગુજરેલાં માણસની પુંઠે એમ બોલવું ઠીક નથી."

"ગુજરેલું માણસ? શું દીલશાદ ગુજરી ગઇછ.?"

આ ઉપરથી સઘલી હકીકત કુંવરબાઇએ માડીને શાપુરજીને સમજાવી. દાદીએ આ ઓરતને મદદ કરવાની મતલબથી શોલાપુર કુંવરબાઇને ઘેર રાખી હતી તે બધું સમજાવયું.

"ને મારો પેટનો દીકરો થઇને મને કંઇ જણાવ્યું નહી?"

"તેમાં દાદીનો કસુર નથી. દીલશાદે પોતાની હકીકત દાદીને ઘણાજ છુપા વીશવાસમાં કહી હતી અને તે છુપી રાખવાની તેની પાસ કબુલાત લીધી હતી. પોતાના બાપને ખાતર અને કુંમારી બેનોનો ખાતર તે પોતાની નજીસ હકીકત જાહેર કરવાને ખુશી નહી હતી પણ મારે તાંહાં રાખવા અગાઉ દાદીની ખાત્રી કરવી જોઇયે એવા વીચારથી એ બાઇએ પોતાની હકીકત દાદીને વચન લઇને જણાવી હતી."

"હં! નાદાન બેઅકકલ પોરીઓ. હું કાંહાં મરી ગીયો તો. એવી વાત નાદાન બચ્ચાંને કહેવા કરતાં મને કહે તે તો હું કંઇ રસતો શોધી નહી કાહારતે?"

"તે ખરૂં છે બાવાજી, પણ જુવાન જીવ જુવાન આગળજ પોતાનો ભેદ જાહેર કરવાનું વધારે પસંદ કરે છે. તમારો દીકરો તે મારો દીકરો છે ને એવો તો સાફ દીલનો ને ચોખો છે કે દીલશાદે પોતાના ભેદ સારૂં તેને પસંદ કીધો તે સારૂ હું જરાબી અજબ થતી નથી."

"હા, તે ખરૂં છે. લાખ દીકરામાં એક દીકરો એવો નહી મળે. નરો જાણે એના બાપની કાપી. પણ હું તમારોબી ઘણો ઉપકારી છેઉં. આજને કાલ તો તમે એની બેહેસતન માયની જગા રાખી. આએ દીલશાદને તમારી સંભાળમાં મુકી એબી એનું મોટું દીલ બતાવેછ."

આ પછી કુંવરબાઇએ વધુ હકીકત જણાવી. દીલશાદનું ખરૂં નામ તો દીનુ હતું અને તેને શોલાપુરમાંથી રાતો વાઇ કોઇ ઉઠાવી ગયા હતા તે જયારે શાપુરજીએ સાંભળયું તયારે તેવણ હરણ ફાર થઇ ગયા, વળી એ છોકરી તો નીઝામી સલતનતના નવાબ દારાબજંગની બેટી થાય એમ જણાય ત્યારે તો તેવણ નાકના ફુંફારા મારવા લાગયાં.

"કુંવરબાઇજી, હું તો જાણું કે આએ દીલશાદ કોઇ રખડતી ઓરત હોશે તેથી હું દાદી ઉપર ચીરડાયા કીધો પણ હવે જયારે જાણુંછ કે એ તો મોટે ઘેરની છોકરી છે તારે મને લાગેછ કે દાદીએ જે કીધું તે ઠીકજ કીધું. પણ એ ઓરતના ધણી મેહેરબાન કોણ છે.?"

"અરે તેનુ નામજ ના લેઓ. એ મુંજીએ એ બચારી છોકરીને ફસાવીને એનું સત્યાનાસ વાળયું. મારી ખબર મુજબ તે તો કોઇ લફંગો વટલી ગયલો પારસી છે ને સરકારથી નહાસતો ભાગતો ફરેછ. હમણાજ મી૦ શારલે મને ખબર આપી કે તેનો ધંધો તો ખોટી નોટો બનાવવાનો છે ને પોલીસ

તેની પુંઠે લાગેલી છે."

"એમ કે ખરી બાત. હવે મને સમજ પડી. મારો બંગલો ભાડે લઇને એ બે જણ રાતના કાંઇ કાળા ધોળાં કરતા હતા ખરા. પણ મને યાદ આવેછ, એ દોલશાદ આગળ એક માછીની પોરી નામે પીલસુમ કામકાજ કરવા રહીતી તે અવારનવાર બોલેછ કે એ મેહેરબાન અને તેનો સાથી બીરામ આખી રાત ભોંયપર કાંઇ કામ કરતા હતાં અને કાગળો છાપતા હતા."

"હાજી, તમારો કયાસ ખરો છે. આએ ઘેરમાંબી એ લોક એજ ધંધો ચલાવતા હોશે. કારણ કે અંહોથીબી નોટ બનાવવાનું બીબું મળી આયુંછ ને ખોરશેદની ચોકી કરવા રાખેલી પંજાબન ઓરતની લાશબી રેતીમાંથી મળી આવીછ. પોલીસવાળાઓને નકકી ગુમાન છે કે ખોરશેદનેબી મારી નાંખીને અહીંજ કેથે ડાટી હોશે."

"ઓ મારા ખોદાય-બચારો દાદી અહીં સીક પડી ગીઓ તેમાં કંઇ નવાંઇ છે. મારા તો ગુરા એટલામાંજ ગગરી ગીઆછ ને પેટમાં એકાએક દુખી આયુંછ. મને કોઇ લાખ રૂપીઆની ઢગલી આપે તોબી હું આએ ઘેરમાં એકલો એક રાત સુવું નહી. મારા દીકરાને અહીંથી અતરઘરી બીજે ઠેકાણે લઇ જવો જોઇયે."

પણ કુદરત આગળ શું ચાલે. દાદીને હીલાય એવી હાલત નહી હતી. તે હવે તાવની બહારમાં ઉઠવા જતો અને તેને પકડી રાખવા બબે માણુસ જોઇતાં હતાં. કુંવરબાઇ આખો દીવસ તેની સારવાર કરતાં અને નરાં સગાં માય હોય તેમ વરતતાં હતાં. આ કંગાળ એકાંત ઘરમાં ભલો હીમત-

વાન મરદથી હઠી જાય એવું હતું પણ ભલાં કુંવરબાઇ તેથી ડરયાં નહી. દાદીવાળીજ ઓરડીમાં તેવણ રાતના ઇઝીચેર ઉપર પડી રહેતાં. ડા૦ મૈકએને મત આપ્યું હતું કે જો કે દાદીનો કેસ ગંભીર હતો પણ તેની નીયમીત જીંદગી અને સ્વચ્છ બાંધાની મદદથી તે વખતે આ સપાટામાંથી છટકી શકે.

શાપુરજી તો ઢગલા જેવા થઇ ગયા હતા. તેવણ કામ લાગતા તો ડોસા થયા પણ સામા વચમાં પીડા જેવા થઇ પડયા હતા. ત્રણ દહાડાની કુંવરબાઇની મેહેનત જોઇ તેવણથી બોલ્યા વગર રહેવાયું નહી.

ઓ બાઈ, સારૂં થયું કે તમે છેઓ નહી તો હું શું કરતે."

શાપુરજી ત્રાવેલર બંગલામાં સુતા પણ સવારનું પોહોર પડતામાં દાદી આગળ આવતા અને તાંહાંના તાંહ ભમીઆ કરતા હતા. કુંવરબાઇને માટે ભોણું બગલામાંથી આવતું હતું. ઘણાકો ધારના કે પેલા બીરામે ખોરશેદનું ખુન કરીને તેણીને દરીયામાં હોમાવી દીધી હશે અને વખતે ભરતી ઓટ લાશ કીનારે ઘસડાઇ આવશે, પણ તેવું કશું બન્યું નહી. ખોરશેદની હસ્તી નીસતી અંધારામાંજ રહી ગઇ જો કે પોલીસવાળાઓએ તો સઘળાને ખાતરી આપી કે હવે તેણીને જીવતી જોવાની આશા ફોકટ હતી. આએ ખોટી નોટ બનાવનાર મેહેરબાન અને બીરામ શાપુરજીના બંગલામાં ભાડે રહયા હતા એવી ખબર મી૦ શારલને પડતાંજ તેણે જાહેર કીધું કે શાપુરજીની જબાનાની જરૂર પડશે. મેહેરબાન અને બીરામના આબાદ દેખાવનું વરણ શાપુરજીએ આપયું જે લઇને શારલ પાછો એ ચંડાળ ચોકડીની શોધમાં નીકળી પડયો.

આસ્તે આસ્તે દાદીની બેમાર ઉતરવા માંડી અને ચ- ઉદમે દહાડે તેણે પોતાના પીતાને અને કુંવરબાઇને ઓળખ્યાં. તે હવે સારી પેઠે સમજવા લાગયો કે તે ઘણો સખત બી- મારીમાં પડેલો હતો. તેની પહેલી આંખ ઉઘડતાંજ તે ઇંતે- જારીથી આસપાસ જોવા લાગયો જેનો ભેદ સમજી જઇ કુંવરબાઇએ હળવેથી કહયું.

"નહી દાદી—તું શું જાણવા માંગેછ તે હું સમજુછ. હજુ કાંઇ પતો મહયો નથી પણ આપણને તદન આશા છોડવાનું કારણ નથી. મને તો લાગેછ કે કોઇ દુરદરાજ મુ- લકમાં ખેરશેદ જીવતી છે."

દાદીને વીગોરલાથી લઇ જવાને શાપુરજી તલપાપડ થઇ રહયા હતા અને તે લીધે કુંવરબાઇએ આ દુરદરાજ મુલકની વાત કહાડી કારણ કે તે વગર દાદી ત્યાંથી ખીસવા ના પાડ- શે એમ કુંવરબાઇ સારી રીતે જાણતાં હતાં.

શાપુરજી જીદ લઇ બેઠા. "બાઇજી આએ પાપી જગામાં મારો છોકરો કભુ સારો થવાનો નથી. એને અહીં ઘેલાપણું લાગુંછ અને જયાં સુધી એ અહીં રહેશે ત્યાં સુધી એકનો એક વીચાર કરયા કરશે. વાસ્તે એને સમજાવીને અહીંથી નીકળી જવાનો બદોબસ્ત કરો બધું તમારા હાથમાંજ છે."

ડાકટર તથા પોલીસવાલાઓ સાથ મસલહત કરીને ચોથે દહાડે બીમારને ઘણી સંભાલથી ત્રેનમાં સોલાપુર લાવ્યા. ગાડીના આંચકા અને થાકથી તેની તબાયત જરા બગડી હતી. જયારે શોલાપુર આવયું ત્યારે તે લગભગ અડધી બેભાન હાલતમાં હતો.

કુંવરબાઇએ તેહેમીનાને અગાઉથી લખ્યું હતું કે સઘળું સાફસુફ કરાવી રાખે અને સ્ટેશન ઉપર એક ડોલી મોકલો

આપે. ત્રેન જયારે આવી પુગી ત્યારે તેહમીના ચાર પાંચ નોકરો સાથે સ્ટેશન ઉપર હાજર હતી. દાદીને જેમ તેમ ડોલીમાં નાખીને કુંવરબાઇને બંગલે લઇ આવ્યા અને બીછાના ઉપર સુવાડયો. બરાંડી પાણી અને સમેલીંગ સાલ્ટની દોડાદોડી થઇ રહી કારણકે દાદાનો જીવ ફરી આવયો હતો. કલાક બે કલાક આસાએશ લીધા પછી તે હુશીયાર થયો. તેહમીનાનો જીવ કંઇ વાત કુંવરબાઇને કહેવાને તપું તપુ થઇ રહયો હતો. પેહેલીજ તકે તે હળવેથી બોલી.

"કુંવરમાય તમે આયાં તે જોઇને હું ઘણીજ ખુશી થઇછ આવતા ભરેસપતવારે લગન ઠેરાવીઆંછ કાંય જે બેહેરામશાનુ આજેજ કાગળ આયુ તેમાં લખેછ કે હું હવે વધારે બેઠી થવાનો નથી. હું શું કરૂં—હું તો હજુરથી પાંચ પંદર દહાડા કહાડી નાખતે પણ મારા બેહેરામશા બસ ધરીઆ ધરાતા નથી!"

પ્રકરણ ૪૩ મું.

આપણી સઘળી હાલીમવાળી શોલાપુર આવી તેને બીજે દીને સહવારથી તેહમીનાએ કુંવરબાઇને ત્યાં ધામો નાખ્યો અને જાણે ઘરનીજ છોકરી હોય તેમ ખાણીપાણી વગેરેની સઘળાંની મેનીજ કરવા લાગી. મામાજી તો આ રમકડાં જેવી સગીને જોઇને ખુશ ખુશ થઇ ગીઆ. કોણ જાણે શા કારણથી અથવા શું ગણત્રીથી તેહેમીનાબી મામાજી આગળથી ખસતાં ખસે નહીં. તેવણની સપાટ લાવી મુકે અને બુટની લેસ છોડે અને ઝડપમાં ટુવાલ લાવી આપે.

મામાજીનો જીવ તો સખ્ખે બેહેસ્તમાંજ જતો હતો.

"મામાજી, હવે તમુને પાછા જવા દેવાની નથી.—મારાં લગનને દહાડે તમારે મારી તરફથી બધી મેનીજ કરવી પડશે."

"અરે હારે બેટા, મોટી ખુશીથી, પણ જો તું મારી વહુ થઇ હોતે તો આજે દાદી કેવો ઠર પડી જતે."

"મામાજી તે તો દાદીને પુછો. એની નજરમાં એમ નહીં આયું."

"ઘેલો છે–ઘેલો–આટલો હુસ્સો જેવો થયો પણ બચ્ચાના જેવો રેહી ગીયો."

અહીં તો આટલી વાત થઇને અટકી પડી. સવારના દાદીની તબીયતમાં સુધારાના એવા સારા રીપોર્ટ મળ્યા કે શાપુરજીએ જરા બાહાર લતાર મારી આવવા મન કીધું તેવણ મગોલ કેપ લગાવી ને હાથમાં વાકીંગ સ્ટીક લઇને બજારમાં ફરવા નીકળયા. મારગમાં એક 'હેર કટર' ની દુકાન મળી. શાપુરજીએ વીચારયું પાંચ છ દહાડામાં લગનમાં કારભાર કરવાનો છે તેથી જરા બાલ કપાવી, છોલી છોલાવીને થાયા થવું જોઇયે. તેવણ દુકાનમાં પેઠા. હેર કટર જાતે ફીરીસટાઉ હતો અને જમાને ખાધેલ હતો. તેણે એવું જોઇ લીધું કે બીચારા શાપુરજીમાં બુધવારના વાંધા છે. દાઢી કીધા પછી શેઠના બાલ તપાસીને તેણે વાત છેડી.

"શેઠ સાહેબ, તમારા થેબીઆ કેવા ભર છે પણ અંદર જરા જરા સફેદ બાલ થવાથી તમે નકામા ઘરડા લાગોછ. મારી પાસે એવો નાદર કલપ છે કે એક મીનીટમાં આએ સફેદ બાલને આબાદ કુદરતી જેવા કરી નાખશે, કાંઇ જણાશે નહી સાહેબ—"

શાપુરજી ગભેડા બનયા અને હસીને હજામને વરદી આપી કે તેણે લાગલી દવા કહાડીને ભેભીઆને લગાડી એટલે દશ મીનીટમાં ભેભીઆ કાળા ભમર થઇ ગયા. શાપુરજી આરસીમાં જોયું તો કાંઇ વીચીત્ર દેખાવ નજરે આવયો ભેભીઆ કાળા ને માથું સફેદ ? એમ કાંઇ ચાલે. હવે ભેભીઆ તો પાછા સફેદ થાય નહી એટલે માથેના બાલબી કાળા કીધા સીવાય છુટક નહી. થોડી મીનીટમાં માથુંબી કાળું થયું અને હજામે તેલ વગેરે ચોપડીને સેંટો પાડયો. શાપુરજી આરસીમાં જોયછ તો પોતે પોતાનેજ ઓલખી શકયા નહીં. તેવણ હવે પીસતાલીસ વરસના નવાજવાન દીસતા હતા અને તેવણથી હસાઇ હસાઇ જવાતું હતું.

ઘર આવયા તો કુંવરબાઇ બહાર ગયલાં હતાં એટલે શાપુરજી દાદીના ઓરડામાં ગયા. દાદીએ કોર વાલી અને 'ઓ' કરીને અડધો ખડો થયો. તે પોતાના બાપના ગમ ચકીત થઇને જોવા લાગયો. તેવણમાં શું ફેરફાર થયો હતો તે તે સમજી શકયો નહીં શાપુરજી આવાર આરસીમાં વાંકા ટીકા થઇને પોતાનું નવું સ્વરૂપ તપાસતા હતા. દાદીના બીછાણામાંથી હળવે હસવાનો સાદ સાંભળી તેવણ બેટા આગળ આવ્યા.'

"કેમ દીકરા, કંઇ ઘણું હસવું આવેછ ? મારામાં તુંને કંઇ ફેરફાર દેખાતો નહી કે ? જોની માથાંપર બાલ ઘણા થયાતા ને ધવડ ધવડ કરતાં રાતનાં ઉંઘ નહી તેથી હેર કટીંગ સલુનમાં ગીઓ તાંહાં મારા વાહાલાએ કંઇ નવી જાતનું તેલ લગારીયું તેથી બાલને આવો રંગ આવી ગીઓ. શું ઘણો ખરાબ લાગુંછ કે ?

"બાવાજી, ઘણા સારા લાગોછ. ખરૂં કહું તો મારા

કરતાંબી જુવાન લાગોછ."

એવામાં કુંવરબાઇ આવયાં અને તેવણબી શાપુરજીને નવો અવતાર જોઇને 'ઓ' કરીને પાછી સમયસુચકતા રાખીને જરા મનમાં હસયાં. કઇ તેવણને ધભરાટ થયો કે રખે બાપડી તેહેમોના મામાજીનો ચેહેરો જોઇને કાંઇ ફેસતા કરે. આ શીકરે કુંવરબાઈ ઓટલા ઉપર ભમીંઆં કીધાં અને જેવી તેહમીના નાચતી કુદતી આવી કે તેણીને જમવાના ઓરડામાં લઇ જઇ શીખામણ દીધી.

"જો પોરી, હું તુને કેહુંછ. તારા મામાજી વળી કાંઇ નવો સોંગ લઇ આયાછ. તેવણ બજારમાં ગીઆતા તાંહાં પોતાના બાલ રંગાવીને જુવાન થઇ આયાછ. તેવણને જોઇને વરી કાઇ દાંત કાહારતી ના.

"ઓ મરેરે મારેથી હસવું કેમ રહેવાશે મામાજી શું મુવા કોટક પારેછ. માશીજી, મને તો લાગેછ કે એવણ મારાં લગનની વાત સાંભળીને પોતાનેજ સારૂં કાંઇ કાજ વસતારામાં ફરતા હોસે."

તેહમીના અંદર ગેઇ અને મામાજીને જોઇને તેણીને એટલું તો હસવું આવયું કે કંઇ બીજી વાતને મસે ખુબ પેટ પકડીને હસી ને મામાજીના બાલ પસવારવા લાગી. શાપુરજી તો ખુશીને મારે ઉથલાઇ પુથલાઇ ગયા.

"દીકરા તેહમી, તું પરણેછ તો ભલે પણ મેં સાભળયું કે તમો લોક દુર દરાઝ જઇને વસવાના છેઓ તે મને તો નહી ગમતું.

તેહમીના બોલી "પણ હું શું કરૂં. બેહેરામશાને જેવા તેવાં લોક ગમતાં નહી, તેવણને તો રાજવંશીઓમાં ઘણો

ઘરોબરો પરી ગયલો એટલે આપરાં જેવાંઓ સાથ ભેળાવા નું એવણ દુશમનના જીવપર આવેછ."

"હોસે, પણ મુંબઇમાં રહેવા કોણ કહેછ. પાંચ પચાસ માઇલ દુર કોઇ સારો જેવો વજીફો લઇને તાંહાં રહે તો શું છે જો એવણ કેહ તો મેહમમાં કેવી મજાની મસ મોટી વારી અપાઉં તેમાં ત્રણસો તો આંબા છે."

"અરે નારે મામાજી, એવણને વજીફાની શી ખોટ છે. એવણુ કેહતાતા કે કાશમીરમાં એવણનો એક વજીફો છે તે ચાર માઇલ લાંબો છે.

"પણ તે વજીફાનું નામ શું?"

તેહમીનાને નામ ખબર નહી હતું. અતરે વાત પુરી થઇ અને શાપુરજી પોતાના બેટાના ઓરડામાં ગયા. તાંહાં તેહમીનાની શાદીની વાત નીકલી.

'દીકરા દાદી, તેં મોટી ચુક કીધી. આવી હીરા જેવી છોકરી હાથમાંથી જતી મુકી. કોણ જાણે આએ બેહરામ શાહ કોણ છે. વાત તો મોટી મોટી કરેછ.

"હોસે બાવાજી, તેમાં આપુને શું.

"કાંય નહી? આપરા હાથમાંથી આઠ લાખ રૂપીઆ છટકી ગીયાં તે એક વાતને આગે બચારી છોકરી અંધારામાં ભુસકો મારેછ તેનું શું થશે તેનો બળાપો એ બીજી વાત મને તો કાંઇ સારૂં લાગતું નથી."

દાદીએ કાંઇ જવાબ આપ્યો નહીં શાપુરજી મનમાં ગમે તેમ હોય પણ તેહેમીનાને કાંઇ પેહેરામણી તો કરવી જોઇએ એવા વીચારથી તેવણ પાછા બીજે દીને બજારમાં ગયા. એક વીટી ખરીદવાનો તેવણનો વીચાર હતો. દાદીએબી એકસો

રૂપીઆની નોટ આપી બાવાજીને અરજ કીધી કે એક સારી જેવી સોનાની સાંકળી લઇ આવવી. શાપુરજીની મતલબ રૂપીઆ પોણોસો એકની વીટી લેવાની હતી પણ તેવણ કસરીયા હતા એટલે પોણોસોની એક સાંકળી અને પોણોસોની એક સેંકડહેંડ બરેસલેટ વેચાતી લઇ આવયા અને આ સાટાંમાંથી પોતાના બેટાના રૂપીઆમાંથી પચ્ચીસ રૂપીઆની ચાંસ મારી.

પ્રકરણ ૪૪ મું.

—o—

શાપુરજીનો જીવ બાગ બાગ હતો.

એક ગમથી લગનની ધામધુમ બીજી ગમથી કુંવરબાઇને તાંહાં મુફતનું તર નવાલા ચાંપવાનું અને ત્રીજી ગમથી પોતાના રંગેલા બાલની બલીહારી. વળી સાથે લાગું દાદીની તબીયતમાં એટલો બધો સુધારો થયો હતો કે તે હવે ઉઠીને આસતે આસતે જમવાની ટેબલ ઉપર આવતો હતો. શાપુરજી જાણે ઘેરનાજ હોય તેમ વરતતા હતા. તેવણ સાંજના કુંવરબાઇની સાથે ફરવા જતા અને એક બે વાર ધમ દઇને પાંચ રૂપીઆ ખરચીને તેવણને સરકસમાં લઇ જઇ લાવયા. તેહમીના તો પોતાના લગનના વાગા તઇયાર કરવામાં ઘેલી દેવાની બની ગઇ હતી. અને સરેસતા પ્રમાણે કુંવરબાઇને તયાં કવચીતજ આવી શકતી હતી. ભરેસપતવારે લગન છે અને આજે મંગળવાર થયો તેમ તેહમીનાની નીચલી ચીઠી કુંવરબાઇ ઉપર આવી:—

વાહલા કુંવર માસી—બેહરામશા આયાછ. મારે સારૂં ગામેગામથી એવી એવી સાડીઓ લાયાછ કે નરી આંખે ઉઠી

આવે. પણ એક સગનના સમાચાર છે. એવણના શાક્ષી તરીકે પેસ્રા સરદાર નીઝામુદીન છડી સવારી સાથે આવવાના ઉતા તેવણ પોતાને ગામ તાપથી બીમાર પડયાછ તેથી આવી શકશે નહી ને દાદીબા તો સીક છે તેથી સાક્ષી કોણને કરવો તેના વીચારમાં છઇએ.

લા० દુવાગીર તેહમીના.

આ ચીઠી વાંચીને કુંવરબાઇએ દાદીને પુછયું :–"કેમ દાદી દીકરા તારેથી તો ઉભું રહેવાય તેમ નથી, કેમ?

"નહી કુંવરમાય, એમાં મારૂં કામ નથી. હું તો આ એ લગન પુરાં થવાની વાત જોઉંછ ને પછી હું પોતેબી અહીથી નીકલી જવશ. મને પાછું વીગોરસ્રા જવુંજ જોઇશે!

રાતને દીન દાદીના દીલમાં એનો એજ ધખારો હતો. ખોરશેદની લાશ શોધી કહાડવી. શાપુરજી અને કુંવરબાઇ મનમાં ગણત્રી કરતાં હતાં કે લગનથી ગરબડમાં ખોરશેદની વાતજ નીકળતી ન હતી એટલે દાદી હવે તેણીને વીસરવા માંડશે પણ તે લોક પોતાની ગણત્રીમાં ભુલતાં હતાં. એરુીમેર બેહરામશા આવી પહોંચયા હતા પણ તેવણને ખભે કાંઇ ચહડયું હતું. જયારે તેવણને ખબર પડી કે લગનમાં તેહમીનાએ એકસો પરોણાઓ ને નોતરીઆ હતા ત્યારે તેવણ બહુજ ખફા થયા. તેમા વલી ખબર મલી કે તેહમીનાના મામાબી આવેલા છે ત્યારે તેવણની મુઝવણ વધી તુંરત વેળા એટલું ઠીક હતું કે મામા કોણ છે તેની બેહેરામશાને ખબર ન હતી. લગ્નની બે દહાડા અગાઉજ આ નવાં થનાર જોડાં વચ્ચે ટપાટપી થઇ હતી.

"બેસ્ર, એમ ધુખરાયલા છાણા જેવા થઇને શું આયા? જો મેં તે લોકને તેરયાછ તેની ટીપ તમારી આગળ વાંચી સંભળાઉ? કેવાં મોટે મોટે ઘેરના લોક છે."

બેહરામશાએ કડવું ઝેર જેવું મોહ કરીને જવાબ દીધો "મેં તુને હજાર વખત ખરી ખંખારીને ના કહયું કે મને એવી ગડબડ ગમતી નથી તોબી તેં ઉપરવાઇ અને આય બધું ઉભું કીધું. મારા કુટુંબીઓ આ શાદીથી ઘણા ખુશી નહી થશે કારણ કે તે લોકનો વીચાર તો મને ઘણા મોટાં ખાનદાનમાં ગોઠવવાનો ઉતો પણ હું એકથી બીજો થયો નહી અને તે લીધે તો મેં કોઇ મારાં સગાંને તેરયાં નથી. શાદી થવા પછી બધાં પોતાની મેળે દોડતાં આવશે તેં આય લોકને બોલાવ્યાં તે ઠીક નહી કીધું.

"ચાલો હવે જે થયું તે થયું હવે કાંઇ ઇજન પાછાં ખેંચી લેવાય?"

બેહેરામશાએબી જોયું કે હવે તકરાર કીધામાં ફાયદો નથી. તેહમીનાને સારૂ આવેલી બધી સાદીની પ્રેઝંટો ટેબલ ઉપર રચીને ગોઠવાઇ હતી. ઓરડાઓમાં નવી મીનબતીઓ રચાઇ હતી, તોરણો ટંગાઇ હતી અને ચોક ચાંદન થઇ મુકયાં હતાં બેહેરામશા આ સઘળી તઇયારી મુંગે મોહોડે જોતા બેઠા હતા. તેવણે હસતું મોહ રાખવાની તજવીજ કીધી હતી પણ જયાં અંદરથી કીડો કરડતો હોય ત્યાં બધુ ફોકટ હતુ. તેવણને અવારનવાર તાહાડના લખલખાં ચડી આવતાં હતાં અને જેમ તેમ ફરતા હતા. તેહમીના લગાર ધભરાઇ કે રખે કંઇ વેહામાં વહલેરૂં પડે પણ બેહરામશા તેણીને ધીરજ આપતા હતા કે તેવણને કાશમીરમાં જરા ચીલ લાગી હતી અને તેથી તેવણનું મોંહ ઉતરી ગયલું લાગતું હતું. ખરી વાત હતી કે તેવણ બાહારગામથી પાછું ફરવા પછીજ ભોલાઇ ગયલા દીસતા હતા.

ભરેસપતવાર આવી પુગ્યો. આશીરવાદની ક્રીયા અગીયારીમાં કરવાની ગોઠવણુ હતી. કુંવરબાઇ અને શાપુરજી તો તેહમીનાના બંગલામાં મેનીજ કરવા રહયાં તેહમીના બે ઘોડાની ગાડી જોડાવીને બે સહીઓને સાથે લઇને અગીઆરીમાં ગઇ. તેણીએ હીરા મોતીનો ભારે ઝગઝગાટ કરયો હતો. ક્રીયા કરનાર મોબેદોની જોડીએ આસીરવાદ નાંખવા માંડયા અને "પસંદે કરદમ"નો જાણીતો કરદો મોંહમાંથી બોલાઇ ચુકયો. આ વાર તેહમીના હરખને મારે ઉશકેરાયલી દીસતી હતી પણુ બેહરામશાહ જમીન તરફ નીચું ડોકું રાખીને બેસી રહયા હતા. ક્રીયા ખલાસ થઇ, આસોદાદ અપાઇ અને સઘળાં તેહમીનાના બંગલા તરફ વળ્યાં કેમજે ત્યાં સરવેને સારૂ નાસનો તઇયાર હતો. જોડીની ગાડીમાં બેરામશા અને તેમની બાનુ તેમીના બેઠાં. બેરામશા પસીને ગરકાવ થઇ ગયા હતા અને તેમીનાએ જોયું કે તેમના હાથ થંડા બરફ જેવા હતા.

"શું છે! બોલ ડીઅર, સારી કાની તો છેઓની. આશીરવાદ સારતી વખતબી તમે એમ લાકડાં જેવા શું થઇ ગીઆ?" તેમીનાએ પ્યાર કરી પુછયું.

"તું મને હમણા છેડ છેડ ના કર. મારા જીવને સારૂ નથી. અગીઆરીમાં મારી પીઠપર ઠંડો પવન લાગતો તો."

"એમ કે! મને તો કંઇ લાગું નહી. મારી સારી કેવી લાગતીતી? હં?"

"ઘણીજ સરસ—ચાલ હવે ઘેર આવ્યું."

સઘળાં ઉતરયાં. તેહમીના પોતાની ચારસો રૂપીઆની કસબી સારી બદલવા પોતાના ઓરડામાં ગઇ અને બેહરામશાએ દાઇનીંગ રૂમમાં જઇને એક જબરદસ્ત બ્રાંડીનો

ટકોરો લગાવ્યો. પેટમાં જરા પડયો એટલે બેહરામશાની ધ્રુજરી નરમ પડી અને તેવણ આવીને પરોણાઓને આવકાર દેવા માટે પોતાની ધણીઆણીને મદદ કરવા દીવાનખાનામાં ઉભા. તેવણનો કદાવર બાંધો પોતાની પાસે ઉભેલો જોઇને તેહમીના તેના ઉપરથી ઓવરાઇ ગઇ. પણ મામાજી કાંહાં છે? તેવણ તો માળપર નેકટાઇ કાલર બાંધવામાં અને સઉને છક કરી નાંખવાની આશામાં કાળું પાટલુન અને કાળો કોટ પેંહરવાની દલદેસરીમાં પડયા હતા જયારે તેવણ દીવાનખાનામાં દાખલ થયા ત્યારે પરોણાઓ ચીકાર ભરાઇ ગયાં હતાં. વચોવચમાં તેહમીન ઉભી રહી સહુની મુબારકબાદી હસી હસીને સ્વીકારતી હતી. મામાજીએ જઇને તેણીને કોટી કરી અને "જીવતી રેહ" એટલા શબ્દોમાં દોઆ માંગી પછી પુછ્યું.

"પણ તેહમી, તારો વર કાંહાં છે. મેં તો કોઇ દાહારે જોયોજ નથી."

"પેએએલ્લા રહયા, બારી આગળ કોઇ સાથ વાત કરેછ તે" તેહમીનાએ લાંબો હાથ કરી દુર બતાવ્યું.

આ વાર ગીરદી એટલી હતી કે તેણીના શબ્દોએ શાપુરજીના મોહ ઉપર શું ફેરફાર કીધો તે તેહમીના જોવામાં આવ્યો નહી. શાપુરજીએ ડોળા ફાડીને પેલા વાત કરતા ધણી ગમ જોયું, પાછી આંખ ચોળીને ફરીથી જોયું, ગભરાત સમેત હાંસાની ગુંચ આવી ગેઇ અને પછી ઉજળા ફક મારી ગયા!

આ નાટક ચાલી રહયો છે એવામાં "જમવા ચાલો સાહેબ—જમવા ચાલો સાહેબ"ની બુમ પડી અને સરવે વગે સગે ગોઠવાઇ ગયા. બેહેરામશા અને તેહમીના શાપુરજીની

આગળથીજ પસાર થઇ ગયાં ત્યારે શાપુરજીએ ખાત્રીથી જાણ્યું કે આએ બેહેરામશા બીજો કોઇજ નહી પણ તેમનો મેહેમનો ભાકુત 'મેહેરબાન' હતો. તેવણ એવા તો ફુગલાઇ ગયા કે ખુણામાં લાકડાં જેવા થઇને ઉભા રહયા. આખરે કુંવરબાઇએ તેવણને જગાડયા અને જમવાંની ટેબલ ઉપર તાણી ગયાં. ટેબલને એક નાકે બેહેરામશા અને તેહેમીના બેઠાં હતાં અને વચમાં કુંવરબાઇ અને શાપુરજી ગોઠવાયાં હતાં. શાપુરજી ન વાત કરે કે ન ખાય પણ તગર તગર બેહેરામશા ગમ જોયા કરે. આખરે કુંવરબાઇએ અજબ થઇને પુછ્યું.

"શાપુરજીબા, શું છે? કોણને જુઓછ? તમે ખાણાંને હાથ લગાડયો નથી. જરા વાઇન લેઓની. ભાણેજ તો હવે પરણી ચુકી એટલે હવે બીજો ત્રીજો અંદેસો કરવામાં ફાયદો શું?"

"કુંવરબાઇ-મને જરા બરાબર કેહશો. પેલો મોગલ કેપ વાળો પારસીજ તેહમીનો વર કે?"

"હા, એજ બેહરામશા, ખાસ્સો ઉંચો ગરાર જેવો છે. પણ ખરૂં કેહું તો મને એનો ચેહરો ગમતો નથી."

શાપુરજી એક શબ્દ બોલ્યા નહી પણ ઉંડા વીચારમાં પડયા કે હવે કરવું કેમ. તવણે જે જોયું ને જાણ્યું તેથી તો તેવણ તદન ગુંચવાઇ ગયા હતા. જરા વાર વીચાર કરી તેવણનું ધ્યાન પાછું ઠેકાણે આવ્યું.

."બેહેન કુંવરબાઇ" આ વાર શાપુજીરના પગ ધ્રુજતા હતા "જરા તમે અખાડા કરી જજો. કાંઇ ગરબડ કરવાની જરૂર નથી. મારા જીવને સારૂં નથી. તેથી હું ઉઠી જાઉંછ.

પાંચ દસ મીનીટમાં જીવ ઠરશે ને પાછો આવશ."

"અરે વાય, એમ શું કરોછ—હું તમારી સાથે આઉં? કોલાંવાટર આંપું?"

"નહી—નહી—મેહરબાની કરી તમે બેસી રહો. હું આ-પરા બંગલામાં જાઉંછ. તાંહાં દાદી છે. અઘ ઘડી પાછો આવશ. તમે તમારે સુખેથી જમો."

આ પ્રમાણે બોલી શાપુરજી તયાંથી સટકી ગયા. આ વાર બેહરામશાની નજર તેવણપર પડી પણ પેલા કાળા ઠેભીઆ, કાળા બાલ અને સેંટા પાટલીથી તેવણમાં એટલો બધો ફેરફાર થઇ ગયો હતો કે, બેહેરામશાએ તેવણને સાપુરજી તરીકે ઓળખયા નહી. શાપુરજી લાગલા સામે કુવરબાઇના બંગલામાં ધસ્યા. હાલમા દાદી બેસીને નયુસપેપર વાંચતો હતો.

બાવાજીને જોઇને તેણે નયુસ મુકી દીધું.

"કેમ બાવાજી, તમે પાછા આયા? બધું એટલાવારમાં ખલાસ થયું શું?"

શાપુરજીના ડોળા તગર તગર તણાઇ આવયા હતા. "દાદી—દાદી—અરે તુને શું કેહું-પેલા તેહમીનાના વરને જોયોચ કે? અરે એ તો પેલો મેહમવાળો ચંડાલ મેહરબાન છે!"

"હેં? બાવાજી એ શું બોલોછ. એમ કંઇ હોય" આમ બોલી છલાંગ મારીને દાદી ઉભો થયો. તેનો સ્વાસો સ્વાસ જેમ તેમ ચાલતો હતો.

"બેટા, હું કેહુંછ તે માન—એ મેહરબાન સીવાય બીજો કોઇ નથી. એક હજારમાંથી હું એને ઓળખી કાહડું. હવે બચારી તેહમીનું શું થશે. આપરે કંઇભી કરવું જોઇએ."

મેહરબાન ! આહ ! આહ ! હવે દાદીને ધ્યાન આવ્યું. તેહમીનાને તાંહાં પેહલવહેલું ખાણું થયું હતું ત્યારે ખોરશેદનો જીવ કાંય બગડી આવયો હતો તે હવે સમજ પડી. ખોરશેદ કાંય ગભરાયલી દીસતી હતી અને જમવાની ટેબલપરથી કેમ ઉઠી ગઇ હતી તેનો હવે ખોલાસો થયો. ત્યારથી તે ખોરશેદ અચબુચ ગેબ થઇ ગઇ તયાંસુધી તે કેમ અકરાયલી ગભરાયલી દીસતી હતી અને તે હવે બધું દાદીની સામે તાજું આવીને ઉભું. દાદી, દાદી આટલો વખત સુધી તારી આંખો શું કરતી હતી. મેહરબાનની તો ખાત્રી કે ખોરશેદ મરી ગયલી છે અને પોતાનું નામ બદલીને તે હવે આ આઠ લાખની છોકરીનું હરણ કરવાને તઇયાર થયો હતો. પાછળથી તેણે જાણયું કે ખોરશેદ તો જીવતી છે અને તેના મારગમાં નડે એમ છે એટલે એ ચંડાલે તેણીને ઘેરી, દવા સુંઘાડી બેસુધ કીધી અને છુપા છુપ વીંગોરલા લાવીને કેદ કીધી. આ લખતાં જેટલો વખત લાગે છે તેથી વધુ ઝડપમાં આ સઘળા વીચાર દાદીનાં ભેજા માંથી પસાર થઇ ગયા.

"ચશંમચોર" આટલો શબદ બોલી તે ઉઠયો. "બાવાજી, આપએ ખુનીને તાબડતોબ પકડાવવો જોઇએ. રાતનાજ મને મી૦ શારલ તરફથી ચીઠી મળીછ. તે અહીં આવેલો છે. મેહરબાન નામના શખસને પકડવાનું વારંટ તેના ખીસામાં તઇયાર છે. તેને ખબર નથી કે તેનો શેકાર અહીં હાજર છે. અરધા કલાકમાં તે આવી પહોંચે એવી હું ગોઠવણ કરૂંછ, પણ તમારી પુરેપુરી ખાત્રી છે કે એજ ધણી મેહરબાન છે ? જો કાંઇ ઘોંટાળો તો નહી થાય ?"

"નહી—નહી ને નહી—એજ મેહેરબાન, મોતીબાગમાં ભાડે રહેલો એજ ધણી. એમાં ફેર પડે તો હું જવાબદાર

છેઉં. તેહમીનું નખ્ખોદ વાળનાર ધણી તેજ બેરશેદનો ખુની. બસ તું મારા ઉપર વીશ્વાસ રાખ".

"ત્યારે ઠીક છે. બાવાજી હવે વખત બોવો જોખમભરયું છે. તમે પાછાં તેહમીં બંગલામાં જાઓ ને કાંઇ જાણતા નહી હોય તેમ તે ધુનેગાર ઉપર નજર રાખજો. એ વટી જવાની તજવીજ કરે તો બેલાશક પોલીસને બોલાવજો. હું અઘ ઘડી જઈને શારલને બોલાવી લાઉંછ. બહાર બે પોલીસના સીપાઇ ઉભેલા છે તે લોકને હું ચેતાવતો જાઉંછ કે મહેરબાન નામના ધણી ઉપર વારંટ છે માટે જો કોઇ અહીંથી છટકવા માગે ને તમે તે ધણીને બતાવો તો સીપાઇઓએ તેને રોકવો. આયો હવે બદબખ્ત આપરા સપાટામાં."

દાદીના ડોળા ચમક ચમક થતા હતા. તેની બીમારી અને નબળાઇ સઘ્લી હવે નાસી ગઇ. તે લાગલો પોલીસ ઓફીસ તરફ દોડયો અને શાપુરજી પાછા તેહમી બંગલામાં ગયા. ટેબલ ઉપર ખાણીપીણી ધુમ ચાલતી હતી. બેહેરામ-શાહ હાથમાં ચમપીનનું ગલાશ પકડાને મુંછપર તાવ ચહડા-વતા હતા. શાપુરજી પાછા ટેબલપર ગયા નહી કારણ કે આંગ ધુજતું હતું. તેવણે એક ખુણામાં ઉભા રહીને તરેહવાર ડાચાં કરતા હતા. નોકરો મુછમાં હસવા લાગયા અને સમજીઆ કે ડોસાજીને જરા છાંટો પાણી વધારે ચઢી ગયો છે.

જરા વારે મી૦ અરદેશર જંગબાહાદુર હાથમાં ગલાસ લઇ ઉભા થયા.

"હં—હં—હં—અહ—ભ્રાનુઓ અને ગ્રહસથો—હું ખુશી છેઉં...હું મારી ફરજમાં કરજદાર થઇ જવાને લીધે દલગીર છેઉં—હું કહેવા માંગુછ. કે હું ખુશી સાથે દલગીર,

મકું જે ઇંતેજાર છેઉં કે આજની ખુશાલીને વખને સલામતી લેવાડવાની ફરજ મારે માથે આવી પડીછ. આએ સલામતી પરણુતાં જોડાંની છે. ખોદા એ લોકને જીવતાં રાખે. તેહેમીનાને હું કાંઇ મુદત થઈ ઓળખુંછ ને મને કહેવા વગર ચાલતું નથી કે એનામાં ઘણા સારા ગુણ છે ને એ દેખાવલી છે તેમ એની દોલતથી ઘણો વધારો છે. મી૦ બેહેરામશાહને વાસ્તે હું કાંઇ જાણતો નથી પણ એટલુંજ કેહુંછ કે એવણ જબરા નસીબવાન છે ને મને એવણની ઘણી અદેખાઇ લાગેછ. લેઓ સહેબ આએ પરણુતાં જોડાંની સલામતી હુરરે–હુરરે."

આવો ઘેલો ગાંડો આટો બાફીને જાણે કેવુંક મહાભારત પારલ્યામેનટરી સપીચ કીધું હોય તેમ શેઠ ધબ દેતા બેસી ગયા. મુરખ લોકોએ વળી પાછી વગર સમજની તાલી પાડી અને પછી ખાનબહાદુર બેહેરામશાહ દલાલ જવાબ આપવા ઉઠયા. બેહેરામશાહ બેશક દેખામણા તો હતા. તેહમીના મોટી મગરૂરીથી પોતાના આ શોભતા ધણી તરફ જોતી બેઠી હતી. હું ખાત્રીથી માનું છું કે આ વાર તેવણ પોતાનાં મનમાં ખુબ શાંત હતા કે ચાલો સઘળી આફતો અને દળદેસરીનો છેડો આવયો. તેવણનાં માથા ઉપર ટંગાયલો સંકટનો મણકો તુટવાની તઇયારીપર હતો- તેવણે ખુંખાર મારીને શરૂ કીધું:

"શેઠજી સાહેબ, અરદેશર જંગબહાદુર બાનુઓ અને ગ્રહસથો–મારા ધણી આણોની અને મારી તનદરોસતીની સલામતી તમો એ ચાહી તે માટે અમે તમારાં અતીયંત ઉપકારી છીયે. શેઠ અરદેશરજી આંજે દરોબસત બોલાયા કે હું આજે સુખી તેમજ નસીબદાર છું અને હું આગળ ચાલતાં દેખાડી આ-

પણ કે તે સુખ અને નસીબને લાયક છું. હું એકવાર ફરીથી તમારો ઉપકાર માનું છ."

બેહરામશાહ બેસી જવા પછી બીજાં ભાષણો થયાં. તેહમીનાં મગરૂરીથી બેહેરામશાહનો બરડો ઠોકવા લાગી. શાપુરજી આ સઘળો વાર એક ખુણામાં ઉભા રહયા. તેવણુ એક વાર બારી આગળ ગયા અને જોયુ' તો બંગલાની આસ પાસ થોડે થોડે છેટે પોલીશના સીપાઇઓ ગોઠવાઇને ઉભા હતા. જરા વારમાં એક ટીકા ગાડી બંગલા આગળ ધડ ધડ કરતી આવી ને ઉભી. કોઇનુ તે ઉપર ધયાન ખેંચાયું નહી પણ શાપુરજીએ જોયું કે ગાડીમ થા દાદી અને ઇનસપેકટર શારલ કુદી પડયા. વળી જમાદાર કમાલખાં પણ બંગલાના દરવાજા આગળ ખડો ઉભો હતો.

સરવે બંગલામાં દાખલ થયા અને આઘેથી શાપુરજીએ બેહરામશાને ઓળખાવયો. મી૦ શારલે જાહેર કીધું કે પકડવાના વારંટમાં જે વીગત આપી છે તેજ એ ધણી. તેણે પોતાના ખીશામાંયી ચાવી સાથની લોઢાંની બેડી કહાડી અને દરવાજાની બહોર તઇયાર ઉભો. ભાકુતી નોકરો આ સઘળી તઇયારી જોઇ વીચારમાં પડયા કે આ બધી રમત શું છે. બઇરાંઓ જમીને ઉઠયાં તે પહેલાં બહાર ગયાં. તેમુની પાછળ માટીડાઓ થોડાક બહાર નીકળવા જાય છે તેવો મી૦ શારલે બેહરામશાના ખભાં ઉપર હાથ મુકયો.

"મેહેરબાન ઉરફે બેહરામશાહ—સરકારના હુકમથી અને આએ વારંટની રૂહે હું તુને ખોટી નોટ બનાવવાના અને તારી બાયડીનું ખુન કરવાના અપરાધોસર પકડું છું."

આટલા શબદો બોલી મી૦ શારલે ચડપ દેતી પેલી લોઢાંની બેરી બેહરામશાહના હાથને ઘાલી.

પ્રકરણ ૪૫ મું.

હં ! તારે મેહેરબાન કદરદાન બેહરામશાહજીને હાથે તીખાં લોહોડાંની બાંગડીઓ ચહડી ખરી. પણ ત્યારે એવણના નેકનામ ભાગયા કે અભાગયા બીરામનું શું ? જરા થોભો. એ નામદારથી વાજતે ગાજતે તમારી આગળ આવી ઉભા રહેશે.

મેહેરબાનને હાથે જેવી બેડી પડી કે પહેલાં તો તેણે દમ કસવા માંડયો 'મી॰ પોલીસ ઇનસપેકટર, તમે કાંઇ જબરદસત ચુક કરોછ. અહીં કાંઇ ભુલ છે. મારૂં નામ તો બેહેરામશા છે. મને ૦ા કલાક છુટો મુકો તો હું અહીંઆ મોટો મોટાં માણુસોની ઓળખાણ લઇ આઉં."

મી॰ શારલે જવાબ દીધો ' નહી સાહેબ, તમે મોટા ફરેસ્તા છેઓ તે હું જાણું છું. તમારી ઓળખાણની કાંઇ જરૂર નથી. મારી પાસે શાક્ષીઓ તઇયાર છે. મી॰ શાપુરજી, મેહેરબાની કરી કેહશો કે આએ ધણી કોણ છે ?"

શાપુરજી આગળ વધયા અને બોલ્યા ' એ કમબખત ગુનેહગારનું નામ મેહેરબાન છે. મેહેમમાં એણે મારો બંગલો ભાડે રાખ્યો હતો અને રાતોરાઇ પોતાની સ્ત્રીનું ખુન કરીને નાસી ગયો હતો. હું સોગંદ ઉપર એ કહું છું."

મેહેરબાન આમ તેમ ડોળા ફેરવ્યા અને બારી ગમ જોયું. દેખઇતી રીતે તે છટકવાનાં સાધનો જોતો હતો. મી॰ શારલે હસીને તેનો બરડો ઠોકયો. શેઠ સાહેબ, એ બધાં ફોકફોકટના ફાંફાં છે બહાર ડજન સીપાઇઓ બંગલો ઘેરીને ઉભા છે માટે હવે મુંગા મુંગા ચાલો."

આ વાર તેની નજર સામે ઉભેલા દાદી ઉપર પડી તેને જોઇ દાંત કચકચાવીને તે બોલ્યો " આહ ! તારે આએ બધાં તારાં કારસતાન કે ? બચ્ચા મને એકવાર છુટવા દે પછી તારાબી એજ હાલ. મારો જીવ જશે તે અગાઉ તારો જીવ લેવશ તોજ હું ખરો મરદ. "

દાદીએ આનો કશો જવાબ આપયો નહી પણ થુ કરીને બેહેરામશાહ ગમ થુંકી બહાર જઇ ઉભો. પણ આ વાર ત્યાં જે ગભરાટ મચી રહયો હતો તેનું વરણુન કરવું મુશકેલ છે. જે ઓરડામાં શાદીની સલામનીઓ ઉંચકાઇ હતી ત્યાં હમણા સંઘળા પોલીસના સીપાઇઓ ઉભાઇ જતા હતા. પરોણાઓ સઘળા ફ્રગલાઇ ગયા હતા. કેટલાકો ધાંધલ મચાવતા હતા કે આએ તે શું જુલમ છે. પોલીસવાળાઓ સારાં નરસાં માણુસને પીછાનતા નથી, ઇતયાદી. આ ધાંધલ કરવામા મી૦ અરદેશર જંગબહાધુર ઘણુા આગેવાન હતા.

" મી૦ પોલીસમેન, બેઅદબી માફ છે પણ તમે મને ઓળખોછ કે ? મારૂં નામ અરદેશર જંગબહાધુર—તમો શું સતાથી એમ સારાં માણુસની આબરૂ લેઓછ. હું એ બાબદ તમારા વડા આગલ ફ્રરીઆદ કરશ. "

શારલે હસીને જવાબ દીધો. "ધીમે ધીમે—મી૦ બહાધુર, મારી સલાહ માનો તો તમે મુગા મુગા તમારે ઘેર સીધારો નહી તો પોલીસનાં કામમાં હરકત કરવાના આરોપસર તમુંનબા ચોકીમાં લઇ જવા પડશે."

આ ધમકી સાંભળી જંગબહાધુરે તો ડુમચી દબાવીને હઠવા માંડયું અને બીજા બધાબી ખસી ગયા. એકલો કેદી પોલીસના હાથમાં જકડાયલો ઉભો રહયો.

પણ આ સઘળો વાર બઇરાંઓ કયાં હતાં. તેઓની

કળાઅકોર જણાતી કેમ નથી ? ખરી વાત એ હતી કે ખાણા ની ટેબલ પરથી ઉઠયા પછી તેઓ તેહમીનાની સાથે માળપર નવાં કપડાં જોવા ગયાં હતાં અને તે લીધે નીચે જમવાના ઓરડામાં શું ઘોંટાળો ચાલી રહયો હતો તેની તેઓને ખબર ન હતી; પણ પછી ગડબડ એટલી બધી થઇ કે આખરે તેઓનુંબી ધ્યાન ખેંચાયું. હવે દાદીને વીચાર આવયો કે આ વાતની ખબર તેહમીનાને કરવાનો વખત આવયો છે. તે માળ ઉપર દોડયો. તેનો વીચાર એવો હતો કે કુંવરબાઇની મારફતે તેહમીનાને મોહોકાણના સમાચાર માટે તઇયાર કરવી. જોયછ તો કેટલાંક બાનુઓની વચ્ચે કુંવરબાઇ તેહમીનાની તીલીની સાડીઓ તપાશતાં હતાં અને તેહમીના પોતે પોતાના ધણીની સાથે બહારગામ જવા સારૂં કપડાં બદલતી હતી. આયા મારફતે દાદીએ કુંવરબાઇને બાહેર બોલાવયાં. તેવણ આવીને જોયછ તો દાદી ફીકકોફચ પણ ઉશકેરાયલી હાલતમાં ઉભેલો હતો. જાણે અબઘડી ભોંય ઉપર પડી જાય એવાં સઘળાં ચીનહો દીસતાં હતાં.

"શું છે દાદીબા, એ નીચે એટલી બધી ગડબડ શાની?"

"કુંવરમાય જરા પાસેના ડરેસીંગ રૂમમાં આવો, હું તમને કાંઇ ઘણી અગતયની વાત કહેવા આયોછ. હું માંગી લઉંછ કે તમે આએ બધી ગડબડ નરમ પડે ત્યાંસુધી તેહમીનાની આગળજ રહેજો. બીચારીનું નખોદ વલ્યુંછ."

"પણ કાંય, શું છે શું?"

"અરે, જે ધણીની સાથે હમણાં એ પરણીછ તે ધણીને પોલીસે આવીને પકડયોછ અને તેને હાથે બેડી નાખીને લઇ જવાની તઇયારી ચાલેછ."

"બેડી નાખીને પકડયોછ? પણ કાંય, કાંય?"

"હું કહેવાને દલગીર છેઉં કે જે માણસને તમે બેહેરામશાહ કરીને ઓળખો છો તે કોઇજ નહી પણ ખુરશેદબાનુનો આગલો વર પેલો ખુની મેહરબાન છે."

કુંવરબાઇ અકળાઇને કોચ ઉપર બેસી ગયાં. "અરે, અરે, તોબાહ. હવે શું કરૂં, દાદીબા, એમાં કંઇ ભુલ તો નથી ?"

"જરાબી નહી, બાવાજીના બંગલામાં એ ભાડુત તરીકે રહયો'તો અને તેવણે એને તરતજ ઓળખ્યો. એવણે એને ખાણાંની ટેબલ ઉપર પહેલીજ વાર જોયો કે તેવાજ ઉઠી આવીને ગભરાઇ ને મારી આગળ વાત કહી, મેં તુરત મી૦ શારલને બોલાવી મંગાવયો. એના ઉપર બીજા ઘણા મોટા અપરાધો માટે વારંટો નીકલેલાં છે. બંગલાની આસપાસ પોલીસ ફરી વળેલી છે અને જેવી પોલીસની બંધ ગાડી આવી પુગે કે એને અહીંથી લઇ જવામાં આવશે."

"દાદીબા, તારે હવે કરવું કેમ ! આએ તો બધી મોહોકાણુ વળી !"

"એ તો સારૂં થયું કે આજે બાવાજી અહીંયાં અકસમાતથી હાજર હતા. નહી તો એ પાપી માણુસ બીચારી ભોળી તેહમીનાને એકવાર અહીંથી ઉઠાવી ગયો હોતે તો તેને કાંહાં મારી કુટીને ડાટી આવતે."

"અરે ખોદાય, શું આય પાપી દુનયા છે ? દાદી કદાચ હવે એ ધણી છેલ્લે પાટલે બેઠો છો તયારે જાહેર કરશે કે ખોરશેદબાનુનું શું કીધું ને તે કાંહ છે. કદાચ તે જીવતી હોય બી."

"ખોદા કરે ને તેમ બને, હવે બધી વાત ખુદલા

વસના જેવી સમજ પડેછ. મેહેમમાં જયારે એને નાંખીને નાહસી ગયો તયારે એનાં મનમાં એટલું તો નકી કે એ મ રી ગયલી છે પણ જયારે અહી જીવતી જોઇ તયારે ગભરાયો કે તેહમીનાને ફસાવવામાં ખુરશેદ જરૂર ફાંચડ ઘાલશે એટલે કોઇ તજવીજથી તેને તમારે તયાંથી ઉપાડી ગયો. તેને મારી-જ નાખીછ કે કેથે છુપાવીછ તેતો ખુદા જાણે."

આટલી વાત બોલેછ એટલામાં તેહેમીના અકરાતી ગ-ભરાતી બહાર નીકલી આવી.

'કુંવરમાય, એ બધી ગડબડ શું છે? બંગલામાં પો-લીસના સીપાઇઓ કાંય? બેહરામશાહ કાંહ છે? તમે બેઉ જણાં એમ ગભરાયલાં કેમ? તમે હમણા બેઉ જણા વાત કરતા'તાં તેમાં મારૂ નામ તમે દીધું તે મેં બરાબર સાંભલ્યું એટલે હું બાહર દોડી આવી."

કુંવરબાઇએ આ કમનસીબ છોકરીને પોતાની પાસે કોચ ઉપર બેસાડી અને ધીમેથી બોલ્યાં, "મારી ગરીબ તેહેમી, તારી ઉપર એક મોટી જફ્ફા પડીછ. જે માણુસ સાથે એક કલાક ઉપર તું પરણુવા બેઠી હતી તે માણુસ તો મોટો ચોર ને ખુની જણુાયોછ, એનું નામ કાંઇ બેહેરામશાહ નથી પણ મેહરબાન. છે. શાપુરજીએ એને જમવાની ટેબલ ઉપર તુરત ઓલખ્યો. ખુરશેદના ખુનીને માટે આજે કેટલા કેટલા દીવસ થયા પોલીસ ખોળ ચલાવે છે તે એજ ધણી છે."

તેહમીના લાલચોળ થઇને બોલી 'બધું જુઠું છે મારા ધણીને કંઇ મતલબથી દબરાવવા સારૂ આય કંઇ તાગડો રચેલો છે. હું એક બોલ માનુ નહી. એવણુને અહીં બોલાવો મારા દેખતાં એનો ખોલાસો હું સાંભળવા માંગુછ."

કુંવરબાઇએ ઘણુંબી સમજાવયું કે તેમ બને એમ

નથી અને તેહમીનાએ હાલ તુરત અલગ રહેવું જોઇયે પણ તે સલાહ આ ઉછાછલી છોકરીએ માનવાની ના પાડી. તે ધસી ધસીને નીચે જવા કરે પણ દાદીએ તેના હાથ પકડીને જબરદસતીથી રોકી.

"બેહન મારી, જરા ભેજું ઠેકાણે રાખ. તેને હાથે બેડી ઠોકાયલી છે ને એની આસપાસ પોલીસવાળા ફરી વળેલા છે. એ ખુની છે એટલુંજ નહી પણ ખોટી નોટ બનાવનાર ધંધાદારી છે. આજે કેટલુંક થયું પોલીસ એની પુંઠે લાગેલી હતી. તું ખોદાના શુકરાના કર કે વખતસર તું બચવા પામી, નહી તો એની સાથે તારાં શું હાલ થતે?"

તેહમીનો જુસસો હવે ઉતરી ગયો અને ડાકડાં જેવી થઇ સઘળાં ગમ ટગર ટગર જોવા લાગી. આ પછી કુંવરબાઇએ ઘણા હેતથી તેણીને સમજાવયું કે એ તો ગુમ થયલી ખુરશેદબાનુનો ભરથાર હતો અને જયાં સુધી ખુરશેદબાનુ મુવેલી છે એમ પુરવાર થાય નહી ત્યાં સુધી આજની થયલી શાદીની કીયા તદન જુઠી હતી.

આખરે ઘણા ગુસ્સાથી અને ઘણા ધીકકારથી તેહમીના બોલી "તારે શું મને ઠગવાને બધાએ સંપ કીધો તો? ખોરસેદ સારી પેઠે જાણતી હતી કે એ મારી સાથે પરણવાનો છે તો મને ચેતાવી કાંય નહી?

"ખરી વાત છે" દાદીએ જવાબ દીધો "તેમ બનવું જોઇતું હતું અને બનતેજ, મને લાગેછ કે ખુરશેદે એને ધમકીબી આપેલી કે આ પરણવાને ખ્યાલ જો છોડી નહી દેશો તો સઘળી વાત જાહેર કરવામાં આવશે. એ મોહોકાણને લીધે તો એ ખુરશેદને અહીંથી ઉઠાવી ગયો. તે બીચારીનો કશો કસુર કહડાય તેમ નથી. મને તો લાગેછ કે તારે ખાતર

સામી થવામાં તેનો જીવ ગયો છે.”

આ ઠેકાણે વળી કુંવરબાઇએ તેહમીનાને ઠંડી પાડવાની તજવીજ કીધી. “દીકરી, એમાં તારો પોતાનો કશો કસુર નથી. તારી ઉપર આએ એક સીતમ ગુજરયોછ અને હવે તો કળવકલથી એમાંથી છટકવું જોઇયે હવે તું મુંગી બેસીને ખુદાના શુગરાના કર એ માણસ પોતાનાં પાપની સજાએ પહોંચશે. તેમાં તારૂં ને મારૂં કામ નથી”

“પણ મને કાંઇ કહેશો કે હવે સરકાર એને શું કરશે? તેહમીનાએ પુછ્યું – પણ આટલું બોલતામાં તેહેમીનાથી વધારે ટકાયું નહી અને તે ધસાધસ રડી પડી. જરાવારે તે શાંત થઇ અને પોતાનાં આસું કસબી સાડીથીજ લુછી નાંખીને હીમતથી બોલી “પણ એવા ચંડાલને સારૂ હું શું કરવા મારૂ લોહી બારૂ, મુવો જાહાંનમમા કાંય નહી જતો. મારા જેવી એક ચગોર છોકરીનેબી ઠગી! જયારે મેં એને મારા પૈશાનું મારે નામનું ત્રસ્ટ કરવા કહયું તયારે મુવાએ મને વાહીપટાવી ને મુંગી કરી નાંખી. હવે હું મુવાની બધી ગત સમજી. મારા પૈસા ખાઇ જઇને મનેબી કોણ જાણે કાંહ દારવાટલો કરી નાખતે.”

કુંવરબાઇએ તેહમીનાને પાસામાં લઇને દીલાસો દેવાની તજવીજ કીધી પણ છેરાયલી તેહમીનાએ તેવણને ખસાડી મુકવાં. “મને કોઇની દયાં કે દીલાસો જોઇતાં નહી. એ મુવાને ફાંસી ચહડાવશે તે જોવાને હું પોતે હાજર થવશ. કુંવરમાય તમે એટલું કરો આએ બધાં મકતયાં લોકને અહીંથી કહાડો, મને કોઇનું મોહડું જોવા ગમતું નથી. મને ધુજરાં છુટેછ કે રખે એ બધાં દહી ચાટયાં મને કોટાકોટી કરવા આવે. જયાં સુધી એકેએક જણ ઘેરમાંથી જશે નહી

ત્યાં સુધી હું આએ ઓરડામાંથી બહાર નીકળવાની નથી."

તેહમીનાનું બોલવું વાજબી હતું એમ સમજી કુંવરબાઇ સરવેને રૂખસદ આપવા નીચે ગયા. દાદી માત્ર એકલો ઓરડામાં બેસી રહયો. તેઓ બંને જણાં મુંગાં મુંગા બારીએ ઉભાં હતાં એટલામાં પોલીસની બંધ ગાડી આવી લાગી અને તેમાં કેદીને ચહડાવીને પોલીસવાળા હંકારી ગયા તે સઘળું દાદી અને તેહમીનાએ નજરો નજર જોયું.

પ્રકરણ ૪૬ મું.

તેજ દીવસે સાંજના પોલીસની રજા લઇને દાદીબા કાચી જેલમાં જયાં મેહરબાનને રાખેલો હતો તયાં મળવા ગયો. ઇનસપેક્ટર શારલની બીલકુલ મરજી નહી કે આ મુલાકાત લેવાય.

"મી૦ દાદી એ ધણીની નજદીક જવાની હું તમને ભલામણ કરતો નથી કેમજે એક વાઘ અથવા સીંહને તુરત પકડયો હોય તેમ તે બહુજ ખીજાયલો છે અને કદાચ તમારા આંગ ઉપર ધસે તો હું અજબ થાઉ નહી."

દાદીએ આ વાત રમુજમાં કહાડી નાખી અને ચોકકસ બાતમી મેળવવાની આશાએ તુરંગમાં દાખલ થવાની જીદ કીધાથી મી૦ શારલ અને તે બંને ગયા. શારલ બાહેરજ ઉભો રહયો અને દાદી એકલો દાખલ થયો, તેને જોઇને મેહરબાન જાણે દેવાનો બની ગયો હોય તેમ દાંત કચકચાવવા અને ફુંફારા મારવા મંડી ગયો. આખરે દાદીએજ વાત છેડી.

"મી૦ મહેરઆન, હું તમને એક ઘણો સાદો સ્વાલ પુછી તેના જવાબની ઉમેદ રાખું છું."

"તું લાખ સવાલ પુછની પણ મારા તરફથી જવાબની આશા રાખતો ના."

"નહી, નહી, એથી તમને શું ફાયદો થવાનો છે. હું ઘણી આજીજીથી જાણવા માંગુછું. કે વીગોરલાના કીનારામાં રેતીમાંથી પેલી બીચારી મુસલમાની પોરીની લાશ મળી તયાંજ દીલશાદ અથવા દીનઆનુનીબી લાશ ડાટેલી છે કે? એટલું મને ટહો."

"ઓહો, તયારે તે બેવકુફ ઓરતની લાશ મળી ખરી કે?"

"હા, અમે એટલુંબી જાણીએછ કે તયાં દરીયા કીનારે એક ભાંગેલા ઘરમાં દીલશાદને કેદ રાખી હતી. મરતી વખતે કે જતી વખતે દીલશાદ એક ચીઠી પોતાને હાથે લખીને ત્યાં મુકી ગઇ હતી તે અમારા હાથમાં આવીછ વાસતે હવે ખરે-ખરૂં કહો કે તે મુવેલી છે કે જીવતી."

"બેવકુફના પાદશાહ, તું શું એમ ધારેછ કે આવા સવાલોનો હું ખોલાસો આપશ અને તેબી વળી તુંને? બચ્ચા ખબરદાર રહે, હું તુંને ચેતવણી આપુંછ કે જો લાગ ફાવશે તો હું તુંને આય બધાનો બદલો એવો તો વયાજ સાથે ચુકવી આપશ કે તુંબી વીચારમાં પડશે. જા, જઇને રેતીમાં શોધ."

"બસ એટલું કહે કે તે જીવતી છે કે મુવેલી" લાલ ખુની આખો સાથે અને હાથે લગાવેલી બેડીઓ ખણખણાવી ને મેહેરઆન ઉઠયો અને જાણે દાદીનો ટે.ટો પીસવા જતો હોય. તેમ તેના આંગ ઉપર ધસી પુછ્યું.

"તેનુ તુંને શુ? તું કોણ થાયછ? તે ઓરત મારી છે. અને તારી શું મકદુર કે તું મને એવા સવાલ પુછે."

"ખરી વાત છે કે હું તેનો સગો સોતરો નથી-પણ એક નાચાંર ઓરત જેને તું મોતીબાગમાં મરણતોલ નાખી ગયો તેને મેં જેમ તેમ બચાવી એટલે તેની હાલત જાણવા માટે હું ઇંતેજાર રહું તેમાં નવાઇ નથી. મી૦ મહેરબાન, તેના ઉપર તેં કેટલી જફા પાડીછ તેનો વીચાર કર. તું હમણાં કેવી કબસ હાલતમાં છે તેનો ખ્યાલ કર, જો તે જીવતી હોય તો તે કયાં છે તે મને કહે. ખુની બીરામના કબજામાં તેણીને રાખીને તારાં હજારો પાપમાં વધારો નાં કર."

"મારો જવાબ તેં સાંભળ્યો—વીંગોરલાની રેતીમાં શોધ, હું બીજું કાંઇ જાણતો નથી."

એટલો જવાબ દઇને કુંઇબી વધુ વાત કરવાને મેહરબાને ના પાડી.

—o—

પ્રકરણ ૪૭ મું.

—o—

શું સાંટક હશે! જે દહાડે બેહેરામશાહ અને તેહમીના ખુરસી ઉપર પરણવા બેઠાં અને બીજેજ દહાડે હેદરાબાદમાં દીનબાનુનાં બેન ગુલશનબાનુની શાદીની સાજવારી ચાલી રહી હતી, નવાબ સર દારાબજંગ આ શાદી સાટે ધામધુમ ચલાવી રહયા હતા. એક વાર એવો મામલો બારીક આવી ગયો હતો કે સઘળું ફુસફાસ થઇ જતે. તે એમ કે સર દારાબજંગનાં નવા જમાઇ કેખસરૂનાં માય લગાર ચટપટીયાં હતાં તેવણે એકવાર વેહેવાઇને અચણુચ પુછ્યું કે તમારી એક વડી બેટી હતીની? તેનું શું થયું? દારાબજંગ તો ગભરાઇ ગયા પણ જરા અચકીને જવાબ દીધો કે "જી તે તો મરી ગઇ?"

આ જવાબ આપતી વખતે પીતાનાં પેટમાં કેવાં ઉભાં આડાં આવ્યાં હશે તે તો તેવણુજ જાણે પણ તેવણે પોતાના જીવ સાથે સધીઆરો લીધો કે મારે મનથી તો એ ખરેખર મુએલીજ છે એટલે એમ કહેવામાં કાંઇ ખોટું નથી. દારાબજંગના ખાલસ જવાબથી દાદી બહુ ખીજાયો હતો અને ખોરશેદ તો વીંગોરલામાં કોઇ છુપી જગાએ મુએલી પડેલાં છે એવી તેની ખાત્રી થવાથી તેણે દારાબજંગને વધુ વીગત લખી ન હતી. આ ઉપરથી નવાબ સાહેબ તો એવાજ વીચારમાં હતા કે એ છોકરી પોતાના નાલાયક ધણીને પાછી જઇ મળીજ હશે અને હવે પેલો ' પત્રાજીખોર " પારસી પોરીઓ, પોતાને ઠેકાણે લાગી ગયો હશે.

ત્યારે હવે શાદીની સવારે દારાબજંગ લગાર ખુશામાં હતા અને દીનુને વીસારી મેલી હતી. લગનની ક્રીયા અગીયાર વાગે ઠરાવી હતી અને ખાણું બપોરના એક વાગે થનાર હતું. અલબતાં મોટી મીજલશ મળનાર હતી અને ત્યાં તેવણુની સલામતી લેવાય તેનો કેવો જવાબ આપવો તે જવાબ બારણું બંધ કરીને તેવણ મોહોડે ચહડાવતા હતા.

જરા વારે તેવણ ઇઝીચેર ઉપર જઇને બેઠા અને તે દીવસે આવેલાં ન્યુસ પેપરોમાંથી પહેલુંજ હાથમાં આવ્યું. તેમાં સબર ! આએ મોટું કાળું મથાળું શું ?

પેલા જાણીતા ખોટી નોટ બનાવનાર વટલેલ પારસી મેહેરબાનનું સોલાપુર ખાતે પકડાવું.

આ મથાળાંની તળે લાંબો સવીસતર હેવાલ આપેલો હતો. દારાબજંગની નજર આગળ ઓરડો ફરવા લાગયો. તેમની આંખે અંધારાં આવી ગયાં. વીંગોરલામાં એક ખુન થયલી બાનુની લાસ મળી ! તે મેહેરબાનની સ્ત્રીની દાસીની હતી !

ખોરશેદબાનુની લાસ હજી મળી નથી પણ પોલીસ આશા રાખે છે કે એકાદ બે દહાડામાં તેબી હાથ લાગશે!! આ શું મોહોકાણના સમાચાર. તોબાહ. આ 'હેવાલમાં મેહેરબાનની નવી શાદીની વીગત આપેલી હતી અને મેહેરબાન કેમ ઓળખાઇ આવયો તે બધું વરણવેલું હતું. વળી આ ફકરામાં લખ્યું હતું કે આ ઘુમ થયલી બાનુ નીઝામ સલતનતના એક મોટા જાગીરદારની બેટી કહેવાય છે પણ ચોકસ કારણોને લીધે "અમે આ ગ્રહસ્થનું નામ હાલ તરત બહાર પાડવાનું વાજબી ધારતા નથી."

ગરીબ બીચારા દારાબજંગ—પોતાની માનીતી બેટીને શાદીને દહાડેજ—આ શું સગનના સમાચાર. તેવણ ઉઠીને ગભરાટ સમેટ ઓરડામાં આમ તેમ પછાડા મારવા લાગયા. શું કરવું તે સુજે નહી. પા કલાક અગાઉ તો તેવણ ભાષણ મોહોડે ચહડાવતા હતા અને હવે તો આ નવો ધડાકો માથે આવી ઉભો હતો તેનાં સંકટમાં આવી પડયા હતા. પોતાની પહેલી બેટી જંગલ બીયાબાનમાં ધરમ ક્રીયા વગર કયાં પડેલી હશે તે વીચારથી તેમનો જીવ ભારી સુગાયો. ત્યારે આખરે દાદી ખરો અને પોતે ખોટા પડયા. આએ ગુનેહગાર મેહેરબાને નવી છોકરીને ફસાવવા થકી દીનુને ફસાવીને મારી નાખેલી. આવી કંગાલ હાલતમાં નવાબ સાહેબ હતા એવામાં નોકરે આવીને ખબર આપી કે અગીયારીમાં જવા સારૂ બાઇ સાહેબ તઇયાર છે માટે જલદીથી સાહેબે નીચે ઉતરવું. હવે કરવું શું. જબરો નીસાસો નાખી નવાબ જામો પીછોડી સજીને નીચે ઉતરયા અને સઘળાંનાં દેખતાં હસતું મોંહ રાખયું પણ અંદરથી ચીંતા તેમનું કાલજું કરડી ખાતું હતું. ગુલશન ખુબસુરતહતી. તેનો ધણી કેખશરૂ ખાનદાની પય-

સાદાર અને લાયકીવાળો હતો અને તે બધાંની વચ્ચે આ ઝેરી કુત્રો આવીને ઉભો હતો.

શાદી તો થઇ પણ દારાબજંગનાં દીલમાંનુ દરદ ઓછું થયું નહી પોતાની કમનસીબ બેટીનું શું થયું હશે તે વીચાર કોઇબી રવેસે તેમનાં મનમાંથી ખસે નહી. દીનુને આટલાં આટલાં વરસ તેવણે પડની નાંખી અને તેણીનાં આજુજીને કચરાના ટોપલામાં નાખી તેનું આ પરીણામ નીપજયું તે વીચારથા તેઓનું મન હવે મુંઝાવા લાગ્યું. પોતાની ભુલ હવે તેવણે જોઇ.

અગીયારીમાંથી પાછું ફરવા પછી સરવે જમવાની મેજ ઉપર બીરાજ્યા. વહેવાનનાં મનમાં કાંઇ ખત્રો પડયો હતો. દારાબજંગ અવારનવાર વીચારમાં ગીરફતાર દીસતા અને નીસાસો નાખતા જણાતા હતા. વેહેવાન બાજે બાજે ડોળે તેવણને જોયા કરતાં અને વીચાર કરતા કે એ શું હશે? તેવણ દારાબજંગની પાસેજ જમવા બેઠાં હતાં અને તદન ખાલેસ મને પહેલોજ વાત છેડી.

"છેતે, નવાબ, આજના ન્યુસપેપરો વાંચયાં કે ?"

"હાજી."

"તેમાં પેલો કોઇ વટલેલ પારસી ખુનના વાંક સારૂં પકરાયોછ તેની હકીકત અજબ જેવી છે. કહેજે એનો સસરો કોઇ નીઝામી હકનો છે તે કોણ જાણે કોણ હશે. દાદાભાઇ દમરીવાલા તો નહી હોય ?"

"કોણ જાણે." દારાબજંગે દમ ઉંચો રાખીને જવાબ દીધો.

"કેહેજે આએ કોઇ મેહેરબાન છે તેની પહેલી બઇરીને મારી નાખીછ તે ઘણી ખુબસુરત ઉતી. પોતાના બાપના

જુલમથી નાસી ગેઇતી એમ પેપરમાં છપાયું છ—મરેરે—મુવો બાપબી કોઇ ખુનીજ હોસે—ગમે તે પણ પોતાની છોકરીજ કેની."

"હં—હાજી."

"એ મુવો મેહેરબાન કોણ છે તેને તો રીબાવી રીબાવીને મારી નાંખે તો હું ઘણી ખુશી થાઉં. ને સાથે લાગો છોકરીના બાપનેબી મુવાને ઉંધે મસતક લટકાવી દેવો જોઇયે. મુવો ખુની."

આ વાત આખી ટેબલે સાંભળી અને મેજ ઉપર તેજ વાતની ચાવાચીવી ચાલી. આ અરધો કલાક નવાબ દારાબજંગનો કેવો ગયો હશે તે વીચારવું સેહેલ છે. તેમને હસવાનું મોંહ રાખ્યું પણ પેટે પોળા ને મોહોંઢે તમોરા. દારાબજંગે ટુંકમાં જવાબ આપ્યા તેથી વેહેવાન તો છીંકી પડયાં અને જમ્યા પછી પોતાના દીકરા કેખશરૂ આગળ બખારયાં.

"એ વાય કેકી, તુંબી શું દીવો લઇને સસરો શોધી લાયો—નરૂં જાણે ધડકું ધુવર !"

પ્રકરણ ૪૮ મું.

મેહેરબાને તુરંગમાં જયારે દાદીને ઝંઝેરી નાખ્યો કે "જા દીલશાદનું કાલબુંદ જઇને રેતીમાં શોધ" ત્યારે દાદીએ તો તદન આશા મુકી અને મન સાથ નકી ગાંઠ વાળયો કે આખરે દીલશાદ મુઇ. પણ જયારે તે વાત કુંવરબાઇ આગળ કહી ત્યારે એ શેઆના બાઇ હીમત હારયાં નહી.

"નહી બેટા, હું એ વાત માનતી નથી. જો ખુરશેદને

વીંગોરલાના કીનારાપર કેથે ડાટી હોય તો મેહેરબાન એમ કહે નહી કેમ જે તેતો પોતાનેજ ગળે ફાંસી લટકાવવા જેવું થાય. જો ખરેખરજ તેને મારી નાખો હોય તો એ તો આપુને એલાર પેલાર બનાવે. એ બચારીનું શું થયું હોય તે તો ખોદા જાણે પણ એનું ઠેકાણું વીંગોરલામાં નથી એ તો નકી છે."

આ સઘળી તકરાર છતાં દાદીએ પાછું વીંગોરલા જવા નો પોતાનો ઠરાવ જણાવ્યો પણ ફોકટ.

"હું અહીં રહીને શું કરૂં. આએ ચંડાળની ત્રાયલ વખત બાવાજી એને એળખવાની જબાની આપશે એટલે હું તો કાલે જઇશ ટાંઇમી કાઢ્યા વગર બેસી રહેતાં મને તાપ ચહડી આવેછ."

કુંવરબાઇ સમજાવતાં હાકાં એટલે શાપુરજીને પુઠે લગાડયા. "બેટા, તું એમ જીદ કરેછ તે મને પસંદ નથી. તારામાં હજી તાકાત નથી ને નકામો પાછો પછડાઇ પડશે. થોડા દહાડા જાય ને આપરે બેઉ જણ સાથે જઇશું. હજી મારો જીવ ઠરયો નથી ને તુને એકલો મોકલવાનો મારો જીવ ચાલતો નથી."

બધા જણની આ બજીદ આગળ દાદી લાચલાજ થયો અને ઠરાવ થયો કે થોડા દહાડા પછી વીંગોરલા જવું. પણ દાદીના જીવને ચેન ન હતું. તે વાડીમાં એકલો શોકાતુર ફરયા કરે અને ખાય પીએ નહી. એણીમેર શાપુરજીનો જીવ તો ખુશાલ હતો. તેવણ સાંજ પડેને દોર બાંધ્યા કુંવરબાઇ સાથ ગાડીમાં ફરવા જાય ને તેવણને હાથ પકડીને ગાડીમાંથી ઉતારે. શાપુરજી મરેરે એમના એમ. તેવણ વળી કાંઇ પોતાની જુદીજ ગણત્રીમાં હતા.

પણ આપણી સહી તેહમીના શું કરેછ? તે પોતાના બંગલામાં પોતાનાં સુવાના ઓરડામાં ભરાઇ રહેતી હતી અને કોઇબી મળવા આવે તેની મુલાકાત લેવા ના પાડતી હતી. સઘળું પુસફાસ થવા પછી ચોથે દહાડે દાદી પોતે ગયો અને તેની અજાયબી વચે નોકરે ખબર આપી કે બાઇએ કહી રાખ્યું છે કે દાદીબા આવે તો તેવણને અંદર બોલાવી લાવવા. દાદીનો જીવ તેહમીનાને થકી ઘણો જળનો હતો એટલે આ વાત સાંભળી તે રાજી થયો અને માળપર દોડયો. તેહમીના પોતાનાં સુવાના ઓરડાની બાહાર નાહના દીવાનખાનામાં બેઠી હતી અને તેણીની પાસે એક જુવાન દેખાવળો પુરૂશ ઉભો હતો.

દાદી દાખલ થતાંને વાર તેહમીના બોલી "દાદી, એવણને ઓળખોછ કે? મી૦ જાહાંગીર દેશાઇ. એવણ મારા બાવાના દુરના સગા થાય ને હંમેશના મારા સલાહકાર છે. આજ સુધી ન્યુસ પેપરોમાં મારૂં નામ નથી આયું તે એવણની મેહેનતથીજ. મેં એવણને તાર કરીને બોલાવી મંગાવ્યા"

"તેહમીના, તું એમ બોલીને મને શરમાવેછ. એમાં શું મોટો વાઘ મેં મારયો."

"જે માણસ ખરાં સંકટમાં સાથે ખડો ઉભો રેહ તેજ ખરો દોસત. જાહાંગીર. તું તારી નોકરી મુકી દઇને મારા એક બોલ ઉપર આવી લાગો તેનો કીમત હું નહી બુજું એવી નગુણી નથી"

તેહમીનાનું મોહ ઉતરી ગયું હતું અને તેની આંખ રડયા કીધાથી લાલ થઇ ગઇ હતી પણ તોબી તે જબરી હીંમતથી સઘળો દેખાવ ટકાવી રાખતી હતી.

"ઓ દાદી, તારા બાવા હાજર નહી હોતે તો મારૂં શું

થતે. હું તો ઠાર મરી જતે, એ વીચારથીજ મને ધ્રુજરાં છુટેછ જો—જો—ખુરશેદ જીવતી હોસે—ને જાહાંગીર ખાત્રીથી માનેછ કે તે હજુર જીવતીજ છે—જો તેમજ હોસે તો આએ કોયા ફેકટની છે ને મારાં લગન થયાંજ નથી."

"ખરી વાત છે તેહમીના—હું આશા રાખુંછ કે તેમજ હોય. જો હોસે તો થોડા વખતમા જણાશે. પણ તું કોઇ મલવા આવેચ તેને જોવા ના કાંય કેહછ? તે દાહાડે અરદેશર જંગ-બહાદુર મને મળયા તેવણુબા ફફડતા હતા."

"અરે મુવોરે તે. એ લોક કાંઇ મારી દયા ખાવા આવેછ કે, એ લોકતો કાનાસોરી કરવા આવેછ ને મને કોઇનાં સીપલાસ ગમતા નથી હું તો હવે આએ જગાથી એવી કંટારી ગઇછ કે બે ચાર દાહાડામાં અહીથી ચાલી જવાની છેઉ."

જાંહાંગીર દેશાઇ બોલ્યો "નહી તેહમીના, ઉતાવળી ના થા, તારો આએ વીચાર બીલકુલ પસંદ કરવા જોગ નથી. એમ જો તું ચાલી જાય તો લોક હજાર વીચાર કરશે. જે બનયુછ તેમાં તારો પોતાનો શું કસુર છે. લોક બધી હકી-કતથી વાકેફ છે, વાસ્તે તારે તો હીમતથી ખડા રહેવુ જોઇયે. ગામનું લોક છે, તરેહવાર બોલે પણ બનતાં સુધી આપરે તેની દરકાર કરવી નહીં જોઇયે. તું જાણે કંઇ બન્યું નહી હોય તેમ મુંગી મુંગી બેશીને તમાશો જોયા કર. બધું થોડા દહાડાંમાં ઠંડુ થઇ જશે."

આ તકરારને દાદાએબી ટેકો આપ્યો "જો, તેહમી, આએ સખ્સની ત્રાયલ વખતે કોણ જાણે શું શું નવી વાત બહાર આવશે તેથી તે વખતે તું અહીં હાજર હોય તો ઘણી

કામ લાગે. લોક બોલશે તેને જવાબ આપવાને અમે કેવા તઇયાર છઇએ. કદાચ બે ચાર દહાડામાં ખુરશેદ આવીને ઉભીબી રહે તો પછી મામલો બધો ફેરવાઇ જશે."

આ વાત તેહમીનાના ધ્યાનમાં ઉતરી. જયારે દાદી રજા લઇ ઉઠયો ત્યારે તેહમીના બોલી "બાવાજીને મારી દુવા કેહેજે ને કેહેજે કે હું મારી જીંદગી સાથે બચવા પામી તે સારૂં હું તેવણુને આભારી છેઉ"

દાદીએ આ વાત બાવાજીને કહી અને તેવણ ખુશ ખુશ થઇ ગયા. કોણ જાણે શા કારણથી તેવણથી હસાઇ હસાઇ જવાય. તેવણ હવે દર ચચાર દહાડે પોતાના બાલ રંગાવી આવતા હતા અને આરસી આગળ કલાકના કલાક સુધી માથું ઝીકીઆ કરતા હતા. વીંગોરલા જવાની તેવણની મતલબ હતીજ નહી એટલે એક દીવસે તેવણને લીધા વગર દાદી વટી ગયો. વીંગોરલા પહોંચતાને વાર તેણે મી૦ સાલ઼ની મુલાકાત લીધી પણ કશા નવા સમાચાર મળયા નહીં. નોટ બનાવનાર પકડાયો છે અને મોટું ઇનામ પોલીસને મળશે એ ખબર આખા ગામમાં અને આસેપાશે હોહો થઇ રહી હતી. મી૦ શાલેંબી કુંવરબાઇને મળતુંજ મત આપ્યું કે જો ખુરશેદની લાશ વીંગોરલામાં છુપાવેલી હોય તો મહેરબાન એમ ચાલી ચલાવીને કેહ નહી. દાદોને વીંગોરલા આવી પહોંચ્યાને ચારપાંચ કલાક થયા હશે એટલામાં શોલાપુરથી કુંવરબાઇ તરફનો એક તાર આવી પહોંચ્યો.

"જલદીથી પાછા આવો. ખુરશેદની ખબર મળી છે."

તેજ ઘડી દાદી પાછો સ્ટેશન ભણી દોડયો અને સપાટામાં શોલાપુર આવી પહોંચ્યો.

—o—

પ્રકરણ ૪૯ મું.

—•—

શોલાપુર સ્ટેશનથી દાદીની ગાડી જેવી ધમધમ કરતી આવી પોંહચી કે તુરત કુંવરબાઇ નીચે ઉતરી આવ્યાં, દાદી ઇંતેજારીથી ફીકકો ફ્ચ પડી ગયો હતો અને શું બનાવ માલમ પડયોછ તે જાણવાને તે એટલો ઇંતેજાર હતો કે તેના મોંહમાંથી સવાલબી નીકળી શકયો નહીં.

"દાદી, મારા વાહાલા બેટા, ખુરશેદ મરી ગેઈ નથી."

આ શબ્દો સાંભળતાંજ દાદીને ચકકર આવી ગયા અને તે આંખ બંધ કરીને સોફ્ા કોચ ઉપર બેસી ગયો કુંવરબાઇએ એને હુશીયાર કરવાને સરવેથી સરસ મારગ એ હતો કે એને ખરી ખબર ટુંકમાં આપી દેવી.

"કુંવરમાય, મારો જીવ ફ્રેછ. કેહી દેઓની શું છે?"

"જરા ધીરેપર આ. તું વીગોરલા ઉપરી ગીઓ તાર પછી બે કલાકે મને એક કાગળ મલેલું."

"કાગળ! કોણનું! ખુરશેદનું!"

"નહી—નહી—તું તો મને બોલવાજ દેતો નહી તારે કેમ કરૂં. હીમત પકડ સઉ સારૂં થશે. ખોરશેદ કાંહાં છે તે હજુ જણાયું નથી પણ તે જીવતીતો છે. જે કાગળ મને મળયુંછ તે પેશાવરથી કોઈ મનચેરશાહ મેહેતા ગમથી આયુંછ. તેવણ તાંહાં પોતાના બચાં છોકરાં સાથે હાલ રહેછ ને હીંદુસ્તાનની સેહેલગાહે નીકળેલા જણાયછ. જો હું એવણનું કાગળ વાંચી જાઉં તારે તુંને બધું સમજ પડશે."

આ પછી કુંવરબાઇએ કાગળ વાંચવા માંડયું.

"મેહેરબાન બાઇજી સાહેબ—આએ મથકે મને ફ્રતાં

ફરતાં એક અજબ જેવી રીતે કાગળનું બંડળ મળયુંછ તે મોકલી આપવાની રજા લેઉંછ. હું ફરતો ફરતો અત્રે મારી ધણીઆણી સાથે આવી પુગો છું. મારી ધણીઆણીનું મત એવું છે કે એ કોઇ બચારી ઘેલી પારસણના ઘેલાં ચેડાં છે પણ તે મત સાથ હું મળતો નથી. મેં સઘળાં કાગળ વાંચ્યાં છે અને હું ધારૂંછ કે કોઇ વાખાની મારેલી એ ઓરતનું લખાણ છે.

હું અત્રે પેશાવર આવ્યો તે અગાઉ રાવલપીંડી હતો ત્યાં પબલીક પારકમાં ફરતાં ફરતાં મારી નજર એક ઝાડીથી ગીચ ભરેલા માંડવાપર પડી. ત્યાં લોકની ઘણી આવજા નહી હતી એટલે અમે માટી બઇયર તાંહાં જઇને બેઠાં. એકાએક મારી નજર એક કાગળના બંડલ ઉપર પડી જે ઉપર ગુજરાતી અક્ષરો જોઇ મને ઘણી નવાઇ લાગી કે આએ જગે ગુજરાતી અક્ષર કેમ આવ્યા હોશે આએ બંડળ બરા ઉન કાગળમાં વીટાળેલું હતું અને તેને માણસના લાંબા સોનેરી બાલોથી બાંધેલું હતું, મેં તે ઉંચકીને જોયું તો ઉપર સરનામું કરેલું હતુ "બાઇ કુંવરબાઇ સાહેર—સપેનસર રોડ મઇડાબાગ શોલાપુર."

આએ સરનામાની બાજુએ ખુણામાં લખેલું હતું કે "જેને હાથ આએ પાકીટ લાગે તેને હું હાથ જોડી અરજ કરૂં છું કે એક દુખી અબળા ઉપર ઉપકાર કરીને આએ પાકીટ તે ઉપર લખેલે સરનામે પહોંચાડવું, બાઇ સાહેબ આએ બનાવ એવો નવાઇ જેવો લાગયો કે મેં તે પાકીટ ઉખેડયુ અને માંહેના સઘળાં કાગળ વાંચ્યાં છે અને હવે તે તમારા ઉપર મોકલી આપું છું તમે જોશો કે તેમાં આપેલી બાના કાહાણી કીસ્સાને ભુલાવે તેવી છે. જો મારૂં કંઇ

કામ હોય તો સૂખેથી ફરમાવજો આજથી પંદર દહાડા સુધી મારૂં ઠેકાણુ–પેશાવર ચઉમાલા હવેલી.

લા૰ સેવક મનચેરશાહ ફ. મેહેતાનો
સલામ વાંચજોજી.

કુવરબાઇએ આ કાગળ વાંચ્યો ત્યારે દાદી હોઠ પીસીને બેસી રહયો હતો. પછી બાઇએ એક પાકીટ ખેંચી કહાડયું જેમાં ઘણા છુટાં કાગળયાંઓ હતાં અને તે બધાંને નંબર પાડીને ટાંચણીથી જોડયાં હતાં તે ઉપર ઝીણા સ્વચ્છ ગુજરાતી અક્ષરે ખીચોખીચ લખેલું હતું. કુંવરબાઇએ આ કાગળો દાદી આગળ એક ટીપાઇ ઉપર મુકયાં અને નીરાંતે તે વાંચવાની ભલામણ કરી. જગેજગ અક્ષર છેકાઇ ગયા હતા પણ તોબી વાંચવાની કાંઇ હરકત પડી નહી.

ખુરશેદની ડાયરી.

આએ હું મારો કંગાલ હેવાલ લખું છું પણ એ મારાં બે સાચ્ચા મીત્રોના હાથમાં જશે એવી મને મુદલ વકી નથી પણ માણસ જાતને મરતાં સુધી આશા રહે છે અને તેવી આશામાં હું આએ ચીતરી કહાડું છું કે વખતે એજ ગબી તે કોઇના હાથમાં આવી જાય તો મારા ગેબ થઇ જવાનો ભેદ લાગતાં વલગતાંઓ વચ્ચે ખુલ્લો થાય. મારા આએ બે મીત્રો મી૰ દાદીબા શાપુરજી છે જેવણ વાવ્ય ખુણાના પ્રાંતોમાં જડજ છે અને બીજા મારા ખેરખાહ કુંવરબાઇ છે જેવણનું સરનામુ આએ પાકીટના ઉપર આપ્યું છે. હું જયારે ઘણી કબસ આવી ગઇ ત્યારે મેં મારો ખરો હેવાલ દાદીબાને કહયો અને તે ભલા દોસ્તની ભલામણથી હું કુંવરબાઇનું સરનામું કરૂં છ ને કોઇનાબી હાથમાં આવે તો તેવણ ઉપર મોકલી આપવાની હાથ જોડીને અરજ કરૂં છઃ

સારા ભાયગે કે કમભાયગે મારા જાણવામા આવ્યું કે પેલો શખસ "મેં" જે મેહમમાં "બી" નામના પોતાના પંજાબી નોકર સાથ રેહતો હતો તે ધણી મને "તે"ની સાથ પરણવા નીકળેલો ધણી "એ-દ" એકજ ધણી હતો. હું જાણીજોઇને ખરાં નામ આપતી નથી. શોલાપુરમાં મેં આએ પાપી પુરશને લખીને ચેતવણી આપી હતી કે આએ પાપી શાદી હું હરગીઝ થવા દેનાર નથી કારણકે તે પરણેલો છે અને તેની આગલી બયરી હયાત છે. તે ધણીને આ પ્રમાણે લખ્યા પછી મારી કમબખતીની શરૂઆત થઇ છે, એક દહાડે હું કુંવરબાઇની ઇચ્છાથી બજારમાં ફુલ લેવા ગઇ હતી ત્યાંથી પાછુ ફરતાં પડોશની પાદરીઓના મઠ આગલ એક લેન્ડો ગાડી મેં ઉભેલી જોઇ. આ વાર અંધારૂ પડવા આવયું હતું. હું હજુ તો આસપાસ જોઉં છું એટલામાં અચબુચ મારાં મોંહ ઉપર એક રૂમાલ દાબવામાં આવયો અને જરા વારમાં હું બેભાન થઇ ગઇ. મને નકી ગુમાન છે કે મને બેસુધ કરવાને આ રૂમાલ ઉપર કલોરોફોરમ અથવા એવી બીજી કાંઇ દવા ભારોભાર છાંટેલી હશે. ત્યાર પછી શું બન્યું તેનું મને મુતલગ ભાન નથી પણ જયારે હું સજાગરૂ થઇ ત્યારે દરીયા કીનારા તરફ એક ભાંગેલા ઘરમાં હું પડેલી હતી. એ જગાનું નામ હજીબી હું જાણતી નથી. બીરામ નામનો ધણી જેને મો૦ દાદી ઓલખેછ તે ધણી અને ઝોહરા નામની એક ઓરત આ ઘેરમાં મારી નજરે પડયાં. બીરામને જયારે મેં ઘણી કાકલુદીથી અરજ કરી ત્યારે તેનાથી બોલાઇ જવાયું કે બેહેરામશાહ દલાલના કામની વચ્ચે ખલલ નાંખવાથી મને અહીં લાવી કેદ નાંખી હતી. ઝોહરા મારી સાથે ઠીક ચાલતી હતી અને મારૂં ખાણું લાવતી હતી પણ મારી સાથે કાંઇબી વાત કરવાને ના પાડતી હતી. મેં એટલું તો જોયું કે

આ ઓરત ઝોહરા ભારોભાર દારૂ પીતી હતી જેથી મને આશા આવી કે હું હોશયારીમાં રહીશ તો એકુ દીવસ બારણું બંધ કરતાં તે ભુલી જશે અને હું છટકવા પામીશ. એક દહાડે ખરેખર તેમ બન્યું, ઝોહરાએ બહુ દારૂ પીધો હતો અને તે બારણું બંધ કરતાં ભુલી ગઇ, પણ મારા કમનસીબે બોરામે તુરત તે જોયું અને બારણું બંધ કરીને ઝોહરાને મરતે એલાહી માર મારયો. એજ મુજબ ફરીથી એક વાર બનયું. હું ઉઘાડે પગે નીચે ઉતરી ગઇ પણ ઘરનો બાહારનો દરવાજો તાળાંથી બંધ કરેલો હતો. હું નીરાશ થઇને પાછી દાદર ઉપરથી ચહડી આવતી હતી જે વાર બીરામ અને મારા ધણી મહેરબાનનો વાત કરવાનો અવાજ મારે કાને પડયો. મેં સાંભળયું કે પેલો નાપાક પંજાબી મારા ધણીને ખુબ સમજાવતો હતો કે મને જીવતી રાખવામાં મોટો જોખમ છે. તે બોહલ્યો કે "તુંને તેહમીનાની દોલત મળે તેમાંથી અડધો ભાગ મને આપે તો આએ તારી ઓરતને અરધા કલાકમાં પુરી કરી નાખવાનુ માથે લઉં છું. જો એ જીવતી રહેશે તો તું તેહમીના સાથ પરણી શકશેજ નહી" આ વાત મેં કાનોંકાન સાંભળી અને મારા જાણુવામાં આવ્યું કે મેહરબાન આવાં પગલાંથી બહુ ડરતો હતો.

હું મારા ઓરડામાં પાછી ભરાઇ. હર પળે ખુનીઓ ચહડી આવે અને મને પકડીને મારી નાંખે તે વીચારથી મારૂં દીલ ચાલતું બંધ પડી ગયું હતું. મેં ગુઠણપર પડી દાદાર હોરમઝદની મદદ માંગી અને એક પળમાં મેહરબાન એખલો મારા ઓરડામાં દાખલ થયો, તે મને સમજાવવા લાગયો કે "નકામી જીદ કીધામાં ફાયદો નથી, મને હવે તેહમીના સાથ પરણીને ફરાનસ કે અમેરીકા નાહસી જવા

સીવાય છુટકો નથી અને હવે જો તું મારી આરે આવસે તો પછી બીરામના હાથમાં તુંને સોંપી જવા શાવ ય બીજો ઉપાય રહેશે નહી. વાસ્તે મારૂં માન હું તુંને અહીંથાં કહાડી કોઇ બીજા દુર મુલકમાં લઇ જઇને રાખું. તાહાં સુખેથી રહેજે ને હું તુંને દર માસે રૂપીયા ત્રણસો પહોંચા ડીશ" આ ધાટકી ઠગાઇ મેં કબુલ રાખવાને ધસીને ના પાડી અને આખરે ઠાકીને ઘણા ગુસ્સા સમેત મેહેરબાન ત્યાંથી ચાલી ગયો. ઘણા દહાડા સુધી તે જણાયો નહી અને હરપળે હું વકી રાખતી હતી કે બીરામ હાથમાં છરી લઇ મારા ઓરડામાં ધસી આવશે. હું રાતના સુતી ત્યારે ઓર ડામાં જેટલું ફરનીચર હતું તે ઘસડી પસડીને બારણા આગળ ઢગ કરતી. ગરીબ બીચારી ઝોહરા ! જયારેબી મારા ઓરડામા આવતી ત્યારે ઘણી દયાથી મારા ગમ જોતી, આ વાર મેં એક કાગળની કાપલી ઉપર થોડાક અક્ષર લખીને એક ભાંગેલા વાઝમાં છુપાવી હતી. ખોદા માલમ તે કોઇના જોવામા આવી હોય કે નહીંબી હોય.

આ બાદ ચોથે દીવસે ઝોહરા વળી પાછી મારા ઓરડામાં આવી. તે તદન છાકટી હતી અને પગ લહડ પહડ થતા હતા. દારૂની ઝુમમાં તેણીથી બોલાઇ જવાયું કે "આપરે બધાં જલદીથી બીજા મુલકમાં જવાના છીયે—આ ખબરથી મારા લોહીનુ પાણી થઇ ગયું. મેં નકી ગાંઠ વાળયો કે જો મને અહીંથી ઘસડી ગયા તો મારી જીવવાની આશા ખોટી. કંઇબી કરીને છટકવું જોઇએ. ઝોહરા જે ભારોભાર હતી, તેણીને જરા બીજો દારૂ પાઉં તો કદાચ તાલ આવે. મેં બરાંડીની બાટલી આગળ કહાડીને મુકી અને ધારવા પ્રમાણે ઝોહરાએ તે ઉપાડીને પાએક બાટલી પી ગઇ અને પછી મારીજ ખાટલી ઉપર પડી.

મેં તુરત સાડી ઉપર ઓવરકોટ પેહરી લીધો અને ઝોહરાની કમરે બાંધેલો ચાવીનો ઝુમખો ઝડપમાં છોડી લઇને નીચે ઉતરી એક પળમાં તાળું ઉઘાડયું અને ખોદાનુ નામ મોંહપર લઇને બહાર પડી કે તેજ ઘડીએ બીરામે આવીને મારો હાથ પકડયો. તે બહુજ ગુસામાં હતો મને આખીને આખી ઉંચકીને તે પાછી મારા ઓરડામાં મને લઇ ગયો અને બારણું બંધ કરીને ઝોહરાને બાહેર લઇ ગયો. એ પછી તુરતજ ધપોધપ મારવાના અવાજ અને ઝોહરાની ચીચીયારીઓ મેં સાંભળી અને જરા વારે સઘળું સુમસામ થઇ ગયું. હું તરતજ ચેતી ગઇ કે ગરીબ બીચારી ઝોહરાનું ખુન કરવામાં આવ્યું હતું. મેં ઘણાબી બારણાં ઠોકયાં અને હાંક મારી પણ કોઇએ સાદ આપ્યો નહીં. તે દીવસે મારા ઓરડામાં કોઇ આવ્યું નહી. નહી બતી કે નહી ખાવાનું કે નહી પાણી. હું નસોસ થઇને ખાટલી ઉપર પડી અને હર પળે મરણની વાટ જોવા લાગી. આખી રાત ફાટા ડોળાએ હું પડી રહી. ઓ આયો! ઓ આયો! એવા ધડક ધુજારાએ હું અધમુઇ થઇ રહી હતી, બે દહાડાનું અન પાણી મારા પેટમાં ગયું ન હતું. સહવારનું ઝઝકલું થતાં બારણું ઠોકાયું. આખરે જમ આવ્યો ખરો. જેમ ખોદાની મરજી, જરા વારે મેહરબાનનો સાદ આવ્યો.

"દીલશાદ, બારણું ઉઘાડ, એ તો હું છું—બીહીના—પેલો બીરામ હવે તારી નજરે પડશે નહી"

મેં ધુજતે હાથે બારણું ઉઘાડયું અને મેહેરબાન દાખલ થયાં.

"શું? દીલશાદ? બે દાહાડાની તું ભુખી તરસી છે? સબર હું કંઇ લઇ આઉં."

"નહી નહી મને કાંઇ જોઇતું નથી જોઇએ તો મને મારીનાખ પણ અહીં પેલા સાથ એકલી ના રાખ. એણે ઝોરાનું ખુન કીધુંછ અને મનેબી મારી નાંખશે."

"જે બનાવ બન્યો તે માટે હું ઘણો ખફા થયોછ. ચંડાળ પાપી, મેં એને એટલી હદ સુધી જવાની રજા આપી હતી નહી. પણ તુ ડર ના, હવે તે તારી નજરે પડશેજ નહી."

આ પછી મેહેરબાન બહાર ગયો અને તુરત એક બાફેલું પીલું, થોડોક વાઇન વગેરે લઇને પાછો ફરયો. મારો હવે વીશવાસ તમામ ઉઠી ગયેલ હતો. રખે તે વાઇનમાં ઝેર ભેળી લાવ્યો હોય એવા ખ્યાલથી ફકત મેં બે બાફેલાં ઇંડાં અને જરા પાંઉ ખાધું. મારા મનમાંથી શું પસાર થઇ જતુ હતું તે તેણે બરાબર જોયું. હુ જરા તટાર થઇ ત્યારે તે બોલ્યો.

"દીનુ આજે રાતોરાત આપરે અહીંથી નીકળી જવાનું છે."

"બીરામ સાથે ?"

"નહી-તારી સાથે મેં એક અરબ બંગલાવાળાનો બંદોબસ્ત કધોછ તે તુને સલામત કરાંચી ઉતારશે. ત્યાંથી પગ રસ્તે હું તુને પેશાવર મોકલવા ધારૂંછ. પેલા સુવરે બધું કામ મુશકેલ કરી નાંખ્યું"

"તારે ઝોરા તો ખરેખર મુઇ કે ?"

"હવે ગઇ ગુજરી માટે ઘણી ચાવાચીવી કરવામાં ફાયદો નથી. તેના જે હાલ થયા તે ઉપરથી ધડો લેવો જોઇએ. બીરામ હવે તુંને ગળે પડેછ કે તારે લીધે તેણે ચીરડાઇને પોતાની ઓરતનો જીવ લીધો. મને બીરામ સાથ જરા નાપસંદ કામ છે તે પુરૂં કરીને પાછો આઉં એટલામાં તઇયાર રહેજે. હવે તુંને ફકર કરવાની કશી જરૂર નથી, તારા એક બાલને ઇજા થશે નહી ?"

આ પછી મેહેરબાન ગયો અને ઘણીવાર નીચે ઘુસઘુસ થતી મેં સાંભળી. અંધારૂં પડતાં તેઓ કાંઇ ભારી વજણ ઉપાડીને બાહાર પંડયા. હું સમજી ગઇ કે બચારી ઝોરાનુ તે મુડદું હતું. રાતના નવ વાગે મેહેરબાન પાછો મારા ઓરડામાં આવ્યો. તેના ડોળા ચકમક થતા હતા.

"સાંભળ દીનુ—મછવો આપણને બતેલા ઉપર લઇ જવા તઇયાર છે. આએ મારી છેલ્લી ચેતવણી સાંભળી લે. આય પગલાં ઉપર મારી સલામતીનો છેલ્લો આધાર છે. જો તુ જરાબી બોલી કે શોર ઉઠાવ્યો તો તારા જીવનો હું જોખમદાર નથી. જો મુગી મુગી મારા કહયાસર કરશે તો હુ તુને સલામત જગાએ રાખવાનુ વચન આપુછ."

અમે ગુપચુપ નીચે ઉતર્યાં. બાહાર બીરામ દુરથી ઉભો હતો પણ અમારા ગમ જોતો નહતો. અંધારામાં અમે દરીઆ કાંઠે ગયાં. એક નાનું કોટીઉં તઇયાર હતું જેમાં બે ખાર વાઓ બેઠેલા હતા. હું આ વાર એટલી બેબાખરી બની ગઇ હતી કે કોટીઆંમાં કેમ બેઠી તે હું જાણતીબી નથી. બતેલા આગળ આવી પહોંચતાં મને મેહેરબાને ઉપર ચહડાવી, ત્યાર પછી મેં મેહેરબાનને જોયોજ નથી. નીચે એક નાની રફ કેબીન જેવુ હતુ તાંહાં મને બેસાડી. અહીં કાગળના કકડા છુકલા પડેલા હતા તે ઉપર મેં આ મારી નોંધ ચીત્રી કહાડી છે. ચાર પાંચ દહાડે બતેલો એક બંદરપર જઇ પુગો જેનું નામ હું જાણતી નથી. તેજ દહાડે વળી પાછો મેહેરબાન મને દીસ્યો. તેણે મને બતેલા પરથી ઉતારી અને એક ટાંગામાં બેસાડી. હાંક હાંક કરતાં અમે એક જંગલી જેવાં ગામડાં માં આવી પુગયાં. મેં મેહેરબાનને પુછયું કે આએ જગા કઇ

અને તું મારૂં શું કરવા માંગેછ. જવાબ દીધો કે—

"આએ પંજાબના મુલક છે અને આપરે બીરામના બાપનાં ગામડાંમાં છીયે. આજથી બીજા પંદર દહાડા તુને એક અલાહેદાં છાપરાંમાં રાખવી પડશે. પછી તુંને ગમે ત્યાં જવાની છુટ છે, તુને કોઇ હેરાન કરશે નહી."

મેં રાતના મારી લખેલી ડાયરીનુ બંડલ બાંધયું અને ઠરાવ કીધો કે અંધારાંમાં ચાલતાં ચાલતાં કોઇ ઠેકાણે ફેકી દેવું—પછી કોઇને હાથ લાગે તો લાગે. બધી વાત ખોદાને હાથ છે.

લા૦ દીનું.

—૦—

પ્રકરણ ૫૦ મું.

—૦—

દીનુની આખી દાયરી વંચાઇ રહી ત્યાં સુધી દાદી ગુપચુપ બેસી રહયો પણ જેવી તે ખલાસ થઇ કે તે છલાંગ મારીને ઉઠયો.

"કુવરમાંય, હું આજનો આજ પેશાવર જાઉંછ ને મારી સાથે મી૦ શારલને લઇ જાઉંછ."

"બાવા જેમ તારી મરજી. તુને અટકાવવાની મારી ખુશી નથી. હું ધારૂંછ કે તું મી૦ મનચેરશાહ મેહતાનેબી આગળથી તાર કરે તો સારૂં. તેવણ કોઇ ઘણા ભલા માણુસ દેખાયછ ને તુંને કામ લાગશે. ખોદાનુ ચાહતું છે તો ખોરશેદતુને જીવતી આવા મળશે. ખોદા ઉપર વીશવાસ રાખ."

"માયજી, ગમે તે થાઓ પણ તમારી અત્યંત માંયા મેરબાનીના ઉપકાર તળે દબાયલો છેઉ. જો ખોરશેદ હાથ

લાગે તો ત્હેને અહીં પાછી લાઉં તો તમુને કાંઇ અડચણ છે?"

"એવું તે શું બોલવાનું. મારા બાપ. એ આવશે તો મારી આંખપર. એને જોવા મારો જીવબી તલપી રહયોછ. જા જલદી સીધારી આવ. ખોદા તારો નીગેબાન થાઓ."

દાદી ઉઠયો અને ઝપાટામાં એક હેંડબેગમાં થોડાંક કપડાં નાંખી લઇને પોલીસ સ્ટેશન ઉપર દોડયો એને ત્યાંથી મી૰ શારલને તાર કરીને સ્ટેશન ઉપર ધસ્યો. દાદીની મુસાફરીનું વર્ણન કરવાની જરૂર નથી. દાદી અને શારલ ત્રીજે દીને સવારના પોહોરમાં પેશાવર આવી પુગયા અને તાબડતોબ ગાડી કરીને મી૰ મેહેતાને ઉતારે જઇ પુગયા. મી૰ મેહતા જેવણ ખુશાલ દેખાવના, પચાસેક વરસની ઉમરના ગ્રહસ્થ હતા તેવણ આ પરોણાની વારજ જોતા હતા.

"આવો–આવો પધારો મી૰ દાદી. હું પહેલાંથીજ ધારતો હતો કે આએ લખાણમાં કાંઇક સચ્ચાઇ છે. તમારા આવ્યાથી જણાયછ ક મારી તરક ખરી છે."

"મેરબાન સાહેબ, આ લખાણ કોઇ દેવાની સ્ત્રીનું નહી પણ એક કમભાયગની જુવાન અબલાનુ છે ને તેણીએ આપેલી હકીકત બોલેબોલ ખરી છે. હું તમારો જેટલો ઉપકાર માનું એટલો થોડો છે."

"ચીંતા નહી. ઉપકારની વાત પછી થયા કરશે. એ બાઇ તમારી કોઇ અતલગની સગી હોશે?"

"સગી તો નથી પણ સગી કરતાં વધારે છે. હું બધી હકીકત તમુને પછીથી કેહવસ. પણ તટલાં તેણીની શોધમાં તમારી મદદની આશા રાખુંછ. આએ ગ્રહસ્થ પોલીસના અમલદાર છે ને મને ઘણી મદદ કીધીછ. તમુને ખબર તો મળી હશે કે ડાયરીમાં જણાવેલો ઘણી મેહરબાન પકડાયોછ

ને કેદમાં છે.”

અત્રે મી૦ શારલે કેટલીક પુછપરછ કરી તે ઉપરથી જણાયું કે જયાંથી પેલી ડાયરીનું પારસલ મળયું હતું તેનેથી અડધોક માઇલ દુર પંજાબીઓનું એક ગામડું હતું અને ત્યાં ખખ થઇ ગયલા પંજાબી પેનશનરો પડયા રેહતા હતા. મી૦ શારલે તરક બાંધી કે આ ગામડાં તરફ ખોરશેદને લઇ જવામાં આવતી હશે તે વારે અંધારામાં તેણીએ ડાયરી ઝાડીમાં ફેંકી હશે. મી૦ મેહતાએ ખબર આપી કે આ ગામડુ એવુ કંગાલ યાને એકાંત છે કે ત્યાં કોઇ આબરૂદાર માણુસ જતું નથી. માટે જો ત્યાં જવાનો વીચારજ હોય તો સાથે એકાદ રીવાલ વર રાખી હોય તો ઠીક. આ સાંભળતાંજ મી૦ શારલે પોતાના ખીસામાંથી ૭ બારની એક રીવાલવર કહાડીને બતાવી. “ચીન્તા કરશો ના. વીસ જણુ સામા થશે ને તેને પુરા પડ વાને આટલું બસ છે. પણુ મને એક બીજો ખ્યાલ સુજેછ. તમે બન્ને સાહેબો દેશીઓ છો એટલે ઝાઝી નજર ખેંચાશે નહીં પણુ હું અંગરેજી પોલીસના લેબાસમાં છું તે જો મને જોશે તો વખતે કામ બગડી જશે માટે મને એક ખાલી ઓરડામાં અડધો કલાક આપો અને જુવો કે હું કોણુ બની આઉછ.”

મી૦ મેહતા શારલને એક ઓરડામાં લઇ ગયા એટ લામાં મીસીસ મેહતા આવી પહોંચ્યાં અને પારસીઓની રીત પ્રમાણે દાદીની ખુબ આગતાસ્વાગતા કરી. જયારે મી૦ શારલ બહાર આવ્યો ત્યારે તે એવો ફેરવાઇ ગયો હતો કે તેનો સગો બાપબી ઓળખે નહીં. તેણે મોહ ઉપર કાંઇ લગાડ્વાથી તે સામળો દીસતો હતો અને માથે મોટો ફેંટો વીટાળીને પંજાબી જેવો લાગતો હતો. બુટ કહાડી નાંખીને પંજાબી ચાંચવાળા

જોડા પહેરયા હતા, અને પેલી રીવોલવર કમરબંદમાં ખોશી દીધી હતી. સઘળી તઇયારી કરીને આ ત્રણની ટોળી બાહાર પડી. જતાં જતાં મીસીસ મેહતાએ આગ્રહ કરયો કે—

"ફતેહ કરીને આવોને બાઇને હસતી રમતી અહીં લઇ આવજો."

તેઓ પગે ચાલતા નીકળયા અને પેલાં ગામડાં તરફ આવી પોંહોચ્યા. ઘણા તો દશ બાર ઝુંપડાંનો ઝુખંડો હતો અને કંગાલ હતું. હવે ખબર કેમ કહડાવવી? ગામને નાકે એક૦ ભઠીઆરાની દુકાન હતી ત્યાં તેઓ ગયા કે કાંઇ ખાવાનું વેચાતું માગવાને બહાને કાંઇ બાતમી મળે. ભઠીઆરો બચારો તદન ભોળો હતો તેણે તુરત ગરમ ગરમ નાન કવાબ કાહાડી આગળ મેલ્યાં. આસ્તે આસ્તે શારલે હીંદુસ્તાનીમાં વાત છેડી.

"કેમ મીયાં, અહીં તમુને સોહોવાયછ કે? આટલાં થોડાં છાપરાંમાં તુને શું રોજી મળતી હશે?"

પેલાએ જવાબ દીધો "સાહેબ શું કરીએ, કાંહાં જઇયે. આએ ગામમાંજ હું જનમેલો ને અહીંજ મરવાનો. અહીં બધા પંજાબીઓજ રહેછ. ઘરડા ખખ થઇ જાયછ તે લોક અહીંજ આવીને પડેછ ને જુવાન પઠાઓ નોકરી ધંધે જાયછ. જે પાન પાવલી મળે તેમાં શોકરાના કરવાના."

"અંહ! પણ અહીંનો શેઠીઓ કોણ? આએ ગામમાં સઉથી ઘરડું કોણ હશે. જો મારા જોવામાં આવે તો હું તેની તસ્વીર ઉતારી લેઉં."

"સાહેબ, સઉથી પુરાણો તો ચારન નામે પંજાબી છે. એ હમણાં નેવુંક વરસનો હશે પણ હજી કદાવર છે. એની જીંદગી જાણવાજોગ છે, સાહેબ."

"તે કેમ?" મી૦ સારલે પુછ્યું.

"તે એમ કે અગાઉ જ્યારે પંજાબમાં લુટફાટનો મામલો ચાલતો હતો ત્યારે ચારના પોતાના જેવા સાત પાંચ ને લઇને મુસાફરોને લુટતો. પણ પછી સરકારનો જાપતો વધી ગયો ને ધરપકડ થઇ ત્યારે એ બેઠક મારી ગયો અને પાંચ પૈસે સુખી છે. એના ત્રણ બેટા છે તેમાં એક બીરામ નામે છે તેતો બહુ પઇસાદાર છે. કેહેજે તમારા મુંબઇ તરફ મોટો વેપાર કરેછ. અવારનવાર પોતાના કબીલાને મળવા આવેછ. હમણાબી આવેલો છે ને પોતાની સાથે એક દેવાની બાઇને લાયોછ ને કહેછ કે તે તેની ઓરત છે."

શારલે પોતાના સોબતીઓને છુંપી એશારત કરી. વાત આગળ ચાલી.

"અહં? ઘણી જાણવાજોગ તવારીખ છે. ને બીજા બે ભાઇઓ શું કરેછ?"

"જી—એકનુ નામ યાકુબ છે તે ખેતી કરેછ ને ત્રીજો લાલસીંહ કરી છે તે પલટણમાં છે. મારી દુકાનથી પાંચ મીનીટના રસ્તાપર એ ચારનનુ મકાન છે."

ચારનનું મકાન ક્યું તે બરાબર જોઇ લઇને આપણી ત્રણની ટોળી તે તરફ ચાલી. ધારવા મેળેજ ચારન ઘરડો બહાર એક બાજઠ ઉપર તડકાંમાં બેઠો હતો. તેઓ હળવે હળવે આગળ વધ્યા. ચારને તો તેઓ તરફ જોયુંબી નહીં પણ દાદીએ સામેથી વાડીમાં ફરતો એક સખસ જોયો તે બીડી ઓરતો હતો.

દાદી સારલના કાનપર પડી બોલ્યો. "બરાબર જુઓ આએ ઘણી જે વાડીમાં ફરેછ તેજ બીરામ."

બીરામે પણ તેજ વખતે તેઓને જોયા અને કમનસીએ દાદીને તુરત ઓળખયો. બીરામ પહેલાં ગભરાયલો દીસવા

લાગયો પણ કંઇક ખયાલ કરીને વાડોમાંથી નાહાઠો. તેઓ ત્રણે પુઠે દોડયા. દાદી દોડવામાં અઠંગ હતો તે સરવેથી આગળ હતો. બીરામ તુરત અચકીને ઉભો અને કમ્મરમાંથી છરી કહાડીને દાદીના ખભાંમાં મારી. જખમ લાગતાંજ દાદી ભોંય ઉપર તમ્મર ખાઇને પડયો. પણ બીરામની આ બહાદુરી છેલ્લીજ હતી. જેવો દાદી ભોંય ઉપર પડયો કે શારલે પોતાની રીવાલવર કહાડી અને તાંકીને આબાદ બીરામના આંગપર છોડી ગોળી છાતીમાં લાગી અને ચીસ પાડીને બીરામ ભોંય ઉપર પટકાયો.

શારલ અને મી૦ મેહેતા આ પછી દાદી આગળ દોડયા. મી૦ મેહેતાએ જખમ ઉપર રૂમાલ દાબી લોહી બંધ કરયું હતું, અને દાદીનુ માથુ પોતાના ખોળામાં ટેકવી રાખ્યું હતું. દાદી હુશીયાર હતો.

"મારી ફીકર ના કરો—હુ મરવાનો નથી—શારલ જલદી ઘરમાં દોડી જા ને ખુરશેદને બચાવ."

પ્રકરણ ૫૧ મું.

દાદી તો ગમે તેમ કેહ પણ તેના જરદ ચેહરા ઉપરથી જણાતું હતું કે તેને ભારી દરદ થતું હતું અને મી૦ મેહતાનો રૂમાલ લોહીથી ગરકાવ થઇ ગયો હતો.

"દાદીઆ—તું આકળો ના પડ. બીરામ તો નકકી થઇ ગયો છે. અને હવે આપણને વધુ નડે તેમ નથી. તુને ઘરમાં લઇ જઇ સારવાર કરવી જોઇયે."

શારલે મત આપ્યું "હા—ઘરમાં જઇને ત્યાંની ઓરતને

કહીશું કે બીરામ ખેતરમાં મરણતોલ જખમી પડયો છે તો તે બધાં રડતાં કુટતાં ત્યાં દોડી જશે ને આપુને ઘર તપાસવાનો વખત મળશે."

આટલા શબ્દો સાંભળતાં દાદી હીમતથી ઉઠી ઉભો થયો અને પોતાના બે દોસ્તોના ટેકા સાથે તેઓ ઘરમાં દાખલ થયા. તેઓને જોઇ બે પંજાબન છોકરીઓ હાંફ્તી હાંફ્તી દોડી આવી.

"શું છે, શુ છે. બંદુકની ગોળી છુટી તે કોણને લાગી. આએ સાહેબ લોહી લુવાન છે તેવણને કોણે મારી ?"

મી૦ મેહતા બોલ્યા "નહી—નહી—બીરામને ગોળી લાગીછ ને તેને બચાવવા જતાં આ બીચારો મારો દોસ્ત જખમી થયોછ. દોડો દોડો નહી તો બીરામ જીવ છોડી દેશે."

ચીશ પાડીને આ ઓરતો ખેતરમાં દોડી કે આપણા મીત્રો ઘરમાં દાખલ થયા. ડોસો તો હજીબી બહાર ઝુંફ્તો હતો. ખરી વાત એ હતી કે તેનીબી અજલ આવી પુગી હતી. વરંડામાં દાદીને એક ખાટલી ઉપર સુવાડી મી૦ શારલે તુરત તેનો ડગલો ફાડી કહાડયો અને જખંમ નુછીને તાણી તતરાવીને પાટા બાધીને લોહી જતુ બંધ કર્યુ. આ વાર દાદીને એટલી નબળાઇ લાગી કે તે ઉઠી શકયો નહીં.

પેલાઓ હવે સઘળી ઓરડીઓ તપાસવા લાગ્યા. તેઓએ બુમ પાડી, "ખોરશેદ—ખોરશેદબાનુ—તું કાંહાં છે-જવાબ દે. મી૦ દાદીબી અમારી સાથે છે."

શોધતાં શોધતાં એક અંધારી ઓરડીમાંથી સાદ આવ્યો. "અહીં,—અહીં—આએ કોટડીમાં હું કેદ છું-ખોલો-ખોલો."

બારણું બંધ હતું પણ શારલ અને મંચેરશાએ હલાવી સાથે ખભાંનું જોર કરતાં બારણું ઉંધડી ગયું .અને

ખોરશેદ ઉજળી સપ જેવી, નખાઇ ગયલી પણ હજી જેવી ને તેવી ખુબસુરત તેમની સાંમે ઉભી. તે હરણ ફાર થઇને આસપાસ જોવા પંડી.

મનચેરશાહ આ ભેદ તુરત સમજી ગયા. "બાઇ, તું કોણુને શોધેછ તે હું સારી ફાની સમજુછ. ધીરજ પકડ, દાદીબા અહીંજ છે પણ જરા એને અકસ્માત થયોછ."

"અકસમાત ! ઓઓઓ" કરી બુમ મારીને ખોરશેદ વાઘણુની પેઠે દોડી, ખોરશેદનો સાદ સાંભળીને દાદી લથડતો પથડતો ચાલી આવયો હતો. ખોરશેદ ભુસ્કા મારતી જઇને તેઓ એક બીજાને વળગી પડયાં.

"દાદી—મારા દાદી." પણ દાદીની જાણે બલા. તેનો જીવ ફરી આવયો હતો અને જો તેને ખોરશેદે ઉંચકી રાખ્યો ન હતે તો તે ભોંય ઉપર ગબડી પડતે.

"દાદી તુંને શું થયું ? ઓ ખોદા કોઇ ફેહોરે."

દાદીની તમ્મર ખલાસ થઇ હતી ને બોલ્યો "મને કંઇ નથી—કંઇ જીવ જેવું નથી. તું સલામત છે એટલે બસ."

આ વાર શારલ અને મુંચેરશા દોડી આવયા અને દાદીને ઝોલી લઇને દાદર ઉપર બેસાડી દીધો.

"બેન, તમે ઘભરાઓ ના, એને નાનો જેવો જખમ થયો છે તેમાંથી લોહી ઘણું જવાને લીધે નબલાઇ લાગેછ. એવણે ઉઠવું નહી ઉતુ પણ તમારો સાદ સાંભળીને નાદાની કીધી તેના આ પરીણામ છે, એવણુ હમણાં હુશીયાર થઇ જશે."

આ વાર મી૦ શારલે મોતાના ખીસામાંથી બરાંડીની બાટલી કાહડી અને દાદીને પાયો. ખોરશેદ તેના પગ આગળ ફસડાઇને બેડી અ[illegible]નો હાથ પોતાની આંખમાં ચાંપવા લાગી.

"દાદી ! દાદી ! હવે કેમ લાગેછ. સારી કાની છે કેની ! મને બચાવવા જતાં તુ આએ હાલે પોંચ્યો ! દાદી, દાદી, મને જીવાડીને શું કરેછ ?"

મી૦ શારલ બોલ્યો "બાઇ સાહેબ, બીજી અગતની ખબર તો હજી જાણુતાં નથી. પેલો નેકનામ બીરામ તો એથીબી મરણુ તોલ જખમી થયલો છે. મી૦ મેહતા બધી વાત જાણેછ. તમારૂં લખેલું પાકીટ એવણુનેજ પાયું અને એવણે તે કુંવરબાઇ ઉપર મોકલી આપ્યું જે લીધે દાદીબા અતરે આવી પુગા."

"એ દાદી !" આટલા શબ્દો બોલી ખોરશેદ પોતાની આંખ નુંછવા લાગી પણ હવે બીરામના શા હાલ હતા તે જોવા શારલ અને મેહતા ખેતરમાં ગયા.. જોયછ તો એક ઓરતના ખોળામાં માથું નાંખીને બીરામ પડેલો હતો. તે હજી જીવતો હતો અને ગુસ્સાથી ખવીસ જેવો લાગતો હતો.

શારલને જોઇ લાંબો હાથ કરી બોલ્યો "તેં મારૂ ખુન કીધુંછ."

"ખુન ? તેં દાદી શેઠને છરી મારી એટલે અમારા જીવના બચાવ થકી મેં ગોળી છોડી—એ તો ઠીક છે બીરામ કે તારો અહીંજ નીકાલ થઇ ગીઓ નહી તો તારે માટે ફાંસી તઇયારજ હતી."

"ફાંસી ? શા કારણુથી ફાંસી ! મેં શું કીધું ? પેલો ગધેડો મેહરબાન આએ કંગાલ ઓરતને અહીં નાખી ગીઓ તેમાં હું શું કરૂ. લઇ જાવો એને ને નાખો જાહાનુમની ખારમાં."

"હો–હો—જરા ધીરે–ધીરે—બીરામ મીઆં. ખોરશેદને

તો લઇ જઇશું પણ ઝેરાના ખુનનું કેમ !"

"ઝેરા ! ઝેરા કોણ ને વાત શું. હું કંઇ જાણતો નથી. તેતો કે દાંહાડેની નાસી ગઇ."

"હા, બરાબર છે. નાસી ગેઇ ને દરીઆ કીનારે રેતીમાં ભરાઇ. તું ને મેહેરબાન તેને રાતોવાઇ ઉપાડી ને ત્યા છુપાવી આવ્યા, કેમ ? જા, જા, બેવકુફ ! મરતી વખતેબી જુઠું બોલેછ. તેની લાશ પોઇ ને તમે કેમ નાખી આવ્યા ને કોણે મારી તે બધું પકડાઇ ગયુંછ. કેમ જે મેહેરબાનબી પકડાયોછ ને જેલમાં છે, તેણે બધી ખરી હકીકત જાહેર કીધીછ."

આ સાંભળી બીરામ ઉઠવાની તજવીજ કરતો હતો પણ તેનો સઘળો નીચલો ભાગ જડ મારી ગયો હતો એટલે તે પાછો પડયો. સ્ત્રીઓએ કલાબકોર કરવા માંડી. બીરામ બોલ્યો:—

"કાહારે પકડાયો—બીજું કંઇ."

"એનો શાદીને દહાડેજ. તમારા લોકના નોટ છાપવાના કારમબી પકડયાંછ ને મેહેરબાને બધો ટોપલો તારે માથે નાંખયોછ."

"આહહ ! મને એવું થાયછ કે જો એ મારી આગળ હોય તો મરતાં મરતાંબી એના ડોળા ફોડી નાંખું. હું મરૂંછ તો ખરો પણ એનેબી મારૂં તોજ મારો જીવ મારી કબરમાં ઠરશે—કંઇ મને રસતો બતાવો."

શારલે જોયું કે આ તક અચ્છી છે. તે બીરામને ફુસલાવીને બોલ્યો. "મીયાં તુંને ગોળી પીઠમાં લાગીછ તો કદાચ તારા આવરદા લાંબા હશે તો તું જીવવાબી પામે. તું જો બધી ખરી હકીકત કહે તો તુંને સરકાર પાસે માફી

અપાવું, બોલ શું કહેછ?"

"એમ? કબુલ. બોલાવો બે શાક્ષીઓને મારી જબાની લખી લેઓ હું એ મેહેરબાનને જીવથી ઉંખેડી નાખવાને તઇયાર છું."

શારલે ઝડપમાં માણસોને બોલાવીને બીરામને એક ચારપાઇ ઉપર ઘરમાં આણ્યો અને તરત ગામના પટેલને બોલાવી મંગાવી બીરામની જબાની લખી લીધી. તેમાં નવું કાંઇ ન હતું. ખોટટી નોટો રજવાડામાં કોણ ખરીદી લેતા હતા તેનાં નામ મળયાં અને મેહેરબાન ભોળી તેહમાનાને નસાડીને કયાં કેદ રાખનાર હતો તે સઘળું જાહેર થયું. બીરામે આ ડીપોઝીશન ઉપર સહી કીધી અને પાંચ મીનીટમાં બીરામે ધડ નાંખી દીધું અને પોતાના પેદાના કરનારની જનાબમાં પોતાના કરતુકનો હીસાબ આપવાને ચાલી ગયો.

પ્રકરણ પર મું.

આ સઘળો બનાવ જયાં બનયો ત્યાથી ત્રાવેલર બંગલો તેમજ મી૦ મેહેતાનો ઉતારો બહુ આઘે હતો, અને દાદીનો જખમ એટલો તાજો હતો કે રખે પાછું લોહી તુટી પડે એવી ધાસ્તીથી તેને હીલાય નહી એવું હતું. પણ મી૦ શારલની દોડધામ અને મી૦ મંચેરશાની મદદથી એક ડુલી મંગાવવામાં આવી અને તેમાં દાદીને સંભાળથી સુવાડીને સરવેએ આ કંગાળ જગા છોડી. રસ્તો ખરાબ હતો, આંચકા ઉંચકી ભારી હતા તોયે દાદીના મોંહ ઉપર ખુશાલી અને સંતોષનાં ચીનહો પ્રગટી રહેલાં હતાં. કારણ કે ડુલીની સરો-

બર ખોરશેદ ઓસતવાર ચાલતી હતી. તે સલામત હતી અને તે લીધે દાદી પોતાના જખમનું સઘળું દુઃખ વીસરી ગયો હતો.

મી૦ મેહેતાના ઘણા આગ્રહને શરણ થઇને તેઓ સઘળાં તેમના બંગલામાં ગયાં જયાં પોહોંચતાને વાર દાદીનો જીવ બગડી આવ્યો અને સખત તાવ શરૂ થયો. બીજે ત્રીજે દીને વાત એટલી બગડવા લાગી કે મી૦ મેહેતાએ તાર કરીને શાપુરજી અને કુંવરબાઇને વાકેફ કીધાં. તેઓ આવી પોહોંચે એટલામાં દાદીનો લવારો બકારો ઘણો વધી ગયો. ખોરશેદે આ વાર તેની નમુનેદાર બરદાસ્ત કરી. એકવાર તેણીને એવું લાગયું કે આ બચારા જવાને તેણીને બચાવવા જતાં પોતાની જીંદગીનો ભોગ આપ્યો હતો.

શાપુરજી અને કુંવરબાઇ આવી પોહોંચ્યાં અને ત્યારેજ ખોરશેદે પોતાના દીલનો ઉભરો બહાર કહાડયો. તે કુંવરબાઇને વળગી પડી અને એક શબ્દ બોલવા વગર છાતી ફાટી જાય તેમ રડવા લાગી.

કુંવરબાઇએ પહેલો સુવાલ નાખયો "મને પહેલાં કહે, દાદીબા કેમ છે?"

"માયજી, કાલ કરતાં હમણા જરા બેટર દેખાય છે—શાપુરજી શેઠ, તમે કેમ છેઓ. ગભરાટમાં મેં તમુને જોયા નહી—માફ કરજો."

પોતાના બેટાને પંજાબીએ છરી મારી એ ખબરથી શાપુરજી તો સુહુના સાવજ બની ગયા હતા અને પેશાવર આવતાં આવતાં સારો વખત ગાડીમાં રડયા કાધા હતા. જયારે તેવણ અને કુંવરબાઇ દાદીના બીછાનાં આગળ ગયા ત્યારે દાદીએ તેમને ઓળખ્યાં નહી. કુંવરબાઇ અને ખોરશેદ તેની

આગળ ચાકરી કરવા ખરેખુટ બેઠાં. આ વાર તાવની ઝુમમાં દાદી જે બોલતો તેપરથી તે બેઉ જણીઓ તેના પેટનો ભરમ પામી ગઇ હતી. બચારા દાદીએ જે વાત છુપી રાખવાને ઘણી ઉથલપાથલ કરી હતી તે વાત બોખારે આપોઆપ બહાર પાડી અને ખોરશેદને શરમાઇને નીચું જોવાની ફરજ પાડી. આખ્ખા દહાડામાં "ખુરશેદ—વહાલી ખુરશેદ" આ શબ્દો બીમારના મોંહમાંથી કોઇ એક હજાર વાર નીકલ્યા હશે. સુધારો આસતે આસતે થવા માંડયો અને ડાકટરોએ મત આપયું કે આઠ દસ દાહાડામાં દાદીને લઇ જવાઇ શકાશે. મી૰ શારલ તો બીરામની મરતી વખતની જુબાની લઇને મુંબઇ દોડી પહોંચ્યો હતો. બાપુરજીનેબી મુંબઇ જવું હતું કારણ કે મેહરબાનની સેશનમાં તપાસ ચાલનાર હતી તેમાં તેવણુની જુબાની હતી અને સાથે સાથે પીલસુમનેબી સમન મલ્યો હતો. મેહરબાનનું નામ જેમ બને તેમ ખુરસેદ આગળ નહી લેવાને સઘળાંઓએ સંપ કરયો હતો પણ એકવાર કુંવરબાઇએ તેણીને સઘળા મામલાથી વાકેફ કરી હતી. એજ મુજબ દાદીની નબળી તબીયતને ધ્યાનમાં રાખી ખોરશેદે પોતા ઉપર વીટેલી જફાનુ વરણુન આપવાના અખાડા કરયા હતા.

જેવો દાદી જરા ટટાર થયો કે તેઓ સઘળાં મુંબઇ આવ્યાં.

મેહરબાનની ત્રાયલ ચાલી જેનું સવીસતર વરણુન આપવાની જરૂર નથી. તેના સામે જબાની એટલી સાફ અને મજબુત હતી કે બચાવ જેવું કાંઇજ હતું નહી. ખોટી નોટ બનાવવાના અપરાધ સરજ તેની તપાસ ચાલી. ખોરશેદને

ઘણાઓએ સમજાવ્યું કે પોતાના ખુન કરવાના અપરાધમાં તે આવી શકશે પણ તેણીએ જુબાની આપવા સાફ ના પાડી જડજે સેનટેન્સ આપ્યો ત્યારે દાદી કોરટમાં હાજર હતો.

"બંધવા—તારા જેવા એક ખાનદાની અને કેળવણી પાંમેલા ધણી ઉપર સેનટેન્સ મારવા માટે હું દુખી છું પણ તેં તારી કેળવણીને એવી એબ લગાડી છે કે તારા તરફ દયા જરાબી ઉશકેરાય તેમ નથી. ટુંકમાં તુ સમજી જજે કે તુ ફકત આટલાજ વાંક માટે છટકી શકયો છે એ તારાં નસીબની વાત શાથ કશુ લાગતુંવળગતું નથી. તુ તારા મનથી સમજીને પસ્તાવો કરશે તો બસ છે. કોરટ તુને તારા હાલના ગુંનાહ માટે તેર વરસ સુધી બતંએ મોકલવાની ટેંપ મારે છ."

બતંએ બંધવાને લઇ જાય તે અગાઉ તેને મુંબઇની જેલમાં મજબુત કેદ રાખયો હતો. ખોરશેદે ઠરાવ જાહેર કરયો કે મારે તેને છેલ્લીવાર મળવું છે. કુંવરબાઇએ ઘણીબી સમજાવી. દાદી ખફા થયો પણ ખોરશેદ એકથા બીજી થઇ નહી. રજા મેળવીને તે એકલી જેલમાં ગઇ અને અચબુચ બંધવાની કોટડીમાં ઉભી.

"મેહેરબાન—એ તો હું છેઉં—દીનું—તેં મારી જીંદગીનુ સત્યાનાશ વાળયું છે, પણ આવે ટાંકણે હું તુને ઠપકો આપવા આવી નથી. હું તુને દીલાસો દેવા આવી છું. તારે જાણવું કે જો કે આખી જગતે તુંને છોડી દીધો છે પણ હું હજુ સમજુ છું કે મારી મારી અને દયાનો તું હકદાર છે."

"તુ શું કામ અહીં આવી?" મેહરબાને નીચું જોઇ જવાબ દીધો.

"હું તુને ખુલ્લાં દીલથી કહેવા આવીછ કે તેં મારા ઉપર જે જે જફા પાડી તે હું બધી માફ કરૂંછ અને હવે

બધુ દીલમાંથી પાપ કહાડી નાંખી તોબેશ કરવાની તુને અરજ કરવા આવી છુ."

"પણ એ બધુ "ટુ લેટ."

"નહી—પસતાવો કભી "ટુ લેટ" કહેવાય નહી. મેહેર બાન! બીરામના શું હાલ થયા તે સાંભળ. તે કંગાળ ધણી તુંને ને બધાંને દુવા દેતો મરી ગીઓ. તેણે તુને દગો દીધો. પોતાની નીરદોશ ઓરતને બેજાન કરી મારે સારૂ તારા મનમાં ઝેર રેડનારબી એજ ધણી હતો."

"આહ! તે માણુસ નહી પણ ખવીસ હતો—ખવીસ. બસ તું જા. હુ મારી હેમાકાત હવે સાફ જોઉછ ને હું વીચા રમાં પડયોછ કે તે દાદારની દરઘાહમાં શું મોહડે જવશ— બસ તુ જા."

"નહી—એમ છેક નાસીપાસ થવાની જરૂર નથી. દાદાર એવાં મોટાં દીલનો છે કે ખરી તોબેશની કીંમત તે સમજે છે. હજુબી તું તારી હવે પછીની ચાલથી આગલા બનાવોની તોબેશ કરી શકશે."

"ને તુ શું કરવાની છે?"

"મારા બાવાજીએ મને કાંઇ માસીક લવાજમ આપવા કહયોછ તે લઇને હું કુવરબાઇ સાથે રેહવાની છેઉ."

"તારે તુંતો જીતી, જા. હું કંગાલ જીવતો છેઉં તે ભુલી જા."

"નહી—હુ તેવી નથી—હું નીમકહલાલ છેઉં—હું રોજ તારે સારૂં બંદગી કરસ કે તુને સારી ખુધ્ધી આપે."

"જા—બસ—જા—દીનુ—મારી છાતી ફાટી જાયછ—બસ—જા તારા સખુનો હું ભુલનાર નથી."

પણ શાપુરજી શું કરતા હતા? એવણ મુવા ઘરડે ઘડ

પણ સેંટા પાટલી શાના પાડેછ? મેહરબાનની તપાસ ખલાસ થઇ દાદી ફરતો હરતો થયો પણ ડોસાજી તો મેહમ જવાની વાત કરેજ નહી. ગુલબાઇ ગભરાયાં કે રખે કાંઇ વેહામાં વીઝોરૂં પડે તેથી શાપુરજીને લખ્યું કે ઘણા દહાડા થયા તમે આવતા નથી તે મદઇને શું છે. મારો જીવ માનતો નહી તેથી હું એક દહાડો આવી જાઉં પણ શાપુરજીએ તુરત જવાબ લખ્યો કે ખબરદાર, તમે આંવતા ના. હું તદન સારી કાની છેઉ ને કુવરબાઇ મારી ઘણી બરદાસત લેછ.

થોડાક દીવસ પછી શાપુરજી અચબુચ દાદીના ઓરડામાં દાખલ થયા અને ગભરાયલા દીસવા લાગયા. જરાવાર એમ તેમ ફરીને તેવણ બોલી ઉઠયા.

"દીકરા દાદી, હું-હું-મકું જે-મારો વીચાર ફરીથી ઘેર કરવાનો છે. તુંને કંઇ અડચણ છે?

દાદી તો ભડકાને ઉઠીને બેઠો. "બાવાજી એ તમે શું બોલોછ આએ ઉમરે બીજુ ઘેર?"

"તો શું મારી ઉમરને કુત્રાએ કરડીછ? તારા કરતાં હું કંઇ ઘણો ઘરડો લાગતો નહી? જો દીકરા તુ તારે ગામ જશે પછી મને દુખે સુખે કોઇ કસ ટાંકો કરવા વારૂ જોઇયે કેની."

"બાવાજી એ તો જેમ તમારી મરજી. પણ કોણ સાથ ઘેર કરવા માંગોછ તેપર બધો આધાર છે"

"વાજબી છે-દરોબસત છે-હું એવી બઇરી લાવશ કે તુંને દીકરાની કાની ચાહશે-જો હું કેવો સમજુ છેઉ—તેવણ અત્યારથીંજ તુંને દીકરો ગણેછ.

"પણ તે કોણ?"

"અહંહં-કુવરબાઇ."

"હું ! શું !"

"હા દાદી. કુવરબાઇ મને ઘણુંજ ગમેછ. આજે કેટલા કેટલા દહાડા થયા મેં તે ગણત્રી કરી રાખીછ. આબાદ મારે લાયકના ઘેર રાખુ ધણીઆણી છે. એક લાખમાં એક બઇરી એવી નહી હોશે. બસ, પરણુસ તો એવણુનીજ સાથે."

"તે ખરૂં પણ તેવણ શું ફરીથી પરણવા માંગેછ ?"

"તું ભણીઓ પણ ગણીઓ નહી. વળી ચાલી ચલાવીને ચાન્સ આવે તારે કોઇ ઓરત ના કહેબી. ને વરી તેબી મારા જેવા સાથે? કુવરબાઇ કબુ મને ના કહે નહી."

દાદી હસીને બોલ્યો "ઠીક છે બાવાજી—મારા નવા માતાજીને હરખભેર આવકાર દેવાને હું તઇયાર છેઉ."

દાદીએ હા પાડી એટલે શાપુરજી ધરીયા ધરાયા નહી. પણ વાત કેમ છેડવી. ગુલબાઇએ હજારો છટકાં માંડેલાં તેમાંથી છટકવાને શાપુરજીને અનુભવ સારો હતો પણ કુવર બાઇને છટકામાં કેમ પકડવાં તે હવે તેવણને મુશકેલ લાગું. તેવણ કુવરબાઇની આગળના આગળ ભમીઆ કરે.. આખરે એક દહાડો લાગ આવ્યો ત્યારે વાત છેડી.

"મકુંજે, કુંવરબાઇ—તમુને દાદી ઘણો વ્હાલો છે નહી?"

"અરે હારે બા—એતો મારો દીકરો છે."

"એમ છે, તારે એને ખરેખરોજ દીકરો કરીએ તો કેમ ?"

"એ શું બોલોછ શાપુરજીબા-હું કઇ સમજતી નહી."

"મકુજે-છેને કરીને-આપરે પણીએ ને એ તમારો દીકરો ખરેખરો થાય એવી હું ઉમેદમાં છેઉં."

કુવરબાઇ પહેલાં તો ગભરાઇ ગયાં અને કાંઇ બોલી શકયાં નહીં.

"જુઓ કુવરબાઇ હું પાંચ પઇસે સુખી છેઉ—વળી

દાદીનીબી ખુશી છે. આપરે બેઉ જન ચમનમાં રહીશું. હું ગુલબાઇને દર મહીને પાંચ રૂપીઆ આપવા કહીને કોઇને ઘેર ઢકેલી મુકસ."

હવે કુવરબાઇની જબાં ઉપડી "બા જરા વીચાર કરીને બોલો—સાહાઠી ને બુધ્ધી નાઠી. શું ગામમાં આપરી ફજેતી કરાવવા માંગોચ? મારૂ મત એવું છે કે જેને પેટે ખોદાએ ઉમરે પુગેલા લાયક ફરજંદ આપ્યાં હોય ને જેઓ પાકી ઉમરનાં થયાં હોય તેઓએ ફરીથી પરણવું એ પોતાની ગુજરેલી ધણીઆણી અથવા બેહસ્તી વર તરફ નીમકહરામી કરવા બરાબર છે. ફરીથી એવી વાત બોલતા ના. હું જાણું કે તમારામાં વધારે અકકલ હોસે."

શાપુરજી તો આ ધડાકાથી ચાટ પડી ગયા અને બીજેજ દહાડે ગાંસડા પોતલાં બાંધીને મેહમ ઉપડી ગયા. બીજે દહાડે દાદીબી મેહમ ગયો. તે દરીયા કીનારાંપર ફરતાં વીચાર કરવા લાગયો કે મારે હવે અહી પડી રહેવામાં ફાયદો નથી. મારૂ ધક ઢેકાણે લાગવાનુ નથીં. બચારી ખુરશેદને નાહક હેરાન કરવામાં હવે સાર નથી.

બીજે દીને કુવરબાઈ અને ખોરશેદ શોલાપુરના બંગલામાં બેઠેલાં હતાં તેટલાં દાદીનો કાગળ કુવરબાઇને મળયો જે વાંચતાં બંનેની આંખમાંથી આંસુ ઢળી પડયાં. ખોરશેદ કોઇબી રીતે કુવરબાઇને ભારી પડતી ન હતી કારણકે સર દારાબજંગ દર ત્રણ માસે રૂ ૯૦૦) નો ચેક મોકલી આપતા હતા અને ખોરશેદને દીલાસા અને મારીનો એક કાગળ વટીક લખ્યો હતો.

દાદી પોતાના ઓખ્ખાનો ચારજ લેવાં નીકલી પડયો. શોલાપુર સ્ટેશન આવી પુગયું એટલે તેની ધીરજ રહી નહી.

જવા અગાંઉ એક વાર પોતાના દોસ્તોને મળતા જવું એવા વીચારથી તે ઉતરી પડયો. તેઓ વચ્ચેની મુલાકાત કેવી હતી તે જણાવવાની જરૂર નથી. બપોરની ટરેનમા દાદી અલાહબાદ તરફ ઉપડી જનાર છે તેમ સહવારના ખોરશેદ તેનાં ઓરડામાં આવી. એક બીજાનો હાથ પકડીને તેઓ જરાવાર મુંગા બેસી રહયા પછી દાદી બોલ્યો "મારી વાહલી ખોરશેદ, હું મારાં કામ ઉપર પાછો કાંય જાઉંછ તે તું સમજેછ ?"

ખોરશેદ કાંઇ બોલી નહી પણ ગુપચુપ રડવા લાગી.

"મારી ગરીબ છોકરી. હું નાચાર છેઉં. ચાલી જવા સીવાય મારો છુટકો નથી. મારા છેલ્લા બોલ સાંભલી લે. મારે મનથી તું એક ઉતમ સેતારો છે. મારે મનથો તારી બરાબરની એકબી એકબી ઓરત પેદા થઇ નથી તે થશબી નહી—ખોદા તારો નીઘેબાન થાઓ—મને ભુલતી ના."

આ વાર ખોરશેદ દાદીને વલગી પડી. "ભુલું ? તુંને ભુલું ? ઓ ખોદા, પહેલાં મારો જીવ લેજે."

* * * *

આ પછી તેઓ છુટાં પડયાં. મેહેરબાનને આનડામાનસ લઇ જવામાં આવયો હતો તયાં જવા પછી એક મહીને ખબર આવી. મેહેરબાનને પથરા ભાંજવાનું કામ સોંપ્યું હતું જે તેનાથી નહી બનવાથી તેને રોજ ફટકાનો માર પડતો હતો. એક દહાડો તે પોતાની ખોલીમાં મુવેલો પડેલો જણાયો તેની પાસે એક જીણી નાની સીસી અને એક કાગલની કાપલી પડેલી હતી જે ઉપર નીચલાં શબદો લખયા હતા.

'હું ગુનેહગાર આ જીંદગીથી કાયર થઇ ગયો છું. દીનુથી હું માફી ચાહુ છું—મેં પેહલાંથી આ ઝેરની સીસી

મારા બદન ઉપર છુપાવી રાખી હતી તે આજે કામ લાગી છે. ખોદા મારો ગુનાહ માફ કરે ?"

બીજા આઠ મહીના નીકળી ગયા. તેહમીના જાહાંગીર દેસાઇ સાથ પરણી ગઇ અને એક દહાડે દાદીનાં માથામાં વારૂ આવયું તે અચબુચ શોલાપુર ઉતરી આવયો. વધુ કહેવાની કાંઇ જરૂર છે ? આઠમે દહાડે અલાહબાદ જતી ટરેનના ફર્સ્ટ કલાસમાં એક હસતું જોડું મુસાફરી કરે છે તે કોણ ?

દાદી અને ખુરશેદ ! ! મુશકીલ આસાન.

(સમાપ્ત.)